૩૬૫૪

THE INDIAN EVIDENCE ACT

ACT No. 1 OF 1872

હિંદુસ્તાનનો પુરાવાનો આક્ટ

सने १८७२ नो आक्ट १ लो.

ते १८७२ ना आक्ट १८ माथी सुधारीने

ટીકા સાથે

કાયદાના અભ્યાસીઓને માટે

શી૦ વીજવલભ નેઠાભાઈએ બનાવ્યો

તે

અમદાવાદમાં

રીચીરોડ ઉપર કાઝીહુસેનની પોળમાં "સમશેર બાહાદુર"
છાપખાનામાં સવાઈભાઈ રાયચંદે છાપી પ્રસિધ્ધ કરયો.

સંવત ૧૯૪૫ સને ૧૮૮૯

કિંમત રૂ ૨—૦—૦

અનુક્રમણિકા.

કલમ

કીંવા વચન ઉપરથી કાધેલી કબુલત ગેરલગતી છે

૨૫ પોલીસ અમલદારની રૂબરૂ કાધેલી કબુલત પુરાવમાં લેવી નહી.

૨૬ પોલીશના હવાલામાં તહોમતવાળો હોય તે વખતે તેણે કાધેલી કબુલત પુરાવમાં લેવી નહી

૨૭ તહોમતવાળા સખસે બતાવેલા મજકુરનો અથવા તેની કાધેલી કબુલતનો જેટલો ભાગ તે મજકુર અથવા કબુલત ઉપરથી શોધી કહાડેલી હકીકત સાથે સબંધ રાખતો હોય તેટલો સાબેત કરી શકાય છે.

૨૮ લાલચ કીંવા ધમકી કીંવા વચનથી મન ઉપર થએલી અશર ખસી ગયા પછી કરેલી કબુલત લગતી છે,

૨૯ બીજી રીતે કબુલત લગતી હોય તો કબુલત ગુપ્ત રાખવાનું વચન હતું એ વગેરે કારણોથી ને કબુલત ગેર લગતી થતી નથી,

૩૦ જે સખશ કબુલત કરે તેને વીશેની તથા તેજ ગુના સારૂં બીજા સખસોની એકઠી તજવીજ ચાલતી હોય તેવા બીજા સખસો વીસેની રબુલત શાબીત થાય તો તે કબુલત વીચારમાં લેવા બાબત.

૩૧ અંગીકાર નીરણય કારક પુરાવ નથી, પણ તેનો અમલ પ્રતીબંધના જેવો થાય.

જે સખસોને સાહેદ તરીકે બોલાવી શકાતા નથી તેવા સખસોએ કહેલા કીંવા લખેલા મજકુર બાબત.

૩૨ જે શખસ મરણ પામ્યો હોય કીંવા મળી શકતો ન હોય તેણે તથા તેવા બીજા સખસે લગતી હકીકતનો કહેલો કીંવા લખેલો મજકુર કેવે પ્રસંગે લગતી હકીકત છે.

કલમ.

તે મજકુર મોતના કારણ વીશે હોય ત્યારે અથવા કામને પ્રસંગે કહેલો કીંવા લખેલો હોય ત્યારે.

અથવા કહેનારના હીત વીરૂધ હોય ત્યારે અથવા તેમાં સારવજનીક હકક કીંવા રીવાજ કીંવા સામાન્ય કાયદા ગેર કાયદા સબંધી અભીપ્રાય આપ્યો હોય ત્યારે અથવા સગપણ વીશે હોય ત્યારે.

અથવા મરણ પામેલા સખશના મૃત્યુ પત્રમાં કીંવા ખતમાં તે બતાવ્યો હોય ત્યારે અથવા કલમ ૧૩ ની રકમ એમાં કહેલા કારય બાબત હોય તો.

અથવા તે ઘણા સખસોએ કહયો, કીંવા લખ્યો હોય અને તે પરથી તકરારી બાબતને લગતા તેઓના વીચાર માલમ પડતા હોય ત્યારે.

૩૩ પેસ્તરના ઇનશાફી કામમાંનો પુરાવો ક્યારે લગતો હોય.

વીશેશ પ્રસંગે કહેલો કીંવા લખેલો મજકુર.

૩૪ હીસાબની ચોપડીઓમાંની નોંધ કયારે લગતી હોય છે.

૩૫ જે કામ કરવાનું કાયદામાં ફરમાવવામાં આવ્યું હોય તે કામ કરવાને પ્રસંગે સરકારી દફતરમાં જે નોંધ કરી હોય તે ક્યારે લગતી સમજવી.

૩૬ નકશા તથા પલાન એ ક્યારે લગતા છે.

૩૭ સારવજનીક પ્રકારના હકીકત બાબત કોઇ આકટમાં અથવા સરકારી જાહેરનામામાં મજકુર લખ્યો હોય તે લગતો છે.

૩૮ કાયદાની ચોપડીમાં લખેલો મજકુર કહેલા કીંવા લખેલા મજકુરનો કેટલો ભાગ શાબીત કરવો જોઇએ.

ભાગ ૩ જો.

પુરાવો ગુજારવા તથા તેના પરીણામ બાબત

બાબ ૭ મો.

સાબીતીના બોજા વીશે.

બાબ ૧૧ મો

નહીં લેવા યોગ્ય પુરાવો લીધો હોય તથા લેવા યોગ્ય પુરાવો નહીં લીધો હોય તે બાબત

૩૬૫૪

હિંદુસ્તાનનો પુરાવાનો આક્ટ.

सने १८७२ नो आक्ट १ लो.

પુરાવાનો કાયદો એકત્ર કરવો, તથા તેનાં લક્ષણ બાંધવાં તથા તે દુરસ્ત કરવા યોગ્ય છે, માટે આ ઉપરથી નીચે લખ્યા પ્રમાણે ઠરાવવામાં આવે છે.—

ભાગ ૧ લો હકીકતનું લાગુપણું.

બાબ ૧ લો.

પરથમના વિષય.

૧ આ આકટને સન "૧૮૭૨ નો હીંદુસ્તાનનો પુરાવાનો કાયદો" એવું નામ આપ્યું છે.

આક્ટ કયાંહાં લાગુ છે.

એ આકટ સઘળા બ્રીટીશ ઇંડીઆને લાગુ છે. તથા કોરટ મારસલ સુધાંની હર કોઇ કોરટમાં અથવા કોરટની રૂબરૂ જે ઈનસાફી કામો ચાલે તે સરવ કામોને લાગુ છે. પરંતુ હર કોઈ કોરટને અથવા અમલદારને આફીડેવીટ લખી આપવામાં આવે તેને અથવા લવાદની રૂબરૂ જે કામ ચાલે તેને તે લાગુ નથી.

તે કયારે અમલમાં આવશે.

એ આકટ તા૰ પહેલી સપટેમ્બર સને ૧૮૭૨ ને રોજ અમલમાં આવશે.

ટીકા—"બ્રીટીશ ઇન્ડીયા" એ શબ્દવડે વીકટોરીઆના રાજના ૨૧ માં તથા ૨૨ માં કરેલા (તા૰ ૨ અગષ્ટ સને ૧૮૫૮ ના રોજ કરેલા) કાયદાના બાબ ૧૦૬ ની કલમ ૧ ઉપરથી રાણી સાહેબને હાથ આવેલા મુલકો સમજવા. પણ, સ્ટ્રેટ સેટલમેન્ટ એટલે પ્રીન્સ ઓફ વેલ્સનો બેટ સીંગાપોર તથા મલાકા વિકટોરીઆના રાજ્યના ૨૯ તથા ૩૦ મા વરસમાં કરેલા કાયદાના બાબ ૧૧૫ ના ઠરાવોથી "બ્રીટીશ ઇન્ડીયા" માંથી જુદા પાડેલા છે.

"આફીડેવીટ" વીશે દીવાની કામ ચલાવવાની રીતનો કાયદો સને ૧૮૭૭ ના આકટ ૧૦ નો બાબ ૧૬ (કલમો ૧૫૪, ૧૯૭) જુવો. "લવાદની રૂબરૂના કામો" વીશે સને ૧૮૭૭ નો આકટ ૧૦ દીવાની કામ ચલાવવાની રીતના કાયદાનો બાબ ૩૭ (કલમો ૫૦૬, ૫૨૬] જુવો.

કયા કાયદા રદ કરયા.

૨ સદરહુ તારીખે તથા તે તારીખથી નીચે લખેલા કાયદા રદ કરયા છે.

(૧) બ્રીટીશ ઇંડીયાના કોઇ પણ ભાગમાં અમલમાં હોય તેવા કોઈ પણ સ્ટાટયુટ આકટ; કીંવા કાયદામાં લખ્યા ન હોય; એવા જે પુરાવાના નીયમો હોય તે તમામ.

(૨) "સન ૧૮૬૧ ના હીંદુસ્તાનની કાંઉનશીલના આકટની" કલમ ૨૫ મુજબ જે નીયમોને, તથા કાયદા, તથા કાનુંનોને, કાયદા જેટલી યોગ્યતા મળી હોય તેવા સરવ નીયમો તથા કાયદા તથા કાનુંનો, આ આકટમાં જે બાબતો સબંધી ઠરાવ કરયા છે તે બાબતો વીશે જેટલા હોય તેટલા તથા.

(૩) આ આકટના પરીસીસ્ટમાં જે આકટો બતાવ્યા છે, તે સદરહુ પરીસીસ્ટના બીજા કોષ્ટકમાં બતાવ્યા છે તેટલા.

પરંતુ બ્રીટીશ ઇંડીયાના કોઇપણ ભાગમાં કોઇ પણ સ્ટાટયુટ અથવા આકટ અથવા કાયદો ચાલુ હોય તે આ આકટથી સ્પષ્ટ રીતે રદ કરવામાં આવ્યો નહીં હોય તો તેમાંના કોઈ પણ ઠરાવમાં આ આકટમાં લખેલી કોઇપણ વાતથી કમપેશ થયેલું સમજવું નહીં,

ટીકા—રકમ ૧ આ રકમથી કોરટોને આયંદે પુરાવાના ઈંગરેજી નિયમો પ્રમાણે ચાલવા મના છે.

રકમ ૨—"સને ૧૮૬૧ ના હીંદુસ્તાનની કાંઉનસીલના આકટની" વિકટોરીઆના રાજના ૨૪ તથા ૨૫ મા વરસમાં કરેલા કાયદાના બાબ ૬૭ ની કલમ ૨૫ નીચે પ્રમાણે છેઃ— હીંદુસ્તાનના ગવરનર જેનરલ, અથવા હીંદુસ્તાનના ગવરનર જેનરલ ઇનકાંઉનસીલને ચોથા વુલીયમના ૩ જા તથા ચોથા વરસોમાં કરેલા સદરહુ આકટોના બાબ ૮૫ ના તથા રાણી સાહેબના ૧૬ તથા સતરમા વરસોમાં કરેલા સદરહુ આકટોના બાબ ૯૫ ના ઠરાવો મુજબ કાયદા તથા કાનુનો કરવાની સભાઓમાં શીવાય 'નાન રેગ્યુલેશ પ્રાવીનશીશ' તરીકે વખતે વખતે જણાવેલા મુલકોને સારૂં નીયમો, કાયદાઓ તથા કાનુંનો કરવાની સતા હતી કે નહીં તે વીશે તથા કોઇ ઇલાકાના કે હીંદુસ્તાનના ભાગના ગવરનર ઇયા ગવરનર ઈનકાંઊનશીલ, ઇયા લેફટીનંટ ગવરનરને આવી સતા હતી કે નહીં તે વીશે શક રાખવામાં આવ્યા છે તેથી ઠરાવવામાં આવે છે કે કોઇ નીયમ, કાયદો કે કાનુન જે આ આકટ થતાં પહેલાં ગવરનર જેનરલે, અથવા ગવરનર જેનરલ ઇનકાંઊનશીલે અથવા ઉપર કહેલા અધીકારીઓ માંહેના કોઈ બીજા અધીકારીએ કરયો હશે તે સદરહું આકટોના ઠરાવો મુજબ અથવા હીંદુસ્તાનની કાઉંસીલના અથવા ગવરનર જેનરલના બાંધા તથા સતાઓ વીસે અથવા ઉપર લખ્યા મુજબ ગવરનરો. અથવા ગવરનરઇનકાઊનસીલ, અથવા લેફટીનંટ ગવરનરોની સતાઓ વીશે પારલામેંટનાબીજા કોઇ આકટના ઠરાવો મુજબ નહીં કરેલો હોવા ઉપરથીજ રદ ગણાશે નહીં આ કલમનો અરથ એવો કરવામાં આવ્યોછે કે નાન રેગ્યુલેશન પ્રાવીનશોને સારૂ નીયમો વીગરે કાયદા તથા કાનુંનો બાંધવાની સભાઓમાં શીવાય બીજી રીતે કરવાને મનાછે, અને એટલા માટે સને ૧૮૬૧થી આવા કોઇ નીયમો કાયદા કે કાનુનો કરવામાં આવ્યા નથી. આવી સભાઓની બહાર ઉપર કહેલા અધીકારીઓને હવે કાયદા કરવાની કેટલી સતાછે, તેને સારૂ વીકટોરીયાના રાજના ૩૩મા વરસમાં કરેલા આકટનો બાબ ૩ જુઓ.

(૩) આ આકટમાં નીચે લખેલા સબ્દો તથા શબ્દ પ્રયોગો વાપરવામાં આવ્યાછે તેનો અરથ નીચે લખ્યા મુજબ ઠરાવ્યોછે, પરંતુ વાકયના તથા વીશયના સબંધ ઉપરથી તે વીરૂધ ઇરાદો માલુમ પડેતો સદરહુ પ્રમાણે અરથ કરવો નહીં.

અરથ

"કોરટ" એ શબ્દમાં સરવ જડજોનો, તથા માજીસ્ત્રેટોનો, તથા લવાદ શીવાય બીજા જે સખશોને પુરાવો લેવાનો કાયદા મુજબ અધીકાર હોય તે સરવ સખસનો સમાવેશ થાયછે.

કોરટ.

"હકીકત" એ શબ્દનો અર્થ નીચે મુજબ ઠરાવ્યો છે. અને તેમાં નીચે લખ્યા પ્રમાણેની બાબતોનો સમાવેશ થાયછે,

"હકીકત"

(૧) હરકોઇ વસ્તુ વસ્તુની સ્થીતી, અથવા એક વસતુનો બીજી વસ્તુ સાથેનો સબંધ જેનું ગ્યાન ઇંદ્રીઓ વડે થઇ શકે એવુ હોય તે.

(૨) મનની જે સ્થીતીનું ભાન કોઇ સખસને હોય તેવી હરકોઇ સ્થીતી.

દ્રસ્ટાંતો.

(**અ**) અમુક વસતુઓ અમુક રીતે અમુક ઠેકાણે ગોઠવેલી છે એ એક હકીકત છે.

(**બ**) અમુક વાત કોઇ એક માણુસે સાંભળી અથવા જોઇ, એ એક હકીકત છે,

(**ક**) એક માણુસ અમુક શબ્દો બોલ્યો એ એક હકીકત છે.

(ડ) કોઇ માણુસનો અભીપ્રાય અમુક છે, અથવા તેનો ઈરાદો અમુક છે. અથવા તે શુધ બુદ્ધીથી કામ કરે છે, કીંવા કપટથી કરે છે, અથવા તેણે અમુક શબ્દનો અમુક અરથ સમજીને તેનો ઉપીયોગ કરયો છે. અથવા ઇંદ્રીઓ વડે મનમાં અમુક પદારથનો અમુક બોધ અમુક વખતે થયાનું તેને ભાન હતું અથવા છે, એ હકીકત છે.

(ઇ) કોઇ માણુસની આબરૂ પ્રતીસ્ટા અમુક રીતની છે એ એક હકીકત છે.

"લગતાં"| હકીકતના લાગુપણા વીશે આ આકટમાં જે નીયમો કહયા છે. તે નીયમોમાં કહેલી કોઇ પણ રીતે એક હકીકત બીજી હકીકત સાથે સબંધ રાખતી હોય ત્યારે હકીકત મજકુર સદરહુ બીજી હકીકતને લગતી છે એમ સમજવું.

"મુદ્દાની હકીકત" "મુદ્દાની હકીકત" એ સબ્દ પ્રયોગનો અરથ નીચે મુજબ થાયછે. તથા તેમાં નીચે મુજબની બાબતોનો સમાવેશ થાય છે:—

કાંઇ હક અથવા જવાબદારી, અથવા અશકતતા છે કીંવા નથી, એવી કોઈ મુકદમામાં અથવા કામમાં તકરાર હોય તે હક અથવા જવાબદારી અથવા અસકતતાછે કીંવા નથી કીંવા કેવા પ્રકારનીછે. કીંવા કેટલે દરજેછે, એવું જે હકીકત ઉપરથી માત્ર તેજ હકીકત વડે, અથવા બીજી હકીકતોને સબંધે, અવશીય નીકલે યાને માલુમ પડે તે હકીકતને મુદાની હકીકત કહેવી.

ખુલાશો—દીવાની કામ ચલાવાની રીત બાબતના જેના તે વખતના ચાલુ કાયદા પ્રમાણે કોઈ દીવાની કોરટ કોઈ હકીકત બાબત મુદા દફતરમાં નોંધે તેવા મુદાના જવાબમાં જે હકીકત સ્થાપન કરવાની હોય કીંવા જે હકીકતનો ઇનકાર કરવાનો હોય તે હકીકતને પણ મુદાની હકીકત સમજવી.

દ્રષ્ટાંતો.

અ ના ઉપર **બ** નું ખુન કરયાનું તોહોમત છે.

અ ઉપરની તજવીજમાં નીચે લખેલી હકીકત મુદાની હકીકત હોઇ શકે.

અ એ **બ**નું મોત આણ્યું.

અ નો ઇરાદો **બ**નું મોત આણુવાનો હતો.

બ એ **અ**ને ભારે તથા આંકસમીત ક્રોધ ઉતપન કરયો હતો.

જે કલ્યથી **બ** નું મોત થયું તે કલ્ય કરતી વખતે દીવાનગીરીના સબબથી પોતે કેવું કામ કરેછે તે **બ** જાણી શકતો નોહતો.

દસ્તાવેજ. "દસ્તાવેજ" એ શબ્દ વડે કોઇ પણ બાબત સમજવી, જે બાબત કોઇપણ વસ્તુ ઉપર અક્ષર, અંક કે, ચીન્હ વડે, અથવા એ માંહેના એકથી વધારે સાધનો વડે, સમજાવી અથવા બયાન કરેલી હોય અને જે સાધનો તે બાબતના દસ્તાવેજી દાખલા રાખવા સારૂ વાપરવાનો ઇરાદો કરયો હોય અથવા વપરાય.

દ્રષ્ટાંતો.

કોઈ લખાણ એ દસ્તાવેજછે.

જે શબ્દો કસ્સાના છાપથી અથવા સીલા છાપથી છાપ્યો હોય અથવા ફોટોગ્રાફ ઉપરથી લીધા હોય તે શબ્દો દસ્તાવેજછે, એમ સમજવું.

દેશનો નકશો કીંવા પ્લાન દસ્તાવેજછે.

ધાતુનાં પતરાં ઉપર અથવા પથરા ઉપર કોતરેલો લેખ દસ્તાવેજછે.

નીંદાનું હાસ્યકારક ચીત્ર એ દસ્તાવેજછે.

"પુરાવો" — "પુરાવો" એ શબ્દોનો અરથ નીચે લખ્યા મુજબ ઠરાવ્યોછે. તથા તેમાં નીચે લખ્યા મુજબની બાબતોનો સમાવેશ થાયછે.

(૧) જે હકીકત વીશે ચોકસી ચાલતી હોય તે હકીકતને સબંધે કોરટ પોતાની રૂબરૂ સાહેદને જે મજકુર કહેવાની પરવાનગી આપે અથવા જે મજકુર કહેવાની તેને ફરજ પાડે તેવો સઘળો મજકુર.

આ મુજબ કહેલાં મજકુરને મુખ જુબાની પુરાવો કહેવો.

(૨) જે દસ્તાવેજ કોરટને તપાશવા સારૂ હાજર કરવામાં આવે તે સરવે એવાં દસ્તાવેજને દસ્તાવેજી પુરાવો કહેવો.

"સાબીત થઈ" — જ્યારે કોરટની રૂબરૂ જે બાબતો રજુ હોય તે ઉપર વીચાર કરતાં અમુક હકીકત બનેલી છે એવું કોરટના માન્યામાં આવે અથવા કોરટની નજરમાં એમ આવે કે તે હકીકત બની નથી એ વાત એવી તો સંભવીતછે કે અમુક તે કામની કેફીયત જોઇને કોઇ સમજદાર માણસે હકીકત મજકુર બનીછે એવી ધારણા ઉપર અમલ કરવો જોઈએ ત્યારે તે હકીકત સાબીત થઈ એમ સમજવું.

ગેર સાબેત થઇ. — જ્યારે કોરટની રૂબરૂ જે બાબતો રજૂ હોય તે ઉપર વીચાર કરતાં અમુક હકીકત બનેલી નથી એવું કોરટના માનામાં આવે અથવા કોરટની નજરમાં એમ આવે કે તે હકીકત બની નથી એ વાત એવી તો સંભવીતછે કે અમુક તેજ કામની કેફીયત જોઇને કોઈ સમજદાર માણસે હકીકત મજકુર બની નથી એવી ધારણા ઉપર અમલ કરવો જોઇએ ત્યારે તે હકીકત ગેર સાબીત થઇ એમ સમજવું.

ના શાબીત થઇ. — જ્યારે કોઇ હકીકત સાબીત થઇ ન હોય અથવા ગેર સાબીત થઇ ન હોય તીયારે તે ના સાબીત થઇ એમ કહેવું.

ટીકા—"કોરટ" સબ રજીસ્ટાર કોરટછે, સરધારીલાલ અરજદાર વુ રી. ડી. ૨. વા. ૨૨ પાનું. ૧૦

"લગતી" હકીકતના લાગુપણા વીશે બાબ બીજાની કલમો ૫–૫૫માં બ્યાન કરેલુંછે.

"ખુલાશો" હાલ જે કાયદો અમલમાંછે તે સને ૧૮૭૭ના આકટ ૧૦ના બાબ ૧૧ કલમો ૧૪૬—૧૫૧ સુધીમાં માલમ પડશે.

"દસ્તાવેજ" આ વાખ્યા પેનલકોડની કલમ ૨૯માં આપેલી વાખ્યાના જેવીજછે પણ તેમાં એટલો તફાવતછે કે તેમાં તે બાબતના દસ્તાવેજી દાખલા રાખવા સારૂ એ સબ્દોને બદલે "તે બાબતના પુરાવા દાખલ" એવા સબ્દો મુકેલાછે.

"પુરાવો" આ કાયદાના મુળ તઈયાર કરેલા બીલમાં 'પુરાવા' ની વાખ્યામાં દાખલ કરેલો

એક તરીજો પેટા ભાગ હોય તો એટલે:—

(૩) કોરટને તપાસવા સારૂ દસ્તાવેજો શીવાય જે રજુ કરવામાં આવેછે એવી બીજી બધી જરૂરી ચીજો આવા પ્રકારની ચીજોને જરૂરી પુરાવો કહેછે "

જ્યારે તોહમતદારને શેશન કોરટમાં કે હાઇકોરટમાં ઇનસાફને સારૂ કમીટ કરવામાં આવેછે ત્યારે ક્રીમીનલ પ્રોસીજરકોડની કલમ ૧૫૮ મુજબ જે હથીઆર ઇઆ બીજી કોઇ ચીજ સદરહુ કોરટમાં મોકલવામાં આવેછે તે જરૂરી પુરાવાનો દાખલોછે. સીલેકટ કમીટીએ તેમના બીજા રીપોટમાં લખ્યુછે કે જરૂરી પુરાવાને લગતા ઉપરના ઠરાવો મેલી દેવા તેમણે નિશચય કરયો " તો; પણ આવો નિશચય કરવાનું તેમણે કંઈક પણ દરશાવ્યુ નોહોતુ તોપણ કેહેવામા આવેછે કે આવી ચીજો જડજ પોતાને માટે પોતાની આંખે જોઇ સકેછે. અને જોવા ઉપરથી નીકળતુ જાણપણું કોઈપણ સખસની મારફત વગર મળેછે, સાહેદો જે પોતાની ઇંદરીઓ વડે કોઇ હકીકતથી વાકેફ થએલા હોયછે, તે એક મારફત છે જેગની વડે કોરટને હકીકતનું જાણપણુ જાહેર કરવામા આવેછે. દસ્તાવેજ એ પણ મારફત છે જે વડે તેમા લખેલી કે બીઆન કરેલી બાબતોનું જાણપણું કોરટને કરવામાં આવેછે, પણજ્યારે કોઇ લોહીવાળું હથીઆર કે ભાગેલી પેટી જડજની આગળ હાજર કરવામાં આવે ત્યારે તેમા મળતું જાણપણુ સીધુ કંઇપણ મારફત વગર પોતાની ઇંદરીઓ વડે મળેછે. બીજી જાતનો જરૂરી પુરાવો જેને એજ ટીકા લાગુ પડેછે. તે કોરટે નજરે જગીઆ તપાસી તે છે. સને ૧૮૫૪ ના કામ ચલાવવાની રીતના સાધારણ કાયદાની કલમ ૫૮માં કોઇ પણ સ્થાવર ઇઆ જંગમ મીલકત જેનો તપાસ તકરારી બાબતનો બરોબર નિશચય કરવાને જરૂરનો હોય તેવી મીલકત ઇઆ જડજે નજરે તપાસવા ઠરાવેલું છે. હીંદુસ્તાનના દીવાની કામ ચલાવવાની રીતના કાયદામાં આ ઠરાવને બરોબર મળતો એકે ઠરાવ નથી, પણ આ કાયદાની કલમ ૩૯૨માં જડજે જાતે સ્થાનીક તજવીજ ચલાવવાનું લખેછે. અને મુફસીલમાં મુનસીફો તથાદીવાની કોરટોના બીજા જડજો જ્યારે તેમને કોઈ જગા જોવાની દરકાર માલમ પડેછે ત્યારે ઘણી વખત જાતે જઈ જોઇ આવેછે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૩માં જે જગીઆએ તોહોમતવાળો ગુનો બન્યાનું કહેવાતું હોય તે જગીઆ, અથવા તજવીજને જરૂરનો બીજો કોઈ બનાવ બીજી જે કોઇ જગીઆમાં બન્યો હોય તે જગીઆ જુરીએ અથવા આસેસરોએ જોઈ આવવાનું ઠરાવ્યુંછે.

અનુમાન કરવાને કોરટ મુખતીઆર છે.

(૪) અમુક હકીકત બનીછે એવું અનુંમાન કરવાને કોરટ મુખ્તિઆરછે એમ આ આકટમાં જ્યારે ફરમાવ્યું હોય ત્યારે તે હકીકત ગેર સાબીત કરવામાં ન આવેતો તથા જ્યાં સુધી ગેર સાબીત ન થાય ત્યાં સુધી તે હકીકત સાબીત થઇછે. એવૂં માનવાને અથવા તેની સાબેની માગવાને કોરટ મુખતીઆરછે.

"અનુમાન કરવું."

અમુક હકીકત બનીછે એવું કોરટે અનુમાન કરવું એવું જ્યારે આ આકટમાં ફરમાવવામાં આવ્યું હોય ત્યારે કોરટે તે હકીકત ગેર સાબીત કરવામાં ન આવે તો તથા જ્યાં સુધી ગેર સાબીત ન થાય ત્યાં સુધી તે સાબેત થઇછે એમ માનવું.

"નીરણિયકારકસાબીતી."

એક હકીકત બીજી હકીકતની નીરણયકારક સાબીતીછે એવું આ આકટમાં જ્યારે ફરમાવ્યું હોય ત્યારે સદરહુ એક હકીકત સાબીત થાય તો સદરહુ બીજી હકીકત સાબેત થઇ એવું કોરટે ગણવું અને તે બીજી હકીકત ગેર સાબીત કરવા સારૂ પુરાવો આપવાની પરવાનગી કોરટે આપવી નહીં.

ટીકા—"અનુમાનો" (કલમને છેડે લખવી આ ટીકા)

અનુમાનો વીશે કલમો ૭૪-૯૦ સુધી જુવો.

આ બાબના મુલ ખરડામાં નીચેની કલમ હતી:—

કોરટે હકીકતની બાબનો ઉપર તેમના અભીપ્રાય અનુમાનો દોરીને બાંધવા.

(૧) કહેવાતી હકીકતની હયાતી વીશે હાજર કરેલા પુરાવા ઉપરથી.

(૨) સાબીત થયેલી અથવા ગેર સાબીત થએલી હકીકતો ઉપરથી ના શાબીત થયેલી હકીકતો ઉપર.

(૩) જે સાહેદો અથવા જે પુરાવો હાજર થઇ શકે તેવો હોય તે સાહેદોને અથવા તે પુરાવાને હાજર નહી કરવા ઉપરથી.

(૪) પક્ષકારો તથા સાહેદોની કબુલાતો, મજકુર ચાલચલણ તથા વરતણુંક ઉપરથી તથા કામની બધી કેફીયત ઉપરથી.

સીલેક્ટ કમીટીએ આ કલમ એટલા ઉપરથી કાઢી નાંખવાનું ઠરાવ્યું કે એ આક્ટમાં દાખલ કરવા જેવી નથી, કાયદાના મોટા પુસ્તકને લાયકછે. આ કલમ દાખલ કરવાનો હેતુ મુળ એમ જણાવવામાં આવ્યો હતો કે તે ઉપરથી એ વાત બતાવી આપવી, અને તેનો સ્પષ્ટ દાખલો રાખવો કે બધા કામોમાં અનુંમાન કરવું એ કોરટની ફરજછે માત્ર પુરાવો સ્વીકારી નોંધવો એ ટલીજ ફરજ નથી, આરચબીસપ વહેટલી કહેછે કે 'અનુમાન કરવું એ જડજનું કામછે ને સાબીત કરવું એ વકીલનું કામછે. અને તેની વાખ્યા તે એવી આપેછે કે 'અનુંમાન કરવું એટલે ત પાસથી સાચાનો નીસ્ચે કરવો અને સાબીત કરવું એટલે બીજાની ખાત્રી લાયક તે સ્થાપીત કરવું.—વેહેટલીક

બાબ ૨ જો.

હકીકતના લાગુપણા વિશે.

આ મુદ્દાની તથા લગતી હકીકતોનો પુરાવો આપી શકાયછે.

[૫] પ્રત્યેક મુદ્દાની હકીકત બનીછે કીંવા બની નથી તેને તથા જે હકીકતો લગતી છે એવું આક્ટમાં નીચે ઠરાવામાં આવ્યું છે કે તેવી બીજી હકીકતોનો પુરાવો હરકોઇ મુકદમામાં કીંવા કામમાં આપી શકાય છે એ શીવાય બીજી કોઇ હકીકતોનો પુરાવો આપી શકાતોનથી.

ખુલાસો—દીવાની કામ ચલાવવાની રીત બાબતના જેના તે વખતના ચાલુ કાયદાના હર કોઈ ઠરાવ ઉપરથી કોઇ એક સખસનો એકાદી હકીકત્તનો પુરાવો આપવાનો હક ન હોય તો તે હકીકતનો પુરાવો સખસ મજકુર આ કલમ ઉપરથી આપી શકેછે એમ સમજવું નહી.

દ્રષ્ટાંતો.

(અ) મોત આણુવાના ઇરાદાથી બ ને ડંગોરેવતી મારીને તેનુ ખુન કરવા બાબત અ ના ઉપર તજવીજ ચાલે છે.

સદરહુ તજવીજની વખતે નીચે લખેલી હકીકત મુદ્દાની હકીકત છે.

અ એ બ ને ડંગોરેવતી મારયો.

અ એ બ નું મોત સદરહું પ્રમાણે મારમારીને આણ્યું

અ નો ઇરાદો બ નું મોત આણુવાનો હતો.

(બ) એક વાદી જે ખત ઉપર પોતે આધાર રાખેછે તે ખત તે પોતાની સાંથે લાવીને મુકદમાની પેહેલી રજુઆતની વખતે હાજર કરવાને સારૂ પોતાની પાશે તઇયાર રાખતો નથી.

કામ ચાલ્યા પછી બ જે વખતે પછાડીથી દીવાની કામ ચલાવવાની રીત બાબતના કાયદામાં જે નીયમો ઠરાવ્યાછે તે નીયમની વીરૂધ બીજી રીતે વાદીથી ખત મજકુર આ કલમ ઉપરથી હાજર કરી શકાયછે અથવા તેનો મજકુર સાબીત કરી શકાયછે એમ સમજવું નહી,

ટીકા—દસ્તાવેજો રજુ કરવા માટે દીવાની કામ ચલાવવાની રીતના કાયદા સને ૧૮૭૭ના આક્ટ ૧૦ની નીચેની કલમોમાં ઠરાવવામાં આવ્યુંછે ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૧૩૮, ૧૩૯.

જે હકીકત એકજ પરકરણનું અંગ હોય તે હકીકત લગતીછે.

(૬) જે હકીકતો મુદાની ન હોય પણ તેનો કોઈ મુદાની હકીકત સાથે એવો સબંધ હોય કે તે એકજ પ્રકારનું અંગ યાને એકજ કાર્યનો ભાગછે તો તે હકીકતો લગતીછે એમ સમજવું પછી તે એકજ ઠેકાણે તથા એકજ વખતે બની હોય કીંવા જુદે જુદે વખતે તથા જુદે જુદે ઠેકાણે બની હોય તેની ચીંતા નહીં.

દ્રષ્ટાંત.

(અ) બને માર મારીને તેનું ખુન કરયું એવું તોહમત અ ઉપર છે અ કીંવા બ કીંવા પાસે ઉભેલા લોકોએ મારતી વખતે અથવા તાર પહેલાં કીંવા પછી થોડીવાર ઉપર એવું ગમેને કાંઇ કહયું અથવા કરયું હે કહેવું અથવા કરવું એ સદરહુ ખુનના પરકરણ કીંવા કાર્યનુ અંગ યાને ભાગ હોયતો તે કહેવું અથવા કરવું લગતુછે એમ સમજવું.

(બ) હથીયારબંધ લોકોએ બંડ ઉભું કરયું તેમાં સામીલ થયાથી રાણીની સામે લડાઇ કર્યાનું તોહમત અ ઉપરછે તે બંડમાં બંડખોરોએ માલ મીલકતનો નાશ કરયો તથા લસકરના ઉપર હલા કરયા તથા કેદખાનાં ફોડયાં સદરહુ હકીકતો બની તે સરવે જગોએ અ હાજર ન હોય તો પણ તે હકીકતો બનાની વાત લગતીછે કારણ કે એકંદરે જે પરકરણને કાર્ય થયું તેનાં તે અંગ યાને ભાગછે.

(ક) કંઇ કાગળ પતર લખવામાં આવ્યા હતાં તે પછકી એક પતરમાં આબરૂ લેવાનું લખાણ કરવા બદલ અએ બ ઉપર દાવો કરયોછે જે બાબત ઉપરથી સદરહુ આબરૂ લેવાંનુ લખાણ ઉતપન થયુ તે બાંબતમાં પક્ષકારો મજકુરે એક બીજાને જે પતરો લખ્યા હોય તે પતરો જો સદરહુ લખવામાં આવેલા જે કાગળ પતરમાં આબરૂ લેવાનાં લખાણછે તે કાગળમાંના યાને તેના ભાગ હોયતો તેમાં ખુદ સદરહુ આબરૂ લેવાનું લખાણુ ન હોય તો પણ તે સરવે લગતાછે.

(ડ) અમુક માલ બની પાસેથી મંગાવ્યો હતો તે અ ને સ્વાધીન કરવામાં આવ્યો હતો કે નહી એવી તકરારછે માલ વચમાં દરમીઆન કેટલાએક સખશોને એક પછી એક અનુક્રમે સ્વાધીન કરવામાં આવ્યો હતો સદરહુ દરેક માણસને માલ સ્વાધીન કરયો એ દરએક હકીકત લગતી છે.

ટીકા—એવીજ રીતે શેશન કોરટથી અથવા હાઇકોરટથી તજવીજ ચલાવી સકાય એવા મુકદમાની જે માજીસ્ટરેટો ચોકસી કરતા હોય તેમને ક્રીમીનલ પ્રોસીજરકોડની (સને ૧૮૭૨ ના આક્ટ ૧૦ ની)કલમ ૧૫૦ માં ફરીયાદ કરનારની તથા જે બાબતનું તોહમત્ત હોય તે બાબતની હકીકત તથા તેની સાથેની કેફીયત જે શખશોના જાણ્યામાંછે એમ કેહેવામાં આવે તે શખસોની સાહેદી લેવા ફરમાવામાં આવ્યુછે.

જે હકીકતો મુદાની હકીકતનું પ્રયોજન કીંવા કારણુ કીંવા ફળ છે તે હકીકતો બાબત.

(૭) જે હકીકતો લગતી કીંવા મુદાની હકીકતનું પ્રતક્ષ કીંવા બીજી રીતનુ પ્રયોજન અથવા કારણુ અથવા ફળ યાને પરીણામ હોય અથવા વસ્તુઓની જે સ્થીતીને સબંધે હકીકત મજકુર બની તે સ્થીતી હોય અથવા જે ઉપરથી હકીકત મજકુર બનવાને કીંવા કરવાને પ્રસંગ મળી આવ્યો હોય, તે હકીકતો લગતી છે એમ સમજવું.

દ્રષ્ટાંતો

(અ) તકરાર એવી છે કે **અ** એ **બ** ની પાસેથી અપહરણ કરયું કે નહીં.

અપહરણ થયું તે પહેલાં ઘોડીવાર ઉપર **બ** મેળામાં ગયો હતો. તે વખતે તેની પાશે પૈશા હતા. તથા તે પૈશા તેણે બીજા સખસોને બતાવ્યા હતા, અથવા મારી પાસે પૈશાછે એવું બીજા સખસોને કહ્યું હતું, એ હકીકતો લગતીછે.

(બ) તકરાર એવી છે કે **અ** એ **બ** નું ખુન કરયું કે નહી.

ખુન થયુ તે ઠેકાણે અથવા તે નજદીક જમીનની ઉપર વળગા જુમીના નીશાંન પડયાં છે એ હકીકત લગતી છે.

(ક) તકરાર એવી છે કે **અ** એ **બ**ને ઝેર દીધું કે નહીં.

ઝેર આપ્યાથી જે ચીન્હો થાય છે તે અગાઉ **બ** ની તબીયતની સ્થીતી કેવી હતી તથા **બ** ની ટેવ શી હતી એ **અ**ને માલુમ હતુ તેથી ઝેર આપવાની સંધી મળી, એ હકીકતો લગતી છે.

હેતુ તઈયારી તથા પ્રથમની કીંવા પાછળની વરતણુંક.

(૮) જે હકીકત ઉપરથી મુદ્દાની કીંવા લગતી હકીકતો કરવાનો હેતુ કીંવા તઈયારી માલમ પડે અથવા જે હકીકત સદરહુ મુજબનો હેતુ કીંવા તઇયારી હોય તેવી હરકોઈ હકીકત લગતીછે એમ સમજવું.

હરકોઇ મુકદમાને અથવા કામને સબંધે અથવા તે માંહેની મુદાની કીંવા લગતી હકીકતને સબંધે, એવા મુકદમાના અથવા કામના હરકોઇ પક્ષકારની અથવા તે પક્ષકારના હરકોઇ મુખત્યારની વરતણુક તથા કાંઇ ગુન્હા બદલ કાંઇ પણ કામ ચાલતુ હોય તે ગુનેહ જે શખસના ઉપર યાને વીરૂદ્ધ બન્યો હોય તે સખસની વરતણુક લગતીછે. પરંતુ એવી વરતણુક ઉપરથી કોઇ મુદાની અથવા લગતી હકીકત થએલી હોવી જોઇએ, અથવા તે હકીકત ઉપરથી તેવી વરતણુક થએલી હોવી જોઇએ પછી તે વરતણુક ને હકીકતની પ્રથમની હોય કીંવા પાછળની હોય તેની ચીંતા નહીં

ખુલાસો ૧ લો—કોઇ જાહેર કરેલા મજકુરનો સમાવેશ આ કલમમાં "વરતણુક" શબ્દવાપરેલોછે, તેમાં થતો નથી. પણ સદરહુ મજકુર જાહેર કરીને તેની સાથે કોઈ જાહેર કરેલા મજકુર સીવાય બીજાં કર્યો કાધાં હોય તથા તે કર્મોનો તે મજકુર ઉપરથી ખુલાશો થતો હોય તો તેવા મજકુરનો સમાવેશ "વરતણુક" એ શબ્દમાં થાયછે, પરંતુ આ આકટની બીજી કોઇપણ કલમ મુજબ કોઇ જાહેર કરેલો મજકુર લગતો હોય તો તેને આ ખુલાસા ઉપરથી બાધ થતો નથી

ખુલાસો ૨ જો—જ્યારે કોઇ શખસની વરતણુક લગતી હોય ત્યારે જે મજકુર તેને અથવા તેની રૂબરૂ તથા તે સાંભળી શકે એવી રીતે કહેવામાં આવે અને તે મુજબ કહેવાથી સદરહુ વરતણુકમાં કાંઇ ફેર પડે એવું હોય તો તે મજકુર લગતોછે. એમ સમજવું.

દ્રષ્ટાંતો

(અ) **બ** નું ખુન કરવા બાબત **અ** ના ઉપર તજવીજ ચાલે છે.

અ એ ક નું ખુન કરયું હતું તથા અ એ ક નું ખુન કરયું છે એ વાત **બ** ને માલમ હતી તથા પોતાને જે વાત માલમ હતી તે વાત પ્રગટ કરવાની ધાસ્તી આપીને **અ** ની પાસે પૈશા કઢાવવાનું **બ** એ પ્રયત્ન કરયું હતું, એ હકીકતો લગતીછે.

(બ) પૈસા વસુલ કરવા સારૂ **અ** એ **બ** ઉપર એક ખત ઉપરથી દાવો માંડયો છે. ખત લખીઆપવાનો **બ** ઇનકાર કરે છે.

જે વખતે તકરારી ખત થવાનું કહેછે તે વખતે **બ** ને અમુક કારણ સારૂ પૈશાની જરૂર હતી એ હકીકત લગતીછે.

(ક) **બ** ને ઝેર ખવરાવીને તેનું ખુન કરયા બદલ **અ**ના ઉપર તજવીજ ચાલે છે,

બ ને ઝેર ખવડાવામાં આવ્યુંછે તેજ જાતનું ઝેર **અ** એ **બ**ના મરવા પેહેલાં મેળવ્યું હતું એ હકીકત લગતી છે.

(ડ) તકરાર એવી છે કે અમુક દસ્તાવેજ **અ** નું મ્રત્યુપત્ર છે કે નહીં.

તકરારી મ્રત્યુપત્રમાં જે બાબતુના ઠરાવ કરયાછે તે વીશે જે તારીખે સદરહુ તકરારી **મ**ત્યુપત્ર થયું તે તારીખની પહેલાં થોડા દીવસ ઉપર **અ**એ કાંઈ તપાસ કરી હતી, તથા મ્રત્યુપત્ર મજકુર કરવાની બાબતમાં તેણે વકીલની સલાહ લીધી હતી, તથા તેણે બીજા મ્રત્યુપત્રના ખરડા કરાવ્યા હતા પરંતુ તે તેણે પસંદ કરયા નહીં એ હકીકતો લગતીછે.

(ઇ) **અ** ના ઉપર એક ગુન્હો કરયાનું તોહમતછે.

ગુન્હો કરયાનું કહેવામાં આવેછે તેની પહેલાં કીંવા તે વખતે કીંવા તે પછી **અ**એ એવો પુરાવો આપ્યો કે તે ઉપરથી મુકદમાની હકીકતનું સ્વરૂપ **અ** ને પોતાને ફાયદો થાય એવું બને, કીંવા તેણે પુરાવાનો નાશ કરયો, કીંવા છુપાવ્યો કીંવા જે શખશો સાહેદ હોત્ત તે સખશોને હાજર થવાનો અટકાવ કરયો કીંવા તે ગેરહાજર રહે એવી તજવીજ કરી, કીંવા ગુન્હા મજકુર બાબત ખોટી સાહેદી આપવાનું કોઇ સખશોને શીખવ્યું, એ હકીકતો લગતી છે.

(ફ) તકરાર એવીછે કે **અ**એ **બ**ની પાસેથી અપહરણ કરયું કે નહીં **બ**ની પાસેથી **અ**પહરણ થયા પછી **ક** એ **અ** ની રૂબરૂ એમ કહયું કે "જેમાણસે **બ**ની પાસેથી અપહરણ કરયું છે તેમાણસને શોધી લાવવા સારૂ પોલીસના માણસ આવેછે" તથા એમ કહ્યા પછી લગલોજ **અ** નાસી ગયો, એ હકીકતો લગતીછે.

(ગ) તકરાર એવીછે કે **અ**ને **બ**ના રૂપીઆ દશ હજાર દેવાછે કે નહીં.

અએ **ક** પાસેથી કરજ રૂપીઆ માગ્યા તથા ડએ **ક**ને **અ**ના રૂબરૂ તથા તે સાંભળે એવી રીતે કહયું જે "હું તમને એવી સલાહ આપુંછું કે **અ** ઉપર ભરૂસો રાખવો નહીં, કારણ તેને **બ**નું દેવું રૂપીઆ દસ હજારનુંછે, અને **અ** કાંઇ જવાબ ન આપતાં ચાલતો થયો, એ હકીકતો લગતીછે.

(હ) તકરાર એવીછે કે **અ** એ ગુન્હો કરયોછે કે નહીં.

ગુન્હેગારને શોધી કાહાડવા બાબતની ચોકસી ચાલીછે એવી સુચનાનું પતર પોહોચ્યા પછી **અ** છુપાઇ બેઠો એ હકીકત, તથા પતરમાં લખેલા મજકુર એ હકીકત લગતીછે.

(આઇ) **અ** ઉપર કોઇ એક ગુન્હો કરયાનું તોહોમતછે.

જે ગુન્હાનું તોહોમતછે તે ગુન્હો બન્યા પછી **અ** છુપાઈ બેઠો, અથવા ગુન્હો મજકુર કરીને મેળવેલી મીલકત કીંવા તે મીલકતથી ઉપજેલા પઇસા **અ** ના કબજામાં હતા કીંવા જે વસ્તુ તે ગુન્હો કરવાના કામમાં વાપરવા સરખી હોય તે કીંવા જે વાપરેલી હોય તે છુંપાવવાની કોશીશ કરી, એ હકીકતો લગતીછે.

(જ) તકરાર એવીછે કે **અ**નાં સાથે બળાતકાર સંભોગ અમુક શખસે કરયોછે કે નહીં.

સદરહુ કહેલા મુજબનો સંભોગ થયા પછી થોડે એક વખતે તે ઓરતે તે ગુન્હા વિશે ફરિયાદ કરી એ હકીકત, તથા જે બીના ઉપરથી તથા જે લખાણ લખીને ફરીઆદ મજકુર કરી એ હકીકત લગતીછે.

ફરીયાદ કરયા વગર ઓરત મજકુરે એવું કહયું કે કોઇ સખશે મારી શાથે બળાતકાર સંભોગ કરયો એ હકીકત આ કલમ પ્રમાણે વરતણુંક તરીકે લગતી નથી, પરંતુ તે નીચે મુજબ હોયતો તે લગતી થઇ શકેછે.

કલમ ૩૨ની કલમ (૧) મરતી વખતના ઇકરાર તરીકે હોયતો, અથવા કલમ ૧૫૭

મુજબ પુરસ્ટીકારક પુરાવા દાખલ કે થતો.

(ઠ) તકરાર એવીછે કે અની ઉપર અપહરણ થયુંછે કે નહીં.

સદરહુ કલા મુજબનું અપહરણ થયા પછી થોડીવારે તેને ગુન્હા વિસેની ફરીયાદ કરી એ હકીકત, તથા જે બીના ઉપરથી તથા જે લખાણ કરીને ફરીયાદ ગબજુર કરી તે હકીકત લગતીછે.

ફરીઆદ કરવા શીવાય તેણે એવું કહ્યું કે મારી પાસેથી અપહરણ થયું એ હકીકત આ કલમ મુજબ વરતણુંક તરીકે લગતી નથી, પરંતુ તે નિચે મુજબ હોયતો તે લગતી થઇ શકેછે.

કલમ ૩૨ની રકમ ૧ મુજબ મરતી વખતનો ઇકરાર તરીકે હોયતો, કીંવા કલમ ૧૫૭ મુજબ પુરસ્ટીકારક પુરાવા તરીકે તે હોયતો.

ટીકા—એક વખત ઇંગલંડમાં એમ જરૂરનું ગણાતું હતું. અને હજુ પણ અમેરીકામાં એ જરૂરનું ગણાતુ જણાયછે, કે એ વરતણુક સમકાલીક હોવી જોઈએ તો પણ થોડા વરસથી એ મત ઈંગલંડમાં અનાદર કરવામાં આવ્યો છે, અને હવે એ ધારોછે કે જોકે સમકાલ સબંધ બતાવવાને સારૂ હમેશ જરૂરનો ગણવા જોઇએ તો પણ તે અવશ્ય જરૂરનોછે એમ કોઇ ગી તે ન ગણવું જોઈએ પરંતુ જુબાની દાખલ કરવા પછી તેના ઉપર કેટલુ વજન રાખવું જોઇએ તેનો વીચાર કરવામાં સમકાલ અગત્યનોછે.

કોઇ લેખના પક્ષકારોના ખરેખરા ઇરાદાની ખાતરી કરવાને સારૂ તે લેખ થયા પછી તેની રૂએ તેમણે શું કરયુંછે તેનો પુરાવો લગતોછે. મી૦ ટેલર કહેછે કે "આ એક સામાન્ય સીધાંત દાખલ કહી શકાય કે ગમે તે પ્રકારના બધા જુના લેખો તેમાં દ્વિઅરથી ભાષા હોયતો પણ તેવી દ્વિઅરથી ભાષા હોય ત્યાંજ તેનો અરથ તેની રૂએની જે વરતણુકને સમકાલીક અથવા "સલંગ કહીએ છીએ તેવી વરતણુકથી થઈ શકે અથવા બીજા બોલમાં કહીએ તો તેની અંદર જે મીલકત વીશે લખ્યુ હોય તે મીલકત જે રીતે રાખવામાં આવી હોય તથા તેનો ભોગવટો કરવામાં આવ્યો હોય તે રીતના પુરાવા ઉપરથી થઇ શકે—પાનુ ૧ ૯૧

અટરની જેનરલ વી. ડરમન્ડના કામમાં ડરમન્ડ એન્ડ લોર વા ૧ પા ૩૬૮ લોરડ ચાન્સેલર સગડને કહ્યું કે "આ લેખની રૂએ તમે શું કરયુંછે તે મને કહો, અને એ લેખનો શો અરથછે તે હું તમને કહીસ" ઉપયોગ ઉપરથી આપણે ચીજનો અરથ કરવો, એ કહેવત ઓછામાં ઓછી હીંદુસ્તાનમાં થોડાક વરસથી કંઈક જાદે લાગુ કરવામાં આવીછે. અને તે જુના દસ્તાવેજોને એટલે કે ઓછામાં ઓછા ત્રીસ વરસ ઉપરના દસ્તાવેજોનેજ લાગુછે એમ હવે ભાગ્યે જ કહી શકાય રાબરટ વાટસન એંડ કો વી. મોહેશ નારાયન રાય (ઇ. રી વા. ૨૪ પા ૧૭૭) ના કામમાં ફરીયાદ કરતી વખતે પચાસ વરસથી ઓછી મુદતનો હતો અને પ્રીવીકાઊનસીલના જજોએ એવો અભીપ્રાય આપયો કે પક્ષકારોનો ખરેખરો ઇરાદો બેશક મુખ્યત્વે કરીને તે લેખના કરારો ઉપરથી સોધી કાહાડવો જોઇએ પણ કેટલેક દરજે તે લેખ થયો તે વખતની કરીયત ઉપરથી અને બીજુ તે થયા પછી પક્ષકારોની વરતણુક ઉપરથી જાણી કહાડવો જોઈએ આ ધોરણના જાદે દાખલાને માટે નીચેના કેસો જોવાઃ—શ્રીમતી કામીની બોસ વી. નીસતારીણી દાસી બં. લા. રી. વા. ૧૩—પા ૪૨૦, સ્માલકાજ કોરટ સ. વી. રી. વા. ૨૧—પા ૩ ૭ ચીમનલાલ-વી. છતરપરીલાલ ઇં રી વા. ૧૯—પાનુ ૪૩૨ ગીરધર નાગજી શેઠ વી. ગણપત મોરોબા અને બા ગીરજી બાઇ રામ મોરોબા, મુ૦ હા૦ કો૦ રી૦ વા. ૧૧ પાનુ ૧૨૯

ખુલાશો ૧—જ્યાં કોઇ હકીકતો કોઇ મુદા ઉપર યોગ્ય પુરાવા હોયતો બધો મોઢાનો ઇકરાર અથવા લેખી ઈકરાર જે આ હકીકતોનો ખુલાશો કરતો હોય તે પુરાવામાં લેઇ શકાય. ડો વી. ,દાયમ બીગહાંગસન્યુકેસીસ વા૦ ૪ પાનુ ૫૪૮ .

ખુલાશો ૨—રાણી વી. એડમન્ડસ કારીંગટન અને. પેઇનસ નીસીપ્રાયસ રીપોરટસ વા. ૬—પા. ૧૬૪ નીલ વી. જાકલ કારીંગટન અને કરવનસ નીસીપ્રાસ રીપોરટસવા ૨—પા ૭૦૯

(છેવટ લખવાનુ) આ છેલા બે દ્રષ્ટાંતો અગત્યનાંછે ઈંગરેજી કાયદા મુજબ એમ ઠરાવવામાં આવ્યું હતુ કે ફરીયાદની તપશીલ વાર હકીકત ફરીયાદ તરફના પુષ્ટીકારક પુરાવા દાખલ જાહેર કરવાની નથી. (સ. વી, વાકર મુ. અને આર. વા. ૨ પા. ૨૧૨) પણ લખાણ

ની તપશીલ કેદીનો વકીલજ ઉલટ પાલટ તપાશમાં કઢાવી શકે પરંતુ હાલ થોડા વરસથી કેટલા ક જડજો જુદાજ રીવાજથી ચાલેછે મી. ટેલર કહેછે કે, જ્યાં ફરાયાદ પુસ્ટીકારક પુરાવા દાખલ આપી હોય ત્યાં શા ધોરણુને આધારે આ નીયમ રચેલોછે તે શોધી કાહાડવું મુશકેલછે કારણુ કે જો સાહેદોને જો ફરીયાદ કરનાર ઓરતે તેની મુળ ફરીયાદ કરવામાં જે કંઇ કહ્યું હોય તે બધું કહી દેવામાં આવે તો તેમનો પુરાવ જ્યારે તજવીજની વખતે શોગન ઉપર તેની પાસે તેની તેજ બીના કહેવરાવવામાં આવે ત્યારે તેની યાદદાસત બરોબરછે કે નહીં તેની બરોબર કશોટી રૂ૫ થાયછે. પા૦ ૫૧૯ ઉપરના દ્રષ્ટાંતો મુજબ ફરીયાદનુ લખાણુ મુલ પુરાવ તરીકે લઇ સકાય.

૯ કોઇ મુદાની કીંવા લગતી હકીકતનો ખુલાશો કરવા સારૂ કીંવા તેવા કામમાં પ્રવેશ કરાવવા સારૂ જે હકીકતની જરૂર હોય ને હકીકત અથવા કોઇ મુદાની કીંવા લગતી હકીકત ઉપરથી જે ધારણા નીકળતી હોય તેને જે હકીકત ઉપરથી મજબુતી મળતી હોય કીંવા તે રદ થતી હોય તે હકીકત, અથવા હરકોઇ વસતુ કીંવા સખશને ઓળખવું એ વાત લગતી હોય તો તે એકરૂપતા જે હકીકત ઉપરથી સ્થાપન થતી હોય તે હકીકત, અથવા હરકોઇ તકરારી કીંવા લગતી હકીકત જે વખતે કીંવા જે ઠેકાણે બની તે વખત કીંવાં ઠેકાણું જે હકીકત ઉપરથી મુકરર થતું હોય તે હકીકત, અથવા સદરહુ પ્રમાણેની હરકોઇ હકીકત જે પક્ષકારોથી બની પક્ષકારોનો સબંધ જે હકીકત ઉપરથી માલમ પડે તે હકીકત. એ સરવે હકીકતો સદરહુ કામ સારૂ તેની જરૂર હોય તેટલે દરજજે લગતીછે એમ સમજવું.

લગતી હકીકતના ખુલાસાને સારૂ અથવા તેને કામમાં પ્રવેશ કરવા સારૂ જે હકીકતની જરૂર હોય તે બાબત.

દ્રષ્ટાંતો

(અ) તકરાર એવીછે કે અમુક દસ્તાવેજ અનુ મરત્યુ પત્રછે કે નહીં.

તકરારી મરત્યુ પતરની તારીખે અની મીલકતની તથા તેના કુટંબની સ્થીતીકેવી હતી એ હકીકત લગતીછે

(બ) ફજેતી થાય એવી વરતણુક અ ચાલ્યો એવો આરોપ મુકીને આબરૂ લીધા બાબત અ એ બ ઉપર દાવો કરયોછે. બ એવું કહેછે કે જે વાત આબરૂ લેવાજેવી કહેવામાં આવેછે તેવાત શાચીછે

તકરારી આબરૂ લેવા જેવી વાત પ્રગટ કરી તે વખતે સદરહુ પક્ષકારોની સ્થીતી તથા સબંધ કેવી રીતનાં હતાં એ હકીકત મુદાની હકીકતનો કામમાં પ્રવેશ કરવા સારૂ લગતીછે.

તકરારી આબરૂ લેવાની વાત જોડે સબંધ ન હોય એવી બાબતમાં કાંઇ ટંટો અ તથા બ.ની દરમીયાન હોય તે ટંટાની તપશીલવાર હકીકત લગતી નથી, પરંતુ કંઈ ટંટો હતો એ હકીકત ઊપરથી અ તથા બ વચેના સબંધમાં કાંઇ ફેર પડતો હોય તો તે ટંટો હતો એ હકીકત લગતી છે.

(ક) અ ઉપર એક ગુનહો કરયાનું તોહોમતછે.

ગુનહો મજકુર થયા પછી થોડીવારે અ પોતાના ઘરમાંથી છુપી રીતે નાસી ગયો એ હકીકત કલમ આઠ મુજબ મુદાની હકીકતો ઉપરથી પછવાડેથી વરતણુંક થઈ એવા સબંધથી લગતીછે.

જ્યારે તે ઘર છોડીને ગયો ત્યારે જે ઠેકાણે તે ગયો તે ઠેકાણે તેને એકાએક જરૂરી કામ આવી પડયું હતું એ હકીકત તે એકાએક ઘર મુકીને ગયો એ હકીકતના ખુલાસાને સારૂ લગતી છે.

જે કામને સારૂ તે ગયો તે કામની તપસીલવાર હકીકત લગતી નથી પરંતુ કામ એકાએક જરૂરીનું નીકળ્યું હતું એ બતાવવાને સારૂ સદરહુ જેટલી તપશીલની જરૂર હોય તેટલી તપશીલ લગતી સમજવી.

(ડ) ક એ અ જોડે નોકરી બાબત કરેલો ઠરાર તોડવાને બ એ ક ને ફોસલાવ્યો એટલા માટે અ એ બ ના ઉપર દાવો કરયોછે. ક એ અ ની નોકરી છોડી તે વખતે અ ને એવું કહેલું હતું કે "હું તમને છોડી જાઉંછું તે એ કારણથી કે બ એ મને વધારે સારી નોકરી આપવાનું કહ્યુંછે" ક ની વરતણુંક મુદ્દાની હકીકત તરીકે લગતીછે તે વરતણુંકનો ખુલાશો કરવા સારૂ ઊપજતું બોલવું લગતી હકીકતછે.

(ઈ) અ ઉપર ચોરી કરયાનું તોહોમતછે તેણે ચોરીનો માલ બ ને આપયો એવું જોવામાં આવ્યું બ એ તે અ ની સ્ત્રીને આપયો એવું પણ જોવામાં આવીયું બ માલ આપતી વખતે એમ કહેછે કે "અ કહેછે કે આ તમો છુપાવી રાખો" સદરહુ બનું બોલવું લગતુંછે. કારણકે જે હકીકત પ્રકરણ યાને કારય મજકુરનું અંગ હવાને લાગછે તે હકીકતનો તે ઉપરથી ખુલાશો થાય છે.

(ફ) હંગામો કર્યા બાબત અ ઉપર તજવીજ ચાલેછે અને એવું સાબીત થયુંછે કે લોકોના એક ટોળાની અગાડી આગેવાન તરીકે ચાલતો હતો સદરહુ લોકોના ટોળાએ કરેલા પોકારે જે પ્રકારનું એ કૃત્ય બનું તેના ખુલાસાને સારૂ લગતાછે.

ટીકા-(ક) ઘેરથી બાહાર હયાની દરમ્યાન જવાના હેતુના ખુલાસા કારક કરેલા ઇકરાર અથવા લખેલા કાગળો મુળ પુરાવ દાખલ લેઇ શકાવછે કારણકે જવું અને ગેર હાજરી ઘણી યોગ્ય રીતે એક જરૂરીકૃત્ય ગણાયછે—ટેલર પા. ૫૨૬

(ડ) હાડલી વી કારટર ન્યુહામસ રીપોરટસ વા. ૮ પાનું ૪૦

(ફ) લોરડ ગોરડન્સ કેસ ૨૧ સ્ટેટ ટાયલસ ા. ૨૧ પા. ૫૨૪, ૫૨૫

ગુનો કરવાને સંપ કીધો હોય તેવા કોઇ સખશે લોકોના સામાન્ય હેતુ સબંધી કાંઇ કહ્યું અથવા કર્યું હોય તે બાબત.

૧૦ કોઇ ગુનહો કીવા દાવો ચાલવા લાયક અપકારનું કૃત્ય કરવા સારૂ બે અથવા વધારે સખશોએ સંપ કરયોછે એવું માનવાને યોગ્ય કારણ હોય ત્યારે સદરહુ સખશો પઇકી કોઇ એક સખશે તે લોકોના સામાન્ય ઇરાદાને સબંધ ઇરાદો મજકુર પરથમ તેમાંના હરકોઇ એક સખશે કીધા પછી કાંઇ કહ્યું કીવા કરયું કીવા લખ્યું હોયતો, એના સંપ કરનાર હરકોઇ સખસ સંપ મજકુરમાં સામીલ હતો તે બતાવવા સારૂ તેમજ સદરહુ મુજબ સંપ થયોછે એવું સાબીત કરવાને સારૂ સદરહુ કહેલી, કરેલી અથવા લખેલી વાત જે શખશોએ સંપ કરવાનું માન્યામાં હોય તેવા પ્રત્યેક સખશ વીરૂધ લગતીછે.

દ્રષ્ટાંત.

(અ) રાણીના વીરૂધ લડાઇ કરવા સારૂ સંપ કરવામાં આવ્યોછે તેમાં અ સામીલ થયોછે એવું માનવાને યોગ્ય કારણછે.

જે કારણને સારૂ સદરહુ સંપ થયોછે તે કારણને વાસ્તે બ એ યુરોપથી હથીઆરો મંગાવ્યાં, તેજ કારણને સારૂ ક એ કલકતા મધે પઇશા એકઠા કરયા, તથા સંપ મજકુરમાં સામીલ થવા ડ એ મુંબાઇમાં લોકોને સમજાવ્યા. તથા જે કામ કરવાનો વીચારછે. તે કરવું યોગ્યછે. એવા વાદના લખેલા કાગળો ઇ એ આગ્રામાં પ્રસીધ કરયા તથા જે પઇશા ક એ કલકતા મધે એકઠા કરયા હતા તે ફ એ દીલ્લીથી ગ ઉપર કાબુલ મોકલાવ્યા, તથા સંપ મજકુરના હેવાલનો પત્ર હ એ લખ્યો તેમાંનો મજકુર એ પ્રત્યેક હકીકત સંપ થયોછે. એ વાત શાબીત કરવાને સારૂ તથા તેમાં અ સામીલછે, એ સાબીત કરવાને સારૂ લગતીછે, પછી તે સર્વે હકીકતોથી અ અજાણ્યો હોય. તથા જે શખશોએ હકીકત મજકુર મુજબ કરયું, તે શખસોને અ ઓળખતો નહોય. તથા અ સંપ મજકુરમાં સામીલ થયો તેની અગાડી અથવા તે સંપ

માંથી નીકળી ગયો ત્યાર પછી સદરહુ હકીકતો બની હોય તો ચીંતા નહીં.

ટીકા.—આ કલમના સબંધમાં નીચેની બાબતો બરોબર સમજવી જોઈએ.

૧ લુ.—આ કલમ ગુનાહને કીંવા દાવો અલાવા લાયક અપકારના કૃત્યને, સંયુકત સંપ કરનારાઓને તથા સહઃ પ્રવેશ કરનારાઓને, અથવા બીજા અપકાર કૃત્ય કરનારાઓને લાગુછે. ૨ જુ—પુરાવો લેતાં પહેલાં સંપ હવાની વાત માનવા યોગ્ય કારણ હોવું જોઈએ. ૩ જુઓ—કાયદા વિરૂધ્ધ કામમાં પડેલા સખશોનો સબંધ બતાવામાં આવ્યા પછી એ સંપના હરેક અંગભુતે કાંઇ કરલું હોય કીંવા કહ્યું હોય તે બીજા હરેક અંગભુતની વિરૂધ મુળ પુરાવછે; પછી તે સર્વે હકીકતથી તે અજાણ્યો હોય, તથા જે સખશોએ સદરહુ મુજબ કરયુ અથવા કહ્યું તે સખશોને તે ઓળખતો નહોય તેની ચીંતા નહીં. ૪ થુ—જે કંઈ કરયુ હોય તે તથા જે કહ્યું હોય તે જે સખશની વિરૂધ્ધ તે વાપરયુ હોય તે સખસ સંપ મજકુરમાં સામીલ થયો તે પેહેલાં અથવા તે સંપમાંથી નીકળી ગયો ત્યાર પછી બન્યુ હોય તોપણ પુરાવામાં લેઇ શકાયછે. ૫ મુ—સંપ મજકુરના હેવાલનો પત્ર. પછી તે દેખીતો તેની પુષ્ટીમાં ઇઆ પુરવણીમાં લખ્યો ન હોય તોપણ પુરાવામાં લેવાય. આ છેલ્લો નિયમ ઇગ્લાંડમાં ચાલેછે તેથી ઉલટો. આ બધી વાતની નીચેની કચેરીઓ તથા કેસોમાં સફાઈ કરીછે. ટેલર પા. ૫૨૬—૫૩૪ બેસ્ટ પા. ૫૦૮ રાણી વી. અમીરૂદીન બં. લા. રી. વા. ૭—પા. ૬૩, રાણી વી અમીરખાન અને બીજા, બં. લા. રી. વા ૪ પા ૩૬.

હકીકત બીજી રીતે લગતી નહોયતો તે કયારે લગતી સમજવી

૧૧ જે હકીકત બીજી કોઈ રીતે લગતી ન હોય તે જો નીચે મુજબની હોય તો લગતી છે એમ સમજવું,

(૧) હરકોઈ મુદાની કીંવા લગતી હકીકતથી તે વીરૂધ હોય તો.

(૨) હરકોઈ મુદાની કીંવા લગતી હકીકત બનવાને ઘણો સંભવછે કીંવા સંભવ નથી એવું તથા નહી બનવાનો ઘણો સંભવછે કીંવા સંભવ નથી એવું સ્વતંત્ર રીતે તે ઉપરથી અથવા બીજી હકીકત સાથેના તેના સબંધ ઉપરથી માલમ પડે એવી હોય તો;

દ્રષ્ટાંતો.

(અ) તકરાર એવી છે કે **અ** એ કલકતા મધે અમુક દીવશે ગુનો કરયો કે નહીં. સદરહુ તારીખે **અ** લાહોર મધે હતો એ હકીકત લગતી છે.

જે વખતે ગુન્હો થયો તે અરસામાં ગુન્હો થયો જે ઠેકાણેથી **અ** દુર હતો તેથી કરીને તેણે ગુન્હો કરવાની વાત અશકય નથી પણ ઘણી અસંભાવીત છે, એ હકીકત લગતી છે.

(બ) તકરાર એવી છે કે **અ** એ ગુન્હો કરયો છે કે નહીં.

કેફીયત એવી છે કે ગુન્હો મજકુર **અ, બ, ક,** અથવા **ડ, અ,** એ પૈકી કોઇ એકે કરેલો હોવો જોઇએ, ગુન્હો મજકુર બીજો કોઇ સખસ કરી શકે એમ નોહોતુ એવું તથા તે **બ ક** અથવા **ડ** એ કરેલો નાહોતો એવું જે હકીકત ઉપરથી માલમ પડે તે પ્રત્યેક હકીકત લગતીછે.

નુકશાનના દાવામાં જે હકીકત ઉપરથી કોરટ નુકશાનની રકમ મુકરર કરી શકે એ હકીકત લગતી છે.

૧૨ જે મુકદમામાં નુકશાનનો દાવો કરેલો હોયતે મુકદમામાં કેટલુ નુકશાન આપવુ જોઇએ એ જે હકીકત ઉપરથી કોરટ મુકરર કરી શકે તે હકીકત લગતી છે.

હક કીંવા રીવાજ વીશે તકરારહોયતો કઇ હકીકત લગતી છે.

૧૩ હરકોઇ હક કીંવા રીવાજછે કે નથી એ બાબત જ્યારે તકરાર હોય ત્યારે નીચે લખેલી હકીકત લગતી છે એમ શમજવું.

(અ) જે કારય ઉપરથી તકરારી હક કીંવા રીવાજ ઉત્પન થયો હોય અથવા તે ઉપર દાવો બતાવવામાં આવ્યો હોય, અથવા તેમાં કાંઇ ફેરફાર થયો હોય અથવા તે કબુલ રાખવામાં આવ્યો હોય, અથવા તે છે એમ કહેવામાં આવ્યુ હોય અથવા તેનો ઇનકાર કરવામાં આવ્યો

હોય તે કાર્ય અથવા જે કાર્ય એવું હોય કે હક કીંવા રીવાજ મજકુર હોયનો કાર્ય મજકુર થયું ન હોય તો તે કાર્ય.

(બ) હક કીંવા રીવાજ મજકુર ઉપર દાવો બતાવવામાં આવ્યો હોય, અથવા તે કબુલ રાખવામાં આવ્યો હોય અથવા તેને અમલમાં આણ્યો હોય અથવા તેને અમલમાં આણતાં તકરાર ઉઠી હોય, અથવા અમલમાં આણ્યો એમ કહેવામાં આવ્યું હોય અથવા તેના અમલથી વીરૂધ કાંઇ કીધું હોય એવા અમુક દાખલાઓ બન્યા હોય તે દાખલા.

દ્રષ્ટાંતો

તકરાર એવી છે કે અ નો હક એક માછલી પકડવાની જગો ઉપર છે કે કેમ! એ માછલી પકડવાની જગા અ ના વડીલોને આપવા બાબતનો લેખ તથા તે જગા અ ના બાપે ગીરો મુકયાની વાત તથા ગીરો મજકુર વીરૂધ એ જગા અ ના બાપે બીજાને પટાથી આપ્યાની વાત, તથા અ ના બાપે હક મુજબ અમલ કરયાના અથવા તે પ્રમાણે અમલ કરતાં અ ના પડોશીએ અટકાવ કરયાના અમુક દાખલા બન્યા હોય તે દાખલા એ સરવે લગતી હકીકતો છે.

ટીકા—૧ આ કલમ ખાનગી તેમજ સારવજનીક હકો તથા રીવાજોને લાગુ કરવાને ઇરાદે કરેલીછે એમ દ્રષ્ટાંત ઉપરથી જણાયછે સરજોનારાયણ પાંડે વી બીસમબર સીંઘ. વી. રી. વા. ૨૩—પા. ૩૧૧

૨ એક કંપનીના ભાડુતે એક સારવજનીક વાહાણ ચાલી શકે એવી નદીમાં પોતાની આગળ માંછલાં પકડવાની જગામાં પ્રવેશ કરવાને માટે એક સખસ ઉપર દાવો બાંધ્યો અને એ જગાનો કબજો જુનો છે એમ સાબીત કરવાને પુરાવામાં એ કંપનીની ચોપડી પુરાવામાં હાજર કરી જેમાં એ જગા કોઇ ભાડુતને અમુક ભાડાથી ભાડે આપ્યાના દાખલા હતા તેમાં ઠરાવવામાં આવ્યું હતું કે એ ચોપડી પુરાવામાં લેઈ શકાય કેમકે નીયમ એવો છે કે અસલ દસ્તાવેજો જે યોગ્ય કબજામાંથી આવતા હોય, અને તે જોતાં માલેકપણું ચલાવાનો તેનો મતલબ હોય, જેવાકે લીસ અથવા સનંદ, તો કબજાના પુરાવા વગર અથવા તેવી રીતે ભાડુ આપ્યાના પુરાવા વગર પુરાવામાં આપી શકાય. કેમકે તે દસ્તાવેજોજ માલીકપણાના કૃત્યો તથા કબજાનો પુરાવછે માલક મશાન લી, ઓઇરીઆ લાઉસ આફ લારડસ કેસીસ વા ૧૦ પા. ૫૯૩. આજ કામમાં એ કાગળ માંછલાં પકડવાની જગાની હદ સાબીત કરવાને રાજના કોઈ બીજા ઇનામદારે એ કંપની ઉપર ઘણા વરસ પહેલાં બંધેલા દાવામાં વીલાયતની સદર અદાલતમાં (ચાનસરીમાં) નુકશાનની અરજી તથા જવાબ આપેલા જેમાં મજકુર માછલાં પકડવાની જગાની હદનુ બયાન કરયું હતુ તે પુરાવામાં આપવામાં આવ્યા હતા તેમાં ઠરાવવામાં આવ્યુ હતુ કે તે દસ્તાવેજો એ માંછલાં પકડવાની જગાના ઇતીહાસના તથા તે ઉપર કરેલા દાવાના ભાગ તરીકે તે પુરાવામાં લેઇ સકાયછે. (વળી રાજર વી. આલનનો કેસ જોવો કામ્પબેલ્સ નીશીપ્રાયસ રીપોટસ વા. ૧ પા. ૩૦૯

૩, વાદીઓ તથા પ્રતીવાદીની અમુક મુરતીઓ કે જેની આશરે બસેં વરશ પહેલાં તેમના વડીઆઓએ સ્થાપના કરી હતી તે મુરતીઓની પુજા કરવાના વારા હતા. વાદીઓએ એવી તકરાર લીધી કે એ પુજા કરવાના રીવાજ મુજબ એ મુરતીઓ કલકતેથી બીજે ઠેકાણે લેઇ જઇ શકાતી નથી અને પ્રતીવાદીને તે મુરતીઓ ત્યાંથી બીજે ઠેકાણે લઇ જતો અટકાવવાને તેમણે ફરીયાદ કરી. તેમની તકરારની પુસ્ટીમાં વાદીઓએ એ વારાવાળા સખસોમાંના ઘણા સખસોએ આશરે દોઢેક વરશ ઉપર કરેલા કરારનો લેખ પુરાવામાં રજુ કર્યો તે લેખમાં મજકુર રીવાજની વાત લખ્યા પછી તે લેખ કરનાર સખસોએ તેમના પ્રત્યેકના વારામાં એ મુરતીઓ કલકતેથી બીજે ઠેકાણે ન લેઇ જવા એક બીજાની સાથે કરાર કરયો હતો. આ લેખ કરવામાં પ્રતીવાદી શામેલ નહોતો. તેમાં ઠરાવવામાં આવ્યું હતું કે આ લેખ આ કલમ પ્રમાણે પુરાવામાં લેઇ શકાય તે

વાછે, પરંતુ પ્રતીવાદી વીરૂધ પુરાવા દાખલ તે ચાલે તેવો નથી; તેની વીરૂધ દાવાવાળો હકજી
દી રીતે સાબીત કરવો જોઇએ. હરેનાથ મલીક વી. નીત્યાનંદ મલીક બં. લા. રી. વા. ૧૦ પા. ૨૬૩
૪ રસ્તાવેરાના કાગળો તથા એક વેચાંણ ખત જેમાં વાદીઓ તથા તેમની જગા ઉપર
પેહેલા રહેનાર સખસોના હકો વીશે કેહેવામા આવ્યું હતુ તથા તે કબુલ કરવામાં આવ્યા હતા,
તે કાગળો તથા ખતની બાબતમાં એમ ઠરાવ કરવામાં આવ્યો હતો કે તે આ કલમના અરથ
મુજબનાં કારગો તથા દાખલા છે. દઇંતરી મોહનતી વી. જગો બાંધુ મોહનતી વી. રી. વાલ્યમ
૨૩—પાનુ. ૨૯૩
૫ ઇંગ્લંડના કાયદા મુજબ (જુરીના) ઠરાવો ફેંસલા તથા બીજા નીકાલ જો કે બીજા
ઓ વચ્ચે થયા હોય તો પણ સારવજનીક પ્રકારના રીવાજોની હયાતી અથવા ગેર હયાતી સાબી
ત કરવાને પુરાવામા હમેશાં લેવાયછે તેવીજ જાતનો પુરાવ તેવાજ કામને માટે આ પુરાવાનો
આકટ થતાં પેહેલાં હીંદુસ્તાનમાં પણ લેવાતો હતો. એક કેસમાં કલકતા હાઇકોરટ નીચે પ્રમાણે
બોલેછેઃ—બે દાખલા હાજર કરવામાં આવ્યા હતા. એક સને ૧૮૫૨ ની સાલમા, અને બીજો
૧૮૬૨ ની સાલમાં જેમાં એ હક કેહેવામાં આવ્યો હતો, અને તેની હયાતી કબુલ કરવામાં આ
વી હતી. આ ઇનસાફી કામો સારુવજનીક હીતની બાબત જેવી કે આવા પ્રકારનો કોઈ રીવાજ
હયાતી બાબતમાં સારો પુરાવ છે. અને આવા પ્રકારનો મુકદમો ઉપર કહેલા સાધારણ નીયમના
અપવાદ તરીકે ચાલેછે (પુરાવા ઉપર ટેલર શાહેબની કમેનટરીની કલમ ૧૪૯ જુઓ) અને જો
આવા ઘણા દાખલા રજુ કરવામાં આવ્યા હોય તો બેશક જડજે આવા ફેંસલો આપવામાં બ્યા
જબી કીધુ હોત. માધવ ચંદ્રનાથ બીશવાસ વી. ટોમી બીનાહ અને બીજા. વી. રી. સી.
રૂલીંગ વા, ૭ પા. ૨૧૦
૬ ઉપરના ઠરાવના ધોરણ મુજબ મદ્રાસ હાઈ કોરટે ઠરાવ કરયો છે તેમાં એક જડ
જને શક રહયો હતો કે જે ફેંસલો પુરાવમાં આવ્યો હતો તે એવી તરેહના સામા પ્રકારની
બાબત હતી કે તે કોઇ ત્રાહીતની વીરૂધ સબળ પુરાવા દાખલ ચાલી શકે. નાલ થંબી બાટર.
વી૦ નેલા કુમાર પીલાઇ. મદ્રાસ હા૦ કો૦ રી૦ વાલ્યમ૦ ૭ પાનું ૩૦૭.
૭ સ્થાનીક કોરટોના ઠરાવો જ્યારે એક બીજાથી વીરૂધ ન હોય ત્યારે ચાલુકીયાધી.
કારના સ્થાનીક રીવાજનો સબળ પુરાવો છે. શેખ કુદુતુલા વી૦ મોહીની મોહનશાહા અને બી૦
જા રે. રી. એન્ડ કો. રી. વા૦ ૫ પાનું ૨૯૦.
૮ સાતમા ઠરાવમાં બતાવેલા પુરાવો કુળાચાર સાબીત કરવાને પણ હીંદુસ્તાનની કોર-
ટોમાં ઘણી વખત પુરાવામાં લેવાયો છે નીલ કીસ્ટો દેબ બરમાનો વી. બીરચંદ્ર ઠાકુર અને
બીજા બ૦ લા૦ રી૦ વી૦ ક૦ વા૦ ૩—પા૦ ૧૩, રાવત અરજુનસીંગ અને રાવત દુરજન
સીંગ વી૦ રાવત ઘુનસીઆમસીંગ ગુરસ૦ ઈ૦ અ૦ વા૦ ૫—પાનું ૧૬૯.
ઉપર કહેલા પ્રકારનો પુરાવ હવે કોઇ પણ જાતનો હક અથવા રીવાજ સાબીત કર-
વાને પુરાવમાં લઈ શકાય છે.
૯ વાદીએ અમુક જમીનમાં ઇતમામી હક બતાવ્યો અને પોતાની તકરારની પુષ્ટીમાં
જે મુકદમાઓમાં વાદીઓએ દાવો કરેલો ઇતમામી હક જે સખસે ઉત્પન્ન કરેલો કેહેવાતો હતો
તે સખસના કરતાં ચઢીઆતા ઉપભોગ પ્રકારવાળા આગળનો હકદાર એક પક્ષકાર હતો તે
મુકદમાઓમાં થએલા ફેંસલાઓની નકલો પુરાવમાં રજુ કરી આ ફેંસલાઓ ઇતમામી હક
છે એમ બતાવતા હતા. પણ નીચેની કોરટે તે પુરાવામાં એ સબબથી લીધા નહીં કે જે મુ-
કરદમાઓમાં તે ફેંસલા કરવામાં આવ્યા હતા તે મુકરદમાઓમાં પ્રતીવાદી પક્ષકાર નહોતો.
હાઈ કોરટે ઠરાવ્યું કે આ કલમ મુજબ તે લગતો પુરાવો છે. ચીફ જસ્ટીસ કાઉચે મજકુર

પુરાવ કલમો ૪૦, ૪૧. અથવા ૪૨ મુજબ લગતો નથી એમ ટીકા કરયા પછી નીચે પ્રમાણે કહ્યું:—પણ કલમ ૪૩ માં એવા શબ્દો છે કે જે આ આકટની બીજી કલમનો પ્રવેશ કરે છે. એ શબ્દો એવા છે કે "જો એ ફેંસલો આ કાયદાના બીજા કોઇ ઠરાવ મુજબ લગતો ન હોય તો" અને એ જેવા પ્રકારના ફેંસલા વાદીએ રજુ કરેલા છે તે જો પુરાજ હોય તો (ને જે પુરાવા તરીકે ચાલવા ન જોઇએ, એવો ઇરાદો હોવ એમ આપણે ધારી શકીએ નહીં) ને કલમ ૧૩ મુજબ પુરાવમાં લેઇ શકાય, ને તે લગતો પુરાવો છે. આ. હીમાં જે હકની તકરાર હતી તે ઇતમામી "લીસ" નો વાદીનો હક હતો, અને જે મુકરદમાઓમાં આ હુકમનામાં કરવામાં આવીયાં હતાં તે મુકદમાઓમાં આ હકનો દાવો કરવામાં આવ્યો હતો અને તેમાં જીત મળી હતી. ખચીત "કાયે" એટલા બોહોળા અરથવાળો શબ્દ છે કે તેમાં આના જેવા મુકરદમાઓના ફેંસલા પુરાવામાં નિરણીત પુરાવા દાખલ તો નહીં પણ જેટલું વજન તેના ઉપર રાખવું કોરટની નજરમાં આવતું હોય તેટલા વજનથી તે પુરાવામાં દાખલ કરવા જોઇએ. આ કલમમાં એવી કંઈ હદ બાંધી નથી કે જે મુકરદમામાં એ ફેંસલો કીંવા હુકમનામું વાપરવા લાગ્યું હોય તે મુકરદમામાં જે પક્ષકારો હોય તેજ પક્ષકારો જે મુકદમામાં મજકુર ફેંસલો કીંવા હુકમનામું થયું હોય તે મુકદમામાં હોવા જોઇએ. અલબત જે સખસના વીરૂધ મજકુર ફેંસલો કીંવા હુકમનામું વાપરવાનું હોય તે સખસ જે મુકરદમામાં મજકુર ફેસલો કીંવા હુકમનામું થએલુ તેનાં પક્ષકાર ન હોય ને તેથવા મરટે તેના સામી તકરાર કરવા તેને તક મળ્યો ન હોય તેવે પ્રસંગે તથા જ્યાં તે પક્ષકાર હોય ને તેને તકરાર કરવાનો તથા તે બાબત પુરાવ રજુ કરવાનો તક મળ્યો હોય તેવે પ્રસંગે તે પુરાવનું વજન જુદુ જુદુ છે. જે ફેંસલા તથા હુકમનામાઓ જે પેહેલા હમેશ ઘણો સબલ પુરાવ ગણાતા હતા, જે ખરેખર ઘણાં પ્રસંગે તદન તો નહીં પણ ઘણુંખરા નીરણીત હોય છે. તેવા ફેંસલા તથા હુકમનામાં જે હીંદુસ્થાનના પુરાવાના આકટે તેને બાતલ કરયા ન હોય તો એ ખુલ્લુ છે કે, મજકુર ઠરાવો આ કામમાં પુરાવામાં લેવા લાયક હતા. નીયામનઅલી વી૦ ગુરૂદાસ વી. રી. વા૦ ૨૨ પાનું ૩૬૫.

૧૦ નીંમેલા કામોમાં ઉપરના ઠરાવમાં બતાવ્યું તેજ ધોરણ લેવાયું છે, અને મુકરદમામાં થએલા આગળના ફેંસલા તથા ચાલતું કામ આ કલમ મુજબ લેવાના કાર્ય તરીકે કબુલ કરવામાં આવ્યા છે. ખુદુનાથ સુકમાઘોસાણી વી૦ ધારચંદ્ર સુરમા ચાંદીકાણી ઘોસાની વી. રી. વા૦ ૨૦ પાનું ૩૪૫.

૧૧ એક તેડઉતડની શરતો પ્રમાણેનો તથા તે સરતો જેમાં દરશાવેલી એવો ફેંસલો. રૂપચંદ્ર ભકત વી. હરકીશનદાસ વી. રી. વા૦ ૨૩ પાનું ૧૬૨.

૧૨ જે ફેંસલો એક ટાકેટીક પોઇન્ટ ઊપરથી રદ કરવામાં આવ્યો હતો, પણ કામના ગુણદોષ ઉપરથી રદ કરવામાં આવ્યો નહોતો, તે તેને ઘટતા વજની પુરાવામાં લેવાને ઠરાવામાં આવ્યું છે. મોહેશચંદ્ર બ્રમચારી વી૦ દીનુબંધુ બોસ વી. રી૦ વા૦ ૨૪ પાને ૨૬૫.

૧૩ એક મુકદમો હતો જેમાં કેટલાક હુકમનામાં વાળાઓએ પ્રતિવાદીઓના વકુવાના મુકરારી હટો જપ્ત કરવા માગણી કરી હતી, તે મુકદમામાં ચાલેલું પ્રોસીડીંગ લખમીધર પાટક વી. રઘુબારસીંગ. વી. રી. વા. ૨૪—પા. ૨૮૪

૧૪ એક એકતરફી થએલું હુકમનામું પુરાવામાં લેવાયું હતું. હંસા કુંવર વી. શીવગોવીંદ રાયત વી. રી.વા. ૨૪—પા. ૪૩૧

૧૫ ઓમરદત્ત જાહ વી. કરનલ જેમ્શ બરના ધરભંગા રાજની જાંગીરનો વહીવટદાર વી રી. વા. ૨૪—પા. ૪૦૭

રીવાજ—રીવાજ એ લાંબા વખતની રૂઢીથી તથા આપણા વડુવાની સમતીથી સ્થાપન થએલો અલેખી કાયદો જો તે સરવે ઠેકાણે ચાલતો હોયતો, તે જગાના શાબાનીય કાયદાનો તે એક ભાગછે; જો અમુક ઠેકાંણે ચાલતો હોયતો તે ખરેખરો રીવાજછે, અમુક રીવાજનો હીંદુસ્તાનમાં કાયદા પ્રમાણે અમલ થવાને તે કેટલો જુનો હોવો જોઈએ તે બાબત ચીફજશટીસ ગરેની નીચેની ટીકા ઉપર ધ્યાન આપવું:—જોકે આ દેશમાં જેમ ઇંગલંડમાં કાયદા પ્રમાણેની યાદદાસ્તનો પેહેલા ૧ રીચર્ડનું. રાજ ઠરાવ્યુંછે તેવો કાંઇ વખત તો આપણને મળી શકે તેમ નથી, તો પણ કાંઇક હદ હોવી જોઇએ, જે વગર રીવાજ સબળ ગણાયો ન જોઇએ. કલકત્તા વીશે મારે કેહેવું જોઇએ કે સને ૧૮૭૩ માં પારલીઆમેંટના જે આકટથી સદર અદાલત સ્થપાઈ તે આકટના વખત સુધી કોઇ સબળ રીવાજ હયાની ખાત્રી કરવા આપણે પાછળ જોવુ જોઇએ, અને તે તારીખ પછી ગવરનર જેનરલ ઇનકાંઉનસીલનો કોઈક કાયદો જે આ કોરટમાં યોગ્ય રીતે નોંધાયો હશે, તેવા કોઇ કાયદાથી થયો હોય તે શીવાયનો પાછળથી કોઇ રીવાજ, અથવા હીંદુઓના સામાન્ય કાયદામાં કાંઇ ફેરફાર થાય નહીં. મુફસીલ વીશે આપણ પાછળ ૧૭૯૩ ની સાલ સુધી જોવું જોઇએ. હું કબુલ કરૂં છું કે ૨૦ વરસની રૂઢીથી સીધા પુરાવાની ગેરહાજરીમાં એવું અનુંમાન થઇ શકે કે એ રીવાજ કાયદાથી ઠરાવેલી મુદત ઉપરાંતનો જુનો છે. ડોબ ડી૦ જગો મોહનરાય વી૦ શ્રીમતીની મુદાસી. હીંદુલા ઉપર મોનટીઉના કેસો પાનું ૫૯૬.

૧૭ વેહેપારીઓનો સીરસ્તો તે સીરસ્તાના ઘણા દાખલા આપવાથી શાબીત થાય છે, તે દાખલામાં ધંધો એક રાશે ચાલ્યો છે તથા તે સીરસ્તો બધાની સમતીથી સ્થાપન થયો છે એમ નીકળવું જોઈએ. ગાકેનથી વી૦ દનલોપ૦ હાઉસ ઓફ લારડસ કેસીસ૦ માકવ. વા૦ ૩ પાનું ૨૨૨.

૧૮ કુલાચાર સ્થાપન કરવાને એમ બતાવ્યું, જોઇએ કે એ રીવાજ જુનો અને તુટયા વગર ચાલ્યો આવ્યો છે. અમરીતથાન ચોધરી વી૦ ગોવરીનાથ ચોધરી બં૦ લા૦ રી૦ વા૦ ૬—પાનું ૨૩૮.

૧૯ વારસા બાબત ચાલુ કાયદા વીરૂધનો કુલાચાર શાબીત કરવાને એમ બતાવવાની જરૂર છે કે એ રીવાજ જુનો છે અને કદી તેમાં ફેરફાર થયો નથી, અને આ બાબત સ્પષ્ટ અને પ્રત્યક્ષ પુરાવથી શાબીત કરવી જોઇએ. મેગેન્દ્રો નારાયણ વી૦ રાધીનાથ નારાયણ દે. સધરલેન્ડના રીપોરટ જાનેવારીથી જુલાઇ સુધીના ૧૮૬૪ વા૦ ૨૦.

• જે હકીકત ઉપરથી મનની અથવા શરીરની કીંવા શરીરના સુખ દુખની સ્થીતીમાં માલમ પડે તે હકીકતો બાબત.

૧૪ ઈરાદો, કીંવા ગ્નાન, કીંવા શુધ બુધી, કીંવા ગફલત, કીંવા બે ફીકરાઇ, કીંવા કોઇ અમુક સખસના ઉપરનો દુષ્ટ ભાવ, કીંવા સદભાવ એના જેવી મનની હરકોઇ સ્થીતી છે એવું જે હકીકત ઉપરથી માલમ પડે તે હકીકત, અથવા શરીરની કીંવા શરીરના સુખ દુખની હરકોઇ પ્રકારની સ્થીતી છે એવું જે હકીકત ઉપરથી માલમ પડે તે હકીકત લગતીછે. તે એવે પ્રસંગે કે જ્યારે એવી મનની અથવા શરીરની કીંવા શરીરના સુખ દુખની સ્થીતી છે કે નહીં એ વાત મુદાની અથવા લગતી હોય ત્યારે.

ખુલાસો—કોઇ હકીકત ઉપરથી મનની કાંઇ લગતી સ્થીતી છે એવું માલમ પડે છે, એ કારણને લીધે હકીકત મજકુર લગતી હોય, ત્યારે તે હકીકત ઉપરથી જે અમુક બાબતની તકરાર ચાલતી હોય તે બાબતને સબંધે સદરહુ સ્થીતી છે એમ માલમ પડવું જોઇએ. સામાન્ય રીતે એવી સ્થીતી હોય છે એમ માલમ પડવું જોઇએ નહીં.

દ્રષ્ટાંતો.

(અ) અ ઉપર એવું તોહોમત છે કે તેણે ચોરાએલો માલ જાણીને ચોરીનો માલ લીધો. ચોરીની અમુક જીનસ તેના કબજામાં હતી એવું શાબીત થાય છે.

સદરહુ વખતે તેના કબજામાં ચોરીની બીજી ઘણી જીનસો હતી એ હકીકત લગતી છે કારણ અ ઉપરથી એવું દેખાય છે કે જે જીનસો તેના કબજામાં હતી તે દર એક તથા સ વ ચોરીની હતી એવું તેને માલમ હતું.

(બ) અમુક શીક્કો ખોટો છે એવું શીક્કો મજકુર આપતી વખતે માલમ છતાં તે શીક્કો બીજાને દગલબાજીથી આપ્યો એવું તોહોમત અ ઉપર છે.

જ્યારે સદરહુ શીક્કો અ એ આપ્યો ત્યારે તેની પાસે બીજા ખોટા સીક્કા ઘણા હતા એ હકીકત લગતી છે.

(ક) પોતાનો કુતરો ઘણો કરડકણો છે એમ બ ને માલમ છે. તે બ ના કુતરાએ કરેલા નુકશાન બાબત અ એ બ ના ઉપર દાવો કરેલો છે.

અગાડી ક્ષ. ય. તથા જ્ઞ. ને કુતરો મજકુર કરડયો હતો અને તેઓએ તે બાબત, બ આગળ ફરીઆદ કરી હતી, એ હકીકત લગતી છે.

(ડ) તકરાર એવી છે કે જે માણસને એક હુંડીનું નાણું આપવાનું હતું તેનું નામ ખોટું લખ્યું હતું તે વાત હુંડી શીકારનાર અ ને માલમ હતી કે નહીં.

એ પ્રમાણે લખેલી બીજી હુંડીઓમાં જેને રૂપીઆ આપવાનું લખ્યું હતું તે સખસ જો ખરો હોત તો તેણે હુંડીઓ મજકુર અ ને જે વખતે મોકલી હોત તે વખતની અગાડી સદરહુ હુંડીઓ અ એ શીકારેલી છે, એ હકીકત જે સખસને તકરારી હુંડીના રૂપીઆ આપવાનું લખ્યું છે તે સખસ ખોટો છે, એવી માહીતી અ ને હતી, એવું બતાવવાને સારૂં લગતી છે.

(ઇ) બ ની આબરૂને હાની થાય એવા ઇરાદાથી કોઈ આરોપની વાત પ્રગટ કરીને બ ની આબરૂ લીધાનું અ ઉપર તોહોમત છે.

અ નો બ ઉપર દુષ્ટ ભાવ છે એવું બતાવનારી કોઇ વાતો પેસ્તર પ્રગટ કરયાની હકીકત લગતી છે. કારણ કે હાલની તકરારી વાત પ્રગટ કરવામાં અ નો ઇરાદો બ ની આબરૂને હાની કરવાનો હતો, એવું તે ઉપરથી માલમ પડે છે.

અ તથા બ વચે આગળ કાંઇ ટંટો નોહોતો, તથા જે બાબત વીશે ફરીઆદ કરવામાં આવી છે. તે બાબત અ એ સાંભળી તે મુજબ પાછી કહી છે, એ હકીકતો અ નો ઇરાદો બ ની આબરૂને હાની કરવાનો નહોતો એવું બતાવવાને સારૂં લગતી છે.

(ફ) અ એ દગલબાજીથી બ ને એવું બતાવ્યું કે ક દાર છે તે ઉપરથી ક જે નાદાર છે, તે ઉપર બ એ લલચાઈને ભરોસો રાખ્યો, તેથી નુકશાન થયું, તે બાબત અ એ બ ઉપર દાવો કરેલો છે.

ક દાર છે એવું જ્યારે અ એ કહ્યું ત્યારે ક ના પાડોશીઓ તથા જે લોક તેની સાથે વેપાર રોજગારનું કામ પાડતા તેઓ ધારતા હતા કે ક દાર છે, એ હકીકત અ એ જે બતાવ્યું તે શુધબુધીથી બતાવ્યું એવું બતાવવા સારૂ લગતી છે.

(ગ) એક ઘરનો માલીક અ છે તે ઘર ઉપર કાંઈ કામ બ એ ક નામના ઇજારદારના હુકમથી કર્યું તે કામની કીંમત લેવાને સારૂ અ ઉપર બ એ દાવો કરયો છે.

અ નો જવાબ એવો છે કે બ એ જે કરારકરયો તે ક જોડે કરેલો છે.

તકરારી કામને સારૂ અ એ બ ને પઇશા આપ્યા છે એ હકીકત લગતીછે. કારણ કે તે ઉપરથી એવું સાબીત થાય છે કે અ એ શુધબુધીથી તકરારી કામ કરવાનો બંદોબસ્ત કરવાનું કના સ્વાધીનમાં આપ્યું હતું સબબ કે પોતાની તરફથી **બ** જોડે કરાર કરી શકતો હતો. **અ** ના મુખત્યાર તરીકે કરાર કરવાનું નોહોતું.

(છ) જડેલી મીલકત બદદાનતથી ખોટો ઉપયોગ કરયા બાબત **અ** ઉપર તોહોમત છે, અને તકરાર એવી છે કે જ્યારે તેણેં તેનો સદરહુ મુજબ ઉપયોગ કરયો ત્યારે ખરો માલીક મળી શકતો નથી એવું તે શુધબુધીથી માનતો હતો કે નહીં.

મીલકત મજકુર ખોવાઇ ગયાની ખબર સરને લોકોને **અ** જે ઠેકાણે રહે છે તે ઠેકાણે આપવામાં આવી હતી એ હકીકત તેનો ખરો માલીક મળી શકતો નથી એવું શુધબુધીથી **અ** માનતો નહોતો એમ બતાવવાને સારૂ લગતી છે.

ક એ મીલકત મજકુર ખોવાયાની વાત સાંભળીને તે ઉપર ખોટો દાવો કરવાની ઈછાથી તેણે કપટથી સદરહુ ખબર આપી છે એવું **અ** જાણતો હતો. અથવા એવું માનવાને તેને કારણ હતું એ હકીકત લગતી છે. કારણ.કે તે ઉપરથી એમ માલમ પડે છે કે સદરહુ ખબર આપ્યાની વાત **અ** ને માલમ હતી એટલા ઉપરથી તેની શુધબુધી ગેરસાબીત થઇ શકતી નથી.

(આઇ) **અ** ના ઉપર એવું તોહોમત છે કે **બ** ને મારી નાખવના ઇરાદાથી તેના ઉપર ગોળી મારી. **અ** એ અગાડી **બ** ઉપર ગોળી મારી હતી, એ હકીકત **અ** ના ઇરાદો બતાવવાને સારૂ સાબીત કરી શકાય છે.

(જ) **અ** ના ઉપર એવું તોહોમત છે કે તેણે ધમકીના પતરો **બ** ને મોકલ્યા **અ** એ **બ** ને ધમકીના પત્રો પેસ્તર મોકલ્યા હોય તે પતરો સદરહુ પત્રોનો ઇરાદો બતાવવાને સારૂ સાબીત કરી શકાય છે.

(કે) તકરાર એવીછે કે પોતાની સ્ત્રી **બ** ઉપર નીરદયપણું કરયાનો **અ** તકશીરવાર છે કે નહીં.

જે નીરદયપણું કરયાની તકરાર છે તે પેહેલાં અથવા પછી થોડે વખતે બેઉના દીલનો વીચાર એક એક તરફ કેવો હતો; તેનું જે કાંઈ ભાશણ થયું હોય તે લગતી હકીકતછે.

(લ) તકરાર એવી છે કે **અ** નુ મોત જેહેરથી થયું છે કે કેમ.

અ બીમારી હતો તે દરમીઆન તેણે પોતાના રોગના ચીન્હ બાબત જે મજકુર કહયો હોય તે લગતી હકીકત છે.

(મ) **અ** ના આયુષ્યનો વીમો ઉતારયો ત્યારે તેની તબીયતની સ્થીતી કેવી હતી એ વીશે તકરાર છે.

સદરહુ વખતે અથવા તે અરસામાં **અ** એ પોતાની તબીયત બાબત જે મજકુર કહયો હોય તે હકીકત લગતી છે.

(ત) જે ગાડી વપરાશ એવી યોગ્ય રીતે લાયક નોહોતી તેવી ગાડી ગફલતથી **બ** એ ભાડે આપી તેથી **અ** ને વાગ્યું તે બાબત **અ** એ **બ** ના ઉપર દાવો કરયો છે.

તે ગાડીમાં જે કશર હતી તે બીજે પ્રસંગે **બ** ના ધ્યાન ઉપર આણી હતી, એ હકીકત લગતી છે.

જે ગાડીઓ **બ** ભાડે આપતો હતો તેમાં ગફલત કરવાની તેની રીત હતી, એ હકીકત લગતી નથી.

[ઓ] ઇરાદા પુરવક બ ને ગોળી મારીને તેને મારી નાંખ્યાથી બ નુ ખુન કરયા બદલ અ ના ઉપર વજવીજ ચાલે છે.

અ એ બીજે પ્રસંગે બ ના ઉપર ગોળીઓ મારી હતી, એ હકીકત બ ને ગોળી મારવાને અ નો ઈરાદો બનાવવાને સ.રૂ લગતી છે.

લોકોને મારી નાંખવાના ઈરાદાથી તેઓના ઉપર ગોળી મારવાની અ ની રીત હતી. એ હકીકત લગતી નથી.

(૫) એક ગુનો કરવા બાબત અ ના ઉપર તજવીજ ચાલે છે.

સદરહુ ગુનોહ કરવાનો કાંઇ ઇરાદો દેખાઇ આવે એવું તે કાંઇ બોલ્યો હતો, એ હકીકત લગતી છે.

સદરહુ જાતના ગુનાહ કરવાની સામાન્ય રીતે તેના મનની વૃતી છે, એમ દેખાઇ આવે એવું તે કાંઇ બોલ્યો હતો, એ હકીકત લગતી છે.

ટીકા—દ્રષ્ટાંત (અ) પ્રતીવાદી પ્રભુદાસ ઉપર વાયદા ચીઠી બનાવ્યાનું તોહોમત હતું. અ ને બીજા ચાર પ્રતીવાદીઓ ઉપર ગુનાહમાં મદદગારી કરયાનું તોહોમત હતું તોહોમતદારો મધે ના ચારના કબજામાં આશરે એકસો પચાસ કાગળો માલમ પડયા જેને વીશે એમ કહેવામાં હતુ કે તે બનાવટી દસ્તાવેજો છે ઇઆ કાચા બનાવટી દસ્તાવેજો છે તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે આ કાગળો અયોગ્ય રીતે પુરાવમાં દાખલ કરયા છે. રાજ્ય વી. પ્રભુદાસ અંબારામ અને બીજા મુ. હા. કો. રી. વા. ૧૧—પાનુ ૯૦

(બ) ઈ. ફોસ્ટર. લા જનરલ માજીસ્ટ્રેટના કેસો વા ૨૪—પા૦ ૧૩૪.

(ક) ગીબસન ઇ. હટર હેનરી બ્લાંકસ્ટનસ રીપોરટસ વા૦ ૨—પા૦ ૨૮૮

(ગ) ગેરીશ વી૦ ચારટીઅર૦ કોવન બેચ રીપોરટસ વા૦ ૧—પા૦ ૧૩

(જ) રાજ વી૦ રોબીનસન૦ ઠસ્ટસ પ્લીઝ આફ ધી ક્રાઉન. વા૦ ૨—પા૦ ૧૧૧-૧૧૨

૧૫ કોઇ કત્લ આકસ્મીક થયુ છે, કીંવા ઈરાદા પુરવક થયું છે એવી જયારે તકરાર હોય ત્યારે તે કત્લના જેવા બીજા ઘણા બનાવો બન્યા છે તે માંનો કત્લ મજકુર એક ભાગ છે, અને તે પ્રત્યેક બનાવમાં સદરહુ કત્લ કરનાર સખશ સામીલ હતો. એ હકીકત લગતી છે.

કોઇ કત્લ થયું તે આકસ્મીક થયું કીંવા ઇરાદા પુરવક થયું એવી તકરાર વીશેની હકીકત બાબત.

દ્રષ્ટાંતો.

(અ) જે રકમને સારૂ પોતાના ઘરનો વીમો ઉતરાવ્યો છે તે રકમ મેળવવાના હેતુથી અ એ ઘર મજકુર બાળી મુકયુ. એવું તોહોમત તેના ઉપર છે.

અ ઘણા ઘરોમાં અનુક્રમે રહયો હતો તથા તે દરેક ઘરનો તેણે વીમો ઉતરાવ્યો હતો. તથા તે દરેક ઘરમાં આગ લાગી હતી, તથા સદરહુ દરેક આગ લાગ્યા પછી અ ને જુદા જુદા વીમાવાળાની દુકાનમાંથી રૂપીઆ મલ્યા હતા એ હકીકતો જે આગો લાગી તે આકસ્મીક નોહોતી એ બતાવવાને સારૂ લગતી છે.

(બ) બ ના દેણદાર પાસેથી પઇશા લેવાના કામ ઊપર અ ને રાખ્યો છે, જે રકમો તેહને પોહોચે તેની નોંધ એક ચોપડામાં કરી રાખવાનુ અ નુ કામ છે, અમુક પ્રસંગે જેટલી રકમ તેને ખરેખરી પોહોચેલી તે કરતાં કમી રકમ તેણે નોંધી છે.

તકરાર એવી છે કે એ ખોટી નોંધ આકસ્મીક થઇ છે કે ઇરાદા પુરવક થઈ છે,

બીજી રકમો અ એ તેજ ચોપડીમાં નોંધી છે તે ખોટી છે તથા તે ખોટી નોંધ દરએક દાખલામાં અ ના ફાયદાની છે એ હકીકત લગતી છે.

(ક) અ ના ઉપર એવું તોહોમત છે કે તેણે દગલબાજીથી એક ખોટો રૂપીયો બ ને આપ્યો.

તકરાર એવી છે કે જે રૂપીઓ આપ્યો તે આકસ્મીક આપ્યો કે કેમ.

બ ને રૂપીઓ આપવાની થોડીવાર પહેલાં અથવા થોડીવાર પછી અ એ ખોટા રૂપીઆ ક ડ તથા ઇ ને આપ્યા છે એ હકીકત બ ને જે રૂપીઓ આપ્યો તે આકસમીક આપ્યો નથી એ બતાવવાને લગતી છે.

કામનીપધ્ધતી ક્યારે સમજવી.

૧૬ અમુક કૃત્ય બન્યું છે કે નહીં એવી તકરાર હોય તારે જો કામની એવી કોઇ સાધારણ પધતી હોય કે તે પ્રમાણે સદરહુ કૃત્ય સ્વભાવીક રીતે થવું જોઇએ તો તે પધતી છે એ હકીકત લગતી છે.

દ્રષ્ટાંતો

(અ) તકરાર એવી છે કે અમુક પત્ર રવાને થયું હતું કે કેમ?

સરવે પતરો અમુક ઠેકાણે મુક્યા હોય તો તેને ટપાલમાં લઇ જાય એવી કામની સાધારણ પધતી હતી તથા અમુક પત્રને તે ઠેકાણે મુક્યું હતું એ હકીકતો લગતી છે.

(બ) તકરાર એવી છે કે અમુક પત્ર અ ને પહોંચ્યો છે કે નહી તે પત્ર હમેશની પધતી મુજબ ટપાલમાં નાંખ્યું હતું તથા ડેડલેટર આફીસમાંથી તે પાછું આવ્યું નથી એ હકીકતો લગતી છે.

ટીકા—દ્રષ્ટાંત (અ) હેથરીંગટન વી૦ કંપ. કેપ ખેબ્સનીશીપ્રાયેશ રીપોરટસ વા૦ ૪. પાનું ૧૯૩ મું.

(બ) કાગળ ઉપર ટપાલ હાફીસની છાપ હોય તો તેમાં લખેલા વખતે તથા જગાએ તે ટપાલમાં હતો તેનો એ પ્રથમ દરશનીય પુરાવ છે.

અંગીકાર બાબત

અંગીકાર એટલે શું

૧૭ જે મુખ જુબાની કહેલા કિંવા દસતાવેજમાં લખેલા મજકુર ઉપરથી હરકોઈ મુદાની કીંવા લગતી હકીકત સબંધી હરકાંઇ ધારણા થાય તથા જે નીચે લખેલા સખશોમાંથી હરકોઇ સખશે નીચે લખેલી કેફીયતને સબંધે કહયો હોય કીંવા લખ્યો હોય તે મજકુરને અંગીકાર સમજવો.

ટીકા—કોઇ કાગળમાં અંગીકાર હોય તેટલાજ ઉપરથી તેના ઉપર ટીકીટની જરૂર નથી શીથલપ્રસાદ વી૦ મનોહરદાસ અને બીજા વું૦ રી૦ વા૦ ૨૩ પા૦ ૩૨૫

કામના પક્ષકારે અથવા તેના મુખતીઆરે કરેલો અંગીકાર

૧૮ કામના કોઇ પક્ષકારે કહેલો કીંવા લખેલો મજકુર અથવા એવા કોઇ પક્ષકારે પોતાની તરફથી સદરહુ મજકુર કહેવાનો સ્પષ્ટ રીતે કીંવા ગરભીત રીતે કોઇ મુખતીઆરને અખતીઆર આપ્યોછે એવું કામ મજકુરની કેફીયત ઉપરથી કોરટ ગણતી હોય તેવા મુખતીયારે કહેલો કીંવાં લખેલો મજકુર અંગીકાર છે એમ સમજવું.

પ્રતીનીધીને સબંધે દાવો કરનાર સખસે કરેલો અંગીકાર

જે પક્ષકારે પ્રતીનીધીના સબંધથી દાવો કરયો હોય અથવા જે પક્ષકારોની ઉપર સદરહુ સબંધે દાવો થયો હોય તે પક્ષકારોએ કહેલો કીંવા લખેલો મજકુર અંગીકાર નથી પરંતુ સદરહુ પ્રતીનીધીનો સબંધ ચાલતો હોય તે દરમીઆનમાં એ પક્ષકારોએ કહેલો કીંવા લખેલો મજકુર અંગીકારછે એમ સમજવું.

દાવાના વીશયમાં જે સખશનો હક હોય તેણે કીધેલો અંગીકાર

(૧) જે વીશય બાબત કામ ચાલે છે તે વિશય ઉપર જે સખશનો માલકીનો હક હોય અથવા તેમાં તેનો કાંઇ પઈશા સબંધીનો હક હોય ને સખસોએ સદરહુ મુજબના હકવાળા સખશો તરીકે કહેલો કીવા લખેલો મજકુર અથવા

જે સખશથી હક પહોચ્યો હોય તે સખસે કીધેલો અંગીકાર

(૨) જે વીશય બાબત દાવો ચાલ્યો છે તે વીશય ઉપરનો હક તે દાવાના પક્ષકારોને જે સખશોથી મળ્યો હશે તે સખસોએ કહેલો કીવા લખેલો મજકુર

જો શદરહુ મજકુર કહેનારા કીવા લખનારા સખશોના હક ચાલુ હોય તે દરમીયાનમાં તેઓએ કહ્યો હોય કીંવા લખ્યો હોય તો તે અંગીકાર છે.

ટીકા—૧ કોઇ દાવામાં કેટલાક પ્રતીવાદીઓ પઈકી એક પ્રતીવાદીએ કાંઇ અંગીકાર કરયો હોય અથવા હુકમનામું કબુલ કરયું હોય તે બીજા પ્રતીવાદી વીરૂધ પુરાવ નથી અમરતલાલ બોસ વી૦ રાજનીકનથ મીત્ર લા૦ રીપો૦ ઈંડીયન અપીલ વા૦ ૨ પાને ૧૨૯.

૨ કોઈ પક્ષકારે આગળના દાવામાં લેખી હકીકતમાં અથવા જુબાનીમાં કહેલો મજકુર સાધારણ પ્રકારનો અંગીકાર છે. હરીચંદ્ર મલીક વી૦ પ્રોસોનો કુમાર બાનરજી અને બીજા વુ૦ રી૦ વા૦ ૨૨ પાને ૩૦૩ લાલા જગદેવ સહાઇ વી૦ દીગંબર રાઇ. વુ૦ રી૦ વા૦ ૨૧ પાને ૩૦૪.

૩ આવા પ્રકારની લેખી હકીકતો જે કાયદાથી નોંધવી પડતી હોય ને જો કાયદાની જરૂરીઆતો પ્રમાણે નોંધી હોય તોજ તે પુરાવામાં લેઈ શકાય. પોમા માહુતન ઈ૦ વી૦ ગુરૂ બાબુ ગણેશરામ વુ૦ રી૦ વા૦ ૨૪ પાને ૧૧૯.

પ્રતીનીધીના સબંધના સખસો—નાદારનો મુખત્યાર મૃત્યુપત્ર ચલાવનાર અથવા વહીવટ કરનાર. નાની ઉમરના માણસની મીલકતનો સને ૧૮૫૮ ના આકટ ૪૦ મુજબ સરટીફીકટ મળેલું હોય એવો વહીવટદાર એ બધા પ્રતીનીધીના સબંધના સખશો છે.

રકમ ૨—અંગીકારો લગતા થવાને માટે તે અંગીકારો કરનાર સખસોના હક ચાલુ હોય તે દરમીયાનમાં તેઓએ કરેલા હોવા જોઇએ એવો નીયમ કરવાનું કારણ એ છે કે મીલકતમાં પોતાનો હક છુટયા પછી તેની બીજા દાવો કરનારનો હક તેની ગમે તેવો મજકુર કહીને કીંવા લખીને છીનાવી લેવા દેવો એ ગેરવ્યાજબી છે.

"તેમનો હક મળ્યો હશે" વખતની બાબતમાં જો તે હક પછવાડેથી મળ્યો હશે તો તેહનું બસ નથી. અંગીકાર દાખલ વાપરવાનો મજકુર જેણે કહ્યો હોય અથવા લખ્યો હોય તે સખસથી તે હક મળેલા હોવો જોઇએ.

૧૯ જે સખશોની સ્થીતી કીંવા જવાબદારી કોઈ મુકરદમાના કોઇ પક્ષકાર વીરૂધ છે કે નહી એવા સબંધથી શાબીત કરવાની જરૂર છે. તેવા

જે સખસોની સ્થીતી મુકરદમાના પક્ષકારની વીરૂધ શાબેત કરવાની જરૂર છે, તેવા સખસોએ કહેલો, કીંવા લખેલો મજકુર.

સખસો પોતે જો કોઇ દાવો માંડે અથવા તે સખસોના ઉપર જો બીજો કોઈ દાવો માંડે તો તે મુકરદમામાં સદરહુ સ્થીતી કીંવા જવાબદારીને સબંધે સખસો મજકુરે કહેલો કીંવા લખેલો કોઈ મજકુર તેઓને પોતાને વીરૂધ હોવાથી લગતો હોય તો તે મજકુર સદરહુ સખસોએ સદરહુ મુકરદમામાં કહ્યો હોય કીંવા લખ્યો હોય ત્યારે તે મજકુર અંગીકાર છે એમ સમજવું. પણ સખસો મજકુર સદરહુ સ્થીતીમાં કાયમ હોય કીંવા તેની સદરહુ જવાબદારી ચાલુ હોય તે દરમીઆનમા સદરહુ મજકુર તેઓએ કહ્યો હોય [illegible]

દ્રષ્ટાંત.

(બ) ના તરફથી ભાડું વસુલ કરવાનું અ પોતાને માથે લે છે.

બ ને જે ભાડું ક ના તરફથી આવવાનું હતુ તે અ એ વસુલ કરયું નહીં. સબબ બ એ અ ઉપર દાવો કરયો છે.

બ નું ક પાસેથી કાંઇ ભાડું લહેણું હતું એ વાતનો અ ઇનકાર કરે છે.

બ નું પોતાની પશે ભાડું લેહેણું હતું એવો ક નો કહેલો કીંવા લખેલો મજકુર અંગીકાર છે અને ક ની પાશેથી બ નું ભડું લહેણું હતું એ વાતનો જો અ ઇનકાર કરતો હોય તો સદરહુ મજકુર અ ના વીરૂધ લગનો છે.

જે સખસનો પક્ષકારે હવાલો આપ્યો હોય તે સખસનો કરેલો અંગીકાર.

૨૦ તકરારી બાબત સબંધી કાંઈ માહેતી જે સખસો પાશેથી મેળવવાનું મુકરદમાના હરકોઇ પક્ષકારે સ્પસ્ટ રીતે બતાવ્યું હોય તે સખસોએ કહેલા કીંવા લખેલા મજકુર અંગીકારછે એમ સમજવું.

દ્રષ્ટાંતો.

તકરાર એવી છે કે અ એ બ ને વેચેલો ઘોડો મજબુત છે કે નહીં.

અ બ ને કહે છે કે જઇને ક ને પુછો. ક ને તે બાબત સરવે માલમ છે ક એ જે મજકુર કહયો હોય તે અંગીકાર છે.

ટીકા—બીજો દાખલો ટેલર પા૦ ૬૮૮ અ તથા બ ને ક નું એકઠું દેવું છે ક એકલા અ ઉપર દાવો બાંધે છે. અ વાંધો લે છે કે હું એકલો જવાબદાર થઇ શકતો નથી. બ ને સહ પ્રતીવાદી તરીકે સામેલ કરવો જોઈએ. કારણ કે અમે બંને એકઠા જવાબદાર છીએ તેમની એકઠી જવાબદારી વીશે બ એ કરેલો અંગીકાર અ અને ક ની વચ્ચે ચાલતા કામમાં લગતો છે.

જે સખસે અંગીકાર કરયો હોય તેની વીરૂધ અથવા તેના તરફેણમાં અગીકાર લગતો છે કે શી રીતે.

૨૧ જે સખસે કાંઇ અંગીકાર કીધેલો હોય તે સખસ વીરૂધ અથવા હક સબંધીના તેના પ્રતીનીધીની વીરૂધ તે અંગીકાર લગતો છે તથા તે શાબીત કરી શકાય છે. પરંતુ જે સખસે તે અંગીકાર કીધો હોય તેનાથી અથવા તેના તરફથી અથવા તેના હક સબંધી પરતીનીધીથી નીચે બતાવેલી બાબત શીવાય બીજી બાબતમાં અંગીકાર મજકુર શાબીત કરી શકાતો નથી,

(૧) જ્યારે અંગીકાર એવા પ્રકારનો હોય કે તે કરનાર સખસ મરણ પામ્યો હોય તો તે કલમ ૩૨ મુજબ ત્રાહીત શખસોની વચ્ચે ચાલતા કામમાં લગતો થાય ત્યારે તે અંગીકાર જે સખશે કરયો હોય તેનાથી અથવા તેના તરફથી તે શાબીત કરી શકાય છે.

(૨) મનની અથવા શરીરની કોઇ સ્થતી હતી એહકીકત લગતી કીંવા મુદાની હોય ત્યારે તે સ્થીતી હતી એવો જે મજકુર સદરહુ મનની અથવા શરીરની સ્થીતી ચાલતી હોય તે વખતે અથવા તે અરસામાં કહેવામાં અથવા લખવામાં આવ્યો તે મજકુરને રૂપે જ્યારે કોઈ અંગીકાર હોય તથા જ્યારે તે મજકુર કહેવાની અથવા લખવાની સાથે એવી વરતણુંક થઇ હોય કે સદરહુ કહેવું કીંવા લખવું ખોટું છે એ તે ઉપરથી અસંભવીત માલમ પડે ત્યારે સદરહુ અંગીકારની શાબીતી તે અંગીકાર કરનાર સખસથી અથવા તેની તરફથી કરી સકાય છે.

(૩) કાંઈ અંગીકાર અંગીકાર તરીકે નહી પણ બીજી રીતે લગતો હોય તો તે અંગીકાર જે સખસે કીધો હોય તેનાથી અથવા તેના તરફથી સાબીત કરી શકાય છે.

દ્રષ્ટાંતો.

(અ) અ તથા બ વચ્ચે તકરાર એવી છે કે અમુક ખત બનાવટનું છે કે નહી અ નું કહેવું એવું છે કે તે ખરૂ છે તથા બ નું કહેવું એમ છે કે તે બનાવટનું છે.

સદરહુ ખત ખરૂ છે એવો મજકુર અ એ કહયો અથવા લખ્યો હોય તેની સાબીતી બ થી કરી શકાય છે તથા ખત મજકુર બનાવટનુ છે એવો મજકુર અ એ કહયો અથવા લખ્યો હોય તેની સાબીતી બ થી કરી શકાય છે પરંતુ તકરારી ખત ખરૂ છે એવો મજકુર અ એ પોતે કહયો. અથવા લખ્યો હોય તેની સાબીતી અ થી કરી શકાતી નથી તેમજ તે બનાવટનું છે એવો મજકુર બ એ કહયો અથવા લખ્યો હોય તેની સાબીતી બ થી કરી શકાતી નથી.

(બ) અ એક વહાણનો ટંડેલ છે તેના ઉપર એવા તોહોમત બદલ તજવીજ ચાલે છે કે તેણે એક વહાણ ભાગી નાંખ્યું.

વહાણને તેના યોગ્ય મારગની બહાર લઇ જવામાં આવ્યું હતું એ બતાવવાને સારૂ પુરાવો આપવામાં આવ્યો છે.

પોતાના હમેશના કામને પ્રસંગે અ એ રાખેલી એક ચોપડી તે હાજર કરે છે, તે ઉપરથી એવું દેખાય છે કે દરરોજ બનાવો વીગરે જે જાહેર કરયા પ્રમાણે તેના અવલોકન કરવામાં આવતુ તે સરવે તેમાં લખી રાખ્યું છે તથા તે ઉપરથી એવું માલમ પડે છે કે વહાણ મજકુરને તેના યોગ્ય મારગની બહાર લઈ જવામાં આવ્યુ નહોતું અ સદરહુ મજકુર સાબીત કરી શકેછે કારણ કે તે મરણ પામ્યો હોતતો સદરહુ મજકુર ત્રાહીત પક્ષકારો મધે ચાલતા કામમાં કલમ ૩૨ ની રકમ (૨) મુજબ પુરાવામાં લેવાઇ શકાત.

(ક) કલકતામાં અ એ એક ગુનોહ કરયો છે એવું તેના ઉપર તહોમત છે.

તેણે પોતે લખેલું એક પત્ર તે હાજર કરે છે તે પત્રમાં લાહોર મુકામે તે દીવશે તારીખ નાંખેલી છે તથા જે તારીખ નાંખેલી છે તે તારીખની લાહોરની પોષ્ટ આફીસની છાપ તે પત્રઉપરછે.

પત્રમાં તારીખ લખી છે એ મજકુર પુરાવામાં લેવા યોગ્ય છે કારણ કે અ જો મરણ પામેલો હોત તો તે મજકુર કલમ ૩૨ ની રકમ ૨ મુજબ પુરાવામાં લેવા યોગ્ય હોત.

(ડ) માલ ચોરીનોછે એવું જાણયા છતાં તે લીધા બાબત અ ના ઉપર તોહોમત છે.

સદરહુ માલની જે કીમત છે તે કીમતના અંદર તે વેચવાની તેણે ના કહી હતી એવું સાબીત કરવા તે માગે છે.

સદરહુ મજકુર અંગીકાર છે તો પણ તેની સાબીતી અ કરી શકે છે કારણ કે મુદાની હકીકત ઉપરથી જે વરતણુંક થઇ તેનો ખુલાસો તે ઉપરથી થાય છે.

(ઇ) ખોટો શીકો છે એવું માલમ છતાં ખોટો શીકો પોતાના કબજામાં દગલબાજીથી રાખ્યાનું તોહોમત અ ઉપર છે.

અ એવી હકીકત સાબીત કરવા કહે છે કે શીકો મજકુર ખોટો છે કે નહીં એ વીસેનો મને સંસય પડવાથી તે શીકાની પરીક્ષા નાણા પારખનાર એક સખસ પાસે મેં કરાવી અને તેણે પરીક્ષા કરીને મને એવું કહયું કે શીકો મજકુર ખરોછે.

સદરહુ છેલટના ઉપલા દ્રસ્ટાંતમાં કહેલા કારણોને લીધે અ એ હકીકતો સાબેત કરી શકે છે.

ટીકા—હુકમનામાની બજાવણીના વેચાણમાં મીલકતનો ખરીદ કરનાર હુકમનામાના દેણદારનો હક સબંધીનો પ્રતીનીધી છે જેનો હક માલકી હક વીગરે તેણે ખરીદ કરી લીધોછે આગાપુ

૨ના દાશી વી. નાફ્રર જોતદાર બું. રી. વા. ૨૧ પાનું ૧૪૮

આ કલમની ૩ જી રકમના સબંધમાં જો અંગીકાર તરીકે નહી પણ બીજી રીતે લગતો હોય તો તે અંગીકાર કરનાર સખસ તરફથી તે અંગીકાર કલમ ૬ અથવા તે પછીની ગમેતે એક કલમથી સાબેત થઈ શકે છે. (ડ) અને (ઈ) દ્રષ્ટાંતોની સાથે નીચેના દ્રષ્ટાંતો પણ આપી શકાય.

(ફ) દાર છે એવું ખોટું અ એ કહયું ને તેથી કરીને અ એ ક ને ઉધારે માલ આપ્યો આ ખોટું કહેવાને માટે બ ઉપર અ એ દાવો બાંધ્યો બ ના કહેવાથી મને ક નો ભરોંશો આવ્યો એવો તે વખતે અ એ કહેલો મજકુર કલમ ૮ ના ખુલાસા પેહેલા મુજબ અ તરફથી પુરાવામાં લેવા યોગ્ય છે ફ્લોઝ વી૰ વુંદલીઅસનમલાને મ૰ પા૰ ૩૦૬

એક વહાણુ શફર કરવા નીકળવાનુ છે તેનો ટંડેલ અ સારી પેઠે એ વહાણને તપાશી જો ઇ કહે છે કે વાહાણુ સફરને લાયક છે અને પોતાનું કુટંબ તથા વીમો ઉતરાવા વગર માલ મતા લઈને વહાણે ચઢે છે વાહાણનો નાશ થયો વહાણુ તથા માલના વીમા ખત ઉપરથી તેના માલેકાએ દાવો બાંધ્યો તેમાં એમ તકરાર કરવામાં આવી કે બંદર છોડયુ તે વખતે વહાણુ શફર કરવા લાયક નહોતું કલમ૰ ૨૧ ની રકમ ૨ મુજબ અ એ કહેલો મજકુર પુરાવમાં લેવા યોગ્ય છે.

દસ્તાવેજના મજકુર બાબતનો મુખ્ય અંગીકાર કયારે લગતો સમજવો.

૨૨ દસ્તાવેજના મજકુર બાબતનો મુખ જુબાની અંગીકાર લગતો નથી. પરંતુ એવા દસ્તાવેજના મજકુરનો દોયમ પુરાવો આ આકટમાં હવે પછે કહેલા નીયમો પ્રમાણે આપવાનો પોતાનો હક છે એવું જે પક્ષકાર સદરહુ મુજબ સાબેત કરવા માગતો હોય તે બતાવેતો તથા તે બતાવે ત્યારે અથવા જે દસ્તાવેજ હાજર કરયો છે તેના ખરાપણા વીશે જે તકરાર હોય તો શદરહુ મુજબ તે દસ્તાવેજના મજકુર બાબતનો અંગીકાર લગતો છે.

દીવાની કામમાં અંગીકાર કેવે પ્રસંગે લગતા હોય છે.

૨૩ કોઇ એક અંગીકારનો પુરાવો આપવો નહી એવી સ્પષ્ટ વાતકરીને અંગીકાર મજકુર કરવામાં આવ્યો હોય કે તે કેરીઅત ઉપરથી કોરટને એવી ધારણા થાય કે અંગીકાર મજકુરનો પુરાવો આપવો નહી એ પ્રમાણે તે કામના પક્ષકારોએ એકમત થઈ ઠરાવ કરયોછે તો દીવાની કામોમાં તે અંગીકાર લગતો નથી.

ખુલાસો—કોઇ પણ બારીસ્ટર કીંવા પ્લીડર કીંવા અટરની કીંવા વકીલને કલમ ૧૧૬ મુજબ જે બાબતની સાહેદી આપવાની ફરજ પાડી શકાય છે તે બાબતની સાહેદી આપવાની તેને આ કલમ ઉપર કોઇ પણ રીતે માફી થાયછે એમ સમજવું નહીં.

ટીકા—આવો કોઇ સ્પષ્ટ કરાર કીંવા ગરભીત સરત ન કરી હોય તો તોડજોડ કરવા માગ્યુ કરયું હોય તે જુમેદારીનો કાંઇક પુરાવ થશે; પણ એ વાત ધીયાનમાં રાખવી જોઇએ કે આવી તરેહનું માગુ સુલેહ સંપાદાન કરવાને, અને જુમેદારીના કાંઈ પણ અંગીકાર વગર થઇ શકે. દરેક પ્રસંગની કેરીયત ઉપર ઘણો આધાર રેંહસે.

ફોજદારી કામમાં લાલચ કીંવા ધમકી કીંવા વચન ઉપરથી લીધેલી કબુલત ગેર લગતીછે.

૨૪. કોઇ ફોજદારી કામમાં કોઇ તોહોમતવાળા સખશે કરેલી કબુલત કોઈ અધીકારવાળા શખશ તરફથી તે તોહોમતવાળા ઉપરના તોહમતને સબંધે મળેલી લાલચ કીંવા ધમકી કીંવા વચન ઉપરથી કરવામાં આવીછે. એવું કોરટની નજરમાં આવે તથા તે લાલચ કીંવા ધમકી કીંવા વચન કોરટના અભીપ્રાયમાં એવાં હોય કે પોતાના ઉપર જે કા

મ આપેછે. તે કામોને સંબધે પોતાને સદરહુ મુજબ કબુલત કરવાથી સંસાર વિષયનો હરકાંઈ ફાયદો થશે અથવા એની હર કાંઇ આફત દુર થશે એમ સમજવાને સદરહુ તોહોમતવાળા સખશને યોગ્ય જણાય એવા સબબ તેને સદરહુ મુજબની લાલચ કીંવા ધમકી કીંવા વચન ઉપરથી મળ્યાછે તો કબુલત મજકુર સદરહુ ફોજદારી કામમાં લગની નથી.

ટીકા.—કબુલતો બે જાતનીછે, (૧)ઇનસાફી નહીં એવી, અથવા જે કબુલતો માજીસ્ટ્રેટ કે કોરટની રૂબરૂ કરેલી ન હોય પણ બીજે ઠેકાણે કરેલી હોય એવી. (૨) ઇનસાફી અથવા જે કબુલતો કાયદેસર કામોની હમેશની પદ્ધતી પ્રમાણે માજીસ્ટ્રેટની કે કોરટની રૂબરૂ કરેલી હોય એવી. પેહેલી જાતની કબુલતોમાં ખાનગી સખશોની આગળ કરેલી તેમજ ઈનશાફના અમલદારો જેવા કનસ્ટેબલો. પોલીશ અમલદારો ઇત્યાદીની આગળ કરેલી કબુલતો આવેછે. જો આ કબુલતો ખુશીપુર્વક કરેલી હોય તો બીજી હકીકતોની પેઠે સાબીત થયા પછી તે પુરાવામાં લેઇ શકાયછે. કબુલત ખુશી પુર્વક હવાની બાબતમાં ચીફબારન આયરે કહ્યું કે "જે કબુલત મનમાંથી આશાની ખુશામત કરી અથવા ધાસ્તીનું દબાણ મુકી કઢાવી હોય તે જ્યારે ગુન્હાના પુરાવા તરીકે ગણવાની હોય ત્યારે એવા શક ભરેલા રૂપમાં આવેછે કે તે ઉપર કાંઇ પણ ભરૂસો રાખવો ન જોઈએ."

જ્યારે જ્યારે તોહોમતવાળા સખશે કરેલી કબુલત કોઇ અધીકારવાળા સખશ તરફથી મળેલી લાલચ કીંવા ધમકી કીંવા વચન ઉપરથી કરવામાં આવીછે એવું કોરટની નજરમાં આવે તો એ કબુલત અનાદર કરવી જોઇએ.

અધીકાર વાળો સખશ કોણછે?

રાણી વી. નવરોજજી દાદાભાઇ મુ૦ હા. કો૦ રી૦ વા૦ ૯—પા૦ ૩૫૮ આ કામમાં ચીફ જસટીસ સારજંટે કહ્યું કેઃ—"અધીકારવાળો સખશ" એ શબ્દ પ્રયોગની વાખ્યા કે દ્રષ્ટાંત આપ્યુ નથી. એ શબ્દ પ્રયોગ આવા પ્રકારની બાબતમાં ઇંગરેજી ન્હાયરોને સારી પેઠે માલમછે, અને જો કે આ આકટ પાસ થતી વખતે જે પુરાવાના નિયમો અમલમાં હતા તે તેણેથી રદ કરવામાં આવ્યાછે તેથી એ બાબત ઉપરના ઠરાવો પરમાણુ દાખલા ભાગ્યેજ ગણી શકાય તો પણ તે ઉપયોગી આધારોનું કામ સારે, આ કામમાં કેદી ગરેટ ઇંડીયન પેનીનસુલા રેલવેનો બુકીંગ કલારક હતો; અને જે સખશે એ લાલચ ધમકી કીંવા વચન આપેલાં તે સખશ પ્રથમ કંપની તરફથી ગામો ગામ ફરી હીસાબ તપાસનાર હતો? અને એ વખતે તે ખાસ નોકરી ઉપર હતો, જે દરમીયાન હીસાબની જે ઘટનું તોહોમત રાખવામાં આવ્યું હતું તે ઘટ માલમ પડી હતી. આ કલમના અરથે મુજબ તેને અધીકારવાળો સખશ માનવામાં આવ્યો હતો. એ વિદવાન ચીફ જસટીસ બોલ્યો કેઃ—હુ ધારૂછુ કે ઇંગરેજી પરમાણો મુજબ એ સ્પષ્ટ એવો સખસ (અધીકારવાળો સખસ) થશે. તેની પરીક્ષા એ કે એ સખશને એ બાબતમાં દરમીયાનગીરી આપવાનો અધીકાર હતો કે નહી? અને તેનું કાંઇ પણ લાગતુ વળગતું કે હક સબંધ જેમ રાણી વી૦ વોરીગહાલ (ડેનીસન્સ ક્રાઉન કેશીસ વા૨—પાને ૪૪૭) કામમાં ઠરાવવામાં આવ્યુ છે તે મુજબ તેને એવો અધીકારછે એમ બતાવવાને બસ છે."

જે લાલચ કીંવા ધમકી કીંવા વચન મળેલાં હોય તે તોહોમતવાળા સખશના ઉપરના તહોમતને સબંધે મળેલાં હોવાં જોઈએ; અને જો તે એક તહોમતને સબંધે મળયાં હોય તો તેનાથી તદન જુદા તહોમતને સબંધે કરેલી કબુલત તેથી બાદ આવશે નહી. કોઇ સખશને આજુબાજુની છુટ આપવાનું અથવા ફાયદો કરવાનું વચન જેમકે થોડોક દારૂ આપવાનું વચન (રાજ વી૦ સેકશટન—રશલ ઓન ક્રાઈમ્સ એન્ડમીસ ડીમીનરસ પા૦ ૩ પા૦ ૩૫૮) હાથની બેડી કાઢી નાંખવાનું વચન(રાણી વી૦ ગ્રિન—કારીંગટન એંડ પેઇન્સ નિસિપ્રાયસ રિપોટસ વા. ૬ પાને ૬૫) તેની બઇરીને મળવા દેવાનુ વચન (રાણી વી૦ લોયરડ કારીગટન એન્ડ પેઇન્સ નિસિપ્રાયશ રીપોટ

સ વા૦ ૬ પાને ૪૯૩) આવી જાતનાં વચનોથી કબુલત પુરાવામાં લેવાને અટકાવ થશે નહી,

એ લાલચ, ધમકી કીંવા વચન કોરટના. અભીપ્રાયમાં એવાં હોવાં જોઇએ કે પોતાના ઉપર જે કામ ચાલેછે તે કામને સબંધે પોતાને સદરહુ મુજબ કબુલત કરવાથી સંસાર વિશયનો હરકોઇ ફાયદો થશે અથવા એવી હરકોઈ આફત દુર થશે એમ સમજવાને તહોમતવાળા સખશને યોગ જણાય એવા સબબ મળવાને બસછે.

લાલચ પુરતી હોવી જોઈએ વીગેરે

લાલચ કીંવા ધમકી કીંવા વચન ઉપર મુજબ સમજવાને બસછે કે નહીં તે વીશે મત બાંધવો એ કોરટનું એટલે કે જડજનું અથવા માજીસ્ટરેટનું કામછે. જ્યુરીની સાથે તજવીજ ચલાવેલા મુકરદમામાં કબુલત પુરાવામાં લેવી યોગ્ય છે કે નહીં, તે જડજે એકલાએજ નકી કરવાનું છે. જે ફાયદો થવાનો અથવા જે આફત ટળવાની તે(૧) સંસાર વીષયની હોવી જોઇએ. અને (૨) તોહોમતવાળા સખશના ઉપર ચાલતા કામને સબંધે હોવી જોઇએ. જેમકે એક જેલના પાદરીએ એક કેદીને કહ્યું કે ઇસ્વરના ઉપદેશક તરીકે માહારે તને ચેતાવવું જોઇએ કે ઇસ્વરની સાથે કપટ રમવાની કોશીશ કરી પાપમાંપાપનો ઉમેરો ન કરનો. અને તાહારે તાહારાં પાપ ઈશવરની આગળ કબુલ કરી દેવાં, અને તાહારાથી બને તેટલો તેં કરેલા નુકશાનનો બદલો વાળવો એ અગત્યનુંછે, અને કેદીએ તેને આ મુજબ કેહેવામાં આવ્યા પછી જેલર અને કોટવાળની આગળ એ કબુલનો કરી આ કબુલનો પુરાવામાં લેવી યોગ્યછે એમ ઠરાવવામાં આવ્યું. રાણી. વી. ગીલહામ મુડીસ ક્રીમીનલ કેસીસ. વા, ૧—પા. ૧૮૬ વળી એક માણસે ખુનના તોહોમતવાળા એક છોકરાને કહ્યું કે;—હવે "પગે પડ હુ તને એક ઘણો ભારે શવાલ પુછુછુ અને મને આશાછે કે, ઇશ્વરની સમક્ષ તું મને સાચેસાચી વાત કહી દઇશ"—અને તે છોકરાએ જે મજકુર કહયો તે પુરાવામાં લેવો બરાબર યોગછે એમ ઠરાવવામાં આવ્યું. રાણી. વી. વહ્લ્ડ. મુડીસ ક્રીમીનલ કેસીસ વા. ૧ પા. ૪૫૨.

તોહોમતવાળા સખસે કરેલી કબુલત જો કોરટની નજરમાં એમ આવે કે મજકુર તરેહની લાલચ, કીંવા ધમકી, કીંવા વચન ઉપરથી કરવામાં આવીછે તો તે લગતી નહીં થ.ય. અહીંઆં પણ વળી એવા પ્રસંગે કબુલત પુરાવામાં લેવી કે નહીં તે નકી કરવાનું કામ કોરટનુંછે એટલે જડજનું (જુરીનું નહીં,) અથવા માજીસ્ત્રેટનુંછે (મુ. હા. કો. રી. વા. ૯ પા. ૩૬૭) રાણીવી. નવરોજજી દાદાભાઇના કામમા ચીફ જસટીશ સારજંટ બોલ્યો કે લાલચ ધમકી ઇઆ વચન કબુલ ન કરવાથી સંસાર વીશયનો કાંઇ ફાયદો થશે અથવા કાંઇ આફત ટળશે એવી ધારણા કરવાને કેદીને માટે બસ હતી કે નહીં તે વીશે પોતાનો અભીપ્રાય બાંધવાનું કામ તદન કોરટ ઉપર નાંખેછે." (મુ. હા. કો. રી. વા. ૧૧ પા. ૧૨૮) રાણી વી. બલવંત પેનડાકરના કામમાં પણ એમ કેહેવામાં આવ્યું હતું કે જો કોરટની નજરમાં એમ આવે કે મજકુર કબુલત મજકુર લાલચ, કીંવા ધમકી કીંવા વચન ઉપરથી કરવામાં આવીછે તેમજ એ કબુલત પુરાવામાં લેવા યોગ્ય નથી. આ કામમાં તોહોમતદારે પેહેલ વેહેલું શેસન કોરટની આગળ જાહેર કરયું કે કબુલત મને ધમકી અને આશાઓ આપી કઢાવી હતી. પરંતુ આ વાતનો પુરાવ નહીં તેથી હાઇકોરટનો એવો અભીપ્રાય થયો કે પુરાવા વગર એમ અનુમાન નકરાય કે કબુલત ગેરવાજબી દાબથી કઢાવીછે એવા શબબનો વાંધો બતાવ્યાથી તે પુરાવામાં લેવા યોગ્ય નથી."

કબુલત લગતીછે કે નથી તે કોરટે નકી કરવાનું છે.

કબુલતની બાબતમાં કેટલાક ઠરાવો.

૧ એક ચાકરડીને તેના શેઠના મકાનમાં આગ લગાડવાના તોહોમત ઉપર પકડેલી તેને તેના શેઠની છોડીની સાથે તેનાં કપડાં બદલવા જવા દેવામાં આવી તેના શેઠની છોડીએ તેને

પુછ્યું કે તેં આગ લગાડીછે કે નહીં તે સાચે સાચું કહી દે. તેણે કહ્યું કે હું કાંઇ જાણુતી નથી"—શેઠની છોડીએ જવાબ દીધો કે "તારા આતમાને વધારે પાપમાં ન નાંખ" અને એ ચાકરડીએ બધી ખરેખરી વાત કહી દીધી તેમાં ઠરાવવામાં આવયું હતું કે આ કબુલત પુરાવામાં લેવા યોગ્યછે રાણી વી. સલીયન જ્યુરીસ્ટ્યુસારીમ વા. ૧૭ પા. ૧૦૮૨

નીચેની કેફીયતને સબંધે કરેલી કબુલતો પુરાવામાં ન લેવા લાયક ઠરાવામાં આવેછે.

૧ એક કેદીને એમ કેહેવામાં આવયું હતું કે કેદમાં જવાના કરતાં પઈશા આપી દેતો સારૂ અને સાચેસાચુ કહેવુ સારૂછે. રાણી વ. નવરોજજી દાદાબાઇ મુ. હા. કો. રી. વાલ્યમ ૯ પાનું ૩૬૯.

૨ "જો વધારે સંતોષ કારક હેવાલ નહી આપોતો હુ તમોને માજીસ્ત્રેટ આગળ લઈ જઇશ," રાણી વી. ટેપસન. લા. રીપારટસ વા. ૧ પા. ૨૯૧

૩ "જો મારો માલ બતાવીશ તો હુ તારા ઉપર મેહેરબાની રાખીશ" રાણી વી. કાસ-લીસ રીપારટસ વા. ૧ પાનું ૨૯૩

૪ "ધડીયાળ જડીછે. ને જો તમે તમારો સાથી કોણ હતો તે નહી કહોતો હુ તમને કેદમાં મોકલી દેહશ." રાણી. વી. પારાટ. કારીગટન એન્ડ પેંઇનીસીપ્રાયસ રી. વા. ૪ પા ૫૭૦

૫ "તુ ખરેખરી વાત કહેદઈ બચાની દુગના માથે મા લેતો સાર" રાણી વી. ટેન્સ કારીગટન એન્ડ પેઇનાશ નીશીપ્રાયશ રીપારટસ વા. ૬—પા ૩૫૪

૬ "મારે તો ફક્ત મારા પઈશા જોઇએ ને જો મને પઈશા આપોતો તમે પડો ચુલામાં" રાણી. વી. જોનસ આર એનડ આર વા. પા. ૧૫૨

૭ જ્યાં તોહોમતવાળા એક ખલાશીને ભરેલી બંદુકથી કપતાને દેહત આપી અને પછી તેને સ્વાધીન કરી દેઇ બેડીઓ પેહેરાવી રાણી વી. હીકસ. બં. લા રી. વા. ૧૦ આપે. પા. ૧૦

૮ જ્યાં એક કેદીએ ગુનાના ખરેખરા કરનાર શીવાયનો બીજો ગમે તે હોય તેને ઈનામ તથા માફી આપવાનીછે એમ જાણીને કબુલાત આપી એવી કેફીયતને સબંધે કે જેથી એમ માલુ઼ં કે તેણે કહેલો મજકુર એ ઈનામ મેળવવાની તથા રાજના તરફના સાક્ષી દાખલ સાહેદી આપવા રજા મળવાની આશાથી કહેલોછે ત્યાં તેણે કહેલો મજકુર પુરાવામાં ન લેવા લાયક ઠરાવામાં આવ્યો. રાણી વી. જસાકબને કોકસના ક્રાઉન કેસીસ વા. ૬ પા. ૨૩૩

૯ પણ ઉપરના ઠરાવમાં કહ્યા મુજબ ઈનામની તથા માફીના વચનની વાતની લાલચથી કેદીએ કબુલાત ન કરી હોય તો તે ઇનામ તથા માફીની વાત માત્ર જાણવાથી તેણે કરેલી કબુલાત પુરાવામાં ન લેવા લાયક થતી નથી. રાણી વી. બોસવેલ. કારીગટન એનડપેમ. પા. ૫૮૪ રાણી વી. ડીગ્સી. કારીગટન એન્ડ કરવનસ નીસીપ્રાયસ રીપોટસ વા૦ ૧ પા. ૬૩૭.

૧૦ રાણી. વી૦ રાધાનાથ ડોસાદ. વું. રી. ક્રી. ૩. પા. ૮ પા. ૫૩ કેદીએ માફીના વચન ઉપરથી મજકુર કહ્યો અને પછી કેદમાંથી નાશી ગયો તેને જ્યારે ફરીથી પકડ્યો તારે તેમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે તેની તજવીજમાં આ મજકુર તેના વીરૂધ પુરાવામાં આપી શકાય નહીં. પણ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૪૯માં હવે ઠરાવવામાં આવયુંછે કે તે સખસે માફી કબુલ કરી હોય તે સખસ તે માફી જે સરતોથી આપવાનું કહયું હોય તે, સરતો મુજબ ચાલે નહીં. એટલે તે જાણી જોઈને કાંઈ જરૂરની વાત છુપાવે અથવા ખોટી સાહેદી આપે ને તેથી કરીને માફી રદ કરી હોય તો તે માફીની વખતે એ સખસે જે મજકુર કહયો હોય તે તેની ઉપર પુરાવામાં રજુ કરી શકાય.

પોલીસ અમલદારની રૂબરૂ લેલી કબુલાત પુરાવામાં લેવી નહી.

૨૫. હરકોઇ પોલીસ અમલદારની આગળ કરેલી કબુલત હરકોઇ ગુન્હાના તોહમતવાળા સખસવીરૂધ સાબીત કરવી નહી.

ટીકા—૧ એક સખસ રેલવેમાં બેશીને કલકતે જતો હતો તેવામાં તેની ઘડીયાળ સાંકળી તથા કેટલીક રકમ તેનીપાશેથી ચોરીએ ગયાં એવો પુરાવ આપવામાં આવ્યો કે કેદીને પકડનાર કાનસ્ટેબલની આગળ કેદીએ એવી કબુલત કરેલી કે ઘડીઆળ અને રૂ ૧૦૦૦ મને મારીએ ને આપેલાં અને મેં સાંકળી વેચાતી લીધી જસ્ટીસ શીયરે આ આકટમાં અંગીકારો તથા કબુલતોની વચ્ચે તફાવત છે એવી ટીકા કરી આ પુરાવો દાખલ કરયો રાણી વી. માકડોનાલ્ડ બં૦ લા૦ રી૦ વા૦ ૧૦ આપે. પાનું ૨

૨. કલકતા પોલીસનો ડેપ્યુટી કમીશનર આ કલમના અરથ મુજબ પોલીસ અમલદાર છે. રાણી વી૦ હરીબોલ ચંદ્રઘોસ ઈ૦ લા૦ રી૦ કલકતા સીરીઝ વા૦ ૧૦— પા૦ ૨૧૫.

પોલીસના હવાલામાં તોહોમત વાળો હોય તે વખતે તેણે કીધે લી કબુલત પુરાવામાં લેવી નહી.

૨૬ હરકોઇ સખસ કોઇ પોલીસ અમલદારના હવાલામાં હોય તે દરમીઆનમાં તેણે કરેલી કબુલત કોઇ પણ માજીસ્રેટની પ્રતક્ષ રૂબરૂ કીધી ન હોય તો તેને સદરહુ સખસની વીરૂધ સાબીતી કરવી નહી.

ટીકા—કલમ ૨૫ ના ઠરાવ મુજબ પોલીસ અમલદારની આગળ કરેલી કબુલત તદન પુરાવામાં લેવા યોગ્ય નથી માજીસ્રેટની રૂબરૂ કરેલી હશે તોપણ પુરાવામાં લેવા યોગ્ય નહી થાય આ કલમના ઠરાવ મુજબ પોલીસના હવાલામાં હોય તે દરમીયાન કોઇ સખસે કરેલી કબુલાત માજીસ્રેટની પ્રતક્ષ રૂબરૂ કીધી હોય તે શીવાય તે પુરાવામાં લેવા યોગ્ય નથી માજીસ્રેટની પ્રતક્ષ રૂબરૂ કોઈ સખશે પોલીસ અમલદારની આગળ કરેલી કબુલત આ પ્રમાણે પુરાવામાં લેવા યોગ્ય નથી; પણ પોલીસના હવાલામાં હોય તે દરમીઆન પોલીસ અમલદાર શીવાય બીજા કોઈ સખસની આગળ કોઇ સખશે કરેલી કબુલત જો તે માજીસ્રેટની પ્રતક્ષ રૂબરૂ કરેલી હોય તો તે પુરાવામાં લેવા યોગ્ય છે.

તોહોમતવાળા સખશે બતાવેલા મચકુરનો અથવા તેની કાબેલીક બુલતનો જેટલો ભાગ તે મચકુર અથવા કબુલાત ઉપરથી સોધીકાઢેલી હકીકત સાથે સબંધ રાખતો હોયનો તેટલો શાબેત કરી શકાય છે.

૨૭ પરંતુ એવું ઠરાવ્યુ છે કે કોઇ સખસની ઉપર કોઇગુન્હાનું તોહોમત મુકયું છે અને તે સખસ પોલીસ અમલદારના હવાલામાં છે તે સખસ પાશેથી કાંઈ ખબર મળી તે ઉપરથી કોઇ હકીકતનો સોધ લાગ્યો છે એવી જુબાની પડે ત્યારે એવી ખબરમાંનો જેટલો ભાગ ખબર મજકુર ઉપરથી શોધી કાઢેલી હકીકત સાથે સ્પષ્ટ રીતે સબધ રાખતો હોય તેટલો ભાગ સાબીત કરી શકાય છે પછી તે ખબર કબુલત ગણાય એવી હોય કીંવા ન હોય તો પણ.

ટીકા—"પોલીસ અમલદારના હવાલામાં" એ શબ્દો એમ બતાવતા દેખાય છે કે આ કલમ માત્ર કલમ ૨૬ ના વીશેશ ઠરાવ દાખલ કરવાનો ઇરાદો હતો અને જ્યારે એ ખબર મજકુરથી શોધ લાગેલી હકીકતને લગતી ખબર પોલીસ અમલદારની આગળ કરેલી કબુલત ગણાય તેવી હોય ત્યારે આ કલમ લાગુ નથી. આ વીશેષ ઠરાવ તે ઉપરથી થએલા ફેંસલા જોતાં કલમ ૨૫ ને પણ લાગેછે તોપણ ઉપર લખેલા શબ્દોથી આ ઠરાવ કલમ ૨૪ ને લગતો નથી એમ જણાયછે. રાણી વી. જોરાહસજી અને બીજાઓના કામમાં (મુ. હા. કો. રી. વા. ૧૧ પાનું ૨૪૪ જસ્ટીસ વેસ્ટ બોલ્યા કે—"મીલકત હાજર થયાના અથવા તેનો શોધ લાગ્યાના સબંધમાં કહેલા બધા મજકુરો પુરાવામાં લેવા યોગ્ય નથી; જે મજકુરથી સદરહુ મીલકતનો તરત પતો લાગ્યો હોય તેટલોજ મજકુર અને જેટલો તેથી આ પતો લાગ્યો હોય તેટલે સુધી પુરાવામાં વ્યાજબી રીતે લેવા યોગ્ય છે..........કોઈ માણુસ કહે કે—"ફલાણે ઠેકાણે તમને એક લાકડી માલમ પડશે, તે વડે મે રાંમાને મારી નાંખ્યો." આવે પ્રસંગે પોલીસનો માણસ એમ કહી શકે કે મને બતાવેલી જગાએ હુ ગયો અને એ લાકડી માલમ પડી પણ ખુનની કબુલત વીશે

કાંઇ પણ મજકુર તે કહેતો તે પુરાવામાં લેવા યોગ્ય નથી. જો "તમને માલમ પડશે" એમ કહેવાને બદલે કેદીએ એમ કહયું હોય કે મેં ફલાણી જગાએ એક તલવાર કે છરો મુકયો છે. અને ત્યાં તે માલમ પડયો હોય, પણ આ મજકુરનો જો તેમાં કેદી તરફથી અમુક કૃત્ય કરવાને અંગીકાર આવેછે તો પણ તે પુરાવામાં યોગ્યછે કારણ કે તે એવી ખબર છે કે તેથી શોધો એ શોધ લાગ્યો અને તેની સાથે સબંધ રાખનાર બીજી કોઇ ખબરથી આ પ્રમાણે અલગ રીતે અને સ્વતંત્રપણે સોધ લાગ્યો........જાને દ્વિયરથી, અને કોઇ જુદાની હકીકત સાથે તે લગતુ ગણાય એવી ખુલી રીને સબંધ રાખતુ નહી એવા કૃત્યનો કેદીએ ખુલાશો આપ્યો છે એમ કહી તે ખુલાસાને બાહાને પોલીસની આગળ કરેલી કેદીની કબુલત દાખલ તેનો પ્રવેશ કરવા કોશીશ કરેતો પુરાવાનો આકટ તે પુરાવા લેવા રજા આપતો નથી. પૂરાવો બાતલ કરવા વીશેના નીયમો ને તે ઉપરનો અપવાદ ચોકસાઇથી ઠરાવેલા છે તેથી તે અપવાદમાં બરોબર રીતે દાખલ થતા ન હોય તેવા કેશો તે લાગુ કરી શકાય નહી ખેડુત નોધની ચોપડી આપીદે અથવા જ્યાં બાજરી કચરાએલી દેખાતી હોય તે જગ્યા બતાવે તો તે જાતેજ બીન દ્વિયરગી કૃત્યછે વળી સાધારણ રીતે છુટ વગરતુ છે તેને ખુલાસાની જરૂર નથી અને તેના સાથે કરેલી કબુલત તેનો ખુલાશો કરતી નથી પણ તે આજુ બાજુની બાબતછે, અને (જ્યાં તે બાતલ કરી હોય ત્યાં) તે બાતલ કરવાને જે ન બાતલ કરી હોય તે બાબતોની સાથે તેનો સબંધ હોવાથી અટકાયત થતી નથી રાણી. વી. પગારીશાહના કામમાં [નું.રી. કી. રૂ. વા. ૧૯ પાનુ ૫૧] તોહોમતવાળાએ સબઇનસ્પેકટરને એમ જાહેર કરયું હતુ કે મરનારને મેં ગરદનથી પકડી હતી અને જોરથી તેને ધકો મારી નીચે નાંખી દીધી હતી તેથી તે એક કેળના ઝાડનીસાથે અથડાઇ અને તેની ગરદન ભાગી ગઇ; વળી મેં તેને માહારા હાથથી મારી હતી, અને એ બહારી તેજ વખત ત્યાંજ મરણ પામી; અને પછી એજ મડદુ ખશેડવાની કોશીશ કરયા પછી તેના ઉપરથી એક કાંટલી અને બે ચુડા મે ઉતારી લીધા જે મેં પાસેના જંગલમાં સંતાડયા. આ ખબરને લીધે તેણે બતાવેલા જંગલમાં તેને લેઈ જવામાં આવ્યો; અને તેણે એક છુંપી જગોમાંથી એ કાટલી અને ચુડા હાજર કરી કહયુ કે મરનારના શરીર ઉપરથી મેં આ ઘરેણાં કાઢી લીધાં છે. જસ્ટીસ ગલોવરના અભીપ્રાયમાં એમ આવ્યુ કે જેટલી ખબર મરનાર ઉપરના હુમલા તથા તેથી થએલા તેના મોતનું બ્યાન કરેછે, તેટલી ખબર ઘરેણાની શોધની વાતને સ્પસ્ટ રીતે લાગેછે, જે સોધ એ ખબરને વીશેજ લાગી હતી, અને પોતાના હાથમાં જો ઘરેણાં આવ્યાં એ વીશેની કેદીની કબુલત એવી હકીકતછે કે પુરાવાના કાયદાથી તેના ઉપર તે સાબીત થઇ શકે.

લાલચ કીંવા ધમકી કીંવા વચનથી મન ઉપર થયેલી અસર ખશી ગયા પછી કરેલી કબુલત લગતી છે.

૨૮ કલમ ૨૪ મી માં બોધ કરયા મુજબની લાલચ કીંવા ધમકી કીંવા વચનથી મન ઉપર થએલી અસર કોરટના અભીપ્રાયમાં જે વખતે પુરી દુર થઇ હોય, તે વખત પછી સદરહુ કલમમાં બોધ કરયા મુજબની કબુલત કરવામાં આવી હોય તો તે કબુલત લગતીછે એમ સમજવું.

બીજી રીતે કબુલત લગતી હોય તો કબુલત ગુપત રાખવાનું વચન હતું એ વીગરે કારણથી તે કબુલત ગેર લગતી નથીજ થતી.

૨૯ એવી કબુલત જો બીજી રીતે લગતી હોય તો માત્ર તે ગુપત રાખવાના વચન ઉપરથી કીધાના સબબથી અથવા તે મેળવવાને સારૂ તોહોમતવાળા શખસ સાથે ફરેબ કરયાથી તે કીધાના સબબથી અથવા તોહોમતવાળો છાકટો હતો તે વખતે તે કીધાના સબબથી અથવા જે સવાલોના જવાબ દેવાની તેની ફરજ નોહોતી તે સવાલો ગમે તે રૂપે હોય તો પણ તેના જવાબમાં તે કીધાના સબબથી અથવા એવી કબુલત કરવાની તેની ફરજ

નોહોની અને તેની વીરૂધ એવી કબુલાયતનો પુરાવો આપી શકાશે એમ તેને સુચના નહીં મ- ળીયાના સબબથી, તે કબુલત ગેર લગતીછે એમ સમજવું નહીં.

ટીકા—(અ) એક સહ કેદીએ (બ) જે ખુનને સારૂં કેદમાં હતો તેને કહયું કે "મા રી ઈચ્છા છે કે એ છોકરાનું ખુન તમે શી રીતે કરયું તે તમે મને કહો ખરે ખરી વાત કહીદો." (બ) એ જવાપ દીધો કે—"જે હું તમને કહું તે કોઇને ન કહેવાના સોગન ખાશો"

(અ) એ સોગણ ઉપર વચન આપ્યું અને બ એ વાત કહી તેથી જે કબુલત પુરાવામાં લેવા યોગ્યછે. એમ ઠરાવવામાં આવીયું હતું, રાણી. વી. શો. કારીટંન એન્ડ પેઇન્સ નીસીપ્રાયસ. રીપોરટસ વા. ૬ પા. ૩૭૨.

ફરેબથી કબુલતો મેળવ્યાના દાખલા.

૧ એક જેલના કીલીદારે કેદીને માટે કાગળ ટપાલમાં નાંખવા વચન આપ્યું પણ ટપા- લમાં ન નાંખતાં તેણે તે કાગળ ફરીયાદીને મોકલી દીધો, તે કાગળમાં કબુલત ગણાય એવો મજકુર હતો, તે મચકુર પુરાવામાં લેવા લાયક ઠરાવામાં આવ્યો હતો. રાણી વી. ડેરીગટન કારીગટન એન્ડ પેઇન્સ નીસીપ્રાયસ રીપોરટસ વા ૨ પા. ૪૧૮

૨ કેદમાં નહી છતાં એક સોબતી છે એવું ખોટું માનવાથી કેદીએ કબુલત કરી તે પૂરાવામાં લેવા લાયક છે એમ ઠરાવામાં આવ્યું હતું રાણી વી. બેઇલી. ફીમાંમોકલ એ વા૦ ૧— પાનુ ૧૦૪ બીજો રાણી વી. રામચરણ ઘોસ તું૦ રી૦ ક્રી૦ ૩૦ વા૦ ૨૦ પા૦ ૩૩

કેદી કેફમાં હોવાથી ખરી વાત કહીદેશે એવી આશાથી તેને કેફ ચહડાવવા (છાકટો) દારૂ પીધેલો હોય તે સબબથી કેફમાં કેદીએ કરેલી કબુલત જરાએ ઓછી પુરાવામાં લેવા યોગ્ય કબુલત નથી. રાણી વી૦ સ્પીંબરી. કારીંગટન એન્ડ પેઇનસ નીશીપ્રાયસ રીપોરટસ વા૦ ૭ પાનુ ૧૮૭

સવાલ.

ખાનગી વાતચીતમાં કેદીએ કરેલી કબુલત જે આનેથી છાની માની સાંભળી હતી, તે કબુલાત પુરાવામાં લેવા યોગ્ય છે એમ ઠરાવવામાં આવ્યું હતું રાણી વી૦ સાઈમન્સ કારીગટન એન્ડ પેઇસ નીશીપ્રાયશ રીપોરટસ વા૦ ૬ પા૦ ૫૪૦ રાણી વી૦ સાજીના અને બીજો તું૦ રી૦ ક્રી૦ ૩૦ વા૦ ૭ પાનું ૩૮"

સુચના નહી મળેલી.

એક સખસ જેને કલકતામાં કરેલા ગુન્હા માટે તેની તજવીજ ચાલી તેને પકડીને મુફસીલના માજીસતરેટ આગળ લઈ જવામાં આવ્યો આ માજીસતરેટે તેને સુચના આપ્યા વગર પુછેલા સવાલના જવાબમાં તેણે કરેલી કબુલતો પુરાવામાં લેવા લાયક ઠરાવવામાં આવી રાણી. વી૦ નબાદવીપ ચદ્રગોસસ્વામી અને બીજા બં૦ લા૦ રી૦ અપલ ફોજદારી હકુમત વાલ્યમ ૧ પાનું ૧૫

જે સખશ કબુલાત કરે તેને વીશેની તથા તેજ ગુના સારૂ બીજા સખસોની એકઠી તજવીજ ચાલતી હોય તેવા બીજા સખસો વીશેની કબુલત સાબેત થાય તો તે કબુલત વીચારમાં લેવા બાબત.

૩૦ જયારે એકજ ગુન્હાને સારૂ એકથી વધારે સખશો ઉપર એકઠી તજવીજ ચાલતી હોય અને જયારે તે સખશો પઇકી એક જણાએ પોતાને વીસે તથા તે સખસોમાંના બીજા કોઇ સખસને વીશે કીધેલી કબુલત સાબીત થાય ત્યારે જે સખસે તે કબુલત કીધી હોય તેની વીરૂધ તેમજં સદરહુ બીજા સખસની વીરૂધ તે કબુલત વીચારમાં લેવાને કોરટ મુખતીઆરછે.

દ્રસ્ટાંતો

અ ક નું ખુન કરયા બાબત અ તથા બ ના ઉપર એકઠી તજવીજ ચાલેછે. "અ એ

તથા મેં મળીને ક નું ખુન કરયુંછે. એવું **અ** એ કહયાનું સાબીત થાયછે એનું પરીણામ **બ** વિરૂધ શું થાયછે એનો વિચાર કરવાનો કોરટ મુખ્તીઆરછે.

અ ક નું ખુન કરયા બદલ **અ** ઉપર તજવીજ ચાલેછે ક નું ખુન **અ**.તથા **બ** એ કરયું એવું બતાવવાનો તથા "**અ** તથા મેં મળીને ક નું ખુન કરયુંછે" એવું **બ** એ કહયું હતું એમ બતાવવાનો પુરાવો હાજર છે.

સદરહુ કહેલા મજકુર બાબતનો વીચાર **અ** વીરૂધ કોરટથી કરી શકાય નહીં કારણ **બ** ના ઉપર **અ** ની સાથે એકઠી તજવીજ ચાલતી નથી.

ટીકા.—(અ) આ કલમ મુજબ કબુલત કરનાર સખશ તથા જે બીજા સખશ વીરૂધ તેની કબુલત વીચારમાં લેવાની હોય તે બંનેની એકઠી તજવીજ થવી જોઇએ.

૧ જ્યાં કબુલત કરનાર કેદીએ પોતાનો ગુનો કબુલ કરયો અને તેને ગુનેગાર ઠરાવી સજા કરવામા આવી, તેમા ઠરાવવામાં આવ્યું હતું કે બીજાઓની સાથ તેની એકઠી તજવીજ થએલી પછીથી ગણાય નહી. રાણી વી. કલુ પટેલ અને બીજો, મુ. હા. કો. રી. વા, ૧૧—પા. ૧૪૬

૨ ડાકાયટીના તોહોમતવાલા કેટલાક સખશ પકડયા એક સખશ નાશીને ભરાઇ બેઠો અને બીજાઓની તજવીજ થઇ ગયા પછી તેને પકડી તેની તજવીજ કરી. તેમાં ઠરાવવામાં આવ્યું હતું કે જે સખસોની પ્રથમ તજવીજ થએલી તેઓએ કરેલી કબુલતો આ સખશના વિરૂધ લેઇ શકાતી નથી રાણી. વી. શોભાગચંદ વુ. રી, ક્રીમીનલ રૂલીંગ વા. ૨૧—પા ૬૫.

(બ) બંને સખશોની એકજ ગુનાહાને માટે તજવીજ થવી જોઇએ.

૧ જ્યાં કબુલત કરનાર કેદીની ખુનને માટે તજવીજ થઇ હતી; તેમાં ઠરાવમાં આવ્યુ હતુ કે તેણે કરેલી કબુલત તેજ વખત તે ગુનાહામાં મદદગારી કરવા બદલ બીજા સખશના ઉપર તજવીજ ચાલી હોય તેના વીરૂધ વીચારમાં લઇ શકાતી નથી. રાણી. વી. નોબોશીકદાર વુ, રી, ક્રીમીનલ રૂલીંગ વા. ૧૯—પા. ૬૪ રાણી વી અમરીત ગોવીંદ મુ. હા. કો. રી. વા. ૧૦—પા. ૪૯૯

૨ જ્યાં **(અ)** અને **(બ)** બંનેની એકઠી તજવીજ ચલાવવામાં આવી હતી **(અ)** ની ખુન બદલ અને **(બ)** ની ખુનમા મદદગારી કરવા બદલ, અને **(અ)** ઉપરનું તોહોમત તજવીજ ચાલતાંની દરમીયાન ફેરવી ખુનમાં મદદગારી કરવાનું તેના ઉપર તોહોમત રાખવામાં આવ્યુ ત્યાં **(અ)** ની કબુલત કે મે **(બ)** ની ઉશ્કેરણીથી મરનારને ઝેર ખવરાવ્યું હતું એ કબુલત **(બ)** ની વીરૂધ વીચારમાં લેવીએ વ્યાજબીછે રાણી વી. ગોવીંદ બાબાજી રાવલ, મુ, હા, કો. રી, વા, ૧૧—પા ૨૭૮

(ક) આ કલમ મુજબ એકજ ગુનાહા બદલ બે અથવા વધારે સખશોની ઉપર એકઠી તજવીજ ચાલી હોય ને પછી એક સખશે મજકુર કરેલો કબુલતો બીજાઓની વીરૂધ કોરટ ધીયાનમાં લેવાને, તે કહેલો મજકુર એ ગુનાહાની કબુલત હોવી જોઇએ, અને તે (૨) કબુલત કરનારને પોતાને તેમજ જે બીજા તોહોમતવાળાના વીરૂધ તે વીચારમાં લેવાને જોગ હોય તેને વીશે હોવી જોઇએ અને (૩) તેમાંનો જેટલો મજકુર જે ગુનાહા બદલ તોહોમતવાળાઓની એકઠી તજવીજ ચાલી હોય તે ગુન્હામાં જે સખસે પોતાનુ ખરેખર સાગેલ પણ કબુલ કરયુ હોય તેને લાગુ હોય તેટલોજ આ બીજા તોહોમતવાળાઓની વીરૂધ વીચારમાં લેવો જોઇએ. આ બાબત નીચે પ્રમાણે ઠરાવેલોછે

૧ આ નીચેના કેસમાં જસ્ટીસ ફીયર બોલ્યા કે "મને એમ લાગે છે કે આ કલમનો અરથ એવો કરવો જોઇએ કે કેદીએ કહેલી હકીકતનો મજકુર જે પોતાની તરફથી ગુન્હાની કબુલત ગણાય તેવી છે, તે હકીકતનો જેટલો અમુક મજકુર આ પ્રમાણે તેનાથી કબુલ થએલા ગુન્હાને સારૂ પોતાની તેમજ જે બીજા કેદીઓની તજવીજ ચાલેછે તેમના વીરૂધ લાગુ હોય તે

દેશે અને તેવોજ વીચારમાં લેઈ શકાય. મારા ધારવા મુજબ જે દ્રષ્ટાંતો આપેલાં છે તે આ વીચારને ટેકો આપે છે. જો આમ હોયતો (બ) એ માફીએની રૂબરુ કહેલા મજકુર જેટલા તેના પોતાના ગુન્હાની કબુલાત ગણવાને બસ હોય તેના કરતાં જાદે મજકુર બીજા કેદીઓની વીરૂધ નલાશુ કરવાને આપણે સંભાળવું જોઈએ" રાણી વી. મોહેશ બીસવાસ અને બીજા બ, લા, રી, વા, ૧૦—પા૦ ૪૫૫ નોટ, ૨ માં. કો, વુ. રી, ક્રીમીનલ રૂલીંગ વા. ૧૯—પા, ૧૬

૨ બીજા કેસમાં જસટીશ ફ્રિયર બોલ્યો કે "કલમ ૩૦ના બરોબર લાગુ પણા વિશે મારા સમજવામાં જે છે તે ટુંકામાં એ છે કે કેદની સાથે જેની એકઠી તજવીજ ચાલી હોય તેણે કરેલી કબુલાત કેદી મજકુરની વીરૂધ વીચારના લેતાં પહેલાં એમ જણાવવું જોઈએ કે જે ગુનાહને સારૂ કેદીઓની એકઠી તજવીજ ચાલતી હોય તે ગુનોહ કરવામાં કબુલાત કરનારને વસ્તુત જે ટલો સામેલ કરી આપેછે તેટલોજ જે સખશની વિરૂધ તે વાપરવાનીછે તેને સામેલ કરેછે. મને એમ સમજાયછે કે કબુલાત કરનાર કેદીએ આ પ્રમાણે પોતાને ગુનહામાં સામેલ ગણવો એજ જાણે સોગંદની યોગ્યતા લે અથવા બીજાના વિરૂધ તહોમતની સચાઇની ખાતરી દાખલ કામ લાગે એવો કાયદા કરનારી સભાનો ઈરાદોછે. આપણી આગળના કામમાં (ક) કીંવા (બ) બેમાંથી એક જણ એવું કાંઇ કહેતો નથી કે જે તહોમત ઉપર અપેલેટોની સાથે તેમની એકઠી તજવીજ ચાલી તે તોહોમતમાં તેમના પોતાના આગલા ગુનાની કબુલાત ગણાઇ શકે. આ બંને શખસો જે ખરેખરી હકીકતોનું બધા કેદીઓ ઉપર એકઠું તહોમત રાખવામાં આવેલુંછે અને જેની અપેલેટો બીજાઓની સાથે ગુનેગાર ઠરેલા છે તે હકીકતોમાં કંઇ પણ સામેલ પણાથી પોતે સ્પસ્ટ રીતે દુર રહેછે. એટલા માટે મારા વીચારમાં એમ જણાયછે કે જે મજકુર આ સખશો અપેલેટો વીરૂધ કહેછે ને તે મજકુર જેટલે સુધી જે તોહોમતના તેમને ગુનેહગાર ઠરાવેલાછે તે તોમતનો સબંધછે, તેટલેસુધી સોગંદની યોગતા વગર અથવા તેની જે બીજી ખાતરીનું ઉપર કહયું તે વગર એટલે કે જે તોહોમત બદલ તેમની અપેલેટોની સાથે તજવીજ ચાલીછે તે તોહોમતમાં પોતાને સામેલ કરવા વગર શારાંશમાં કાંઇ પણ શચઇની પરીક્ષા કરવાના કોઈ પણ શાધન વગર કહેલોછે." રાણી. વી. બેલ્ટઅલી અને બીજા બંગાલ લા૦ રી૦ વા૦ ૧૦ પા૦ ૪૫૮ શમા૦ કો૦ વું રી૦ કરીમીનલ રૂલીંગ વા૦ ૧૪ પાને ૬૭ વળી બીજા કેશો જુઓ—રાણી વી૦ અમરીત ગોવીંદ મુબઈ હાયકોરટ રી૦ વા૦ ૧૦ પા૦ ૫૦૦

૩ (વીચારમાં લેવાની બાબતમાં) જસટીસ જાકશન કહેછે કે "ત્રણી વખત આ કોરટથી બનાવવામાં આવયુંછે તે પરમાણે આ કલમ એમ ઠરાવતી નથી. આની કબુલાત પુરાવોછે ને વળી તેથી પણ ઓછું કહેછે કે ગુનામાં સામેલ કરેલા સખસ ઉપરના તહોમતનો તે આધાર થશે. કાયદા કરનારી સભા ઘણી સાવચેતીથી કહેછે કે તે વીચારમાં લઈ સકાય અને હું ધારૂં છુ કે એ પરમાણે કહેવામાં કાયદા કરનારી સભાનો ઉઘાડો ઈરાદો એ હતો કે જયારે આવા કોઇ સખસ ઉપર તે ગુનેહગાર ઠરે એવો પુરાવો હોય પણ તે પુરાવાની શચાઇ તથા પુરતાપણું એ વીશે વાંધો હોય તે જે સખશોની તેની સાથે એકઠી તજવીજ થએલી હોય તે સખશો પઇકી એક જણની કબુલતથી આ શખસ સામેલ ગણાયાની બાબત મજકુર પુરાવાની સચાઇ તથા પુરતાપણાને ટેકો આપનાર દાખલ વીચારમાં લેવી જોઇએ." રાણી વી૦ ચંદરભટાચરજી વું. રી૦ ક્રીમીનલ રૂલીંગ વા૦ ૨૪ પા૦ ૪૩

૪ કબુલાત કરનાર સહ તહોમતવાળાએ કહેલા મજકુરમાં ગુનામાં સામેલ હોનારે સાહેદીમાં જેટલી નબળાઇ રહેલી હોયછે તેટલીજ નબળાઇ રહેછે અને વળી તેમજ સોગંદની યોગતા વગર કહેલો, તેમ તેની સચાઇની ખાતરી પણ થઇ શકે નહીં તેમ તેને ઉલટ પાલટ તપાસણીથી અજવાળામાં લાવી શકાય કે તેનો ખુલાસો પણ કરી શકાય નહી તેથી તે ઉપર કહયા કરતાં પ

વુ જાદે ઓછો વજનદારછે એટલા માટે જે ગુનેગારીનો ઠરાવ ગુનામાં સામેલ હોનાર સખશની સાહેદી વગર ખરાબ હોય તે ઠરાવ સબળ કરવાને સદરહુ સામેલ હોનારની સાહેદીને પુરતી પુશટી આપનાર તે મજકુર થશે નહીં" રાણી વી૦ નાગા અને બીજાં વું. રી. કરીમીનલ રૂલીંગ બા. ૨૩ પા. ૨૪ રાણી વી. જાફરઅલી અને બીજા વું. રી. કરમીનલ રૂલીંગ. વાલ્યુમ ૧૯ પાને ૫૭ રાણી વી૦ બુધુ નાનકુ અને બીજા ઈ, લા. રી. મુંબાઇ વા૦ ૧ પા૦ ૪૭૫

૫ કોઈ તહોમતવાળો સખશ તેજ ગુનાને સારૂ તેની સાથે જેની એકઠી તજવીજ ચાલી હોય તે સહકેદીની કબુલાત ઉપરથીજ ગુનેગાર થઇ શકતો નથી મ૦ હા૦ રી૦ આપં૦ વા૦ ૭ પા૦ ૧૫ રાણી વી૦ અબીગશહુલાયુ અને બીજા ઇ. લા. રી. મ. વા. ૧ પાને ૧૬૩

અંગીકાર નીરણયકારક પુરાવો નથી પણ તેનો અમલ પ્રતીબંધના જેવો થાય

૩૧ જે બાબતોનો અંગીકાર કરવામાં આવ્યો હોય તે બાબતોનો અંગીકાર નીરણયકારક પુરાવો નથી. પરંતુ આ આકટમાં હવે પછી જે ઠરાવો બતાવ્યાછે તે મુજબ તે અંગીકારનો અમલ પ્રતીબંધના જેવો થઇ શકેછે.

ટીકા—અંગીકારની અસર વીશે મી૦ ટેલર નીચે પ્રમાણે કહેછે:—"એ કહેવામાં આવેછે કે કાયદાની રીતી બંને પ્રસંગે યોગ્ય રીતે સચાઇની શોધને ટેકો આપેછે, અને પ્રતીબંધનો મત કે જેથી જાદે શોધને અટકાયત" થાયછે તે તે સામાન્ય નીયમનો એક અપવાદછે. અને સામન્ય સગવડના કારણસર અને દગાનો અટકાવ કરવાને સારૂ માત્ર પ્રમત કરેલોછે તેથી તે મત જે સવાલોને લીધે કરેલોછે તેથી આગળ લાગુ કરવાનો નથી. વળી બીજું કહેવામાં આવેછે કે પ્રતીબંધો માત્ર પક્ષકારોના તથા દાવામાં હક સબંધ રાખનારાઓના ઉપરજ બંધનકારકછે વાહીત સખશો ઉપર બંધનકારક નથી" ટેલરનો એવીડનસ એંગ પા. ૭૪૧ એટલા માટે એ સામાન્ય મતછે કે પક્ષકારને તેણે કરેલો અંગીકાર ભુલ ભરેલો હતા ખોટોછે એમ શાબીત કરવાને છુટછે અને બીજો સખશ તે અંગીકારથી તે પ્રમાણે ચાલવાને અથવા તેની સ્થીતીમાં ફેરફાર કરવાને લગાયો હોય તે શીવાય પક્ષકારને અંગીકાર કરવાના સબબથી પ્રતીબંધ થતો નથી. ઉપરના મતના સબંધમાં નીચે મુજબ ઠરાવેલછે.

૧ બે પ્રતીવાદીઓએ તેમના ઉપર ત્રીજા સખશે વાદી તરીકે કરેલા દાવામાં તકરાર કરી કે સરતીગીરો વાળા લેખ અમારા બેમાંના એક જણે બીજાને કરી આપ્યો હતો પાછળથી મજકુર ગીરો રાખનારે મજકુર ગીરો મુકનાર ઉપર બાંધેલા દાવામાં ઠરાવવામાં આવ્યું હતું કે મજકુર અંગીકારથી ગીરો રાખનારને, મજકુર ગીરો ખત મીલકત બીજાને હસતક જતી અટકાવવાને સારૂ દેખાડવાનુંજ હતું એમ બતાવવાને અટકાવ નથી "કરારથી ધરાએલા પ્રતીબંધ વીશે" પરીવી કાઉનસીલના જડજોએ કહ્યું કે "એ સ્પસ્ટછે કે બે પ્રતીવાદીઓ બીજા વાદીના દાવામાં કરેલી તકરાર તેમની પોતાની વચ્ચે પ્રતીબંધ કદી ગણી શકાય નહીં" રાગસારનશંગ વી૦ મશામત પ્રાણપીયારી મુરસ ઇંડીઅન અપીલો વા. ૧૩ પાને ૫૫૧

૨ પ્રથમના દાવામાં કોઈ લેખ બનાવ્યાની વાત કબુલ કરી હોય તેથી પાછળના દાવામાં તેના ખરાપણા વીશે તકરાર લેવાને તથા તે ખોટું અને બનાવટીછે એમ શાબેત કરવાને તેને અટકાવ નથી મસામત અશરાફ લીશા બેગમ વી૦ બાબુ ગીરધારીલાલ વુ૦ રી૦ વાલ્યુમ ૧૯ પાને ૧૫૮ વળી બીજા પણ ફેંસલા જુઓ—જ્ઞાનારાયણ વી૦ બીંદુ બાશાની દેવી અને બીજો વુ૦ રી૦ વા૦ ૨૦ પાને ૧૧૨; શ્રીમતી દેવી ચોધરાણી વી૦ બી૦ મોલા શુંદરી દેવી વુ૦ રી૦ વા૦ ૨૧ પાને ૪૨૨, બરોન્દ્રેદરો કુમારરાય ચોધરી વીરૂધ ધારાની મ્યુનીશીપાલીટીનો અધ્યક્ષ વુ૦ રી૦ વા૦ ૨૦ પાને ૨૨૩

૩ આ કામમાં તકરાર એ હતી કે વાદી કે તેની માં અમુક જમીનની ખરેખરી માલેક છે. કેટલાક મુકરદમામાં વાદીએ અંગીકાર કરયો હતો કે પોતાની માં માલેકછે, અને તેણીએ મા

વાને લાર કરેલા બે દાવા જે તેણીએ તેની પાસેથી એ જમીન વેચાતી લીધેલી એવા આધાર થી કરેલા તે દાવામાં તે (વાદી) તેણીની તરફથી મુખતીઆર દાખલ કામ કરતો હતો અને તેણી વતી તેણીના નામની સહી કરી હતી. મજકુર જમીન તેણીના ઉપરના હુકમનામાની બજાવણીમાં વેચાઈ ગઇ તે જમીન વાદીએ પોતાની માને ફકત ગીરો આપેલી અને ગીરોનું દેવું આપી દે વામાં આપ્યુંછે એવા સબબથી તે જમીન પાછી લેવાને વાદીએ કરેલા દાવામાં એમ ઠરાવવામાં આવ્યુ હતું કે આ અંગીકારો એ ખરીદદાર અથવા બીજા કોઇ હક સમંધ ધરાવનારાને કરવામાં નોહોતા આવ્યા તેથી આ અંગીકારોની વાત કેદીએ આ પક્ષકારોએ સાંભળી હતી યા કોઇ પણ રીતે તેથી તેઓ ભુલાવામાં પડયા હતા અગર મજકુર અંગીકારો ઉપર ભરૂશો રાખી તેમણે ખરીદી કરેલી હતી એમ પુરાવ નહોતો તેથી તે પ્રતીબંધ ગણાય નહીંતો પણ વાદી વીરૂધ તે પુરાવોછે, ચંદ્રકન્ત ચક્રવરતી ક્રીશ્ચાયન વી. પીયારી મોહનદત અને બીજા, બું. રી. સીવીલ રૂલીંગ વા. ૫—પા ૨૦૫

૪ એક હીંદુ તેની વીધવા અને સગીર છોકરો મુકી મરી ગયો છોકરો મરી ગયા પછે વીધવા વારસ થઇ પણ એવી દલીલ કરવામાં આવી હતી કે તેણીએ તેણીના હક એક અરજીથી તેણીના છોકરાની વહુના લાભમાં છોડી દીધા હતા. મજકુર અરજીમાં તેણીએ પોતાના છોકરાની વહુને પોતાના છોકરાની સાથે સહવારસ કબુલ કરી હતી અને એ પ્રમાણે સહવારસ દાખલ ધણી પણાના નોંધમાં તેણીનું (વહુનુ) નામ નોંધવા દીધું હતું. આ અરજી જેનો ઈરાદો ધરેણીક છોડાવવાના કોઇ અમુક દાવાના લીધની હરકત ટાળવાનો હતો તે અરજના હેતુ ઉપર ધયાન રાખી એમ ઠરાવવામાં આવ્યુ હતુ કે તેમા કાંઇ પણ પ્રતીબંધ નથી. મસાઅત લાડો વી૦ મસામતઉદી કનવર, નોર્થ વેસ્ટરન પ્રોવીનસીશ રી૦ ફુલ બેંચ વ૦ ૧ પાને ૨૨ આ ઠરાવ અપીલમાં પ્રિવિકાઉન્સલે બહાલ રાખ્યો હતો (ઇંગ્રેસ ઇંડીઅન અપીલ વા૦ ૧૩ પાને ૫૦૦ જડજોએ એવી ટીકા કરી હતી કે છોકરાની વહુ અરજીમાં લખેલા મજકુરના આધારે આવી નહોતી યા કોઇ રીતે તેણીની સ્થીતીમા ફેરફાર કરયો નહતો કારણ કે વહુ પણ માના જેટલી કેસની કેફીયતથી વાકેફ હતી અને એ અરજીની ખરેખરી અસર એ જણાતી હતી કે તે બનેએ અરસ પરસ અમુક દાવો ચાલી શકે એટલા માટે જુઠી વાત ચાલાવવા સંતલસ કરી હતી.

૫ અમુક જમીનની ઓળખાણ વીશે આગળના દાવામાં કરેલો અંગીકાર પ્રતીબંધ નથી એમ ઠરેલો તોપણ તેવો તે અંગીકાર કરનાર સખશ ઉપર જે તે પણતે વિચાર પુરવક કહેવામાં આવ્યુ.હતું તે ખોટુંછે એમ બતાવવાનો બોજો પડેછે. એમ ઠરાવવામાં આવ્યું હતું એ, જે, ફ્રીરમસ વી૦ મીર મહમદ તાકીબંગાલ લા૦ રી વા૦ ૫ પાને ૫૪૦

૬ કાયદેસર જુમેદારીની બાબત ભુલને લીધે અંગિકાર કરેલો હોય તેમાં પણ ઉપરના ઠરાવમાં કહેલું ધોરણ લાગુછે નયુટન વી૦ લીવીબરડ લા૦ જનરલ કનિસએચ વા. ૧૮ પા. ૫૩

૭ પહેલો દત્તક લીધેલો છોકરો જીવતો હતો તે દરમિયાન બીજા છોકરા (લ) દત્તક લેવું કાયદેસરછે એવી ભુલ ભરેલી સમજણથી એક સખશે આગળના દાવામાં અને જુદી જુદી રીતે બતાવ્યું હતું કે લ ડ નો દત્તક લીધેલા પુત્ર હતો તેમાં ઠરાવવામાં આવયું હતું કે આથી પ્રતિબંધ થતો નથી. કારણ કે હકીકતની કેઇ પણ બાબત ઉપર ખોટી વાત જાહેર કરવામાં આવી નહોતી કેમકે લ ને ખરેખર દત્તક લીધેલો એ વાત કબુલ થઇ હતી પણ આવી તરેહનું દત્તક લેવુ કાયદા પ્રમાણે હતુ કે નહીં તે વિશે ભુલભરેલું અનુંમાન કરયું હતું ગોપીલાલા વી૦ મશામતસરી ચંદ્રાવલી બાઉજી પ્રીવીકાઉન્શીલ બું. રી. વા ૧૯ પા. ૧૩

૮ જ્યારે પક્ષકારોની ઉમર બાપ પણાનો હક થઇ શકે તેવી હોય ને જયારે કબુલ કરેલો સખસ બીજાનો છોકરોછે એમ આગળ મહમદન લા. પ્રમાણે સાબીત ન થયું હોયતો કબુલ

કરનારનું હું ફરજનાપું એમ જે સખસ કહેતો હોય, તેનું કહેવું જે રદ કરી શકાય એવો પ્રબળ દરસનીય પુરાવછે એટલુંજ નહીં પણ કબુલ કરેલી બીનાને તે સ્થાપીત કરેછે આનંદા બીબી વી. સહયદ શાહ જનાબ અલી નું. રી. શીવ. રૂલીંગ વા. ૫ પા૦ ૧૨૨ મસામત બીબી ની-છુંનીશાની અરજીમાં બ. રી. શીવીલ અપીલો વા. ૪ પા ૫૫ નોબો કનીયરાય ચોધરી વી. મહાતમ બીબી અને બીજો. નું. રી. વા. ૨૦—પા૦ ૧૧૮

૫ ઠરાવમાં કહેલી કબુલાત ચોખ્ખી અને સ્પષ્ટ હોવી જોઈએ કેદરનાથ ચક્રવરતી વી. બી. કાન જેલી વું૦ રી૦ વા૦ ૨૦ પા૦ ૩૫૨

અંગીકારનો બધો મજકુર એકઠો લેવો જોઇએ કારણ કે જો તેમાંનો કેટલોક ભાગ તે પક્ષકારના લાભનો હોય, અને જે તેણે પોતાના વીરૂધ કહેલું છે અને જે એટલા માટે ખરૂંછે એમ અનુંમાન કરી શકાય તેની ખાત્રી કરવી એટલોજ હેતુછે તો પણ બધો મજકુર લીધા વગર જે ભાગ તેના વીરૂધનો પુરાવો છે તેનો ખરો અરથ નક્કી થઈ શકે નહી આ ધારો લેખી તેમજ મુખ જુબાની અંગીકારોને સરખી રીતે લાગુ છે પણ જો કે એકજ વખતે કહેલો અને એકજ બાબત વીશેનો બધો મજકુર પુરાવમાં આપવો જોઇએ તો પણ તે ઉપરથી એમ નથી નીકળતું કે આ મજકુરના બધા ભાગો સરખી રીતે ભરૂસો રાખવા લાયક ગણવા જોઇએ. પણ જ્યુરી અથવા કોરટે કેફીયત ઉપરથી વીચાર કરવો જોઇએ કે એ પક્ષકારે કહેલી પોતાના લાભની હકીકતો તથા પોતાના વીરૂધની હકીકતો સુધાંત આખા મજકુરમાંનો કેટલો ભરૂસો રાખવા લાયક તેમને જણાય છે ટેલર પા૦ ૬૫૫ ૬૫૬, રાજા નીલમની સીંગદેવ વી. રામાનારાય અને બીજા. નું. રી. શીવીલ રૂલીંગ વા. ૭ પા. ૨૫ રાધાચરણ ચોધરી. વી. ચંદ્રમણી સીકદાર અને બીજા નું. રી. શીવીલ રૂલીંગ વા. ૯ પાનું ૨૯૦

જે સખસોને શાહેદ તરીકે બોલાવી શકાતા નથી તેવા સખશોએ કહેલા કીંવા લખેલા મજકુર બાબત

જે સખશ મરણ પામ્યો હોય કીંવા મળી શકતો ન હોય તેણે તથા તેવા બીજા શખશે લગતી હકીકતનો કહેલા કીંવા લખેલો મજકુર કેવે પ્રસંગે લગતી હકીકત છે.

૩૨ જે સખશ મરણ પામ્યો હોય તેણે કીંવા જે સખશ મળી શકતો ન હોય તેણે કીંવા શાહેદી આપવાને જે સખશ અશક્ત થયો હોય તેણે કીંવા ઘણો વખત લાગ્યા શીવાય અથવા ઘણો ખરચ કર્યા શીવાય જે સખશને હાજર કરાતો ન હોય અને મુકદમાની કેફીયત ઉપરથી તેમ કરવું કોરટને વ્યાજબી દેખાતું ન હોય તેણે લગતી હકીકતનો મોઢે કહેલો કીંવા લખેલો મજકુર તેજ જાતે નીચે લખેલા કામમાં લગતી હકીકતછે એમ સમજવું

તે મજકુર મોતના કારણ વીશે હોય ત્યારે

(૧) પોતાના મોતના કારણ બાબત કીંવા જે કારીયના પરીણામમાં પોતાનું મરત્યુ થયુ તે કારીયની કોઇ પણ બીના બાબત કોઇ સખશે જ્યારે કાંઇ મજકુર કહ્યો હોય અથવા લખ્યો હોય ત્યારે જે કામમાં તેના મરણની તકરાર નીકળી હોય તે કામમાં સદરહુ મજકુર લગતોછે,

જે વખતે સદરહુ મજકુર કહેવામાં કીંવા લખવામાં આવ્યો હોય તે વખતે પોતાનું મરણ આવ્યુંછે એવો તે કહેનાર કીંવા લખનાર સખશના મનમાં ભાસ હોય કીંવા ન હોય તોપણ તથા જે કામમાં તેના મરણ વીશેની તકરાર હોય તે કામ ગમે તે પ્રકારનુ હોય તો પણ સદરહુ પ્રમાણેનો મજકુર લગતો છે.

કામને પ્રસંગે કહેલો

(૨) સદરહુ મજકુર જ્યારે એવા સખસે હમેશ મુજબને પોતાના કામને પ્રશંગે કહયો કીંવા લખ્યો હોય ત્યારે તથા વીશેષ કરીને પોતાના કામને હમેશ મુજબને પ્રસંગે કીંવા પોતાના ધંધા મુજબ કરેલાં

કીંવા લખેલો હોય ત્યારે.

મ ચલાવવામાં રાખેલી ચોપડીમાં કાંઈ નોધ કીંવા ટીપણ તેણે કરી રાખ્યું હોય તે રૂપે, અથવા પઇશા, કીંવા માલ કીંવા દસ્તાવેજ; કીંવા કોઇ પણ જાતની મીલકત પોહોચ્યાની પોહોચ લખી હોય કીંવા તે ઉપર સહી કરી હોય તે રૂપે અથવા જે દસ્તાવેજનો ઉપીયોગ વેહેપાર કરવામાં આવતો હોય ને તે તેણે લખ્યો હોય કીંવા તેના ઉપર સહી કરી હોય તે રૂપે અથવા જે પત્ર કીંવા બીજા કાંઈ દસ્તાવેજ ઉપર તે હમેશ તારીખ નાંખતો હોય અથવા લખતો હોય અથવા તે ઉપર સહી કરતો હોય તે પત્ર કીંવા દસ્તાવેજની તારીખને રૂપે સદરહુ મજકુર હોય, ત્યારે તે લગતો છે.

અથવા કહેનારના હીત વીરૂધ હોય ત્યારે

(૩) જે સખશે સદરહુ મજકુર કહયો કીંવા લખ્યો હોય તે સખસના પૈશા બાબતના કીંવા માલકી બાબતના હીત વીરૂધ તે મજકુર હોય ત્યારે તથા જ્યારે કહેલો કીંવા લખેલો મજકુર ખરો હોયતો તેના ઉપર તે ઉપરથી ફોજદારીમાં ફરીઆદ કીંવા નુકશાન બદલનો દાવો ચાલે કીંવા ચાલત એવું હોય ત્યારે સદરહુ મજકુર લગતો છે એમ સમજવું.

અથવા તેમાં સારવજનીક હક કીંવા રીવાજ કીંવા સામાનીય ફાયદા ગેર ફાયદા સબંધી અભીપ્રાય આપયો હોય તારે.

૪ કાંઇ સારવજનીક હક અથવા રીવાજ અથવા કાંઈ સારવજનીક કીંવા સામાનીય ફાયદા ગેર ફાયદા શબંધીની બાબત હોય તો તે સદરહુ મજકુર કેહેનાર કીંવા લખનાર સખસને માલમ હોય એવો હક અથવા રીવાજ અથવા બાબતછે કે નહીં તે વીશેનો તે સખસનો અભીપ્રાય જ્યારે સદરહુ મજકુરમાં આપયો હોય તારે તથા સદરહુ હક અથવા રીવાજ અથવા બાબત વીશે તકરાર ઉતપંન થઇ તેના પહેલાં જ્યારે તે મજકુર કહેવામાં કીંવા લખવામાં આવ્યો હોય તારે તે મજકુર લગતોછે.

અથવા સગપણવીશે હોયતારે

૫ જ્યારે સદરહુ મજકુર કોઇ સખશો વચે એક લોહીના સબંધનું અથવા લગનના સબંધનું અથવા દત્તક પણાના સબંધનું શું સગપણછે એ વીશે હોય અને તે સખશોના સગપણ વીશેની માહીતી હોવાને વીશે સબબ તે મજકુર કહેનારા કીંવા લખનાર સખસને હતો એમ હોય તારે તથા તકરારી બાબતની તકરાર ઊતપન થઇ તેની પહેલાં તે મજકુર કહેવામાં કીંવા લખવામાં આવ્યો હોય તીયારે તે મજકુર લગતોછે.

અથવા મરણ પામેલા શખશના મરતીયુ પતરમાં કીંવા ખતમાં તે બતાવ્યો હોય તારે.

૬ જ્યારે સદરહુ મજકુર કોઇ મરણ પામેલા સખશોની એક લોહીના સબંધનું અથવા લગનના સબંધનું અથવા દત્તક પણાના સબંધનું કાંઇ સગપણ વીશે હોય અને તે મજકુર જે કુટંબનો તે મરનાર સખસ હતો તે કુટંબના કોઇ કારય સબંધી કાંઈ મરતીયુ પત્ર અથવા લેખ થયો હોય તેમાં અથવા તે કુટંબની કોઇ વંશાવળીમાં અથવા કોઈ કબરના પથરા ઉપર અથવા તે કુટંબના લોકોની તસબીર ઉપર અથવા જે વસ્તુ ઉપર એવો મજકુર બહુ કરીને બતાવવામાં આવતો હોય તેવી બીજી કોઇ વસ્તુ ઉપર બતાવ્યો હોય ત્યારે તથા તકરારી બાબતની તકરાર ઉત્પન થઇ તેના પહેલાં તે મજકુર બતાવ્યો હોય ત્યારે તે મજકુર લગતો છે.

અથવા કલમ ૧૩ ની રકમ અ માં કહેલા કારય બાબત હોય તો.

(૭) જ્યારે સદરહુ મજકુર કલમ ૧૩ ની રકમ (અ) માં કહેલાં કારય સબંધી કાંઇ લેખ કીંવા મૃત્યુ પત્ર કીંવા બીજો દસ્તાવેજ થયો હોય તેમાં લખેલો હોય ત્યારે તે લગતો છે.

અથવા તે ઘણા સખસોએ કર્યો કીંવા લખ્યો હોય અને તે ઉપરથી તકરારી બાબતને લગતા તેઓના વીચાર માલમ પડતા હોય ત્યારે.

(૮) જ્યારે સદરહુ મજકુર ઘણા સખસોએ કરયો કીંવા લખ્યો હોય અને તકરારી બાબતને લાગુ હોય એવા તે સખશોના દીલના કીંવા મનના વીચાર તે ઉપરથી માલમ પડતા હોય ત્યારે તે લગતો છે.

દ્રષ્ટાંત.

[અ] તકરાર એવી છે કે બ એ અ નું ખુન કરયું છે કે કેમ કીંવા.

જે કાર્યના દરમીઆનમાં અ સાથે બળાતકારે સંભોગ કરાવવામાં આવ્યો હતો તે કાર્યમાં જે ઈજા થઇ તેથી અ નું મરણ થયું ત્યારે તકરાર એવી છે કે અ ના ઉપર બ એ બળાતકાર કરયો હતો કે કેમ; કીંવા.

તકરાર એવી છે કે અ ની વીધવાનો દાવો બ ના ઉપર ચાલે એવી રીતે અ ને બ એ મારી નાંખ્યો કે કેમ.

તકરારી ખુન તથા બળાત્કાર સંભોગ તથા દાવો ચાલવા લાયક અપકૃત્યનું કૃત્ય એ વીશે જે મજકુર અ એ પોતાના મોતના કારણ સબંધી કહયા હોય કીંવા લખ્યા હોય તે મજકુર લગતી હકીકત છે એમ સમજવું.

(બ) અ નો જનમ કઇ તારીખે થયો એ વીશે તકરાર છે.

એક મરણ પામેલા સર્જને પોતાના કામને પ્રસગે નીયમ પુરવક રાખેલી રોજનીશીમાં એવી નોંધ કરી રાખી છે કે અમુક તારીખે તે પોતે અ ની માને કાંઇ ઉપચાર કરવા ગયો હતો અને ત્યાં તેને છોકરાનો પ્રસવ કરાવ્યો હતો એ હકીકત લગતી છે.

(ક) તકરાર એવી છે કે અ અમુક તારીખે કલકતે હતો કે કેમ.

એક મરણ પામેલા સોલીસીટરે પોતાના કામને પ્રસંગે નીયમ પુરવક રાખેલી રોજનીશીમાં એવું લખી મુકયું છે કે અમુક કામ બાબત અ ની જોડે વીચાર કરવાને સારૂ તે પોતે કલકત્તા મધે અમુક દીવસે અમુક ઠેકાણે અ ને ત્યાં ગયો હતો એ હકીકત લગતી છે.

(ડ) તકરાર એવી છે કે અમુક વહાણ મુંબાઇના બંદરમાંથી અમુક તારીખે હંકારવામાં આવ્યું હતું કે કેમ.

જે વેપારીની પેઢીએ તે વાહાણ ભાંડયું હતું. તે પેઢીના એક મરણ પામેલા ભાગીઆએ પોતાના લંડનના આડતીઆના ઉપર ખાસ મોકલ્યો હતો, તેને પત્ર લખ્યું હતું તેમાં એવું લખ્યુ હતું જે વાહાણ મજકુર અમુક તારીખે મુંબાઇ બંદરથી હંકારવામાં આવ્યું હતું એ પત્ર લગતી હકીકત છે.

(ઇ) તકરાર એવી છે કે અમુક જમીનનું ભાડું અ ને આપ્યું છે કે કેમ.

પોતે સદરહુ ભાડું અ ના તરફથી લીધું છે તથા તે અ નો હુકમ આવતાં સુધી પોતાની પાશે રાખ્યું છે એવું અ ના એક મરણ પામેલા ગુમાસ્તાએ લખેલું પત્ર મુકરદમાને લગતી હકીકત છે.

ફ તકરાર એવીછે કે અ નું લગ્ન બ સાથે કાયદેસર રીતે થયુંછે કે કેમ તેઓનું લગ્ન પોતે એવી બીનાઓમાં કરાવ્યું હતું કે તે લગ્નનો સંભારંભ કરવો એ ગુન્હો થતો હતો એ પ્રમાણેનો એક મરણ પામેલા પાદરીએ કહેલો કીંવા લખેલો મજકુર લગતો છે.

ગ અ નામનો એક માણુસ મળી શકતો નથી તેણે અમુક તારીખે એક પત્ર લખ્યોછે કે કેમ એ વીશેની તકરારછે તેણે એક પત્ર લખ્યો હતો તે પર તેજ તારીખ નાંખેલીછે એ હકીકત લગતી છે.

(ઘ) એક વાહાણ ભાગ્યું તેનું કારણ શું એ તકરાર છે.

તંડેલને હાજર કરી શકતો નથી તેણે એક પ્રોટેસ્ટ કરયોછે. તે લગતી હકીકત છે.

(આઇ) તકરાર એવીછે કે અમુક રસતો સારવજનીક મારગછે કે કેમ રસતો સારવજનીક છેએવું ગામના એક મરણ પામેલા મુખીએ કહેલો કીંવા લખેલો મજકુર એ હકીકત લગતીછે

(જ) અમુક બજારમાં અમુક તારીખે દાણાનો ભાવ શો હતો તેની તકરારછે પોતાના હુ મેશના કામને પ્રસગે એક મરણ પાગેલા વાણીઆએ સદરહુ ભાવ બાબત મજકુર કહેલો અથવા લખેલો હોય તે લગતી હકીકતછે.

(ક) અ મરણ પામ્યો છે તે બ નો બાપ હતો કે કેમ એવી તકરારછે.

(બ) મારો છોકરોછે એવો અ એ કહેલો કીંવા લખેલો મજકુર લગતી હકીકત છે.

(લ) તકરાર એવી છે કે અ ની જન્મની તારીખ કઇ છે.

(અ) ના મરણ પામેલા બાપે પોતાના સ્નેહીને અ નો જન્મ અમુક તારીખે થયાની ખબરનો પત્ર લખ્યો હોય તે લગતી છે.

(મ) તકરાર એવીછે કે અ તથાબ એઓનુ લગ્ન થયુ છે કે કેમ તથા તે ક્યારે થયું છે.

એક ટીપણુની ચોપડીમાં બં ના મરણ પામેલા બાપ ક એ એવું લખી મુકયુ છે કે અ સાથે પોતાની છોકરીનુ લગ્ન અમુક તારીખે થયુછે એ લગતી હકીકત છે.

(ન) નીદ્રાનું હાસ્યકારક એક ચીત્ર દુકાનની એક બારીમાં પ્રશીધ મુકયુ છે. તે ચીત્ર માં આબરૂ લેવા જેવી વાત બતાવ્યા બદલ અ એ બ ના ઉપર દાવો કરયો છે તકરાર એવી છે કે ચીત્ર મજકુર મળતુ આવે છે કે કેમ, તથા તે ચીત્રનો પ્રકાર આબરૂ લેવા જેવો છે કે કેમ, તમાસગીર લોકોની ઠઠ જામી હતી તેઓએ સદરહુ બાબત જે કાંઈ ટીકા કરી હોય તેની સાબીતી કરી શકાય છે.

ટીકા—રકમ ૧ ધણી વખત ડીસ્ટ્રીકટની અંદરના ભાગમાંથી ભારે ઇજા થએલી ઇયા મરણતુલ્ય સ્થીતીમાં હેડકવાટરસમાં લવાએલા કોઇ સખસની જુબાની લેવાની માજીસ્ટ્રેટને જરૂર પડેછે, આવે પ્રસંગે જો કામની કેરીયત ઉપરથી બની શકે તેમ હોય તો તે જુબાની તોહોમતવાળા સખસની રૂબરૂ લેવી જોઇએ, અને સને ૧ ૭૨ ના આકટ ૧૦ ફોજદારી કાંમ ચલાવવાની રીતના કાયાદા બાબ ૨૫ ના ઠરાવ મુજબ પધતી પ્રમાણેની જુબાની દાખલ તે લખી લેવી જોઈએ. જો આ પ્રમાણે કરવામાં આવે. ને ઈજા પામેલો સખસ મૃત્યુ પામે અથવા શેશનમાં શાહેદી આપવાને અશક્ત થાયતો આ પ્રમાણે લીધેલી જુબાની જાદે પુરાવા વગર પુરાવામાં લેવા યોગ્ય થશે. પણ જો તે જુબાની તોહોમતવાળાની રૂબરૂમાં, અને પધતી પ્રમાણેની જુબાની દાખલ લેવામાં ન આવી હોયતો. ઉપરની કલમ મુજબ જરાએ તે ઓછી લગતી થશે નહી, પણ પુરાવામાં લેવામાં આવે તે પેહેલાં એમ સાબીત થવું જોઇએ કે તે જુબાની મજકુરે આપેલી છે. રાણી વી. કૃતા આકાજી. મુ. હા. કો. રી. વા. ૧૧—પા. ૨૪૭ આ જુબાની માજીસ્ત્રેટના આગળ લેવામાં આવેલી એટલાજ માટે બીજા પુરાવા વગર પુરાવામાં લેઇ શકાય એમ કાંઇ કાયદામાં નથી. આ જુબાની બને તેટલી પુરી હોવી જોઇએ.

પોલીસ અમલદાર પોતાની રૂબરૂમાં કરેલા મરતી વખતના ઇકરારની સાહેદી પુરીને શકે છે ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૨૦ નો વીશેશ ઠરાવ જોવો.

રકમ (૨) કીટીમાસૂ મયતી વી. રામુધન ખારા (બું. રી. વા. ૭ પા. ૫૨૬, ઇંડીયન ન્યુ. ન. આ. વા. ૨ પા, ૧૯૭ ના કામમાં

કલકતા હાઈકોરટની ફુલબેંચે પેહેલા કેટલાક ઠરાવ ૨૬ ગણીને ઠરાવ્યું હતું કે ખેડુતે હાખ

ના દાખલ કરેલા હોય અને તે વીશે જમીનદારે વાંધો ન લીધો હોય અથવા ઇનકાર ન કરયો હોય તે દાખલા માત્ર આ પ્રમાણે ઇનકાર ન કરયાના સબબથી ખરાછે એમ અનુમાન કરી શકાય નહી પણ દસ્તુર મુજબ કાયદેસર પુરાવાથી તે સાબીત કરવા જોઇએ પ્રથમના એજ બાબતના ઠરાવ ઉપરની કેટલીક ટીકા મંજુર રાખીને, ચીફજસ્ટીસ પીરેક વળી જાદે ટીકા કરી કે ખેડુત હરેક વખતે તેના જમીનદારના જે ગુમાસ્તાઓએ તેને પાવતીઓ આપી હોય તે બધાને બોલાવી શકે એમ આશા રાખી શકાય નહી અને જો તે દાખલા રજુ કરે અને તે સોગન ખાય કે એ દસ્તાવેજો તેને તેના જમીનદારે અથવા જમીનદારના ગુમાસ્તાએ આપેલા એ ખરખરાછે, અથવા તે દાખલા ખરાછે એમ બનાવવાને બીજો પ્રથમ દરશનીક પુરાવો આપે પછી ગમેતો ચઢેલુ ભાડુ બેઠાના દાવામાં ભાડુ આપેલુ એમ સાબીત કરવાને કીમ્બા જમીનદારનો ભાડુ વધારવાનો હક અ ટકાવવાના કારણસર કેટલાક વરશનુ ઠરાવેલા દરથી ભાડુ આપ્યુ છે એમ સાબીત કરવાને માટે આવા પ્રસંગે મજકુર દાખલા જો તેનો જમીનદાર કે તે જમીનદારનો ગુમાસ્તો તે વીશે ઇનકાર કરે નહીતો મજબુત પુરાવછે વળી જુઓ મોહાબીરસીંઘ વી. ધીરજસીંઘ અને બીજા રેવન્યુ શીવીલ એન્ડ ક્રીમીનલ રીપોરટર આકટ ૧૦ વા. ૫ પાનું ૧૯ રામજદુ ગંગુલી વી. લખમી નાર ણ મંડલ. રે૦ સી૦ એન્ડ ક્રી૦ રી૦ આકટ ૧૦ વા૦ ૫—પાનુ ૨૩ સમા. કો૦ વું૦ રી૦ વા૦ ૮—પાનું ૪૮૮

૩૩ એકાદ ઇનસાફી કામમાં કીંવા જે સખશને પુરાવો લેવાનો કાયદા પ્રમાણે અધિકાર હોય તે સખશની રૂબરૂ કોઈ સાહેદે સાહેદી આપી હોય તે સાહેદીમાં લખેલી હકીકત ખરીછે કે કેમ તે વાત પાછળથી બીજુ કોઈ ઇનસાફી કામ ચાલ્યુ હોય તેમાં કીંવા સદરહુ પ્રથમનઃ ચાલેલા કામના પાછલા ભાગમાં સાબીત કરવાને સાર સદરહુ પ્રથમ આપેલી સાહેદી લગતીછે તે એવે પ્રસંગે કે જ્યારે સાહેદ મજકુર મરણ પામેલો હોય કીંવા મળી નહી શકતો હોય કીંવા સાહેદી આપવાને અશકત હોય કીંવા સામા પક્ષકારે તેને દુર રાખ્યો હોય કીંવા ઘણો વખત લાગ્યા શીવાય કીંવા ઘણો ખરચ કરયા શીવાય તે સખશને હાજર કરી શકાતો નહીં હોય અને મુકદમાની કેફીયત ઉપરથી તેમ કરવું કોરટને વ્યાજબી દેખાતું ન હોય ત્યારે

પેશતરના ઇનસાફી કામમાંનો પુરાવો કયારે લગતો હોય

પરંતુ કામ મજકુર તેજ પક્ષકારો કીંવા હક સબંધીના તેમના પ્રતીનીધીઓ વચે ચાલેલું હોવું જોઈએ,

તથા ઉલટ તપાસણીકરવાનો હક તથા સંધી પ્રથમના કામમાં સામા પક્ષકારને મળેલા હોવાં જોઈએ

તથા પ્રથમના કામમાં તથા પાછલા બીજા કામમાં તકરારી મુદા મુખ્ય વાતે એકજ હોવા જોઇએ

ખુલાશો—ફોજદારી કામની તજવીજ કીંવા ચોકશીએ ફરીઆદી તથા તોહોમતવાળા વચેનું કામછે એવો આ કલમનો અરથછે એમ સમજવું

વીશેશ ઠરાવ (૧)

ટીકા—પહેલો વીશેષ ઠરાવ બતાવેછે કે પ્રથમનું કામ જેમાં સાહેદી મુળ આપવામાં આવેલી તે મજકુર કામ તેજ પક્ષકારો કીંવા હક સબંધીના તેમના પ્રતીનીધીઓ વચે ચાલેલું હોવું જોઈએ હક સબંધીના પ્રતીનીધીઓ વીશે નીચેના ઠરાવો ખુલાસો કરેછે.—

૧ આ કામમાં ઠરાવામાં આવ્યુ હતું કે એક મરનાર હીંદુ જેને પુત્ર દતક લીધેલો હતો, તે મરનારની વીધવા મજકુર પ્રથમ લીધેલા દતક પુત્રના મરણ પછી દતક લેવાયલા બીજા દતક પુત્ર

ની આ કલમના અરથ મુજબ હક સબંધી પ્રતીનીધી થાય એવી રીતે મીલકતની વારસં નથી. મરીનચઇ દેબીઆ વી. ભુબનમઇ દેબીઆ, બં. લા. રી. વા. ૧૫—પા. ૫

૨ હુકમનામાની બજાવણીના વેચાણની રૂઇએ દાવો રાખનાર સખસ તથા સાધારણ ખત ની રૂઇએ દાવો રાખનાર સખશ સરખા હક સબંધીના પ્રતીનીધીઓછે. રાજા ઇનાયત હુસેન વી. ગીરધારીલાલ બં. લા. રી. પ્રી. કા. વા. ૨—પા. ૭૮

વીશેશ ઠરાવ (૨)

બીજો વીશેશ ઠરાવ બનાવેછે કે પેહેલા કામના સામા પક્ષકારને ઉલટ તપાશણી કરવાનો હક તથા સંધી મળેલાં હોવા જોઇએ. આ ઠરાવથી એક સહ પ્રતીવાદીએ હાજર કરેલા સાહેદીની સાહેદી બીજો સહ પ્રતીવાદી પાછલાના કામમાં વાપરી શકતો નથી. જો સામા પક્ષકારને ઉલટ તપાસણી કરવાનો હક તથા સંધી મળેલાં હોયતો તેણે તે હક તથા સંધીનો લાભ લીધો નથી એવા સબબથી મજકુર સાહેદી પુરાવામાં લેવાને હરકત નથી; પણ તે પુરાવામાં લેવાને માટે એવું બતાવવું જોઇએ કે આ હક તથા સંધી પેહેલાં મળેલી રજા રાણી વી. મોજત ઉરફે નાનખાન વુ. રી. ક્રીમીનલ રૂલીંગ વા. ૨૦—પા. ૬૯ બીજા વી. સાહેદ મોહનરાય ચોધરી બં. લા. રી. વા. ૭—પા. ૨૩૦, માધબચંદ્ર ચોધરી વી. રાજા પ્રીમોચેનાથરાય વુ૦ રી૦ વા૦ ૨૦—પા૦ ૨૬૬

૨ કેટીના ઉપર રેલવેમાં માલ મોકલ્યાનું બરતીયું બનાવ્યાનું તોહોમત હતું અને તેની ક લકતામાં તજવીજ થઇ હતી. દીલ્હીમાં માલ ચડાવનારે કલકતામાં તેના ભાગીઆ ઉપર એ મા લ મોકલ્યાની ખબરનો કાગળ મોકલેલો તે રજુ કરવા માંડયો; પણ તેમાં ઠરાવમાં આવ્યું હતું, કે આવો કાગળ આ કલમના અરથ મુજબ વેહેપારમાં વપરાયછે એવો દસ્તાવેજ નથી. રાણી વી૦ તારીજ અરણદે. બં૦ લા૦ રી૦ આપે૦ વા૦ ૯—પા૦ ૪૨

હિત વિરૂધના મજકુર તથા દાખલા જુદી અને આજુબાજુની બાબતો જે જોકે છકરારનો એક ભાગ હોય ને જો તે ઇકરાર કરનારના વિરૂધ ન હોય તે પણ પુરાવામાં લેઇ શકાય. રાજા લીલાનંદ સીંધ વી. મસામત લખપતી થાર્ફકુરેઇન વુ૦ રી૦ વા૦ ૨૨—પા૦ ૨૩૩

પીનલકોડની કલમ ૪૯૮ મુજબ લલચાવી લેઇ જવા બાબતની ફરીયાદીમાં, ઠરાવામાં આ વ્યું હતું કે સ્ત્રી તથા પુરૂષ એકઠા રેહેતા હતા એવો પુરાવો તે ધણી ધણીઆણીછે એમ અનુ માન કરવાને, તથા તે પરણેલાં નથી એમ સાબીત કરવાનો બોજો કેદી ઉપર નાંખવાને બસ છે. રાણી વી. વઝીરા અને બીજો, બ. લા. રી. આપે૦ વા૦ ૮—પા૦ ૬૩ મી૦ કો૦ વુ૦ રી૦ ક્રીમીનલ રૂલીંગ વા૦ ૧૭—પા. ૫

વિશેશ પ્રસંગે કહેલો કિંવા લખેલો મજકુર.

૩૪ કામને પ્રસંગે નીયમ પુરતક રાખેલી હીશાબની ચોપડીઓમાં કરેલી નોંધ જે બાબત વીશે કારટને ચોકશી કરવાની હોય તે સંબંધી હોયતો તે લગતીછે; પરંતુ માત્ર સદરહુ મજકુર એકલો કોઈ સ ખશ ઉપર જવાબદારી નાખવાને સારૂ પુરતો પુરાવોછે એમ સમજવું નહીં.

હીશાબની ચોપડીઓમાંની નોંધ ક્યારે લગતી હોયછે.

દ્રષ્ટાંતો.

(અ) અ એ બ ના ઉપર એક હજાર રૂપીઆનો દાવો કરયોછે તથા એ રકમ બ પા શે પોતાની લેણીછે એવું બતાવવાને સારૂ પોતાના હીશાબની ચોપડીઓમાંથી રકમો બતાવે છે એ રકમો લગતી છે પરંતુ કરજ મજકુર સાબીત કરવાને સારૂ બીજો પુરાવો ન હોયતો તે બસ નથી.

૩૫ તકરારી કીંવા લગતી હકીકત તેમાં બતલાવેલી હોય એવી નોંધ કોઇપણ સારવજનીક કીંવા બીજી સરકારી ચોપડીમાં કીંવા રજીસ્ટરમાં કીંવા દફતરમાં હોય અને તે નોંધ કોઇ સરકારી નોકરે પોતાનું સરકારી કામ કરવાને પ્રસંગે કરી હોય કીંવા જે દેશનાં સદરહુ ચોપડી કીંવા રજીસ્ટર કીંવા દફતર રાખવામાં આવ્યું હોય તે દેશના કાયદામાં જે કામ કરવાનું વીશેશ કરીને ફરમાવ્યું હોય તે કામ કરવાને પ્રસંગે હર કોઈ બીજા સખશે કરેલી હોય તો તે નોંધ સવતઃ લગતી હકીકત છે એમ સમજવું.

જે કામ કરવાનું કાયદામાં ફર માવવામાં આવ્યું હોય તે કામ કરવાને પ્રસંગે સરકારી દફતરમાં જે નોંધ કરી હોય તે કવારે લગતી સમજવી

૩૬ પ્રસીધ્ધ કરેલા દેશના નકશા કીંવા ચારટ સરવે લોકોને વેચવા સારૂ બહુ કરીને રાખવામાં આવતા હોય તેમાં, અથવા સરકારના હુકમથી દેશના જે નકશા કીંવા પલાન કરવામાં આવ્યાં હોય તેમાં, એવા દેશના નકશામાં કીંવા ચારટમાં કીંવા પલાનમાં જે બાબતનો ઘણુ કરીને હમેશ દરસાવવામાં કીંવા ગણવામાં આવતી હોય તે બાબતો સબંધીનો, કોઇ તકરારી કીંવા લગતી હકીકતનો મજકુર બતાવ્યો હોય, તે મજકુર સ્વતઃ લગતી હકીકત છે.

નકશાના પલાન એ કયારે લગતાં છે.

ટીકા— ૧ માપણીનું પ્રોશીડીંગ હક વીશે નીરણીય પુરાવો નથી. લલીતનારાયણ સીંઘ અને બીજા. વી૦ નારાયણસીંઘ અને બીજા જુ૦ રી૦ સીવીલ રુલીંગ વા૦ ૧—પાનુ ૩૩

૨ સરવે સુપ્રીનટેનડેનટે કરેલા ચુકાદો નીયમ પ્રમાણે કરેલા દાવાના તકરારી હકનો નીરણીય પુરાવ નથી. કલીઆસ ચંદ્રઘોસ વી૦ રાજ્યચંદ્રગંધાપાદયા. જુ. રી. વા. ૧૨ પા. ૧૮૦

૩૭ સારવજનીક પ્રકારની કોઇ હકીકત બનીછે કે નહીં એ બાબત જ્યારે કોરટને અભીપ્રાય બાંધવાનો હોય, ત્યારે પારલામેંટના કીંવા હીંદુસ્તાનના ગવરનર જનરલ ઇનકાઉનસીલના કીંવા મદરાસના કીંવા મુબાઇના ગવરનર ઇનકાઉનસીલના કીંવા બંગાળાના લેફટેનંટ ગવરનર ઇનકાઉનસીલના કોઇપણ આકટ માંહેના કીંવા ગેજેટ આફ ઇંડીઆમાં છાપેલા કીંવા કોઈપણ સ્થાનીક સરકારના ગેજેટમાં છાપેલા કીંવા કોઈ છાપેલા પત્ર લંડન ગેજેટ છે કીંવા રાણીના વસાવેલા મુલકનું કીંવા રાણીના કબજામાં આવેલા દેશનું સરકારી ગેજેટ છે એવું તે છાપેલા પત્ર ઉપરથી સમજાય તેવા છાપેલા પત્રમાં છાપેલા સરકારના જાહેરનામાં માંહેના કોઇ કરતવ્યશથી લખાણમાં સદરહુ સારવજનીક પ્રકારની હકીકત બન્યાનો કીંવા ન બન્યાનો જે કાંઇ મજકુર લખેલો હોય તે મજકુર લગતી હકીકતછે.

સારવજનીક પ્રકારની હકીકત બાબત કોઇ આકટમા અથવા સરકારી જાહેરનામામાં મજકુર લખ્યો હોય તે લગતોછે.

૩૮ કોઇ દેશના કોઈ કાયદા બાબત જ્યારે કોરટને અભીપ્રાય બાંધવાનો હોય ત્યારે સદરહુ દેશની સરકારના હુકમથી અમુક ચોપડી છપાઇછે કીંવા પ્રસીધ્ધ થઇછે. તથા તેમાં સદરહુ કાયદા લખેલાછે. એવું તે ચોપડી ઉપરથી સમજાય તેવી ચોપડીમાં લખેલો સદરહુ કાયદાનો મજકુર, તથા સદરહુ દેશની કોરટોએ કરેલા ઠરાવ કોઇ ચોપડીમાં આપ્યા છે એવું જે ચોપડી ઉપરથી સમજાય તે ચોપડીમાં આપેલા ઠરાવ એ બેઉ લગતાછે.

કાયદાની ચોપડીમાં લખેલા મજકુર.

કહેલા કીંવા લખેલા મજકુરનો કેટલો ભાગ સાબીત કરવો જોઇએ.

૩૯ જે મજકુરનો પુરાવો આપવામાં આવતો હોય તેવો હરકોઇ મજકુર જ્યારે તે મજકુર કરતાં લાંબા બીજા કોઇ મજકુરનો કીંવા કોઇ વાતચીતનો કીંવા કોઈ છુટા દસ્તાવેજનો ભાગ હોય ત્યારે અથવા જ્યારે સદરહુ મજકુર જે દસ્તાવેજ કોઇ ચોપડીનો

કહેલો કીંવા લખેલો મજકુર વાતચીતનો કીંવા દસ્તાવેજનો કીં

ના ચોપડીનો કીંવા અનુક્રમે રાખેલા પત્રો કીંવા કાગળોનો ભાગ હોય તો કયો પુરાવો આપવો જોઇએ.

કીંવા સબંધવાળા અનુક્રમે રાખેલા પત્રો કીંવા કાગળોનો ભાગ હોય તે દસ્તાવેજમાં લખ્યો હોય ત્યારે તે મજકુરનો પ્રકાર તથા તે ઉપરથી થતું પરીણામ તથા જે બીના ઉપરથી તે કેહેવામાં કીવા લખવામાં આવ્યો હોય, તે બીના પુરતી રીતે શમજવાને શારૂ શદરહુ લાંબા મજકુરના કીંવા વાતચીતના કીંવા દસ્તાવેજના કીંવા ચોપડીના કીંવા અનુક્રમે રાખેલા કાગળો અથવા પત્રોના જેટલા ભાગની તે અમુક કામમાં કોરટને જંરૂર લાગે તેટલાજ ભાગનો પુરાવો આપવો; જાસ્તી ભાગનો પુરાવો આપવો નહીં.

ઇનસાફી કોરટોના ફેંસલા કયારે લગતા સમજવા તે બાબત.

બીજી વખત દાવો થતો અથવા તજવીજ ચાલતી અટકાવાને સારૂ પેસતરનો ફેંસલો લગતી હકીકતછે.

૪૦ કોઇ કોરટે કોઇ એક દાવાની ફરીઆદી સાંભળવી કે નહીં કીંવા કોઇ એક તજવીજ ચલાવવી કે નહીં, એવી જ્યારે તકરાર હોય ત્યારે જે ફેંસલો કીંવા હુકમ કીંવા હુકમનામું થયાના કારણને લીધે સદરહુ ફરીયાદી સાંભળવાને કીંવા સદરહુ તજવીજ ચલાવાને કાયદાથી કોરટને અટકાવ પોહોચતો હોય, તે ફેંસલો કીંવા હુકમ કીંવા હુકમનામું થયુંછે; એ વાત લગતી હકીકતછે.

પ્રોબેટ વીગરે સબંધીના અખીકારથી કાધેલા ફેંસલા.

૪૧ કોઇ કાયદેસર સબંધ કોઇ સખશને છે કીંવા નથી, અથવા કોઇ સખશનો કોઈ અમુક વસ્તુ ઉપર હકછે કીંવા નથી, એ વાત જ્યારે લગતી હોય, ત્યારે પરોબેટ સબંધીના, કીંવા સમુદર ઉપરના કીંવા નાદારી સબંધીના પોતાના અધીકારનો અમલ ચલાવતાં કોઇ અખીકારવાળી કોરટે આખરી ફેંસલો કીંવા હુકમનામુ કરયું હોય અને તે ઉપરથી સદરહુ કાયદેસર સબંધ કોઇ સખશને આપીયો હોય અથવા તેની પાસેથી છીનવી લીનો હોય અથવા કોઇ સખશનો એવા સબંધ ઉપર હકછે એમ ઠરાવ્યું હોય અથવા સદરહુ અમુક વસ્તુ ઉપર સદરહુ સખશનો હકછે. એમ ઠરાવ્યું હોય. અને તે હક કોઇ બીજા અમુક માત્ર એકજ સખશના દાવા વીરૂધ તે સખશનોછે એમ ન ઠેરાતાં હક મજકુર સ્વાતંત્ર પુરો તે સખશનોછે એમ ઠરાવ કરયા હોય તો તે ફેંસલો કીંવા હુકમ, કીંવા હુકમનામુ લગતાં છે એમ સમજવું.

જ્યારે સદરહુ ફેંસલો કીંવા હુકમ કીંવા હુકમનામુ અમલમાં આવ્યું ત્યારે તે ઉપરથી આપેલો સદરહુ કાયદેશર સબંધ ઉતપન થએો એ હકીકતની;

તથા જે કાયદેશર સબંધ ઉપર સદરહુ કોઇ સખશનો હક તે ફેંસલામાં અથવા હુકમમાં અથવા હુકમનામામાં ઠેરવ્યો હોય તે હક જે વખતે તે સખશને વીશે ઉતપન થવાનું ફેંસલા મજકુરમાં ફરમાવ્યું હોય તે વખતે હક મજકુર સખશ મજકુરને વીશે ઉતપન થયો એ હકીકતની;

તથા સદરહુ સખસ પાસેથી જે કાયદેસર સબંધ છીનવી લેવામાં આવ્યો હોય તે સબંધ જે વખતથી બંધ થવાનું ફેંસલા મજકુરમાં ફરમાવ્યું હોય તે વખતે તે સબંધ થયો અથવા થવો જોઇએ એ હકીકતની,

તથા કોઇ સખસનો હક જે વસ્તુ ઉપર સદરહુ ફેંસલામાં અથવા હુકમમાં અથવા હુકમનામામાં ઠરાવવામાં આવ્યો હોય તે વસ્તુ જે વખતે તે સખસની થવાનું ફેંસલા મજકુરમાં ઠરાવવામાં આવ્યુ હોય તે વખતે વસ્તુ તેની થઇ અથવા થવી જોઇએ એ હકીકતની,

સદરહુ ફેંસલો કીંવા હુકમ કીંવા હુકમનામુ નીરણયકારક સાબીતી છે.

૪૨ કલમ એકતાલીસમાં બતાવ્યા છે તે શીવાયના ફેંસલા હુકમ કીંવા હુકમનામામાં જો આ

ત્રીજા પક્ષકાર વચેના કામનો ફેંસલો કીંવા હુકમ કીંવા હુકમનામુ ક્યારે ઘેરલગતુ હોય ને ક્યારે ન હોય તે વીશે.

લતી ચોકશીને લગતી સારવજનીક પ્રકારની બાબત સબંધી હોય તો તે ફેંસલા, હુકમ કીંવા હુકમનામાં લગતાંછે એમ સમજવું પરંતુ એવા ફેંસલા, હુકમ કીંવા હુકમનામાં તેમાં લખેલા મ જકુરની નીરણયકારક શાબીતી છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંતો

પોતાની જમીન ઉપર પ્રવેશ કરયા બદલ અ એ બ ઉપર દાવો કરયો બ નુ કહેવુ એવું છે કે તે જમીન ઉપર સારવજનીક હકનો રસ્તો છે. પરંતુ એ વાત અ નાકબુલ કરે છે,

એજ જમીન ઉપર પ્રવેશ કરયા બદલનો દાવો અ એ ક ઉપર કરયો હતો તે કામમાં ક એ જવા આવવાનો એવોજ હક છે એવી તકરાર કરી હતી તે કામમાં પ્રતીવાદી તરફનું થએલું હુકમનામુ લગતુ છે પરંતુ જવા આવવાનો સદરહુ હક છે એ વાતની તે હુકમનામુ નીરણય કારક સાબીતી થતી નથી.

બીજા ફેંસલા વીગરે લગતા નથી.

૪૩. કલમ ૪૦, ૪૧ તથા ૪૨ માં જણાવેલા છે તે શીવાયના બીજા ફેંસલા, હુકમ કીંવા હુકમનામામાં થયાં છે કે નહી એ મુદાની હકીકત ન હોયં કીંવા આ કાયદાના બીજા કાંઇ ઠરાવ મુજબ તે લગતી હકીકત ન હોય તો તેવા ફેંસલા કીંવા હુકમ કીંવા હુકમનામાં ઘેરલગતી છે એમ સમજવું.

દ્રષ્ટાંતો

(અ) એક આબરૂ લેવા જેવી વાત ઉપરથી અ તથા બ એ બેઉને દોષ લાગે છે તે બદલ અ એ તથા બ એ ક ઉપર જુદા જુદા દાવા બાંધ્યા છે જે વાત આબરૂ લેવા જેવી છે એવું કહેવામાં આવે છે તે ખરી છે એવું ક બેઉ કામમાં કહેછે. અને કેફીયત એવી પ્રકારનીછે કે તે વાત યાતો બેઉ કામમાં ખરી હોવી જોઈએ યાતો બનેમાં ખોટી હોવી જોઇએ, એવો સંભવ થાય છે.

ક એ જે જવાબ આપ્યો તે તેણે સાબીત કરયો નહી એના કારણ ઉપરથી ક ઉપર અ નું નુકશાનનું હુકમનામુ થયુ એ હકીકત બ તથા ક વચેના મુકરદમામાં લગતી નથી.

(બ) અ ની સ્ત્રી ક એની જોડે બ એ છીનાળુ કરયા બદલ અ એ બ ઉપર ફોજદારીમાં ફરીઆદી કરી છે.

ક અ ની સ્ત્રી છે એ વાત બ નાકબુલ કરેછે, પરંતુ બ ઉપર છીનાળાનો ગુન્હો કોરટે સાબીત ઠેરવ્યો.

ત્યાર પછી અ જીવતો છતાં ક એ બ સાથે ફરી લગ્ન કરયું માટે ક ની ઉપર ફોજદારીમાં કામ ચાલે છે ક નુ કહેવું એવું છે જે હુ કોઇ પણ કાળે બ ની સ્ત્રી નહોતી.

બ ની વીરૂધ થએલો ઠરાવ ક ની વીરૂધ ઘેરલગતો છે.

(ક) પોતાની પાસેથી એક ગાય ચોરી લઇ જવા બાબત અ એ બ ઉપર ફોજદારીમાં ફરીયાદ કરી છે બ ના ઉપર ગુનો સાબીત ઠરાવવામાં આવ્યો છે.

બ ના ઉપર ગુનાની સાબીતી થઇ તેના પેહેલાં તે ગાય બ એ ક ને વેચી નાંખી હતી તે લેવાનો દાવો પાછળથી અ એ ક ઉપર કરયો છે બ ના વીરૂધ થએલો ઠરાવ અ તથા ક વચેના કામમાં ઘેરલગતો છે.

(ડ) એક જમીનના કબજાનું અ એ બ ના ઉપર હુકમનામુ મેળવ્યુ છે બ નો છોકરો ક એણે અ નુ ખુન સદરહુ કારણને લીધે કરયું છે.

સદરહુ ફેંસલો છે એ વાત ગુન્હા કરવાનો હેતુ બતાવે છે તે માટે લગતીછે,

ટીકા— કોઇ ફેંસલો થવાની વાત તેની તારીખ, અથવા તેના કાયદાસર પરીણામ સાબીત કરવાને દફતર અથવા સહી સુધાંતની નકલ હાજર કરવામાં આવે તો તે બધાની વીરૂધ નીરણીત પુરાવો છે. આ પ્રમાણે જો કે (અ) ની વીરૂધ ફેંશલો આ આકટમાં ઠરાવેલા પ્રસંગ શીવાય (બ) ની વીરૂધ પુરાવો નહી થાય તોપણ જ્યાં (અ) પોતાના ગુમાસ્તા દાખલ (બ) ના ઊપર ગફલતને શારૂ દાવો બાંધે ત્યાં તે ગફલતના પોતાના થએલા પરીણામ શાબીત કરવાને શારૂ પોતાના ગુમાસ્તા વીરૂધ ત્રીજા શખશે આવા પ્રકારની ગફલતી પરીણામને શારૂ નુકશાન લેવા કરેલા દાવામાં થએલા ફેંશલાનું દફતર પુરાવામાં હાજર કરી શકાય. આ ફેંશલો નુકશાન કેટલુ થયુ તે વીશેનો પુરાવો છે, પરંતુ ઇજાની હકીકત વીશેનો તે પુરાવો નથી, (સ્મીથ લીડીંગ કેશીશ આવૃતી શાતમી, વા૦ ૨ પા૦૭૭૫ તથા ત્યાંહાં ઉતરેલા કેસો જુઓ.) વળી જો હીંદુસ્તાનના ફોજદારી કાયદા પ્રમાણે કોઇ શખશ ઉપર ગુનો રાખવામાં આવ્યો હોય ને તે નીરદોશ ઠરયો હોય, તો તે કામનું દફતર દવેશથી કરેલી ફરીઆદને માટે નુકશાન લેવા ફરીઆદી ઉપર તેણે કરેલો દીવાની દાવામાં નીરદોશ ઠરયાની વાત સાબીત કરવાને નીરણીત પુરાવો થશે, પણ દીવાની દાવાનો પ્રતીવાદી તે ફોજદારી ફરીઆદનો ફરીઆદી હતો એમ પુરાવો થશે નહી ઇઆ દવેશનો કીંવા શંભાવ્ય કારણ નહી હોવાનો પુરાવો થશે નહી, અને પ્રતીવાદી આ પ્રમાણે નીરદોશ ઠરયો છતાં વાદીનો ગુનો સાબીત કરવાને હકદાર થશે [ટેલર પાનું૦ ૧૪૮૦ અને તેમાં બતાવેલા કેશ:—

એવીજ રીતે જામીનના વીરૂધ મેળવેલો ફેંસલો મુખ્ય દેણદારને વાટે તેને જે રકમ ભરવી પડી હોય તે રકમ સાબીત કરવાને તેના ઉપરનો પુરાવ થશે પણ મુખ્યની કસુરને લીધે એ રકમ ભરયાને તે કાયદાસર રીતે જવાબદારીનો પુરાવ થશે નહી બે એ અથવા વધારે સખસો જેમણે એકઠા રહી પઇશા ઉધાર લીધેલાછે ને એકઠુ ખત કરીઆપ્યુ છે તે પઇકી એક જણ ઉપર દાવો બાંધવામાં આવે ને બધુ દેવું આપવુ પડતો તેના કામમાં થએલો ફેંસલો પાછળથી તે પોતાના ભાગીઆ પાશેથી તેમનો હીશો કરે તેમાં તેને જે રકમ આપવી પડેલી તે રકમનો પુરાવો થશે પણ મજકુર ફેંસલો એ ખતના ખરાબપણાનો, એકંદર જવાબદારીની. ઇઆ તેના ભાગીયાઓમાંથી પ્રતીએકનો કેટલો કેટલો હીશોછે તેનો પુરાવ થસે નહી.

૨. (અ) (બ) ને (ક) અમુક જમીનના સહીઆરા માલીક હતા (ક) ના શગીરપણામાં (અ) તથા (બ) એ (સ) ને મોરશીકાનું લીષ્ટ કરીઆપ્યું (ક) ઉમરે આવ્યો એટલે આ લીષ્ટ રદ કરાવવા (અ) (બ) અને (સ) ના ઉપર તેણે દાવો બાંધ્યો તેમાં તે જીત્યો આ ઉપરથી (સ) એ તેમનુ કપટછે એમ બતાવી (ક) ના હીસાના ખરીદીના પઇશાનો એક ત્રતીઆંશ ભાગ પાછો લેવાને દાવો બાંધ્યો તેમાં ઠરાવવામાં આવ્યું હતુ કે પેહેલા કામમાં થએલો ફેંસલો આ પ્રમાણે બતાવેલા કપટનો પુરાવ નથી દુરધાચરણ બટાચારજીને બીજા વીરૂધ શસીભુશનમિત્ર અને બીજો વુ. રી. રમા. કો. દો. રેફ. વા૦ ૫ પાનું ૨૩ ઇનસાફી કામના કોઇ પણ ભાગમાં ઇરાદાથી ખોટો પુરાવો આપવાની તજવીમાં (હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૩) ઇનસાફનું કામ હતુ તે વીશેનો તથા તેના જે ભાગમાં તોહોમતવાળો ખોટો પુરાવો આપવામાં આવેલો તે ભાગ વીશે દફતર પુરાવો થશે એ, એક સામાન્ય નીયમછે ને તે હીંદુસ્તાનમાં તેમજ ઇગ્લાંડમાં કબુલ થએલાછે અને તે પ્રમાણે તે ચાલવામાં આવ્યું કે ફોજદારી કામમાં થએલો ફેંસલો (ખરેખર આબરૂના રૂપે પુરાવા દાખલ અંગીકાર કરવા યોગ્ય છે તે હોય તે શીવાય) જે હકીકતો ઉપરથી તે આપવામાં આવ્યો હોય તે હકીકતોનુ સાચપણુ સાબીત કરવાને દીવાની કામમાં લેઇ શકાય નહી તથા દીવાની કામમાં થએલો ફેંસલો એવાજ કામને માટે ફોજદારી ફરીઆદમાં લેઇ શકાય નહી ટેલર પા૦ ૧૫૦૫ નીચ

નંદ સુરગા અને બીજા, વી. કાશીનાથ નીયાલનકા વું, રી, સીવીલ રૂલીંગ વા. ૫ પા. ૨૬ બી શીનાથ નીઓગી વી. હરગોવીંદ નીઓગી અને બીજા, વુ. રી. સીવીલ રૂલીંગ વા. ૫ પા. ૨૭ કેરા માતુલા ચોધરી વી. ગોલા મહોહન વું. રી. શીવીલ રૂલીંગ ૯ પા. ૭૭ અલીબક્ષ દાકતર અને બીજા, વી. શેખસમીરૂદીન, બં. લા. રી. શીવીલ રૂલીંગ વા. ૪ પાનું ૩૧

હીંદુ વીધવાઓ તથા બીજા સખસો જેમને જે મીલકતમાં પુરો સ્વતંત્ર હક ન હોય તે સખસોએ તે મીલકત પરસ્વાધીન કરી આપ્યાનુ કૃત્ય મીલકત રદ કરાવાની ફરીઆદોમાં મજકુર કૃત્ય જરૂરી કામને સારૂ કરવામાં આવ્યું હતુ કે નહીં એ સવાલ ઘણી વખત ઉઠાવામાં આવે છે આ જરૂરીઆત સાબીત કરવાને જે કેફીયતને સબંધે દેવું કરવામાં આવ્યુ હોય ને જે દેવાનાં હુકમનામાં થયાં હોય, તે કેફીયતનો પૂરાવો આપીઆ વગર મજકુર હુકમનામાં ઘણી વખત હાજર કરવામાં આવેછે આ ઉપર કહેલા ધોરણ મુજબ માલમ પડશે કે આ હુકમનામાં જો કે આપેલી રકમનો સબળ પુરાવોછે તોપણ તે જરૂરીઆત દરશાવનારી હકીકતોનો તે પુરાવ નથી ને ઓછામાં ઓછો પરસ્વાધીન કરી આપનાર સખસોની તરફથી તો નથીજ. બાબુ કુનતા લાલ અને બીજા વી. મનમોહન ઠાકુરના કામમાં (રેવન્યુ શીવીલ એન્ડ ક્રીમીનલ રીપોરટર વા. ૫ પાનુ ૨૬૬ સ્મા. કો. વુ. રી. વા. ૯ પાનુ ૪૫૯)

અ તથા બ એક હીંદુ કુટુંબના આદમીઓ તેમના ઉપર મીથાલાનો કાયદો ચાલતો હતો તેમણે કરજ કરયુ એક લેણદારે અ તથા બ ઉપર દાવો આણી પોતાના લેણાનું એક હુકમનામુ મેળવ્યુ આ હુકમનામાની બજાવણીમાં વડીલો પારજીત મીલકતનો થોડોક ભાગ વેચવામાંઆવ્યો ને તે મ એ રાખ્યો; કેટલાક વરસ પછી અ તથા બ જે હજુ જીવતા હતા તેમને દાવાના પક્ષકાર કરી તેમના છોકરાઓએ આ પ્રમાણે પરસ્વાધીન ગએલી મીલકત લેવાને એવા સબબથી દાવો આંણ્યો કે કરજ મજકુર જરૂરી કામને સારૂ કરવામાં નહોતુ આવ્યુ. પણ અનીતીવાન કામને માટે કરવામાં આવ્યુ હતુ મ એ તકરાર લીધી કે જે હુકમનામાની બજાવણીમાં મજકુર મીલકત વેચાઇ હતી તે હુકમનામુ થવાની વાત, એ કામમાં મને લાગતું વલતું છે. તે ટલે સુધી જરૂરીયતનો જોઇએ તેટલો પુરાવો છે. અને તે હુકમનામાની તથા ટંટાના રૂપ ઉપરથી દેખાતી હકીકતો ઉપરાંત જઇ બાપે કરજે કાઢેલી રકમો શી રીતે ખરચાઇ તે બરોબર બતાવી આપવાનું મને કહી શકાતુ નથી. કલકતા હાઇ કોરટનો એવો અભીપ્રાય થયો કે હુકમનામુ બસ નથી અને જરૂરીઆતનો જાસ્તી પુરાવો આપવો જોઇએ આવો પુરાવ નહીં આપવાથી મ ઉપર હુકમનામુ કરી આપવામાં આવ્યું મ એ તે ઉપર પ્રીવીન કાઉનશીલમાં અપીલ કરી તેમાં હાઇકોરટનો ઠરાવ ફેરવવામાં આવ્યો, જડજોએ એવી ટીકા કરી કે—"બજાવણીના વેચાણનો ખરીદદાર હુકમનામુ કોરટે વ્યાજબી રીતે કરીઆપ્યું છે કે નહી તથા હુકમનામુ કરીઆપીને તેની રૂએની બજાવણીમાં એ મીલકત કોરટે વ્યાજબી રીતે વેચાવી છે કે નહી તેની ખાતરી કરવા હુકમનામા ઉપરાંત તજવીજ કરવા બંધાએલા નથી એમ આગળ બતાવવામાં આવેલુ છે કે જો હુકમનામુ વ્યાજબી હોયતો મીલકત જો કે તે વડીલો પારજીત હોય તો પણ તેમાં છોકરાઓનો તથા બાપનો હક બાપનું કરજ આપવાને જવાપદારછે હમને લાગેછે કે એ બજાવણીની રૂએનો ખરીદદારને ફકત એટલીજ તજવીજ કરવાની હતી કે એ હુકમનામું એ બે અકસ્યોના ઉપર થયું કે નહીં. અને જો એ હુકમનામું યોગ્ય રીતે તે સખસો ઉપર કરી આપ્યું હોય તો તેં મજકુર હુકમનામું પુરૂ કરવાને યોગ્ય રીતે જવાપદાર હતી કે નહી એ કરતાં જાસતી તજવીજ કરવાની નોહોતી એટલીજ તજવીજ કરયા પછી અને શુધ બુધીથી બજાવણીમાં મજકુર મીલકત વેચાણ રાખીછે અને શુધ બુધીથી તેની વ્યાજબી,કીમત આપીછે તો પછી વાદીઓને આગળ આવી મજકુર હુકમનામાં તથા બજાવણીની રૂએ જે કાંઇ કરવામાં આવયું હોય તે રદ કરવાનો અને પ્રતીવાદી પાશેથી મીલકત પાછી લેવાનો હક નથી." (બં. લા. રી. વા.

૧૪ પા. ૧૯૯ સમા. કો. વુ. રી. વા. ૨૨ પા. ૫૫) ભદ્રીલાલ વી. કનતીલાલના કામમાં (વુ. રી. વા. ૨૩ પા. ૨૬૦)જયાં કુટુંબને મીતાક્ષરાનો કાયદો લાગુ હોવાનું કહેવામાં આવયું હતું તેમાં ઉપરના જેવી હકીકતમાં ઉપર મુજબનું ધોરણ લાગુ કરવામાં આવ્યું હતું. સઈય ૬ લુતફ હુસન અને બીજા વી૦ કરશનલાલ અને બીજાના કામમાં વુ૦ રી૦ વા૦ ૨૩—પાનુ ૪૨૪.) એક હીંદુ વીધવાએ તેના બે નાની ઉમરના છોકરાના વાલી તરીકે રૂપઇઆ હજાર એક દેખીતા તેમના ફાયદાને સારૂં તેમના લગનને સારૂં કરજે લીધા હતા. બે વરસ પછી આ નાણુંના ધીરનારે આ ધીરેલાં નાણુંને માટે એક તરફી દાવામાં એ નાની ઉમરના છોકરાઓ ઉપર હુકમનામું મેળવ્યું અને તેણે બજાવણી કઢાવીને વડીલો પારજીત મીલકતમાં છોકરાઓનો આઠ આનીનો હીસ્સો જપત કરીને તે વેચવાનું કરતો હતો. આ મીલકત બચાવવાને સારૂં માએ ખાનગી કરારથી આ આઠ આનીના હીસ્સામાંથી અડધી મીલકત રૂ. ૨,૫૦૦ ને માટે વેચી ઉપજેલી રકમનો થોડો ભાગ આપી હુકમનામું મેળવ્યું. બે છોકરાઓ પૈકી એક જણે ઉમર લાયક થયો એટલે વેચેલી મીલકતમાંથી પોતાના અડધા ભાગની મીલકત પાછી મળવા એવી તકરારથી દાવો બાંધ્યો કે મીલકત ગજકુરનું વેચાણ કરવા જેવી જરૂરીઆત નોહોતી ઉપરના ગીસલીનાં કાયદા મુજબનો પ્રીવીકાંઉનસીલનો ઠરાવ આ ઠેકાણે લાગુ નથી; એમ ઠરાવવામાં આવ્યું. અને હાઇ કોરટની ધ્યાનમાં એમ આવ્યું કે ખરીદદારની એમ શાબીત કરવાની ફરજ છે કે, જ્યારે મુળ કરજ વીધવાએ કરયું તે વખતે છોકરાઓના લાભને અરથે તે કરયું હતું. આ કામ નીચલી અપીલ કોરટના જડજ ઉપર એવી તજવીજ કરવાને સારૂં પાછું મોકલવામાં આવ્યુ કે જેના ઉપર શાબીતીનો બોજો હતો તે તેણે જે હુકમનામાની રૂઇએ બજાવણી કઢાવી હતી. તે હુકમનામું છોકરાઓના હકની મીલકત ઉપર પણ બંધનકારક છે એમ શાબીત કરાવ્યું હતું કે નહીં.

૪૪ કોઇ ફેંસલો કીંવા હુકમ કીંવા હુકમનામુ કલમ ૪૦—૪૧ કીંવા ૪૨ મુજબ લગતુ હોય તથા તેની શાબીતી સામા પક્ષકારે કરી હોય; તે જે કોરટે કરયું તેને કરવાનો અધીકાર નોહોતો કીંવા તે દગલબાજીથી નોહોતો કીંવા તે દગલબાજીથી કીંવા દગાભરેલા સંપથી મેળવ્યુંછે. એવું કોઈ દાવાનો કીંવા બીજા કામના પક્ષકાર બતાવી શકેછે.

દગલબાજી દગાભરેલો સંપ તથા કોરટને અધીકાર નથી એ વાતની સાબીતી કરી શકાયછે.

ટીકા—સને ૧૮૭૨ ના આકટ ૯ હીંદુસતાનના કરારના કાયદામાં દગલબાજીના લક્ષણો નીચે પ્રમાણે બતાવ્યાંછે.

કોઇ ઈકરારના કોઇ પક્ષકારને કીંવા તેના મુખતીઆરને ફરેબ દેવાના તથા કરાર રજુ કરવાને લલચાવાના ઈરાદાથી સદરહુ ઈકરારના બીજા પક્ષકારે કરેલા અથવા તેણે આંખ આડા કાન કરવાથી થયેલા અથવા તેના મુખતીયારે કરેલાં નીચે લખેલાં કત્યોને દગલબાજી સમજવી તથા દગલબાજી એ શબ્દમાં સદરહુ નીચે લખેલા કત્યોનો સમાવેસ થાયછે એમ સમજવું.

દગલબાજીનાં લક્ષણો

(૧)એકાદી વાત ખરી નહીં છતાં તે ખરીછે એવું જે માનતો નથી તે સખશને વાત ખરીછે, એ મુજબ સુચવે એ કત્ય.

(૨) કંઈ એક વાત કોઈ સખશના જાણ્યામાં કીંવા માન્યામાં હોય તે સખશ કાંઈ કત્ય કરીને તે વાત છુપાવે, એ કત્ય.

(૩) વચન પુરૂ કરવાનો ઈરાદો બીલકુલ નહી છતાં વચન આપવું એ કત્ય.

(૪)ફરેબમાં નાંખે એવું બીજુ કાંઇ પણ કત્ય.

કરવું કીંવા ન કરવું એ દગલબાજી છે એમ કાયદામાં વિશેષે કરીને ફરમાવ્યું હોય તે કૃત્ય કરવું કીંવા ન કરવું.

ખુલાશો—કોઇ સખશે કરાર કરવાની ઇછા રાખવી કે ન રાખવી એનો જે વાત ઉપર આધાર હોવાનો સંભવ હોય તેવી વાત વીશે માત્ર મુંગા બેશી રેહેવું એ દગલબાજી થતી નથી; પણ જ્યારે તે કામની હકીકત એવી હોય કે ને ઉપર વીચાર રાખતાં મુગુ બેશનારે બોલવું જોઇએ એ તેનો ધરમછે ત્યારે કીંવા કંઇ ન બોલવું એમ બોલ્યા જેવું હોય ત્યારે માત્ર મુંગુ બેશવું એ પણ દગલબાજીછે એમ સમજવું.

"દગા ભરેલો સંપ";ના લક્ષણોમાં બતાવામાં આવ્યુંછે કે કોઇ ત્રીજા સખશને નુકશાન કરવાને કીંવા કોઇ બીજા અયોગ્ય કામ સારૂ કંઇક કૃત્ય કરવાની બે અથવા વધારે સખશો બ એની તે એક કબુલત ઇચા સંતલસછે."ઇનસાફી કામોમાં દગા ભરેલો સંપ એ બે સખશો વચેની એવી છાની કબુલતછે કે તેમાંના એક જણે કંઇક દુસ્ટ કામને સારૂ કોઇ ઇનસાફની કોરટનો ઠરાવ મેળવવાને માટે બીજા ઉપર દાવો બાંધવો, તે સંપ બે જાતનો હોયછે.—(૧) જ્યારે કોરટના ફેસલાના આધારમાં બનાવેલી બીનાઓ બનેલી ન હોય તે; (૨) જ્યારે એ બીનાઓ બનેલી હોય પણ મજકુર ફેંસલો મેળવવાના ઉઘાડા કામ સારૂ દુસ્ટ ભાવે આગળથી ગોઠવી રાખી હોય તે.

"કોઈ દાવાનો કીંવા બીજા કામનો પક્ષકાર છતી." એ આ કલમના શબ્દોમાં નિરદોશ તથા ગુનેહગાર બંને જણના પેહેલા દાવાના પક્ષકારોનો સમાવેશ થાયછે. એ શબ્દોમાં 'ગુનેહગારોનો સમાવેશ કરવાનો ઇરાદો હતો કે નહી એ શક ભરેલું છે; પરંતુ જુવો રામ શરણ સીંઘ અને બીજા, વી, મસામત પ્રાનપીયારી અને બીજા વું. રી. સીવીલ રૂલીંગ વા. ૧—પા. ૧૫૬.

ત્રાહીત સખશોના અભિપરાય ક્યારે લગતા હોયછે.

૪૫ પારકા દેશના કાયદાની કોઈ બાબત વીશે અથવા સાસતર કીંવા કળાની કોઇ બાબત વીશે અથવા અક્ષર ઓળખવા વીશે કોરટને જ્યારે અભીપ્રાય બાંધવાના હોય ત્યારે તેવા બીજા દેશના કાયદામાં કીંવા સાસતરમાં કીંવા કળામાં જે સખશો વીસેશે કરીને કુશળ હોય તેવા સખશોના તે બાબત વીશેના અભીપ્રાય લગતી હકીકતોછે.

કુશળ માણુસના અભીપ્રાય

એવા સખશોને કુશળ માણસ કહેછે.

દ્રસ્ટાંતો

(અ) તકરાર એવીછે કે **અ** નું મરણ જેહેરથી થયું છે કે કેમ.

જે જેહેરથી **અ** મરણ પામીઆનું ધારવામાં આવેછે તે જેહેર ખાધાથી જે લક્ષણો થતાં હોય તે બાબત કુશળ માણસોના અભીપ્રાય લગતાછે.

(બ) તકરાર એવીછે કે 'એક અમુક કૃત્ય કરતી વખતે પોતે કેવા પ્રકારનું કૃત્ય કરેછે અથવા પોતે જે કરેછે તે ખોટું કીંવા કાયદા વીરૂધછે એવું સમજવાને **અ** દીવાનગીના સબબથી અશકત હતો કે કેમ.

રોગનાં જે લક્ષણો **અ** માં દેખાતાં હતાં તે લક્ષણો જ્યાં માલમ પડે ત્યાં દીવાનાપણું બહુ કરીને હોયછે કે કેમ તથા એવા દીવાનાપણાથી પોતે જે કૃત્ય કરે તે પ્રકાર સમજવાને કીંવા જે પોતે કરેછે. તે ખોટુ તથા કાયદા વીરૂધછે એમ સમજવાને લોકો ઘણું કરીને અશકત થાયછે, કે કેમ એ વીશેના કુશળ માણસોના અભીપ્રાય લગતાછે.

(ક) તકરાર એવીછે કે અમુક દસ્તાવેજ **અ** એ લખ્યોછે કે કેમ બીજો એક દસ્તાવેજ **અ** એ લખેલો સાબીત કરવામાં આવ્યોછે કીંવા અંગીકાર કરવામાં આવ્યોછે; તે દસ્તાવેજ હાજ

ર કરવામાં આવીયાછે.

બેઉ દસ્તાવેજ એકજ સખશે લખીયાછે કીંવા જુદા જુદા સખશોએ લખીયાછે એ વીશેનાં કુશળ માણસોનાં અભીપ્રાય લગતાછે.

ટીકા—કુશળ માણસોની સાક્ષીને ઘણી સાવચેતીથી અંગીકાર કરવાનીછે, તે એટલા માટે નહીકે અનુંભવથી એમ માલમ પડયું છે કે તે લોકો તેમની ધારણામાં આવતી હોય તે વાત જાણી જોઇને ખોટી રીતે કહેછે પણ તે એટલા માટે કે તેમના અભીપ્રાય કેટલેક દરજ્જે એ બાબતની એકજ બાજુ ઉપર તેમનું લક્ષ રેહેવાથી બગડી ગયેલા હોયછે, તેથી જો કે તેમનું દીલ સાફ હોય તોપણ ખરો અભીપ્રાય બતાવવાને તેઓ અશકતછે. લોરડ કાંમ્પ બેલ બોલ્યા કે "જે પક્ષમાં તેઓને નાખીયા હોયછે તે પક્ષને પુષ્ટી આપવા તેમના મન ઉપર એવા વલણથી તેઓ આવેછે કે તેમની સાક્ષી ઉપર ભાગ્યેજ કંઇ વજન રાખવું જોઇએ" ટરેસા પીયરેજ કેસ. કલારક એન્ડ ફાઇનેલીસ રીપોરટસ વા૦ ૧૦—પાનું ૧૯૧૦ કુશળ માણસોના અભીપ્રાય વીશે કલમ ૬૦ નો પેહેલો વીશેશ ઠરાવ પણ જુઓ.

કુશળ માણસના અભીપ્રાય સાથે સબંધ રાખતી હકીકતો.

૪૬ જો હકીકતો બીજી રીતે લગતી ન હોય તે હકીકતો ઉપરથી જો કુશળ માણસના અભીપ્રાય જ્યારે લગતા હોય ત્યારે તેને પુસ્ટી મળતી હોય કીંવા તે અભીપ્રાય મજકુરની વીરૂધ હોય તો હકીકત મજકુર લગતી છે, એમ સમજવું.

દ્રષ્ટાંતો.

અ તકરાર એવી છે કે અમુક જાતનુ ઝેર અ ને આપ્યું હતું કે કેમ.

બીજા માણસોને એવી જાતનું ઝેર આપ્યું હતું તેઓમાં જે અમુક લક્ષણો દેખાતાં હતા તે સદરહુ ઝેહેરના છે કીંવા તોં નથી એવો કુશળ માણસોનો અભીપ્રાય હોય એ હકીકત લગતી છે.

બ અમુક બંધારાથી બંદરને હરકત થાય છે કે કેમ એવી તકરાર છે.

બીજા બંદરો બીજી તાને આ બદર જેવાંજ છે, પરંતુ ત્યાં એવા બંધારા નથી. તે બંદરોને પણ તેજ વખતેથી હરકત થવા લાગી એ હકીકત લગતી છે.

ટીકા—દ્રષ્ટાંત બ ફોકસ વી૦ ચાડના કેશમાથી લીધેલું છે. ડુગ્લાસ રીપોરટસ વા૦ ૩, પાનું ૧૫૭.

૪૭ અમુક દસ્તાવેજ કયા સખસે લખ્યોછે, કીંવા તેના ઉપર કોણે સહી કરી છે એ વીશે

અક્ષર વીશે અભીપ્રાય

કોરટને જ્યારે અભીપ્રાય બાંધવાનો હોય ત્યારે જે સખસે તે દસ્તાવેજ લખ્યાનું કીંવા તેના ઉપર સહી કરયાનું ધારવામાં આવતું હોય તે સખસના અક્ષરની જે સખશને માહીતી હોય તે સખસ તે દસ્તાવેજ સદરહુ સખસે લખ્યો છે કીંવા નથી લખ્યો અગર તેનાઉપર સદરહુ સખસે સહી કરીછે કીંવા નથી કરી એવો અભીપ્રાય આપે તે અભીપ્રાય લગતી હકીકત છે.

ખુલાશો—જ્યારે કોઈ એક સખસે કોઇ બીજા સખસને લખતાં જોયા હોય ત્યારે કીંવા જ્યારે તેણે પોતે કીંવા તેના પોતાના હુકમ ઉપરથી જે દસ્તાવેજ લખ્યા હોય અને તે સદરહુ બીજા સખશ ઉપર સરનામું કરીને મોકલીઆ હોય ને દસ્તાવેજના જવાબમાં સદરહુ બીજા સખસે લખેલા છે એવા મજકુરના દસ્તાવેજ તેના ઉપર આવ્યા હોય ત્યારે કીંવા જ્યારે સદરહુ બીજા સખસે લખેલા છે એવા મજકુરના દસ્તાવેજ તેની પાસે કામને સાધારણ

પ્રસંગે આવવાની રીતી હોય આરે તે સખસને સારકુ બીજા સખસના અક્ષરની માહીતી છે એમ સમજવું.

દ્રષ્ટાંતો.

તકરાર એવીછે કે અમુક પતર અ નામના લંડનમાંના એક વેપારીના હાથનુંછે કે કેમ.

બ એ કલકતા મધે વેપારીછે તેણે અ ના નામના પતો લખીયાછે તથા અ એ લખીયાછે એવા મજકુરના પત્રો તેના ઉપર આવીયાછે ક એ બ નો મેહુતોછે તેનું કામ બ નાજે કાગળ પત્ર આવે જાય તે તપાસવાનું તથા તેને ફાઇલ કરવાનુંછે ડ જો બ નો દલાલછે ને અ ના લખેલાછે એવા મજકુરના જે પતરો બ ની પાસે આવતા તે ડ ની સાથે વીચાર કરવાને તેને બ હમેશાં બતલાવતો હતો.

બ ક તથા ડ પણકી કોઇએ અ ને લખતાં કદી જોયો ન હોય તોપણ તકરારી પતર અ ના હાથનો લખ્યોછે કે નહી એ બાબત જે અભીપ્રાય બ ક તથા ડ આપે તે લગતોછે.

ટીકા—અક્ષર સાબીત કરવાની પાંચ રીતોછે,—(૧) ઘણીજ સુગમ રીત એછે કે લખનારને પોતાને સાહેદીમાં બોલાવવો પરંતુ લખનારને પંડે બોલાવવો એ અવસ્ય જરૂરનુંછે એમ કંઇ કારણ નથી કારણકે જેણે તેને લખતાં દીઠો હોય તેની સાહેદી પણ લખનારના જેટલીજ એ બીના જે પેહેલા દરજાનો પુરાવોછે. (૨) જે સખશની ખરેખર એ કાગળ કીંવા સહી લખતી જો ઇ હોય તેને કીંવા તેને તે શાબીત કરવા બોલાવી શકાય (૩) જેણે એ સખશને બીજી વખતે લખતો જોવાથી એ સખશના તકરારી અક્ષરનું જાણપણું કીંવા માહીતગારી મેળવી હોય તેજ સાહેદીને બોલાવી શકાય. (૪) જેણે કામના સાધારણ પ્રસંગે શાબીત કરેલા દસ્તાવેજ અથવા જે દસ્તાવેજો જે સખશના અક્ષર બોકરીનો વીશય હોય તે શખસે લખેલાછે એવું યોગ્ય રીતે અનુમાન થઈ શકતુ હોય તે દસ્તાવેજ જોવાથી અક્ષરનું જાણ પણું મેળવ્યું હોય તે સાહેદની સાહેદીથી અક્ષર શાબીત કરી શકાય ફીટઝજ વાલટર પીરેજ કેસમાં (કલારક એન્ડ રીનેલીસ રીપોરટસ વા. ૧૦ પા. ૧૯૩) એમ ઠરાવવામાં આવ્યું હતું કે જેણે અક્ષરનું જાણ પણું કામને પ્રસંગે મેળવ્યું ન હોય પણ ખરા કબુલ કરવામાં આવેલા અથવા સાબીત કરેલા પણ લખનારને ઓળખવાના સ્પસટ કામને સારૂ હાજર નહી કરેલા એવા દસ્તાવેજો ઉપર કરેલી સહીઓ ઘણી વખત જોવાથી મેળવ્યું હોય તે સાહેદીની સાહેદી પુરાવામાં લેવા યોગ નથી. પણ જ્યારે કુટુંબનો મુખતીયારને બોલાવવામાં આવ્યો ને તેણે કહ્યું કે કામના પ્રસંગે જુદે જુદે વખતે એજ વડુવાએ લખેલાં કીંવા સહી કરેલા ઘણા લેખો તથા દસ્તાવેજો તપાસવાનો તક મળવાથી અક્ષરનું જાણ પણું મેં મેળવ્યુંછે, તે વખત આ સબળ પુરાવ ગણવામાં આવ્યો (૫) બે અથવા વધારે લખતોનો મુકાબલો કરવાથી અક્ષર શાબીત કરી શકાય.

હક કીંવા રીવાજછે કીંવા નથી એ બાબતનો અભીપ્રાય કએ પ્રસંગે લગતો હોયછે.

૪૮ અમુક સામાનીય રીવાજ કીંવા હકછે કે કેમ એ બાબત જ્યારે કોરટને અભીપ્રાય બાંધવાનો હોય ત્યારે રીવાજ કીંવા હક મજકુર હોયતો જે સખશોને તેની માહીતી હોવાને સંભવ હોય તે સખશો તેવો રીવાજ કીંવા હકછે કીંવા નથી એ બાબત જે અભીપ્રાય આપે તે લગતાછે.

ખુલાશો—"સામાનીય રીવાજ કીંવા હક" એ શબ્દોમાં જે રીવાજ કીંવા હક કોઇ એક વરગના ઘણા લોકોમાં સામાનીય હોય તે હક કીંવા રીવાજનો સમાવેશ થાયછે.

દ્રષ્ટાંતો

અમુક કુવાનું પાણી અમુક ગામના ગામવાળાઓનો વાપરવાનો હકછે એ આ કલમના અરથ મુજબ સામાનીય હકછે.

વહીવટ સંપ્રદાય વીગેરે બાબતનો અભીપ્રાય કયારે લગતો હોયછે.

૪૯ કોઈ પંકતીના માણસોનો કીંવા કોઇ કુટંબનો વહીવટ તથા સંપ્રદાય કેવા પ્રકારનાછે.

અથવા ધરમ સબંધીની કીંવા ધરમાદા સબંધીની કોઇ સ્થાપનાને અરથે નીમેલો ધરમાદા જ કેવી રીતે સ્થાપેલોછે તથા તેની વ્યવસ્થા કેવે પ્રકારે ચાલેછે એ બાબત

અથવા અમુક જીલ્લામાં કીંવા અમુક વરગના લોકોમાં જે શબ્દ કીંવા બોલ વપરાતા હોય, તેનો અરથ શો થાયછે' તે બાબત,

કોરટને જ્યારે અભીપ્રાય બાંધવાનો હોય ત્યારે તે બાબતની માહીતી હોવાને જે સખશોને વીશેષ રીતના સાધનો હોય તે સખશોના અભીપ્રાય લગતાછે.

સગપણ બાબતનો અભીપ્રાય કયા રે લગતો હોયછે.

૫૦ એક સખશનું બીજા સખશ જોડે શુ સગપણછે, એ બાબત કોરટને અભીપ્રાય બાંધવાનો હોય, તો જે સખશને તે કુટુંબનું માણસ હોવાને લીધે, કીંવા બીજા કારણને લીધે, સગપણ મજકુર વીશેની માહીતી થવાને વીશેશ રીતના સાધનો હોય, તે સખશની સગપણ મજકુર સબંધીની વરતણુક ઉપરથી જે અભીપ્રાય દેખાઇ આવે તે લગતોછે; પરંતુ "ઇંડીઆના ડાઈ વોરસ (એટલે છેડો આપવા બાબતના) આક ૮" મુજબ જે કામ ચાલતું હશે તે કામનાં, કીંવા હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૪૯૪, ૪૯૫, ૪૯૭ કીંવા ૪૯૮ મુજબ ચાલતાં કામમાં સદરહુ અભીપ્રાય લગન સાબીત કરવા જેટલો પુરતો ગણવો નહીં.

દ્રષ્ટાંતો

(અ) તકરાર એવીછે કે ક્ષ તથા ય નું લગન થયું હતું કે કેમ, તેઓના સનેહી તેઓને ધણી ધણીઆણી સમજીને તે પ્રમાણે હમેશાં તેઓની સાથે વરતતાં હતાં એ હકીકત લગતીછે.

(બ) તકરાર એવીછે કે ક્ષ એ ય નો કાયદેશર છોકરોછે કે કેમ તે કુટુંબનાં માણસો અ કાયદેસર છોકરો હોય એ પ્રમાણે તેની સાથે હમેશાં વરતતાં હતાં એ હકીકત લગતીછે.

ટીકા.—મહમદ નલાનું અનુમાન કાયદેસર પણાની તરફેણમાં એટલું મજબુત છેકે કોઇ બાઇઆની સાથે કાયદેશર બાઇ તરીકે વરતવામાં આવ્યાનો ઘણોજ થોડો પુરાવો કાયદેશર પણું સાબીત કરવાને બસ થશે. નીચેના ફેસલા જોવા:—બાકા લીહાઆતુસા વી૦ રાય જાનખાન મ, મુરસ ઇંડીઅન અપીલ્સ વા૦ ૩—પા૦ ૨૯૫ મહમદ બાગીલ હોસનખાન બહાદુર વી૦ શરાફનીશા બેગમ, મુરસ ઇંડીઅન અપીલ્સ વા૦ ૮—પા૦ ૧૩૬ મસામત નવાબાનીસા અને બીજા વી૦ મસામત ફઝલુનીસા. મારશ રીપોરટસ—પા૦ ૪૧૮ અશરાફુનીસા વી૦ મસામત અઝીમા વુ૦ રી૦ સીવીલ રુલીંગ વા૦ ૧—પા. ૧૭ રાણી રોનશ બાનુન વી૦ રાજા સઇયદ ઇનાયત હોશેન વુ૦ રી૦ સીવીલ રુલીંગ વ૦ ૫—પા૦ ૪ જગતસીંગજી વી૦ જેરસીંગજી, મુરસ ઇંડીઅન અપીલ્સ વા. ૩—પા. ૬૧૦

અભીપ્રાયના કારણો ક્યારે લગતાં હોયછે.

૫૧ જ્યારે કોઇ હયાત હોય એવા સખશનો અભીપ્રાય લગતો હોય, ત્યારે એવા અભીપ્રાયનો આધાર જે કારણો ઉપર હોય તે કારણો પણ લગતાંછે.

દ્રષ્ટાંતો.

પોતાનો અભીપ્રાય બાંધવાને સારુ જે પ્રયોગો કોઇ કુશળ માણસે કરયા હોય તે પ્રયોગોનો હેવાલ તે કુશળ માણસ આપી શકેછે.

ટીકા—ઘણીક વખતે જે કારણો ઉપર અભીપ્રાયનો આધાર હોય તે કારણો જોવામાં આવ્યાથી અભીપ્રાય ખરોછે કે ખોટો તેનો સારી રીતે નિશ્ચય કરી શકાય. શટીફનસન વી. ટાઈન નદીના કમીશનરોના કામમાં વુ૦ રી૦ વા, ૧૭—પા. ૫૯૦) એમ ઠરાવવામાં આવ્યું હતું કે કુશળ સાહેદી મેં મારો અભીપ્રાય બાંધીયો એમ કહી શકે એટલુંજ નહીં, પણ તે અભીપ્રાય ઉપર

હું આલ્યો એમ કહી શકે, કારણ કે તે ઉપર ચાલ્યાની વાત એ અભીપ્રાયની સચાઈની મજબુત પુરાવોછે. જે કંઈ માણસ કહે તેના કરતાં જે કંઈ તે કરે તે તેના અભીપ્રાયનો હમેશ વધારે સારૂ પુરાવો છે.

કોઈ શખસની ચાલ ચલણ ક્યારે લગતી છે.

દીવાની કામમાં વરતણુંક સાબીત કરવાને સારૂ ચાલ ચલણ લગતી નથી

૫૨ કોઈ ચાલતા કામ સાથે સબંધવાળા સખશે અમુક રીતની વરતણુંક કરયાનું કહેવામાં આવ્યું હોય તે સખસની ચાલ ચલણ એવી છે કે તે ઉપરથી તેણે સદરહુ વરતણુંક કરયાનો સંભવ છે કે નહીં એ માલમ પડેછે. એ હકીકત દીવાની કામમાં ગેર લગતીછે પરંતુ જે હકીકતો બીજી રીતે લગતી હોય તે ઉપરથી સદરહુ પ્રકારની જેટલી ચાલ ચલણ માલમ પડતી હોય તેટલી ચાલ ચલણ લગતીછે એમ સમજવું.

ફોજદારી કામમા આગલી સારી ચાલ ચલણ લગતીછે

૫૩ તોહોમતવાળો સખશ સારી ચાલ ચલણનોછે એ હકીકત ફોજદારી કામમાં લગતીછે.

ગુનાની સાબીતી પેસતર થઇ હતી એ વાત ફોજદારી કામને લગતીછે પણ ચાલ ચલણ પેસ્તર ખરાબ હતી લગતી નથી તો પણ તે પ્રતી ઉતર લગતી છે.

૫૪ તોહોમતવાળા ઉપર પેસ્તર કોઇ એક ગુનહાની સાબીતી થએલીછે, એ હકીકત ફોજદારી કામમાં લગતીછે. પરંતુ તેની ચાલ ચલણ ખરાબછે. એ હકીકત ગેર લગતી છે. તથાપી તેની ચાલ ચલણ સારીછે. એવો પુરાવો આપવામાં આવ્યો હોય તો તેની ચાલચલણ ખરાબછે એ વાત લગતી થાયછે

ખુલાશો—અમુક સખશની ચાલ ચલણ ખરાબછે એજ વાત જે કામમાં મુદાની હકીકત હોય તે કામને આ કલમ લગતી નથી.

ટીકા—ખરાબ ચાલ ચલણનો સાધારણ પુરાવ પહેલ વહેલો ફરીઆદી તરફથી અને કેદી વીરૂધ આપી શકાતો નથી એ નીયમ પ્રમાણેનો આ આકટ થતાં પહેલાંનો હીંદુસ્તાનમાં ચાલેછે રાણી વી૦ બિહારી ડોસાધ અને બીજા બું. રી. ક્રી. રુલીંગ વા૦ ૭ પાને ૭ રાણી વી૦ ગોપાલ ઠાકુર બું. રી. ક્રી. રુલીંગ વા૦ ૬ પ૦ ૭૨ રાણી વી૦ ફુલચંદ અને બીજાને બું. રી૦ ક્રી૦ રુલીંગ વા૦ ૮ પ્ર. ૩૬

આ કલમનો ખુલાસો સન ૧૮૭૦ ના આકટ ૧૦ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના બાબ ૩૮ (કલમો ૫૦૪—૫૧૭) ના સબંધમાં વાંચો; તે બાબ મુજબ મુફશીલમાં પ્રસીધ રીતે ખરાબ આદતના ભયભરેલી ચાલ ચલણવાળા સખશોને સારી ચાલ ચલાવા બાબતના જામીન આપવાનું ફરમાવી શકાયછે ને જો જામીન ન આપેતો કેદમાં મોકલી શકાયછે,

જે ચાલ ચલણ ઉપરથી નુકશાનની રકમમાં કમી જાસ્તી થતું હોય તે ચાલ ચલણ બાબત.

૫૫ કોઇ સખશની ચાલ ચલણ એવા પ્રકારની હોય કે તે ઉપરથી જે નુકશાન તેને મળવાનું હોય તે નુકશાનની રકમ કમી જાશતી થાય તો તેની ચાલ ચલણ દીવાની કામમાં લગતીછે.

ખુલાશો—ચાલ ચલણ એવા શબ્દ કલમ ૫૨,૫૩, ૫૪ તથા ૫૫ માં લખેલાછે તેમાં આબરૂ તથા સ્વભાવ એ બેઉનો શમાવેશ થાયછે પરતુ જે પુરાવો આપવાનો તે માત્ર લોકોમાં સાધારણ રીતે આબરૂ કેવીછે તે વાતનો તથા સાધારણ રીતે સ્વભાવ કેવોછે તેનોજ આપી શકાયછે જે અમુક કૃત્ય ઉપરથી આબરૂ કીંવા સ્વભાવ દેખાઇ આવ્યો હોય તે અમુક કૃત્યનો પુરાવો આપી શકાય નહી.

ટીકા—આ કલમથી હકીકતોના લાગુપણાની સાથે સબંધ રાખનાર આ આકટના ભાગનો બંધ

વળેછે કમીશરોએ તઇઆર કરેલાં આ કાયદાના ખરડામાં નીચેની કલમ હતી જ્યારે કોઇ હકીકત લાગુછે એમ આ આકટમાં ઠરાવવામાં આવ્યુ હોય તો તેથી મજકુર હકીકત ઉપર કાંઇ વજન ન રાખવું તે કોઈ પણ રીતે બતાવવાનો કોરટનો હેતુ નથી. આ બાબત તદન કોરટની મુખતીઆરીનીછે." આ નવા આકટમાં આ સ્પસ્ટ ઠરાવ રાખવાનું જરૂર ધારવામાં નહોતુ આવ્યુપરંતુ તેની અંદર બતાવેલું ધોરણ તે સબબથી જરાએ ઓછું ધીયાનમાં રાખવાનુ નથી. પુરાવો લેવા લાયકછે કે નહી ઇયા તે લાગુછે કે નહી એ સવાલ મજકુર પુરાવો લીધા પછી તે ઉપર શું વજન રાખવું જોઈએ તે સવાલથી તદન જુદોજછે,

પુરાવો હાજર કરવા વીશે જે ધોરણો ચાલેછે તેનું ચાર નીયમો પાડી અંગરેજી આ પુસ્તકના ટીકાકારો બયાન કરેછે

૧ પુરાવો આરોપની સાથે મળતો આવવો જોઈએ, પણ જો મુદાઓનો સારાંશ સાબીત કરવામાં આવેતો તે બશ થશે.

૨ પુરાવ મુદાની બાબતો ઉપરજ હોવો જોઈએ.

૩ વસ્તુ હાકાર કરનાર ઉપર સાબીતીનો બોજોછે

૪ ઉતમ પુરાવો આપવો જોઇએ

આ નીયમોમાંનો બીજો આ આકટનો ભાગ ૧ જે હકીકતોના લાગુ પણા વીશે બયાન કરેછે તે ભાગની સાથે મળતોછે ત્રીજો નીયમ આગળ ભાગ ૩ ના બાબ ૭ ના ઠરાવોમાં આવી ગએલો માલમ પડસે ચોથો નીયમ આગળ ભાગ ૨ ના બાબ ૪ તથા પાંચનો મતલબછે પરંતુ ઉપર કહેલો ૧ લો નીયમ આ આકટમાં દાખલ કરેલો નથી ને બેશક એટલાજ માટે કે તે પુરાવાનો નીયમ નહી ગણતાં કામ ચલાવવાની રીતનો નીયમ ગણવામાં આવ્યો હતો તો પણ પુરાવાની બાબત ઉપરના ઘણા ખરા લખનારાઓએ તેમના પુશતકમાં આ નીયમ દાખલ કરયો છે અને મુખ્યત્વે કરીને હીંદુસ્તાનમાં આ અમુક નીયમની ગફલત ઉપર અપીલ સાંભળનારી ઉચામાં ઉચા દરજાની કોરટોએ ઘણી વખત ટીકા કરીછે તેથી તેના અરથ તથા લાગુપણા વીશે થોડાક ઠરાવો નીચે પ્રમાણે આપવામાં આવેછે.

૧ સરીમતીદાશી વી. રાણીલાલના મણિના કામમાં (મુરશ ઈંડીયન અપીલ્સ ૧૨ પાને ૪૭૫) પ્રીંવી કાઉનશીલના મેંબરો બોલ્યા કે "પક્ષકારો કે જેમની વચેની તકરારનો નીકાલ એક તરફની સમજ ઉપરથી વ્યાજબી ઈનસાફ થઇ ગયો હોય તે પક્ષકારોને આ સભા આગળ આવી નીચેની કોરટમાં જે આધારો ઉપર કદી વીચાર કરવામાં આવ્યો હોય તે લેવામાં આવ્યા ન હોય અથવા તેની તજવીજ કરવામાં આવી ન હોય તેવા આધારો ઉપરથી અપીલનો નીરણય કરવાની કોશીશ કરવા દેવી તે બીગાડ કરતાછે એમ અમારી ધ્યાનમાં આવે છે."

૨ ઇશાન ચંદર શીંઘ વી. શામા ચરણભાડાના કામમાં (મુરશ ઈંડીયન અપીલ્સ વા. ૧૧ પાને ૨૧) ટીકા કરવામાં આવી છે,

ભાગ ૨ જો.

સાબીતી બાબત.

બાબ ૩ જો.

કઇ હકીકતો સાબેત કરવાની જરૂર નથી.

કોરટ ન્યાયાધીકારની રૂઈએ ધીયાનમાં રાખે તે હકીકતનો પુરાવો આપવાની જરૂર નથી.

૫૬ જે હકીકત ન્યાયાધીકારની રૂએ કોરટ ધયાનમાં રાખે તેવી હકીકતો સાબેત કરવાની જરૂર નથી-

ટીકા—પુરાવો લેવાને કમીશન મોકલાય છે—બધે પ્રસંગે ખુદ કોરટની આગળજ આપવા ની જરૂર નથી દીવાની કામોમાં કમીશનથી પુરાવો લેવા દેવાની કામ ચલાવવાની રીતનો કાયદો પ્રકરણ ૨૫ અને ફોજદારી કામોમાં ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૩૦ જોવી.

કલમ ૫૭ હકીકતો કોરટે ન્યાયાધીકારની રૂહેએ ધ્યાનમાં રાખવી. — નીચે લખેલી હકીકતો કોરટે ન્યાયાધીકારની રૂહેએ ધ્યાનમાં રાખવી.

(૧) જે કાયદા કીંવા કાયદાના જેટલા અમલવાળા નીયમો બ્રીટીશ ઈંડીયાના કોઈ પણ ભાગમાં હોય કીંવા હાલ સુધી અમલમાંછે કીંવા હવે પછે અમલમાં આવે તેવા સરવે કાયદા કીંવા નીયમો;

(૨) જે સારવજનીક આકટો પારલામેંટે પસાર કરયા છે કીંવા હવે પછે કરશે તે શરવે આકટો તથા સ્થાનીક તથા અમુક સંબંધ સબંધી જે આકટો ન્યાયાધિકારની રૂહેએ ધ્યાનમાં રાખવાનું સદરહુ પારલામેંટે ફરમાવ્યું હોય તેવા સરવે આકટો.

(૩) મહારાણીની ખુશકી લશ્કરની તથા દરીઆઈ ફોજને સારૂ કરેલા લશકરી કાયદા.

(૪) સદરહુ પારલામેંટનું કામ ચલાવવાની તથા હીંદુસ્તાનની કાઉનશીલના આકટ મુજબ અથવા તે બાબત વખતો વખત જે કાંઈ બીજો કાયદો હોય તે મુજબ કાયદા તથા કાનુન કરવા સારૂ સ્થાપન કરેલી કાઉનસીલનું કામ ચલાવવાની રીત.

ખુલાસો—રકમ (૨) તથા (૪) માં પારલામેંટ એ શબ્દ છે તેમાં નીચે મુજબની સભાઓનો સમાવેશ થાય છે.

(૧) ગરેટબ્રીટન તથા આયરલાંડના સંયુકત રાજયની પારલામેંટ.

(૨) ગરેટબ્રીટનની પારલામેંટ.

(૩) ઈંગલાંડની પારલામેંટ.

(૪) સ્કાટલાંડની પારલામેંટ

(૫) આયરલાંડની પારલામેંટ.

(૫) ગરેટબ્રીટન તથા આયરલાંડના સંયુકત રાજનો વખતો વખત જે સનાધીશ હોય તેણે રાજપદ કયારે પ્રાપ્ત થયું તે તથા તેના હસ્તાક્ષરની સહી હોય તે.

(૬) ઈંગલાંડ દેશની કોરટે જે શીકા ન્યાયાધીકારની રૂહેએ ધ્યાનમાં રાખે તે સરવે શીકા તથા ગવરનર જનરલ ઈનકાઉંસીલની કીંવા કોઈ સ્થાનીક સરકારની કાઉનશીલના હુકમથી સ્થાપન થએલી બ્રીટીશ ઈંડીઆ માંહેની ... બ્રીટીશ ઈંડીઆ બાહેરની સરવે કોરટના શીકા તથા એડમીરાલટી તથા વાઈસએડમીરાલટી કોરટના શીકા તથા નોટરી પબલીકના શીકા તથા જેણે ... કરેલા કાયદા અમલમાં પારલામેંટ કીંવા બીજા કોઈ પણ આકટ તથા કાયદા ... શીકા વાપરવાનો અધીકાર મળેલો હોય તે શરવે શીકા.

(૭) બ્રીટીશ ઈંડીઆના કોઈ પણ ભાગમાં ... સરકારી હોદો આપવામાં આવેલો જે ... ગેઝેટમાં કીંવા કોઈ સ્થાનીક સરકારના ... ગેઝેટમાં જાહેર થયું હોય તેવા જે માણસો વખત વખત શદરહુ મુજબના હોદા ઉપર હોય તે માણસોને તેઓ મજકુર પ્રાપ્ત થવાની વાત તથા તેમના નામો તથા હલકાબ તથા કામ, અખતિયાર તથા સહી.

૮ બાગરસ સરકારે જે સંસ્થાન કીંવા સના સનાધીશને માન્ય કરયો હોય તે સંસ્થાન કીંવા સનાધીશ હોવાની વાત તથા તેનો ઈલકાબ, તથા તે મુલકનો સરકારી વાવટો.

૯ કાળના વિભાગ તથા ભુગોળવિદ્યા સબંધી પ્રથવીના વીભાગ તથા સરવજનીક તહેવારના દીવશો તથા ઉપવાસના દીવશો તથા જે રજાના દીવશોની શરકારી ગેઝેટમાં જાહેર ખબર આપી હોય તે.

૧૦ બ્રીટીશ રાજ્યના અમલ તળેના મુલક

૧૧ બ્રીટીશ શરકાર તથા બીજી કોઇ શરકાર કીંવા માણુશની મંડળી વચેની લડાઇની શરૂઆત તથા તે ચાલતી હોય તે વાત તથા તેનો અંત.

૧૨ કોરટના સભાસદ તથા અમલદારનાં નામો. તથા તેના ડેપ્યુટીઓના તથા તાબાના અમલદારોના તથા આસીસ્ટંટોના નામો, તથા કોરટની પ્રોશેશ અમલમાં લાવવાનું કામ કરનાર સરવે અમલદારોનાં નામો તથા સરવે એડવોકેટ તથા આટરની તથા પ્રાકટર તથા વકીલ તથા પ્લીડર તથા કોરટની રૂબરૂ હાજર થવાનો કીંવા કામ ચલાવવાના કાયદાથી જે બીજા સખસોને અધીકાર હોય તેઓનાં નામો.

૧૩ રસ્તા બાબતની રૂલ.

સદરહુ સરવે બાબતમાં તથા સારવજનીક ઇતિહાસ, વીદ્યા. શાસ્ત્ર; કીંવા કળા એ બાબતના સરવે કામોમાં પણ કોરટ યોગ્ય પુસ્તકની કીંવા દાખલા જોવાના દસ્તાવેજની મદદ લેવાને મુખત્યાર છે.

કોઇ હકીકત ન્યાયાધીકારની રૂઇએ ધ્યાનમાં લેવાનું કોઇ સખસ કોરટને કહે તો તે પ્રમાણે કોરટ કરી શકે તેને સારૂ કોરટને જે પુસ્તકની કીંવા દસ્તાવેજની જરૂર ગણાય તે પુસ્તક કીંવા દસ્તાવેજ સદરહુ માણુસ હાજર ન કરે તો તથા કરે ત્યાંહાં સુધી હકીકત મજકુર સદરહુ પરમાણે ન્યાયાધીકારની રૂઇએ ધ્યાનમાં લેવાનું ના કબુલ કરવાને કોરટ મુખતીઆર છે.

અંગીકાર કરેલી હકીકતો બાબત.

૫૮ કોઇ પણ કામના પક્ષકારો કીંવા તેઓના મુખત્યારો જે હકીકત મુકરદમાની સુનાવણી વખતે અંગીકાર કરવાનું કબુલ કરે કીંવા સુનાવણીની પહેલાં પોતાની સહી સાથે લખી આપેલા લેખ પરથી જે હકીકત અંગીકાર કરવાને તેઓ કબુલ કરે. કીંવા જે હકીકત તેઓએ પોતાના જાબ જવાબ ઉપરથી અંગીકાર કરી છે. એવું એવા જાબ જવાબ બાબતના જે વખતના ચાલુ નીયમો પ્રમાણે ગણાતું હોય તે હકીકત શાબીત કરવાની જરૂર નથી, પરંતુ કોરટની નજરમાં યોગ્ય જણાય તો સદરહુ અંગીકાર કરેલી હકીકત અંગીકાર શીવાય બીજી કોઇ રીતે શાબીત કરી આપવાનું પક્ષકાર મજકુરને ફરમાવવાને કોરટ મુખ્તીઆર છે.

———

ભાગ ૪.

મુખજુબાની પુરાવા બાબત.

મુખજુબાની પુરાવથી હકીકતો શાબેત કરવા બાબત.

૫૯ દસ્તાવેજમાંના મજકુર શીવાય સરવે હકીકતો મુખજુબાની પુરાવાથી શાબીત કરી શકાય છે.

મુખજુબાની પુરાવો પ્રત્યક્ષ જોઇએ.

૬૦ હરકોઇ જાતના તમામ કામોમાં મુખજુબાની પુરાવો પ્રત્યક્ષ હોવો જોઇએ એટલે.

જો પુરાવો મજકુર જે હકીકત જોવાઇ શકાંતી હતી તે હકીકત વીશે હોય તો હકીકત મજકુર પોતે જોઇ છે એવું. જે શાહેદ કહે તેની શાહેદી આપવી જોઈએ.

જો પુરાવો મજકુર જે હકીકત સાંભળી શકાતી હતી તે હકીકત વીશે હોય તો હકીકત મજકુર પોતે સાંભળી છે એમ જે શાહેદ કહે તેની શાહેદી આપવી જોઇએ.

જો પુરાવો મજકુર જે હકીકતનું જ્ઞાન બીજી કોઇ ઇંદ્રીવડે કીંવા કોઇ બીજી રીતે થઇ શકતું હતું તે હકીકત વીશે હોય, તો હકીકત મજકુરનું જ્ઞાન,પોતાને તે ઇંદ્રીવડે કીંવા તે રીતે થયું છે એમ જે શાહેદ કહે તેની શાહેદી આપવી જોઈએ.

જો પુરાવો મજકુર અમુક અભીપ્રાય વીશે કીંવા જે કારણ ઉપરથી તે અભીપ્રાય ઠરાવવામાં આવ્યો હોય તે વીશે હોય તો જે સખસનો તે કારણ ઉપરથી તેવો અભીપ્રાય હશે તે સખસની શાહેદી આપવી જોઇએ.

પરંતુ એવું ઠરાવવામાં આવ્યું છે કે જે ગ્રંથો વેચવા સારૂં મુકવામાં સાધારણ રીતે આવતા હોય તેમાં-કુશળ માણસોના લખેલા અભીપ્રાયની તથા જે કારણ ઉપરથી તે અભીપ્રાય બંધાયા તે કારણોની શાબીતી તે ગ્રંથો હાજર કરીને કરી શકાય છે પણ એ મુજબ કયારે થાગે કે જ્યારે તે ગ્રંથકાર મરણ પામ્યો હોય કીંવા તે મળી શકતો ન હોય કીંવા શાહેદી આપવાને તે અશક્ત થયો હોય કીંવા ઘણો વખત લાગ્યા શીવાય અથવા ઘણો ખરચ કરયા શીવાય તેને હાજર કરાતો ન હોય અને તેવું કરવું કોરટને યોગ્ય દેખાતું ન હોય ત્યારે.

અને વળી એવું પણ ઠરાવ્યું છે કે મુખજુબાની પુરાવો જો દસ્તાવેજ શીવાય બીજો કોઇ જંગમ પદારથ છે કે નહીં તે વીશે અથવા તેની સ્થીતી હોય તો કોરટને યોગ્ય જણાયાથી તે પદારથ પોતાને તપાસવા સારૂં હાજર કરવાનો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે

બાબ ૫ મો.

દસ્તાવેજી પુરાવા બાબત.

દસ્તાવેજના મજકુરની શાબીતી.

૬૧ દસ્તાવેજના મજકુરની શાબીતી અવલ પુરાવાથી કીંવા દોયમ પુરાવાથી કરી શકાય છે.

ટીકા—આ કલમ સ્ટાંપ અને રજીસ્ટ્રેશન બાબતના કાયદાને બાધક કરતા નથી, કેવે પ્રસંગે દસ્તાવેજને રજીસ્ટર કરાવ્યા વગર ચાલેજ નહીં તેને માટે સને ૧૮૭૭ ના આક્ટ ૩ જાની કલમ ૧૭ જોવી. અને કેવે પ્રસંગ તે પ્રમાણે રજીસ્ટર કરાવવા આગર ન કરાવવા એ મરજી ઉપર છે તેને માટે કલમ ૧૮ જોવી.

અવલ પુરાવો.

૬૨ કોરટ તપાશે તે સારૂં હાજર કરેલા ખુદ દસ્તાવેજને અવલ પુરાવો સમજવો.

ખુલાશો ૧ લો—કેટલાએક ભાગો મળીને જો એક દસ્તાવેજ થયો હોય તો દરેએક ભાગ દસતાવેજ મજકુરનો અવલ પુરાવો છે એમ સમજવું.

જ્યારે કોઇ દસતાવેજ સામા લેખ સહીત થયો હોય અને તે પ્રત્યેક સામો લેખ પક્ષકારોમાંથી એક કીંવા કેટલાએક પક્ષકારેએજ માત્ર કરી આપ્યા હોય, ત્યારે તે પ્રત્યેક સામો લેખ તે કરી આપનાર પ્રત્યેક પક્ષકાર વીરૂધ અવલ પુરાવો છે એમ સમજવું.

ખુલાશો ૨ જો—ઠસ્સા છાપથી. કીંવા શીલા છાપથી કીંવા ફોટોગ્રાફીથી જે પ્રમાણે ઘણા દસતાવેજ બને છે તે પ્રમાણે જયારે એકજ એક સરખી કીરીયા વડે ઘણા એક દસતાવેજ થયા હોય, ત્યારે તે પ્રતીએક દસતાવેજ બાકીના બીજા દસ્તાવેજોના મજકુરનો અવલ પુરાવો છે, પરંતુ જયારે શદરહુ સરવે દશતાવેજો એકજ અસલ દશતાવેજોની નકલો હોય ત્યારે તે દસતાવેજો શદરહુ અશલ દશતાવેજના મજકુરનો અવલ પુરાવો થતો નથી.

દ્રષ્ટાંતો

એવું બતાવવામાં આવ્યું છે કે એક માણસના કબજામાં ઘણાં જાહેરનામાં છે. અને તે શરેને એક અશલ ઉપરથી એકી વખતે છાપથી છાપેલાં છે. શદરહુ જાહેરનામાં પઇકી હરકોઈ એક જાહેરનામું બીજા હરકોઇ જાહેરનામાના મજકુરનો અવલ પુરાવો છે, પરંતુ શદરહુ અશલ જાહેરનામાના મજકુરનો સદરહુ જાહેરનામા પઇકી કોઇ પણ જાહેરનામું અવલ પુરાવો થતો નથી.

ટીકા—દશતાવેજ કરી આપ્યા પછી તેમાં ફેરફાર કરયાની અશર.

દશતાવેજમાં દગલબાજી ભરેલા અથવા બીન અખતીઆરી ફેરફારથી દશતાવેજ મજકુર તદન નિરૂપયોગી થશે. મી૰ ટેલર કહે છે કે "આ બાબતને લગતો કાયદાનો નીયમ એ છે કે લેખી દશતાવેજમાં કોઈ પણ અગત્યનો ફેરફાર પછી ગમે તો કોઇ એક પક્ષકારે કરયો હોય અથવા ત્રાહીત શખશે કરયો હોય તે દશતાવેજ મજકુરના કાયદેશરપણાને નાશકારક છે પણ તે ફેરફાર દશતાવેજ મજકુર કરયા પછી તથા તે ફેરફારથી નુકશાન પામનાર પક્ષકારના જાણપણા બહાર થએલો હોવો જોઇએ અને વળી એ ફેરફાર કરતી વખતે દશતાવેજ મજકુર તેનો અમલ કરવા માગનાર પક્ષકારના કબજામાં, અથવા ઓછામાં ઓછો તેના અખતીઆરમાં હોવો જોઈએ. ટેલર પા૰ ૧૬—૧૭ કોઇપણ ફેરફાર અલબત શક ભરેલો છે. અને દગલબાજીનુ અનુમાન ઉતપન કરેછે આ બાબત ઉપર મશાહુર ખુબ કોનવર વી૰ બાબુ મુકન રગુશીંગ ગુરશ ૯ ડીઅન અપીલ્સ વા૰ ૯—પાને ૧૭ માં પ્રીવી કાંઉનશીલે ટીકા કરી છે કે "એમ કબુલ કરાય કે જે પક્ષકાર જે દશતાવેજ તેની તકરારનો જરૂરી ભાગ હોય તે દશતાવેજ દેખીતો ફેરફાર વાળી અને શક ભરેલી સ્થીતીમાં રજુ કરે તે પક્ષકાર દશતાવેજ મજકુરની હયાત સ્થીતીનો જો સંતોશકારક રીતે ખુલાશો ન કરી આપે તો તે પુરાવાની નકલ તથા શક ભરેલા રૂપને લીધે તે હારેલો ગણાય પણ જો આ દશતાવેજથી અલગ એ દેખીતા અને અનુમાનીક પુરાવાના ખોટા પાડનાર વીરૂધ જે અનુમાન ઉતપન થાય તે અનુમાન રદ કરવાને જોઇએ તેટલી મજબુત પુશટીકારક શાબીતી હોય તો આ ઉપર કહેલા નીયમમાં અપવાદ આવેછે અને જો આ શક પડતા દશતાવેજની મુળ સ્થીતી તથા મતલબ શાબીત કરી શકાય એવો પુરાવ શામા પક્ષકારે દબાવી રાખ્યો છે એમ ધારવાનો શબબ હોય તો આવા પક્ષકારની પુશ્ટીકારક શાબીતી વધારે મજબુત થશે' પણ બીન જરૂરી ફેરફાર પછી ગમે તો દશતાવેજ મજકુરના પક્ષકારે કરયો હોય તોપણ તેથી દશતાવેજ રદ થતો નથી આકુઢશ વી૰ ડારનલવેલ હા૰ રીપોરટરસ કવીન્શ બેનચ વા૰ ૩ પાનુ ૫૭૩

દોયમ પુરાવો.

૬૩ દોયમ પુરાવાનો અરથ નીચે લખ્યા પ્રમાણે છે અને તેમાં નીચે લખેલી વસ્તુનો શમાવેશ થાય છે.

(૧) આ આકટમાં હવે પછી જે નીયમો કહેલા છે તે પ્રમાણે આપેલી દાખલાવાળી નકલો.

(૨) યંત્રક્રીયાવડે અશલ ઉપરથી કરેલી નકલો જ્યારે તે યંત્ર ક્રીયા ઉપરથી ખરીજ નકલ થાય એવું હોય ત્યારે તથા એવી યંત્રક્રીયા વડે કરેલી નકલો શાથે મુકાબીલ કરેલી નકલો.

(૩) અશલ ઉપરથી કરેલી કીંવા અશલ જોડે મુકાબીલ કરેલી નકલો.

(૪) દસ્તાવેજના શામા લેખ, જે પક્ષકારે તે કરી ન આપ્યા હોય તે પક્ષકાર વીરૂધ.

[૫] જે સખશે કોઇ દસ્તાવેજ પોતે જાતે જોયો હોય તેણે તે દસ્તાવેજના મજકુરનો મુખ જુબાની કહેલો હેવાલ.

દ્રષ્ટાંતો

અ અશલ દસ્તાવેજ તથા તેનો ફોટોઆફ એ બેઉને મુકાબલ કરયા ન હોય તોપણ શ

દરહુ અશલ દસ્તાવેજના મજકુરનો ફોટોગ્રાફ મજકુર દોયમ પુરાવો છે પરંતુ જે વસ્તુ ઉપરથી ફોટોગ્રાફ મજકુર લીધો હોય તે અશલ હતી. એવું શાબીત થવું જોઇએ.

બ નકલ કરવાના યંત્રવડે કોઇ કાગળની કરેલી નકલ જોડે મુકાબીલ કરેલી નકલ તે કાગળ માંહેના મજકુરનો દોયમ પુરાવો થાય છે. પરંતુ શદરહુ નકલ કરવાના યંત્રે કરેલી શદરહુ નકલ અશલ મજકુર ઉપરથી કરી છે એવું બતાવવું જોઇએ.

ક નકલ ઉપરથી કરેલી કોઈ નકલ પછાડીથી અશલ જોડે મુકાબીલ કરી હોય; તો તે દોયમ પુરાવો થાય છે પરંતુ તેને એ પ્રમાણે મુકાબીલ કરી ન હોય તો તે અશલ દસ્તાવેજનો દોયમ પુરાવો નથી, પછી જે નકલ ઉપરથી તે કરવામાં આવી હોય તે નકલ અશલ જોડે મુકાબીલ કરી હોય તોપણ;

ડ અશલ જોડે મુકાબીલ કરેલી નકલનો મુખ જુબાની હેવાલ કીંવા અશલ ઉપરથી લીધેલા ફોટોગ્રાફ કીંવા યંત્રવડે કરેલી નકલનો મુખ જુબાની હેવાલ શદરહુ અશલ દસ્તાવેજનો દોયમ પુરાવો નથી.

ટીકા—દોયમ પુરાવાના જુદા જુદા દરજ્જા નથી—રકમ (૫) જયારે એક વખત દોયમ પુરાવો લેવા યોગ્ય હોય તો કાયદો એક જાતના દોયમ પુરાવામાં અને બીજી જાતના દોયમ પુરાવામાં તફાવત ગણતો નથી; પછી ગમેતો કોઇ પક્ષકાર જે દસ્તાવેજના મજકુરનો મુખ જુબાની પુરાવો આપતો હોય તો તેની પાશે વધારે શારો પુરાવો છે એમ બતાવવામાં આવે તોપણ જેમકે અશલની મુકાબીલ કરેલી નકલ આ પ્રમાણે કરનાર પક્ષકારની શુધબુધ્ધિ વીશે વીરૂધ અનુંમાનનો શબબ થઇ શકે. પરંતુ કલમ ૬૫ માં અમુક દસ્તાવેજને શાબીત કરવામાં કેવા પ્રકારનો દોયમ પુરાવો વાપરવો તે વીશે કેટલીક ચોકશ સુચનાઓ આપેલી છે.

દસતાવેજને અવલ પુરાવાથી શાબીત કરવા જોઈએ

૬૪ હવે પછી જે પ્રસંગો કહ્યાછે તે સીવાય બીજે પ્રસંગે દસ્તાવેજને અવલ પુરાવાથી સાબીત કરવા જોઇએ.

કુવે પ્રસંગે દોયમ પુરાવો આપી શકાય છે.

૬૫ કોઇ દશતાવેજ છે કીંવા નથી એ વાતનો તથા દસતાવેજની સ્થીતીનો તથા તેના મજકુરનો દોયમ પુરાવો નીચે કહેલે પ્રસગે આપી શકાયછે.

(અ) જે સખશની વીરૂધ દસતાવેજ સાબીત કરવાની ઇછા હોય તે સખસના કીંવા જે સખશને કોરટનો હુકમ પોહોચી શકતો નહી હોય કીંવા તે હુકમને તે તાબે ન હોય તે શખશના.

કીંવા તે દસતાવેજ હાજર કરવાની જે સખશને કાયદાથી ફરજ હોય તે સખશના કબજામાં કીંવા અખતીઆરમાં અશલ દસતાવેજછે એવું જ્યારે બતાવવામાં આવે કીંવા એવું માલમ પડે ત્યારે,

તથા જ્યારે કલમ ૬૬ મી માં કહેલી નોટીશ પોચા પછી દશતાવેજ મજકુર હાજર કરવા માં ન આવે તીયારે તે પ્રસંગે

(બ) જે સખશ વીરૂધ દસતાવેજ મજકુર સાબીત કરવાનો હોય તે સખશે અશલછે એ વાત કીંવા તેની સ્થીતી, કીંવા તેનો મજકુર લખીતવાર અંગીકાર કરવાનું જ્યારે શાબીત થયું હોય ત્યારે તે પ્રસંગે.

(ક) જ્યારે અસલ દસ્તાવેજનો નાશ થયો હોય ત્યારે, કીંવા તે ખોવાઇ ગયો હોય ત્યારે, કીંવા તેમાં લખેલા મજકુર વીશે જે પક્ષકાર પુરાવો આપવા માગે છે તે પક્ષકાર તેની પોતાની કસુર કીંવા ગફલતથી ઉતપન્ન ન થયું હોય એવા બીજા કોઇ કારણને લીધે યોગ્ય વખત માં તેને હાજર કરી સકતો ન હોય ત્યારે તે પ્રસંગે.

(ડ) જ્યારે અસલ દસ્તાવેજ સેહેલથી ખશેડી શકાય નહીં એવા પ્રકારનો હોય

ત્યારે તે પ્રસંગે.

(ઇ) જ્યારે અસલ દેસ્તાવેજ કલમ ૭૪ મુજબનો સારવજનીક દસતાવેજ હોય ત્યારે તે પ્રસંગે.

(ફ] જ્યારે અશલ દસ્તાવેજ એવો હોય કે આં કાયદા મુજબ કીંવા બ્રીટીશ ઈંડીયામાં કોઇ બીજો કાયદો અમલમાં હોય તે મુજબ તેની દાખલાવાળી નકલ પુરાવામાં આપવાની પરવાનગી હોય ત્યારે તે પ્રસંગે.

(ગ)જ્યારે અશલ દશતાવેજમાં ઘણા હીશાબ તથા દશતાવેજ હોય અને તેની તપાશણી કોરટમાં કરવા સુગમ પડતી ન હોય, તથા શદરહુ શરવે દશતાવેજો મળીને તેનું એકંદર શરવાળે શુ પરીણામ થાયછે એ હકીકત શાબીત કરવાની હોય તીયારે તે પ્રશંગે.

રકમ (અ) (ક)તથા(ડ) માં કહેલે પ્રશંગે દશતાવેજ મજકુરના મજકુરનો હરકોઇ દોયમ પુરાવો લેવા યોગીયછે એમ શમજવું.

રકમ (બ) માં કહેલે પ્રશંગે રકમ મજકુરમાં કહેલો અંગીકાર લેવા યોગીયછે એમ જાણવું

રકમ (ઈ) તથા [ફ) માં કેહલે પ્રસંગે દસ્તાવેજ મજકુરની દાખલાવાળી નકલ લેવા યોગ્ય છે, પરંતુ કોઇ બીજી જાતનો દોયમ પુરાવો લેવા યોગ્ય નથી.

રકમ (ગ) માં કહેલે પ્રસંગે જે શખસે દસ્તાવેજ મજકુર તપાસ્યા હોય, તથા એવા દસ્તાવેજની તપાસણી કરવામાં જે શખશ કુશળ હોય તે શખશની તપાસણીનું એકંદર સરવાળે શું પરીણામ થયું છે એ બાબતનો પુરાવો આપી શકાય છે.

ટીકા—રકમ (અ) કીઆ દસ્તાવેજો હાજર કરવાની શાહેદોની ફરજ નથી.—કલમો ૧૩૦ અને ૧૩૧ જોવી. વળી જે દસ્તાવેજો ઉપર શાહેદનો હક હોય તે દસ્તાવેજો હાજર કરવાની શાહેદ ના પાડી શકે છે. આ રકમનું પરીણામ એ છે કે જો દસ્તાવેજ જે શખશને તે રાખવાનો હક છે તે શખશના હાથમાં હોય તો તે દસ્તાવેજની મજકુરનો દોયમ પુરાવો આપી શકાય નહીં.

આબરૂ લીધા બાબતની ફરીઆદમાં દોયમ પુરાવામાં ખરેખરા શબ્દો આપવા જોઈએ.— રેઈની વી૦ બરેવો. લા રીપોરટસ પ્રી૦ કા૦ વા૦ ૪—પા૦ ૨૮૭. આ કામમાં પ્રતીવાદીએ લાઇબલ પ્રસીધ્ધ કરયા પછી અને તે ઉપર ફરીઆદ મંડાતા પહેલાં જે કાગળમાં એ લાઇબલવાળા શબ્દો લખેલા તે કાગળનો નાશ કરયો. 'તેમાં ઠરાવવામાં આવ્યું હતું કે આબરૂ લીધા બાબતનું લખાણ હયાત નોહોતું તેથી જે શાહેદોએ એ કાગળ વાંચેલો સાંભળેલો તે શાહેદોએ આપેલો એ કાગળના મજકુરનો દોયમ પુરાવો લેવો યોગ્ય છે. પણ ઉપર લખ્યા મુજબ તેમાં વાપરેલા ખરેખરા શબ્દો શાબીત કરવા જોઈએ. તેનો ભાવારથ કે એ શબ્દો ઉપરથી શાહેદોના મનમાં અશર થઈ હોય તે શાબીત કરે ચાલે નહીં. કારણ કે નહીં તો પછી એ લખેલો મજકુર લાઇબલ છે કે નહીં તેના ઇનશાફદારો કોરટ કે જ્યુરી નહીં થતાં શાહેદો થવા જેવું થાય.

રકમ [ક) ખોવાયાની શાબીતી—કોઈ ચીજ ખોવાઈ ગઇ એમ શાબીત કરવાને માટે તે શોધી છે એવો પુરાવો આપવો જોઇએ.

પરંતુ જો કોરટની ખાતરી થાય કે પાકી સોધ કરવામાં આવી છે તો પછી તે શોધ થોડા વખત ઉપર અથવા તે અમુક દાવાના કારણુશર કરવો જોઇએ એમ કાંઈ જરૂર નથી.

પણ નાશ થયાનો, અથવા ખોવાઇ ગયાનો, અને યોગ્ય શોધ કરયાનો સ્પષ્ટ પુરાવ આ

પડે જોઇએ જ્યાં વાદીએ કહ્યું કે ઉંદરે દસ્તાવેજના થોડાક ભાગનો નાશ કરયો છે. અને એ દસ્તાવેજની રજીષ્ટર કરેલી નકલ તથા એ દસ્તાવેજના જે કડકા છે, એમ તે કેહેતો હતો. તે કડકા રજુ કરવા પણ આ પ્રમાણે હવાનો તેણે કંઇ પુરાવો આપ્યો નહી. ત્યાં પ્રિવી કાઉન્સીલે એ દોયમ પુરાવો ન મંજુર કરયો, સઇઅદ આબાસ અલીખાન વી૦ વાહીદ રામી રેડા. મુ૦ ઈ૭ અ૦ વા૦ ૩ પાનુ ૧૫૬.

મુદતનો આકટ—કોઇ પણ મીલકત અથવા હક સંબંધી કબુલતવાળા દસ્તાવેજના મજકુરના, મુખ જુબાની પુરાવો કોઈ પણ કામમાં સને ૧૮૭૭ ની મુદત બાબતના આકટના અમલની બાહાર એ કામને લેઈ જવાના કારણસર આપી શકાય નહીં. જો કે તેની તારીખ વીશે મુખ જુબાની પુરાવો આપી શકાય. સને ૧૮૭૭ ના આકટ ૧૫ ની કલમ ૧૯ જોવી.

દસ્તાવેજ હાજર કરવા બાબતની નોટીશ વીશેના નીયમો.

૬૬ કલમ ૬૫ ની કલમ (અ) માં નોંધ કરેલા દસ્તાવેજોના મજકુરનો દોયમ પુરાવો આપવા જે પક્ષકાર માગતો હોય, તે પક્ષકારે દસ્તાવેજ મજકુર હાજર કરવાની કાયદામાં ફરમાવ્યા મુજબની નોટીસ અથવા કાયદામાં કાંઇ નોટીશ ફરમાવી ન હોય તો તે કામની હેકીકત ઉપરથી કોરટને યોગ્ય જણાય એવી નોટીશ જે સખશના કબજામાં કીંવા અખતીઆરમાં તે દસ્તાવેજ હોય તે સખસને અથવા તેના આડતીઆને અથવા પ્લીડરને પેસતરથી ન આપી હોય તો તે સદરહુ મુજબનો દોયમ પુરાવો આપવો નહીં.

પરંતુ નીચે લખેલા કામો પૈકી કોઇ પણ કામમાં કીંવા જે બીજા કામમાં એવી નોટીશ આપવાની જરૂર નથી એવું કોરટને લાગે તેવા કામમાં દોયમ પુરાવો લેવાઇ શકાય એટલા સારૂં સદરહુ પ્રમાણે નોટીશ આપવાની જરૂર નથી. તે કામો નીચે મુજબ.—

[૧] જે દસ્તાવેજ શાબીત કરવાનો હોય તે દસ્તાવેજ જાતે નોટીસ હોય તે કામમાં.

(૨) જે કામમાં પોતાને દસ્તાવેજ મજકુર હાજર કરવાનું કેહેવામાં આવશે એમ તે કામના પ્રકાર ઉપરથી સામા પક્ષકારને માલમ પડવુંજ જોઈએ તેવા કામમાં.

(૩) અસલ દસ્તાવેજનો કબજો સામા પક્ષકારે દગલબાજી કીંવા જબરાઈથી મેળવ્યો છે એવું દેખાય કીંવા શાબીત થાય તે કામમાં.

(૪) જ્યારે અસલ દસ્તાવેજ મજકુર સામા પક્ષકારની કીંવા તેના મુખ્તીઆરની પાશે કોરટમાં હોય ત્યારે તે કામમાં.

(૫) દસ્તાવેજ ખોવાઇ ગયો છે એવું સામાવાળાએ કીંવા તેના મુખત્યારે અંગીકાર કર્યું હોય તે કામમાં.

(૬) જે સખશને કોરટનો હુકમ પહોંચી શકતો નથી, કીંવા તે હુકમને તે તાબે નથી તે સખશના કબજામાં દસ્તાવેજ મજકુર હોય તે કામમાં.

હાજર કરેલા દસ્તાવેજ ઉપર અમુક માણસે સહી કરી છે અથવા તે તેણે લખ્યો છે એવું કહેવામાં આવે ત્યારે તેની સહીની તથા અક્ષરની શાબેતી થવી જોઇએ.

૬૭ કોઈ દસ્તાવેજ ઉપર કોઇ સખશે સહી કરી છે કીંવા તે સઘળો કીંવા તેનો કાંઇ ભાગ સખશ મજકુરે લખ્યો છે એવું કેહેવામાં આવતું હોય તો તે સહી તે સખશના હાથની છે, એવું અથવા દસ્તાવેજ મજકુરનો જેટલો ભાગ માણસ મજકુરના હાથનો છે એમ કહેવામાં આવતું હોય તેટલા ભાગનું લખાણુ તે સખશના હાથનુંછે એવું સાબેત થવું જોઇએ.

ટીકા—સહીની અથવા હાથના લખાણની શાબીતી.—આનો ઇરાદો એવો થાય કે દસ્તાવેજની સાબીતી બીજી રીતોથી આપવા અટકાવ કરવો જેમકે કાજીની આગીન અંગીકાર કરવાથી. નીલકંઠો પંડીત વી૦ જગો બંધુ ઘોસ બં૦ લા૦ રી૦ આપે વા૦ ૧૨ પાનું ૧૮. આ કામમાં જષ્ટીશ મારકલીએ નીચે મુજબ ટીકા કરી. "એમ જણાય છે કે આ કામમાં જે દસ્તાવેજ ઉપર પ્રતીવાદીની તકરારનો આધાર છે તે દસ્તાવેજની પુષ્ટીમાં આપેલો પુરાવો કાજીનો હતો. જેની આગળ વેચનારે આ ી એ દસ્તાવેજ પોતાનો છે એમ અંગીકાર કરયું હતું. અને તે રજીષ્ટર કરાવ્યો હતો અને તેણી સાથે પોતે એ દસ્તાવેજ કરી આપવા બાબતના શાહેદો લાવ્યો હતો અને એ રીતે રજીસ્ટરેશન આકટના જે ધારા હાલ અમલમાં છે તે ધારા મુજબ બધા સંસકાર કરયા હતા. એ પુરાવા ઉપરથી નીચલી અપીલ કોરટે ઘણી સ્વભાવીક રીતે એમ અનુંમાન કરયું હતું કે દસ્તાવેજ શાબીત થઇ ગયો છે અને આપણે વીચાર કરવાનો માત્ર એજ સવાલ છે કે પુરાવાના આકટની કલમ ૬૭ મુજબ એ પ્રમાણે કરવા કોરટ અટકાએલી હતી કે નહીં. હવે એવી તકરાર કરવામાં આવે છે કે કલમથી એમ જરૂરનું થાય છે કે જે સખશે એ દસ્તાવેજ કરયાનું કેહેવામાં આવતું હોય તેના હસ્તાક્ષરનો પ્રત્યક્ષ પુરાવો જે સખસે એ સહી કરતાં જોઈ હોય તેવા કોઇ સખસે આપવો જોઇએ પણ એ વાત એટલી ખુલાસાથી એ કલમમાં બનાવી નથી. અને મને એમ જણાતું નથી કે કાયદા કરનારી સભાનો એવો ઇરાદો હોય. મને એમ જણાય છે કે આ કલમ માત્ર દસ્તાવેજોની બાબતમાં બધે પ્રસંગે જે સામાન્ય નીયમ છે તે કહી બતાવે છે. જો નિયમ એ છે જે સખશ એ પ્રમાણે કેહેતો હોય તેણે તે શાબીત કરવું જોઇએ. કેવી જાતનો પુરાવો આપવો જોઇએ, તે વીશે એ કલમ કાંઇ પણ નવો ધારો ઠરાવતી નથી. એ બાબતનો જે નિયમ પેહેલો હતો તેજ છે. આ કલમથી આગળની માફક એ દસ્તાવેજ ખરો છે એમ હકીકતના પ્રમુખ ન્યાયાધીકારીની ખાતરી શી રીતે થાય તેનો નીશ્ચય કરવાનું અધીકારી મજકુરની મરજી ઉપર રહે છે.

દસ્તાવેજ ઉપર કાયદા પ્રમાણે શાક્ષી હોવા જરૂર હોય તો તે દસ્તાવેજ થયાની શાબેતી થવા બાબત.

૬૮ કોઇ દસ્તાવેજ ઉપર કયદા પ્રમાણે શાક્ષી થવી જરૂર હોય અને દસતાવેજ મજકુર ઉપરનો શાક્ષી કરનાર સખશ હયાત હોય, તથા કોરટના અમલમાં હોય તથા પુરાવો આપવાને અશકત હોય તો તે દસતાવેજ મજકુર થયાની વાત શાબીત કરવા સારૂં ઓછામાં ઓછો એક શાહેદ પણ બોલાવ્યા શીવાય તે દસતાવેજ પુરાવા દાખલ વાપરવો નહીં.

ટીકા—આવા પ્રકારના દસ્તાવેજોને ઇંડીયન સકશેશન આકટ કલમ ૫૦ મુજબના મૃત્યુ પત્રોછે. જે આકટ સને ૧૮૭૦ના આકટ ૨૧ થી ઇલાકા શહેરો અને લોઅર બંગાલમાં હીંદુઓ, જઇન, સીખલોકો, અને બુધ્ધ લોકોના મૃત્યુપત્રોને લાગુ કરવામાં આવ્યાછે,

સાક્ષી કરનાર સાહેદ મલતો નહી હોય તો કેવી સાબીતી જોઈએ.

૬૯ એવો સાહેદ કોઇ મળી શકતો ન હોય. કીંવા સંયુકત થયેલા ગ્રેટબ્રીટન તથા આયરલંડના રાજ્યમાં તે દસ્તાવેજ થયો છે, એવું દસ્તાવેજ મજકુર ઉપરથી સમજાતું હોય તો ઓછામાં ઓછા એક સાહેદની પણ સાક્ષી તેના હાથની કરેલીછે એવું તથા જે માણસે દસ્તાવેજ લખી આપ્યોછે તેની સહી તેનાજ હાથની છે એવું સાબીત થવું જોઇએ.

૭૦ જે દસ્તાવેજ ઉપર સાક્ષી થઈ હોય તે દસ્તાવેજ જે માણુસે લખી આપ્યો હોય તે

દસ્તાવેજ ઉપર સાક્ષી થઇ હોય તે દસ્તાવેજ થવાનો અંગીકાર.

પોતેજ તે દસ્તાવેજ લખી આપ્યાનું અંગીકાર કરે તો તે અંગીકાર દશતાવેજ મઝકુર થયોછે એ વાતની લખી આપનાર મજકુરની વીરૂધ પુરતી સાબીતીછે એમ સમજવું પછી તે દશતાવેજ એવો હોય કે કાયદા પ્રમાણે તેના ઉપર સાક્ષી થવી જોઇએ તોપણ.

દસતાવેજ ઉપર સાહેદી કરનાર સાહેદ દસતાવેજ થયાનું ના કબુલ કરે તો બીજી સાહેદી આપી શકાયછે.

૭૧ દસતાવેજ થયાંની ઘાત દસતાવેજ ઉપર સાક્ષી કરનાર સાહેદ નાકબુલ કરે કીંવા તેને તે વાત યાદ નહોય તો, સદર હુ દસતાવેજ થયાની વાત બીજા પુરાવ ઉપરથી સાબીત કરી શકાયછે

જે દસતાવેજ ઉપર સાક્ષી થવાની કાયદા મુજબ જરૂર નથી તેની શાબીતી બાબત.

૭૨ જે દશતાવેજ ઉપર સાક્ષી થવાની કાયદા મુજબ જરૂર નથી, તે દશતાવેજ ઉપર સાક્ષી થઈ હોય તો જાણે તે દશતાવેજ ઉપર સાક્ષી થઇજ નથી એમ સમજીને તેની શાબીતી કરી શકાયછે.

અક્ષરના મુકાબલા બાબત.

૭૩ કોઈ સહી કીંવા લખાણ કીંવા શીકો જે સખશે કરયાનું તે ઉપરથી શમજાતું હોય તે સખશે તે શહી કીંવા લખાણ કીંવા શીકો કરયોછે કે કેમ, એ વાતનો નીસ્ચય કરવા સારૂ, જે શહી કીંવા લખાણ કીંવા શીકો શખશ મજકુરનો છે એવો અંગીકાર કરવામાં આવ્યો હોય, કીંવા એવી શાબીતી કોરટની ખાતરી લાયક થઇ હોય તે શહી કીંવા લખાણ કીંવા શીકાનો મુકાબલો, જે શહી કીંવા લખાણ કીંવા શીકો શાબીત કરવાનો છે, તેની જોડે શાબીત કરી શકાય છે; પછી જેની સાથે મુકાબલો લેવાનો છે તે સહી કીંવા લખાણ કીંવા શીકો બીજા કોઇ કારણને સારૂ હાજર કરવામાં આવ્યો ન હોય, કીંવા તેની શાબીતી કરવામાં આવી ન હોય તોપણ.

કોરટમાં હાજર હોય એવા કોઇ સખસે જે શબ્દો કીંવા આંકડા લખ્યાનુ કહેવામાં આવતું હોય; તે શબ્દ કીંવા આંકડા જોડે મુકાબલો કરવા સારૂ સખસ મજકુરને હરકોઇ શબ્દો કીંવા આંકડા લખવાનો હુકમ કરવાનો કોરટ મુખત્યાર છે.

સારવજનીક દસ્તાવેજ.

સારવજનીક દસ્તાવેજ

૭૪ નીચે લખેલા દસ્તાવેજને સારવજનીક દસ્તાવેજ સમજવા.

૧ જે દસ્તાવેજ નીચે લખ્યા મુજબના આકટ હોય અથવા આકટના લેખ હોય તે દસ્તાવેજ.

(૧) રાજ્યના સતાધીશે કીધેલા આકટ કીંવા આકટના લેખ.

(૨) સરકારી મંડળીએ તથા ઇનશાફની કોરટે કીધેલા આકટ કીંવા આકટોના લેખ.

[૩] તથા બ્રીટીશ ઇંડીઆ માંહેના, અથવા માહારાણીના રાજ્યના કોઇ પણ બીજા ભાગ માંહેના અથવા પરરાજ્ય માંહેના કાયદા કરનારા, તથા ઇનસાફ કરનારા, તથા રાજ્યકારભાર ચલાવનારા સરકારી અમલદારોએ કીધેલા આકટ કીંવા આકટના લેખ.

૨ ખાનગી દસ્તાવેજના સારવજનીક લેખ-બ્રીટીસ ઇંડીયામાં રાખ્યામાં આવતા હોય તે.

ખાનગી દસ્તાવેજ.

૭૫ બીજા સરવે દસ્તાવેજોને ખાનગી દસ્તાવેજ સમજવા.

સારવજનીક દસ્તાવેજની દાખલાવાળી નકલો.

૭૬ જે સારવજનીક દસ્તાવેજ તપાસવાનો હર કોઈ સખસનો હક છે તે સારવજનીક દસ્તાવેજ, તે સરકારી અમલદારના હવાલામાં હોય તે દરએક સરકારી અમલદારે તેની નકલ સદરહુ સખસને માગેથી તથા તેને સારૂ કાયદા મુજબની ફી ભરી આપવી. તથા તેની સાથે નકલ મજકુરની તળે એવું એક સરટીફીકેટ લખી આપવું, કે એ નકલ દસ્તાવેજ મજકુરની અથવા તેનો ભાગ હોય તો તેના ભાગની, ખરેખરી નકલ છે, એ સરટીફીકેટની ઉપર સદરહુ અમલદારે તારીખ નાંખવી, તથા તે નીચે પોતાના સરકારી ઓદા સાથે પોતાના નામની સહી કરવી, અને અમલદાર મજકુરને શીકો વાપરવાનો કાયદાથી અધીકાર હોય તો તેના ઉપર શીકો મારવો, એ પ્રમાણે જે નકલો ઉપર દાખલો લખ્યો હોય તે નકલોને દાખલાવાળી નકલો કહેવી.

ખુલાશો—જે અમલદારને સરકારી ઓદાના કામના સાધારણ રીતે આવતા પ્રસંગથી એવી નકલો સ્વાધીન કરવાનો અધીકાર હોય તે, દરએક અમલદારના હવાલામાં એવા દસતાવેજ છે એવો આ કલમનો અરથ સમજવો.

ટીકા—દાખલાવાળી નકલો ઉપર સ્ટાંપ—જુદી જુદી જાતના દસ્તાવેજોના ઉપર સ્ટાંપ ચોડવા બાબત સને ૧૮૭૦ ના કોરટ ફી આકટ પરશીસ્ટ ૧ કલમો ૬, ૭ જોવી. ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાના ઠરાવો મુજબ આપેલી જુદી જુદી જાતના દસતાવેજોની નકલો ઉપર તા૦ ૬ જુન સને ૧૮૭૩ ના નંબર ૯૯૬ ની ઈંડીઆ સરકારની જાહેર ખબરથી સ્ટાંપ ન ચોડવાની છુટ છે એ જાહેર ખબરથી નીચેની નકલો ઉપર સ્ટાંપ ન ચોડવાની છુટ છે.

૧ ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૧૯૯ મુજબ તોહોમતદાર શખસને આપેલા તોહોમતનામાની નકલ અથવા તરજુમા ઉપર

૨ કલમ ૨૦૧ મુજબ તહોમતદાર સખશને આપેલી જુબાનીઓની નકલો ઉપર.

૩ કલમ ૨૭૬ મુજબ જે સખશને તેથી નુકશાન હોય તે સખશને આપેલી ફોજદારી કોરટના ફેંસલાની અથવા હુકમની નકલ ઉપર જો તે સખશ જેલમાં હોય તો અથવા કોરટની ધ્યાનમાં આવે તો.

૪ કલમ ૨૫૭ મી મુજબ તે તહોમતદારને આપેલી શાહેદોની જુબાનીઓની નકલ ઉપર

૫ કલમ ૪૪૬ મી મુજબ તોહોમતદારને આપેલી તોહોમતનામાંની નકલ ઉપર

૬ કલમ ૫૩૮ મી મુજબ આપેલી ભરણ પોશણના હુકમોની નકલો.

એવી નકલો ગુજારવા બાબત.

૭૭ જે સારવજનીક દસ્તાવેજની અથવા સારવજનીક દસ્તાવેજના ભાગની સદરહુ પ્રમાણેની દાખલાવાળી નકલો નકલ છે એવું તે નકલ ઉપરથી સમજાય તે સારવજનીક દસ્તાવેજમાંના અથવા દસ્તાવેજના ભાગમાંના લખાણની સાબેતીમાં સદરહુ પ્રમાણેના દાખલાવાળી નકલો ગુજારી શકાય છે.

ટીકા—૧ દાખલાવાળી નકલો એજ સારવજનીક દસ્તાવેજોના લેવા યોગ્ય માત્ર દોયમ પુરાવો છે. કલમ ૬૫ રકમ (ઇ) જોવી.

જે ચોરી ઉપર (અ) નોહનો તે ચોરી ઉપર કહેવાતા પ્રવેશ કરયા બાબત (અ) એ (બ) ઉપર બાંધેલા દાવામાં ફરીઆદ અરજીની પ્રતીવાદીની લેખી હકીકતની તથા હુકમનામાની દાખ

લાવાળી નકલો એજ ચોરી ઉપર પ્રવેશ કરયા બાબત (બ) એ (બ) ઉપર પાછળથી બાંધેલા દાવામાં પુરાવામાં રજુ કરવામાં આવી જસ્ટીશ પોનટી ફેકશે ફરીઆદ અરજીની તથા હુકમનામાની નકલો રાખી પણ લેખી હકીકતની નકલ નામંજુર કરી. શાહજાદા મહમદ શાહાબુદીન વી૦ વેજબેરા બંગાલા લા. રી૦ આપે વા૦ ૧૦ પાને ૩૧.

બીજા સરકારી દસ્તાવેજોની સાબીતી બાબત.

૭૮ નીચે પ્રમાણેના સારવજનીક દસ્તાવેજ નીચે પ્રમાણે સાબીત કરી શકાય છે.

૧ બ્રીટીશ ઇંડીઆનો રાજ કારભાર ચલાવનાર સરકારના હરકોઇ કારખાનેથી થયેલા અથવા હરકોઇ સ્થાનીક સરકારે કરેલા અથવા હરકોઇ સ્થાનીક સરકારની કારખાનેથી થએલા આકટો હુકમો અથવા જાહેરનામાઓ એ સરવે.

સદરહુ કારખાના દફતરો જેના તે કારખાનાના ઉપરી તરફથી દફતર મજકુરો રોજ કારખાનાના છે, એવા દાખલા સહીત મોકલવામાં આવે તે દફતરોથી શાબેત કરી શકાય છે.

અથવા એવી કોઇ સરકારના હુકમથી કોઇ દસ્તાવેજ છપાય છે એવું તે દસ્તાવેજ ઉપરથી જણાય તે દસ્તાવેજથી શાબીત કરી શકાય છે.

(૨) કાયદા કરનારી સભાઓના પ્રોસીડીંગ એ.

સદરહુ જેની તે સભાના રોજ કામથી અથવા કોઇ શાબીત કરેલા આકટોથી અથવા સારીઅંશથી અથવા કોઈ નકલો સરકારના હુકમથી છપાયછે એવું તે નકલો ઉપરથી સમજાય તે નકલોથી શાબીત કરી શકાય છે

[૩] મહારાણીએ અથવા પ્રીવીકાઊનસીલે કરેલા અથવા મહારાણીની સરકારના કોઇ પણ કારખાનેથી થએલાં જાહેરનામાઓ, હુકમો, અથવા નીયમો એ સરવે.

લંડન ગેઝેટમાં, નકલો અથવા છતેખાઓ હોય તેનાથી, અથવા કોઈ નકલ અથવા છતેખાબ રાણીના છાપનારે છાપ્યા એવું તે નકલ અથવા છતેખાબ ઉપરથી સમજાય તે નકલો અથવા છાતેખાઓથી શાબીતી કરી શકાય છે.

[૪) કોઈ પરરાજ્યની રાજ્ય કારભાર ચલાવનાર સરકારના આકટો અથવા કોઇ પરરાજ્યની કાયદા કરનાર સભાના પ્રોસીડીંગ એ.

સદરહુ સરકારના અથવા સભાના હુકમથી છપાતાં હોય એવાં, અથવા એ પ્રમાણે છપાએલા રાજ ગેઝેટમા સામાન્ય રીતે ગણાતા હોય એવા રોજ કામથી અથવા તે રાજ્યની અથવા ત્યાંના સતાધીશના શીક્કા સાથેની દાખલાવાળી નકલોથી અથવા હીંદુસ્થાનના ગવરનર જનરલ ઇનકાઊનશીલના કોઈ પ્રસીધ આકટમા સદરહું આકટો અથવા પરોશીડીંગને કબુલ રાખ્યા હોય તો તેથી શાબીત કરી શકાય છે.

(૫) બ્રીટીશ ઇંડીઆમાંની કોઈ મ્યુનસીપાલ મંડળીના પ્રોસીડીંગ

એવા પરોશીડીંગ જેની પાસે કાયદા પ્રમાણે રહેતાં હોય તેણે કરી આપેલી દાખલાવાળી સદરહુ પ્રોશીડીંગની નકલથી અથવા કોઇ છાપેલી ચોપડી એવી મંડળીના હુકમથી પ્રસાધ થાય છે એવું તે ચોપડી ઉપરથી સમજાતું હોય તે ચોપડીથી શાબેત કરી શકાય છે.

(૬) કોઇ પારકા દેશમાંના કોઇ બીજી જાતના સારવજનીક દસ્તાવેજ.

અસલ દસ્તાવેજથી શાબેત કરી શકાય છે, અથવા કાયદા પ્રમાણે તે લેખ જેની પાસે રેહેતો હોય તેણે કરી આપેલી દાખલાવાળી નકલ સાથે જો કોઇ નોટરી પબલીકનું અથવા બરીટીશ કાંઊનશીલનું અથવા રાણી તરફથી તે રાજ્યમાં મોકલેલા કોઇ વકીલનું શી-

કહાવાળું એવું સરટીફીકટ હોય કે અસલ દસ્તાવેજ કાયદા પ્રમાણે જે અમલદારના હવાલા માં છે તે અમલદારે યોગ્ય રીતે નકલ મજકુર ઉપર ખરાપણાનો દાખલો કરયો છે તો સદરહુ પારકા દેશના કાયદા પ્રમાણે દસ્તાવેજ મજકુરનો પ્રકાર શાબીત થયેથી સદરહુ દાવાવાળી નકલ થી શાબીત કરી શકાય છે.

દસ્તાવેજ બાબત અનુમાન.

દાખલાવાળી નકલોના ખરા પણા વીશે.

૭૯ કોઇ દસ્તાવેજ ઉપરથી એવું સમજાય કે તે સરટીફીકેટછે. અથવા દાખલાવાલી નકલછે, અથવા કોઈ અમુક હકીકતના પુરાવામાં કાયદાના ઠરાવ ઉપરથી લેવા યોગ્ય બીજો દસ્તાવેજછે, તથા દસ્તાવેજ મજકુર ઉપરથી એવું સમજાય કે તે ખરોછે એવો દાખલો, બરીટીસ ઈંડીયામાંના હરકોઈ અધીકારીએ અથવા માહારાણી સાથે દોસતી રાખનારા હરકોઇ દેશી સંસથાનમાંના કોઇ અધીકારીને ગવરનર જનરલ ઈનકાંઊનશીલે યોગ્ય રીતે એ બાબત અખત્યાર આપ્યો હોય એવા હરકોઇ અધીકારીએ યોગ્ય રીતે તેના ઉપર આપ્યોછે તેવો પ્રત્યેક દસ્તાવેજ ખરોછે. એવું અનુમાન કોરટે કરવું પરંતુ એવા દસ્તાવેજને સારૂં કાયદામાં જે નમુનો ઠરાવ્યો હોય તે નમુના પ્રમાણે તે દસ્તાવેજ મુખ્ય મુદ્દાની વાતે હોવો જોઇએ તથા તે દસ્તાવેજ જે રીતે કરવાનું કાયદામાં ઠરાવ્યું હોય તે રીતે થએલુંછે એવું તે દસ્તાવેજ ઉપરથી માલમ પડવું જોઇએ એવા કોઇ દસ્તાવેજ ઉપરથી જે અધીકારીએ તે ઉપર સહી કીધેલી અથવા દાખલો આપેલ શમજતો હોય તે અધીકારીને સદરહુ સહી કરતી વખતે કાગળ મજકુરમાં અધીકારી મજકુરે બતાવ્યા પ્રમાણેનો સરકારી હોદો હતો એવું પણ કોરટે અનુમાન કરવું.

પુરાવાનું દફતર ગુજારવામાં આવે તારે કેવું અનુમાન કરવું.

૮૦ જ્યારે હરકોઈ કોરટની રૂબરૂ એવો હરકોઇ દસ્તાવેજ ગુજારવામાં આવે કે તે દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે દસ્તાવેજ મજકુર કોઈ ઈનસાફી મુકદમામાં કીંવા એવો પુરાવો લેવાનો કાયદાથી અખત્યાર હોય એવા હરકોઇ અધીકારીની રૂબરૂ કોઇ સાહેદે આપેલી સાહેદીનું કીંવા સાહેદીના ભાગનું દફતર કીંવા યાદ દાસ્તછે અથવા તો હરકોઇ કેદીની કીંવા તોહોમતવાળા શખસની કાયદા પ્રમાણે લીધેલી જુબાની કીંવા કબુલતછે તથા દસતાવેજ મજકુર ઉપરથી એવું સમજામાં આવે કે તેના ઉપર કોઇ જડજ કીંવા માજીસટરેટ કીંવા એવા ઉપર કહેલા કોઇ પણ અધીકારીએ સહી કાધીછે. ત્યારે કોરટ મજકુરે એવું અનુમાન કરવું કે—

દસતાવેજ મજકુર ખરોછે. તથા સદરહુ સાહેદી કીંવા જુબાની કીંવા કબુલતના ઉપર સહી કરનાર શખસે તે સાહેદી કીંવા જુબાની કીંવા કબુલત કેવી હકીકતનીસાથે લેવામાં આવી હતી, તે બાબત જે વાતો લખેલી તે ઉપર થકી સમજાય તે વાતો ખરીછે તથા એવી શાહેદી કીંવા જુબાની કીંવા કબુલત યોગ્ય રીતે લેવામાં આવી હતી.

ટીકા—આ કલમ ફકત મલીકા ગાયાઝમાના રાજની કોરટોનાજ ઇનસાફી દફતરો વીશે છે એમ જણાય છે. પર રાજ્યની કોરટોના ઇનશાફી દફતરો વાશેના અનુમાન બાબત કલમ ૮૬ જોવી.

ગેજેટ બબત અનુમાન

૮૧ કોઈ દસ્તાવેજ ઉપરથી એવું સમજાય કે તે લંડન ગેજેટ છે અથવા ઈંડીઆ ગેઝેટ છે, અથવા હરકોઇ સ્થાનીક સરકારનું કીંવા બ્રીટીશ સરકારે વસાવેલા હરકોઇ મુલકનું સરકારી ગેજેટ છે, અથવા કોઇ વરતમાન પત્ર કીંવા ચોપાનીઉં છે, અથવા પારલામેન્ટના અસારવજનીક આકટની રાણીના છાપનારે છાપેલી નકલ છે તે પ્રત્યેક દસ્તાવેજ, તથા

કોઇ દસ્તાવેજ ઉપરથી એમ સમજાય, કે તે એવો દસ્તાવેજ છેકે તેને કોઈ સખસે રાખવાનું કાયદામાં ફરમાવ્યું છે તે પ્રત્યેક દસ્તાવેજ જો કાયદામાં ફરમાવેલા નમુના પ્રમાણે મુખ્ય મુદ્દાની નાતો રાખવામાં આવનો હોય તથા જેના હવાલામાંથી રજુ થવો જોઇએ તેના હવાલામાંથી રજુ થાય તો તે ખરા છે, એવું કોરટે અનુમાન કરવું.

ટીકા—યોગ્ય હવાલાના અરથ વીશે આગળ કલમ ૯૦ જોવી.

સહી અથવા શીક્કાની શાબેતી થયા વગર ઈંગલંડમાં જે દસતાવેજ પુરાવામાં લેવા યોગ્ય હોય તે દસતાવજ બાબત અનુમાન.

૮૨ કોઇ દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે તે દસ્તાવેજ ઈંગ્લાંડ અથવા આયરલંડમાં તે વખતના ચાલુ કાયદા પરમાણે ઈંગલાંડ અથવા આયરલાંડ માંહેની હરકોઈ ઇનશાફની કોરટમાં તે ઉપરના તેના બરાબર પણા બાબતના શીકા કીંવા સ્ટાંપ કીંવા સહીની અથવા તેના ઉપર જે સખસે સહી કરવાનું તે ઉપરથી સમજાય તે સખશની ઇનશાફી અથવા સરકારી હોદ્દાની શાબીતી થયા વીના કોઇ વાતની શાબીતીમાં લેવા યોગ્ય હોય એવો દસ્તાવેજ છે, તો તે દસ્તાવેજ જ્યારે કોઇ કોરટમાં ગુજારવામાં આવે ત્યારે કોરટે અનુમાન કરવું કે એવો શીક્કો કીંવા સ્ટાંપ કીંવા સહી ખરી છે, તથા તે દસ્તાવેજના ઉપર સહી કરનાર સખશને સહી મજકુર કરતા વખતે તેનો બતાવેલો ઇનશાફી કીંવા સરકારી હોદ્દો હતો.

તથા ઈગ્લાંડ અથવા આયરલાંડમાં દસ્તાવેજ મજકુર જે વાતના પુરાવામાં લેવા યોગ્ય હોય તે વાતના પુરાવા સારૂં તેને કબુલ રાખવો.

હરકોઇ મુકરદમાના કામ સારૂં બનાવેલા નકશાની શાબેતી બાબત.

૮૩ કોઇ નકશા અથવા પલાન ઉપરથી એમ સમજાય કે તે સરકારના હુકમથી કરવામાં આવ્યા છે, તો તે નકશા અથવા પલાન એ પ્રમાણે કરવામાં આવ્યા છે તથા બરાબર છે એવું કોરટે અનુમાન કરવું પરંતુ હરકોઇ મુકરદમાના કામને સારૂં જે નકશા અથવા પ્લાન બનાવ્યા હોય તે નકશા તથા પલાન બરાબર છે, એની શાબીતી થવી જોઇએ.

કાયદાના તથા કોરટના ફેંસલાના સંગરહ ગ્રંથ બાબત અનુમાન

૮૪ કોઇ ગરંથ ઉપરથી એમ સમજાય કે તે હર કોઇ દેશની સરકારના હુકમથી છાપવામાં કીંવા પ્રશીધ્ધ કરવામાં આવ્યોછે. તથા તેમાં દેશ મજકુરના કાયદામાંના કોઇ કાયદાછે તો એવો પ્રત્યેક ગ્રંથ ખરોછે એવું કોરટે અનુમાન કરવું.

તથા કોઇ ગ્રંથ ઉપરથી એવું સમજાય કે તેમાં એવા દેશની કોરટના ફેંસલાના રીપોરટછે, તો એવો પ્રત્યેક ગરંથ ખરોછે એવું કોરટે અનુમાન કરવું.

મુખતીયાર નામા બાબત અનુમાન

૮૫ કોઇ દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે તે મુખતીયાર નામુંછે તથા તે હરકોઇ નોટરી પબ્લીકની અથવા કોરટની અથવા જડજની અથવા માજીસ્ટ્રેટની અથવા બ્રીટીશ કોનસલની અથવા વાઈસ કોનસલની અથવા માહારાણીના અથવા હીંદુસ્તાનની સરકારના પ્રતીનીધીની રૂબરૂ થયેલુંછે તથા તેના ખરા પણા વીશે તેના ઉપર તેણે સહી કરીછે તો એવો પ્રતીએક દસ્તાવેજ એ પ્રમાણે થયેલોછે તથા તે ઉપર એ પ્રમાણે ખરા પણાની સહી કરીછે એવું કોરટે અનુમાન કરવું.

ટીકા—આ આકટના કામ સારૂ કબુલ કરેલા મુખત્યારના અખત્યાર વીશે સને ૧૮૭૭ નાં ઇંડીઅન રજીસ્ટરેશન આકટની કલમ ૩૩ જોવી એ કલમના ઠરાવોને આ કલમથી બાદ આવતો નથી. પાછળ પા. ૨ કલમ ૨ જોવી.

પારકા દેશના ઇનસાફના દફતરોની દાખલા વાળી નકલો બાબત અનુમાન.

૮૬—કોઈ દસ્તાવેજ ઉપરથી એમ સમજાય કે તે માહારાણીના તાબાના મુલકનો ભાગ ન હોય એવા કોઇ દેશના ઇનસાફના દફતરની દાખલા વાળી નકલછે ત્યારે તે દસ્તાવેજ ઉપરથી જો એવું જણાય કે દેશ મજકુરમા ઇનસાફના દફતરની નકલો ખરી કરી આપવા સારૂ જે રીત સામાન્ય રીતે ઉપયોગમાં આવતી હોય તે રીત કઇ છે તેનો દાખલો માહારાણીના અથવા હીંદુસ્તાનની સરકારના એવા દેશમાં રહેનારા પ્રતીનીધીએ આપ્યો હોય તે દાખલામાં લખેલી રીત પ્રમાણે દસ્તાવેજ મજકુર ઉપર ખરાપણાનો દાખલો કરયોછે તો તે દસ્તાવેજ ખરો તથા બરોબરછે એવું અનુમાન કરવાને કોરટ મુખતીઆરછે.

ટીકા—પર રાજ્યના ફેસલાની દાખલા વાળી નકલ:—શ્રીમતી મની મોહીની દોસી વી. શ્રી શચંદર બોસ મદરાસ જ્યુરીષ્ટ વા.—૪ પા. ૧૪ આ કેશમાં જસ્ટીસ માકફરશને પરરાજ્યના ફેસલાની નકલ ઉપર રાજના ફેસલાની નકલ પુરવામાં લીધી એ નકલ ઉપર પર રાજની કોરટના રજીસ્ટરે યોગ્ય રીતે મોહોર કરયોછે તથા તેના ખરા પણાની સહી કરીછે એવી સાહેદેશોગન ઉપર જુબાની આપેલી પણ નકલ મજકુર ઉપર આ કલમ મુજબ માહારાણીના અથવા હીંદુસ્તાનની સરકારના પ્રતીનીધીએ ખરાપણાનો દાખલો કરયો નહોતો

સને ૧૮૭૭ ના આકટ ૧૦ ની કલમ ૧૩ ના ખુલાસા ૬ માં ઠરાવવામાં આવ્યુંછે કે, "જ્યાં પરરાજના ફેસલા ઉપર [illegible] સાબતમાં આવ્યો હોય ત્યાં યોગ્ય રીતે ખરાપણાની સહી કરેલો ફેસલો રજુ કરયો એટલે એ ફેસલો કરનાર કોરટને તે કરવાની યોગીય હકુમતછે એવો અનુમાનીક પુરાવો થાયછે, પણુ જો દફતર ઉપરથી કાંઈ ઉલટું માલમ પડેતો જુદી વાત છે પણ ઉપર પ્રમાણેના અનુમાન હકુમત નથી, એમ સાબીત કરવાથી દુર કરી શકાયછે.

ચોપડીના નકશા બાબત અનુમાન

૮૭ જે બાપયોમાં સારવજનીક કીંવા સામાન્ય ફાયદા ગેરફાયદાનો સબધછે તે વીશયો સબંધી માહીની સારૂ કોઇ ચોપડી કોરટ જોય તે ચોપડી તથા કોઇ પરસીધ થયેલા નકશો અથવા ચારટ કોરટમાં તપાસવાને સારૂ રજુ કરવામાં આવે અને તેમાં બતાવેલી વાત લગતી હકીકત હોય તો તે ચોપડી તથા નકશો અથવા ચારટ જે સખસે અથવા જે વખતે અથવા જે જગાએ લખ્યાનું અથવા છાપ્યાનું તે ઉપરથી સમજાય તે સખસે તથા તે વખતે તથા તે જગોએ છાપ્યો તથા પ્રશીધ કીધો એવું અનુમાન કરવાને કોરટ મુખતીઆરછે.

ફોટોગરાફ તથા યંત્ર વડે થએલી નકલો તથા તારયંત્ર મારફતે મોકલેલા સંદેશા બાબત અનુમાન

૮૮ કોઇ તાર યંત્રની કચેરીમાંથી કોઇ સંદેશો તેમાં બતાવ્યા પ્રમાણેના સખશ પાસે મોકલવામાં આવ્યો હોય તે સંદેશો જે તાર યંત્રની કચેરી તરફથી આવેલો તે શંદેશા ઉપરથી સમજાય તે કચેરીમાં તાર યંત્ર મારફતે મોકલવા સારૂ આપેલા શંદેશા સાથે મળતોછે એવું અનુમાન કરવાને કોરટ મુખતીઆરછે પરંતુ એવો શંદેશો તાર યંત્ર મારફતે મોકલવાને જે સખશે આપીયો હોય તે સખશ બાબત કોરટે કાંઈ અનુમાન કરવું નહીં.

કોરટમાં રજુ નહી થયા હોય એવા દસ્તાવેજ યોગીય રીતે થયા વીગરે બાબત અનુમાન

૮૯ કોઈ દસ્તાવેજ મંગાવ્યો હોય અને તેને હાજર કરવાની નોટીસ આપ્યા પછી રજુ ન થયો હોય, તો તેવા પ્રત્યેક દસ્તાવેજ ઉપર કાયદામાં ફરમાવેલી રીતી પ્રમાણે સાક્ષી છે, તથા સ્ટાંપ છે, તથા તે થયોછે એવું અનુમાન કોરટે કરવું.

ટીકા:—મંગાવેલા અને નહી રજુ કરેલા દસ્તાવેજો બાબત અનુમાનો જ્યાં દસ્તાવેજ મંગાવ્યો હોય અને રજુ ન થયો હોય તીયાં કોરટે ફરમાવેલો અનુંમાન કરવો બીજા દસ્તાવેજોની બાબતમાં કોરટની નજરમાં આવે તો કલમ ૧૧૪-મુજબ અનુંમાન કરવા કોરટ મુખતીઆરછે પણ અનુમાન કરવોજ જોઇએ એમ તેની ફરજ નથી.

ખોવાઈ ગએલા દસ્તાવેજ ઉપર સટાંપછે એવો અનુમાન કરવા વીસેન્ઈંગરેજી પ્રમાણો મુજબ જે દસ્તાવેજ ખોવાઇ ગયો હોય તે દસ્તાવેજ ઉપર યોગ્ય સ્ટાંપ ચોડેલો છે એવો અનુંમાન જ્યાં સુધી તેની વીરૂધ શાબીત કરવામાં આવે ત્યાં સુધી થઈ શકશે પુલી૦ ગુડવીન૦ આડો લફ્રશ એન્ડ એલીશ રીપોરટશ વા૦ ૪—પા૦ ૯૪

૯૦ કોઇ દસ્તાવેજ ઉપરથી એવું સમજાયછે કે તે ત્રીસ વરશનો જુનોછે અથવા તે ત્રીસ વરસનો જુનોછે એવું સાબીત થયું હોય તેવો દસ્તાવેજ કોઇ એવા હવાલામાંથી રજુ થાય કે તે હવાલો તે અમુક કામમાં કોરટની નજરમાં યોગ્ય લાગે ત્યારે તે કામમાં કોરટ એવુ અનુમાન કરવાને મુખત્યારછે કે એવા દસતાવેજ ઉપરની તેની સહી તથા તેનો બીજો પ્રતેક ભાગ કોઇ અમુક સખશને અક્ષરે લખેલો છે તથા કામ મજકુર સહી અથવા શાક્ષી થએલા દસ્તાવેજની તકરારનું હોય તો તે દસ્તાવેજ ઉપર જે સખશોએ શહી તથા સાક્ષી કરયાનું તે ઉપરથી સમજાય તે સખસોએ તેના ઉપર યોગ રીતે સહીં તથા સાક્ષી કરી છે.

તીસ વરસના જુના દસ્તાવેજ

ખુલાસો—જયારે દસ્તાવેજ જે જગોમાં તથા જે સખશની સંભાળ તળે સ્વભાવીક રીતે હોવા જોઇએ. તે જગામાં ત્તથા તે સખસની સંભાળ તળે હોય ત્યારે દસતાવેજ મજકુર યોગ હવાલામાં છે એમ સમજવું પરંતુ એવું સાબીત થાય કે કોઇ હવાલાની ઉતપતી બાને મુળ કાયદેસર છે અથવા તે અમુક કામની હકીકત ઉપરથી તે હવાલાની ઉતપતી સંભવીત કરતી હોય તો તે હવાલો યોગ નથી,

આ ખુલાસો કલમ ૮૧ મીને પણ લાગુ છે.

દ્રષ્ટાંતો.

(અ) અ ની પાસેગી લાંબી મુદતથી કાંઇ જમીનની મીલકતનો કબજો છે તે પોતાના હવાલામાંથી જમીન મજકુરને સબંધે રાખતાં તે ઉપરના પોતાના હકના ખતાં રજુ કરે છે એ હવાલો યોગ છે.

(બ) કોઈ જમીનની મીલકતનો અ ગીરેદારછે તે જમીન સબંધીના ખત તે રજુ કરે છે જમીન મજકુર ગીરો મુકનારના કબજામાં છે એ હવાલો યોગ છે.

(ક) અ બ નો કાંઈ સગો છે તેને બ ના કબજામાંની જમીન સબંધીના ખત સંભાળથી સાચવી રાખવા સારૂ બ એ અનામત આપી મુકેલાંતે અ રજુ કરેછે એ હવાલો યોગછે.

ભાગ ૬ ઠો

દસ્તાવેજી પુરાવો હોય તારે મુખ જુબાની પુરાવો નહીં લેવાં બાબત.

૯૧ જયારે કોઇ કરારની કીંવા કાંઇ દાનની કીંવા મીલકતની બીજી હરકોઇ વ્યવસ્થાની સરતોનો દસ્તાવેજ થયો હોય ત્યારે તથા જે કામોમાં કોઇ બાબતનો દસ્તાવેજ કરવાનુ કાયદામાં ફરમાવ્યું હોય તે સરવે કામોમાં એવા કરારની કીંવા દાનની કીંવા મીલકતની બીજી વ્યવસ્થાની સરતોની સાબેતીમાં અથવા એવી બાબતની સાબેતીમાં સદરહુ મુળ દસ્તાવેજ શીવા

લખેલા કરારની શરતોનો પુરાવ

ય અથવા આ આકટમાં ઉપર કહી ગએલા નીયમો મુજબ જે કામોમાં દાયમ પૂરાવો લઈ શંકાતો હોય તે કામોમાં શદરહુ દસ્તાવેજ મજકુરના દાયમ પુરાવા શીવાય બીજો કાંઇ પુરાવો આપવો નહીં.

અપવાદ ૧ લો—જયારે કોઇ સરકારી અમલદારને લખાણુ કરીને નીમવાનુ કાયદામાં ફરમાવ્યું હોય અને જયારે એવું બતાવવામાં આવે કે કોઇ અમુક સખસે એવા અમલદારના હોદાનુ કામ કીધું છે ત્યારે જે લખાણુથી તે સખસની નીમણુંક થઇ હોય તે લખાણુ સાબેત કરવાની જરૂર નથી.

અપવાદ ૨ જો—જે મૃત્યુપત્રનો પ્રોબેટ બરીટીશ ઇંડીયામાં મળ્યો હોય તે મૃત્યુપત્રનો પ્રોબેટ વડે શાબેત કરી શકાય છે.

ખુલાસો ૧ લો—જે કામોમાં ઉપર કહેલા કરાર, કીંવા દાન, કીંવા મીલકતની બીજી વ્યવસ્થા એક દસ્તાવેજમાં લખી હોય તે કામોને તથા જે કામોમાં તે સરવે એક કરતાં વધારે દસ્તાવેજમાં લખ્યા હોય તે કામોને એ બેઉને આ કલમ સરખી રીતે લાગુ પડે છે.

ખુલાસો ૨ જો—જયારે અસલ દસ્તાવેજ એક કરતાં વધારે હોય તારે માત્ર એકજ અશલ દસ્તાવેજ સાબીત કરવાની જરૂર છે.

ખુલાસો ૩ જો—આ કલમમાં જે હકીકત વીશે લખ્યું છે તે હકીકત શીવાયની બીજી કોઇ હકીકતનો કોઇ પણ મજકુર કોઇ દસ્તાવેજમાં લખેલો હોય તો તે પ્રમાણે લખ્યા ઉપરથી સદરહુ બીજી હકીકતનો મુખજુબાની પુરાવો લેવાઇ શકાતો નથી. એમ સમજવું નહી.

દ્રસ્ટાંતો.

(અ) કોઇ કરાર કેટલાએક પત્રામાં લખેલો હોય તો જે જે પત્રામાં લખ્યો હોય તે સરવે પતરો સાબીત થવાં જોઈએ.

(બ) કોઇ કરાર કોઇ હુંડીમા લખેલો હોય તો તે હુડી સાબેત થવી જોઇએ.

(ક) જયારે કોઇ હુંડીનો ત્રણ નકલનો શેટ લખ્યો હોય ત્યારે માત્ર એકજ નકલ સાબીત થવાની જરૂર છે.

(ડ) અમુક સરતે ગળી આપવાનો અ લખાણુ કરીને બ ની સાથે કરાર કરેછે. કરારમાં એવી હકીકત લખીછે કે કોઇ બીજે પ્રસંગે બીજી ગળી આપવામાં મુખ જુબાંની કરાર કરવામાં આવ્યો હતો તે ગળીના કીમત બ એ અ ને આપી હતી.

સદરહુ બીજી ગળીના પઇશા આપ્યા નહોતા એવો મુખ જુબાની પુરાવો આપવામાં આવે તો તે પુરાવો લેવા યોગ્ય છે.

(ઈ) બ એ આપેલા પઇશાની પોહોચ અ એ બ ને આપી છે.

સદરહુ પઇશા આપવાનો મુખ જુબાની પુરાવો રજુ કરવામાં આવેતો તે પુરાવો લેવા યોગ્ય છે.

ટીકા—જે બાબતોનું કાયદામાં લખીતવાર કરવાનુ ફરમાવ્યું છે, તે બાબતો વીશે—કીયા કરારો લખીતવાર કરવા જોઇએ, તે વીશે હીંદુસ્થાંનના કરારના આકટની કલમ ૧૦ જોવી.

મૃત્યુપત્રો—જે બાબતોના દસ્તાવેજો કરવાનુ કાયદામાં ફરમાવેલુ છે તે બાબતોનો ઘણોજ અગત્યનો વર્ગ તે બાબતમાં સને ૧૮૬૫ નો ઇંડીયન શકસેસન આકટ અથવા (સને ૧૮૭૦ નો ૨૧) હુઇલશ આકટ લાગુ પડે છે તે બાબતોમાં મીલકતની વશીયતનામાથી કરેલી વ્યવસ્થાઓ છે, એમ યાદ રાખવું કે આ બાબ મૃત્યુપત્રોના બનાવટ વીશેના ઇંડીયન સકશેશન આકટના કોઇપણ ઠરાવને બાધ કરતા નથી.

કબુલતો— ફોજદારી કામ ચલાવવાની રીતના (સને ૧૮૭૨ ના) કાયદાની કલમ ૧૧૨ મુજબ લીધેલી કબુલત જ્યાં પુરાવામાં લેવાઈ શકાય તેવી ન હોય ત્યાં આવા પ્રકારની કબુલત કરવામાં આવી હતી અથવા એ કબુલતની સરતો શી રીતે તે સાબીત કરવાને મુખ જુબાની પુરાવો આ કલમ મુજબ લેઇ શકાતો નથી રાણી વી. બાઇ રતન મુ. હા. કો. રી. વા. ૧૦ પાનુ ૧૬૬ રાણી. વી. શીવ્યા ઇંડીયન લા. રી. (મુ) વા. ૧ પાનુ—૨૧૯ રાણી. વી. દયા આનંદ કુ હા; કો. રી. વા. ૧૧ પાનુ—૪૪ રાણી વી. કલા લખમણજી મુ. હા. કો. રી. વા. ૨ પા. ૩૯૫

ક્યાં રજીસ્ટ્રેશન આકટ રજીસ્ટર કરવાની જરૂર પાડેછે—સને ૧૮૭૭ ના રજીસ્ટ્રેશન આકટ ૩ ની કલમ ૪૯ માં ઠરાવે છે કે કોઈ પણ લેખ જે કલમ ૧૭ માં રજીસ્ટર કરવાનુ ફરમાવ્યું હોય તેવો લેખ જો રજીસ્ટર કરાવ્યો ન હોય તો તેમાં આવેલી કોઇ પણ સ્થાવર મીલકતને અસર કરશે નહી.

"પરોબેટ"—ઈંડીઅન સકશેશન આકટની કલમ ૩ પ્રમાણે "પ્રોબેટ એટલે ગોગ્ય હકુમત વાળી કોરટના શીકાથી દાખલો કરી આપેલું વશીયતનામુ આપનારની જાગીરના વહીવટની બક્ષીસ સાથેની મરતુ પત્રની નકલછે.

ખુલાશો ૩—કરાર થયોછે કે, નહી તે વાત મુખ જુબાની પુરાવાથી સાબીત કરી શકાય, આ કલમ કરારની સરતોની સાબીતીમાં આપેલા પુરાવાને માત્ર લાગુ પડેછે. અને એટલા માટે કરાર લખીતવાર થયો હોય તોપણ તે થવાની વાત મુખ જુબાની પુરાવાથી સાબીત કરી શકાય દાખલાને માટે જમીનદાર અને તેના ભાડુઆતની વચે થએલું ભાડા ખત હોય તોપણ તે થયાની વાત મુખ જુબાની પુરાવાથી સબીત કરી શકાય પણ કાંઇ પણ ભાડુ કે શું ભાડુ ઠરયું છે તે વાત એ રીતે સાબીત કરી શકાય નહી. ટેલર પાન ૯૭૨ જે દસ્તાવેજ પોતેજ સ્ટાંપ અથવા રજીસ્ટ્રેશન આકટ મુજબ પુરાવામાં લેઈ શકાતા નથી તે દસ્તાવેજમાં આવેલા કરારોનો મુખ જુબાની પુરાવો લેઈ શકાય નહી લેઈ શકાય બાબતના જે પ્રસગે સવાલ ઉઠે છે તેને પ્રસંગે આ તફાવત ઘણોજ અગત્યનોછે કવીન્શ બેન્સ (ન્યુ. શી) વા. ૧ પા. ૧૨૭ બલાકવેલ વી. માગનાટનના કામમાં મી૦ માગનાટનની પાસે તેના બોંવરામા મીસીસ હારટલીની માફક આ લીકીનો જેના દાગ આપવામાં આવ્યા છે એવો બાર ડઝન પોરટ વાઇન છે" આવી મતલબના સરટીફીકેટ વીસે એવા સબબથી વાંધો બતાવવામાં આવ્યો હતો કે તે ઉપર કરારનો સ્ટાંપ જોતો હતો એ વાંધો એવા સબબથી રદ કરવામાં આવ્યો હતો કે એ સરટીફીકેટ કરારની સાબીતી નહોતી પણ એક જુદીજ હકીકતની સાબીતી હતી જે ઉપરથી કેસ બરોબર પુરતી રીતે શાબીત કરવામાં આવે તો કરારનું અનુમાન થઇ શકે." બંગાળા. લા. રીપોરટસ વા. ૧૧—પા. ૪૦૫ કેદારનાથ દત. વી. સાગલાલ. ખત્રીનાં કામમાં પ્રતીવાદીએ વાદીની પાસે વાદીએ પોતાને ધીરેલા રૂ. ૧૨૦૦ પાછા આપવાની જામીનગીરી દાખલ કેટલાક માલકીના હકના દસ્તાવેજો અનામત મુકયાછે રૂપીઆ દસ્તાવેજો અનામત મુકતી વખતેજ ધીરવામાં આવ્યા હતા તેજ દીવશે વધારે જામીનગીરી દાખલ પ્રતીવાદીએ એ ઉધારની રકમને પહોંચ વાદીને એક વાયદા ચીઠી આપી અને તે ઉપર નીચે મુજબ યાદી લખી:—| રૂ. ૧૨૦૦ અંકેજ તથા તે ઉપરનું વ્યાજ પાછુ આપવાને સારૂ જામીનગીરીની રૂઇયે પેટા બાહેદરી દાખલ આ લેખની મારી મીલકતના હકના દસ્તાવેજો હું વાદીની પાશે અનામત મુકુછું" આ દસ્તાવેજ પુરાવામાં લેવાયા એવા સબબથી વાંધો લેવામાં આવ્યો કે તે રજીસ્ટર કરયો નથી. અને તેમા અનામતના કરારની સરતો લખીછે તેથી એ સરતોનો મુખ જુબાની પુરાવો લેવાઈ શકાતો નથી કોરટે ઠરાવ્યું કે દસ્તાવેજ મજકુર રજીસ્ટર કરાવાની જરૂર નહોતી, અને તેના મજકુરનો મુખ જુબાની પુરાવો લેવાની બાબત વીશે ચીફ જશટીસ કાંઉચે કોરટ મજકુરનો ફેંશલો આપતાં (પા. ૪૧૨) નીચે મુજબ ટીકા કરી

"જો આ યાદ એવા પ્રકારની હોય કે તે ગીરોના કરાર દાખલ તથા જેને પક્ષકારો તે મનાકરારનો એકલોજ દાખલો તથા યોગ્ય પુરાવો ધારતાતે દાખલ ગણી શકાત તો જેથી વ્યાજબી ગીરો ઉત્પન થયું તેવો લેખ તે થાત, અને તે રજીસ્ટરેશન આકટની કલમ ૧૭ માં દાખલ થાત. પણ એ લખાણ એવા પ્રકારનું નહોતું; હું કહી ગયો તે મુજબ એ વાજબી ગીરો એ કરારથી ઉતપન થયું હતું, જે કરાર ધીરેલાં નાણાં તથા માલકીના હકના દસ્તાવેજો અનામત મુકવાથી સાબીત થયો હતો; વાયદાચીઠી પક્ષકારોની વચે માંહોમાંહે થએલી સમજુતી મુજબ ગમેતો તેજ વખતે અથવા કેટલાક કલાક પછી આપેલી હશે તોપણ તે જે સરતોથી રૂપીઆ ધારેલા તે સરતોનો પુરાવો હતો એટલે વ્યાજ શેંકડે ૨૪ ટકાના દર પ્રમાણે હોવું જોઇએ પણ પક્ષકારોની વચેના કરાર વીશે તો જો વાયદાચીઠી ઉપર કાંઇ પણ યાદ ન હોતતો એ પુરૂ વ્યાજબી ગીરો થાત. યાદ ઉપરથીજ ગીરોનો કરાર સાબીત થયો કોરટ માને છે એમ નથી. પણ દસ્તાવેજો અનામત મુકયાથી એ પ્રમાણે માને છે, અને આ યાદ એ અનામત મુકયાની વાત બતાવનાર પુરાવાના કડકા કરતાં કંઇ જાદે નથી આ યાદ રજુ કરવાની જરૂર નહોતી........એટલા માટે આ લખાણ એવું નહોતું કે જે પક્ષકારોએ તેમના કરારના પુરાવા દાખલ કરયું હોય પણ માત્ર એવું લખાણ હતું કે તે ઉપરથી કરારનો અનુમાન કરવાનું હતું એવા સબબ ઉપરથી મારી નજરમાં એમ આવે છે કે લખાણ મજકુરનો રજીસ્ટેશન આકટની કલમ ૧૭ માં બયાન કરેલા દસ્તાવેજોમાં સમાવેશ થતો નથી. બં. રી. વા. ૭—પા. ૫૫ દવારકાનાથ મીટર વી. સરત કુમેરી દાશીના કામમાં કરજને માલકીના હકના દસ્તાવેજોની સાથે જોડવાને એક કાગળ જે કરજ કરયા પછી લખવામાં આવ્યો હતો. અને જે માલકીના હકના દસ્તાવેજની સાથે મોકલવામાં આવ્યો હતો તે કાગળ શીવાય બીજું કાંઈ સાધન નહોતું એટલા માટે જસ્ટીશ ફીઅરે ઠરાવ્યું કે કાગળ મજકુર જમીન ઉપર બોજો ઉત્તપન કરતો હતો અનેતે રજીસ્ટર કરાવવો જોઇતો હતો અને રજીસ્ટર કરાવ્યા વગર તે પુરાવામાં લઇ શકાય નહી પા. ૫૭ માં તેણે ટીકા કરી કે "આ એવો કેસ નથી કે, જેમાં જમીન ઉપરનો બોજો દસ્તાવેજો અનામત મુકવા ઉપરથીજ અરથાંત સમજાય છે, તેમ તે એવો પણ કેસ નથી કે જેમાં બોજો અથવા વાજબી ગીરો જબાનીએ કરારથી સ્પસ્ટ રીતે કરયું હોય પણ ફરીઆદ અરજી એકલી ઉપરથી મારા સમજવા પ્રમાણે આ એવો મુકદમો છે કે જેમાં વાદીના દાવાનો આધાર મીલકતની માલકીની સહી સાથેનો લેખી દસ્તાવેજ છે અને મને જણાય છે કે એ દસ્તાવેજ શીવાય બીજું કંઇજ એ બોજો ઉતપન કરતું નથી."

દ્રષ્ટાંત

હ—પઇશા આપ્યાની પાવતીથી તેનો મુખજુબાની પુરાવો બાતલ થતો નથી—"સ્થાવર મીલકતના સાન ખતમાં થોડા પઇશા વસુલ ભરયાની પાવતી સને ૧૮૭૧ ના આકટ ૮ ની કલમ ૪૯ મુજબ પુરાવામાં લેવા યોગ્ય કરવાને સારૂ સદરહુ આકટની કલમ ૧૭ ના ઠરાવો મુજબ રજીસ્ટર કરાવવી જોઈએ. તો પણ સને ૧૮૭૨ ના આકટ ૧ ની કલમ ૯૧ ના દ્રષ્ટાંત ઘ મુજબ આવા પ્રકારની આપ મુખ જુબાની પુરાવાથી સાબીત. કરી શકાય, જે બાતનો પુરાવો દસ્તાવેજી પુરાવો લેવા યોગ્ય હોવાને લીધે બાતલ કરેલો નથી" દલીપસીંઘ. વી. દુરગા પ્રસાદ ઇંડીઅન લા. રીપારટસ (અલહાબાદ, વા૦ ૧ પા૦ ૪૪૨

૯૨. જ્યારે એવા કોઈ કરારની કીંવા દાનની કીંવા મીલકતની બીજી વ્યવસ્થાની સરતો અથવા કોઈ બાબતનો દસ્તાવેજ કરવાનું કાયદામાં ફરમાવ્યું હોય તે બાબત ઉપલી છેલી કલમ પ્રમાણે સાબીત કરવામાં આવી હોય ત્યારે એવા કોઈ દસ્તાવેજની સરતો ફેરફાર કાંઈ

મુખ જુબાની કરારનો પુરાવો આપવો નહી.

વાત સ્થાપન કરવાને કીંવા તે સરતોમાં કાંઇ ફેરફાર કરવાને કીંવા તેમાં કાંઇ ઉમેરવાને કીંવાતેમાંથી કાંઇ કમી કરવાને હરકોઇ મુખ જુબાની કરારનો અથવા મજકુરનો પુરાવો દસ્તાવેજ મજકુરના પક્ષકારોની અથવા હક સબંધે તે પક્ષકારોના પ્રતીનીધીની વચેના કામમાં લેવો નહીં.

સરત ૧ લી—દગો કીંવા ધમકી કીંવા કાંઈ ગેરકાયદે થયું હોય તે કીંવા દસ્તાવેજ યોગ્ય રીતે નહી થયો હોય તે કીંવા કરાર કરનાર તરફેનોમાંથી કોઇ તરફેન કરાર કરવાને અશકત હોય તે કીંવા અવેજ નહી હોય કીંવા અવેજની પ્રાપતી નહી થઇ હોય તે કીંવા કાયદાની અથવા હકીકતની ચુક એના જેવી હરકોઇ હકીકતને લીધે કોઇ દસ્તાવેજ ગેર કાયદે થતો હોય અથવા દસ્તાવેજ મજકુરને સબંધે કોઈ સખસને હરકોઇ હુકમનામુ અથવા હુકમ મળવાનો હક થતો હોય, તો તેવી હકીકત સાબીત કરી શકાયછે.

સરત બીજી—જે બાબત વીશે અમુક દસ્તાવેજમાં લખાણ કરેલુ ન હોય તથા જે બાબત તે દસ્તાવેજની સરતોથી વીરૂધ ન હોય તે બાબત વિસે હરકોઇ નીરાળો મુખ જુબાની કરાર થએલોછે એ વાત સાબીત કરી શકાય છે આ સરત લાગુ પડેછે કે નહી તેના વીચાર કરતી વખતે દસ્તાવેજ મજકુર કેટલો યથા પથતી છે તે ઉપર કોરટે ધયાન રાખવું.

સરત ૩ જી—કોઇ એવો નીરાળો મુખજુબાની કરાર થયો હોય કે તે ઉપરથી કોઇ સરતપ્રથમથી બજે તેમજ કોઇ એવા કરાર કીંવા દાન કીંવા મીલકતની વ્યવસ્થાથી ઉતપન થતી ફરજ લાગુ પડેતો તે નીરાળો મુખજુબાની કરાર થએલાની વાત શાબેત કરી શકાય છે.

સરત ૪ થી—એવા કોઇ કરાર કીંવા દાન. કીંવા મીલકતની વ્યવસ્થા રદ કરવાને અથવા તેમાં કાંઈ ફેરફાર કરવાને કોઇ નીરાળો પાછળથી થએલો મુખજુબાની કરાર થએલો છે એ વાત જે કામોમાં એવા કરાર કીંવા દાન કીંવા મીલકતની વ્યવસ્થા લખાણ કરીને કરવાની કાયદાથી ફરજ હોય તે શીવાયના અથવા જે કામોમાં દસ્તાવેજ નોધવા બાબતના તે વખતના ચાલુ કાયદા પ્રમાણે તે કરાર કીંવા દાન કીંવા વ્યવસ્થા નોધાયલી હોય તે શીવાયના બીજા કામોમાં શાબીત કરી શકાય છે.

શરત ૫ મી—હરકોઇ કરારમાં સ્પસ્ટ લખેલી નહી હોય એવી તેવા કરારને પ્રશંગે હોનારી કીંવા બનનારી વાત તે પ્રકારના કરાર શાથે બહુ કરીને જોડી રાખવામાં જે વહીવટ કીંવા દસ્તુર ઉપરથી આવતી હોય તેવો હર કોઈ વહીવટ કીંવા દસ્તુર સાબીત કરી શકાયછે પરંતુ એવીવાત જોડી સાથે રાખવી એ શદરહુ કરારની સ્પસ્ટ સરતોથી પ્રતીકુળ કીંવા વીરૂધ હોવું જોઇએ નહીં.

સરત ૬ ઠી—કોઈ દસ્તાવેજનું લખાણ હાલની ચાલતી હકીકત સાથે કેવી રીતે સબંધ રાખેછે તે બતાવનારી હરકોઇ હકીકત સાબીત કરી શકાયછે.

દ્રષ્ટાંત

(અ) કાંઈ માલ કલકતેથી લંડન જનારાં વાહાણોમાં છે તે ઉપર વીમો ઉતારયો છે, માલ કોઇ અમુક વહાણમાં ચડાવ્યોછે તે વહાણ ગુમ થયું સદરહુ વાહાણ પાલીશીમાંથી મુખ જુબાની બાતલ કરયું હતું. એ હકીકત શાબીત કરી શકાતી નથી.

(બ) અ લખાણ કરીને તેમાં શરત શીવાય કબુલ કરેછે કે મારે રૂપીઆ ૧૦૦૦ બને તારીખ ૧ લી મારચ સને ૧૮૭૩ ને રોજ આપવા તેજ વખતે એવો મુખ જુબાની કરાર કરવામાં આવ્યો હતો કે શદરહુ રૂપીઆ તા૦ ૩૧મી મારચ સુધી આપવા નહીં એ હકીકત સાબીત કરી શકાતી નથી.

(ક) "રામપોરહુ ચાહેતું ઇશટેટ" એ નામની મીલકત ખતથી વેચવામાં આવી, તે ખતમાં સારહુ વેચેલી મીલકતનો નકસો કાઢેલોછે શદરહુ નકશામાં દાખલ નહી થયેલી જમીન મીલકત

મજકુરનો ભાગછે એવું હમેશ ગણાતું હતું તથા તે જમીન શદરહુ ખતથી વેચાણ કરવાનો ઇરાદો હતો એ વાત શાબીત કરી શકાતી તથી.

(૬) **અ** એ **બ** ની શાથે એવો એક લખેલો કરાર કીધોછે કે **અ** એ કાંઇ અમુક શરતે **બ** ની માલકીની ખાણ કાઢવી એ ખાણની કીમત બાબત **બ** એ કાંઇ ખોટી શમજુતી કરવા ઉપર થી **અ** ને એ પ્રમાણે કરવાની મરજી થઇ હતી એ હકીકત શાબેત કરી શકાયછે.

(ઇ) કોઇ કરારનામામાં લખેલું મુકરર કામ કરાવવાને સારૂં **અ બ** ના ઉપર દાવો માંડે છે અને એવી પણ અરજ ગુજારે છે કે સદરહુ કરારનામામાં લખેલી વાતોમાંથી એક વાત બાબત તે કરારનામું દુરસ્ત કરવું જોઈએ કારણ કે તે વાત તેમાં ચુકથી લખાયેલી છે. **અ** એવું શાબીત કરવાને મુખત્યાર છે. કેએવી ચુક થઇ છે કે તે ઉપરથી કરાર મજકુર દુરસ્ત કરાવવાનો કાયદાથી પોતાનો હક છે.

(ફ) **અ** એ કાગળ લખીને **બ** ની પાસે કાંઇ માલ મંગાવ્યો છે. કાગળમાં પઈશા ક્યારે આપવા તે બાબત કાંઇ લખ્યું નથી અને માલ આપ્યો તે **અ** એ કબુલ કરીને રાખીગો. **બ** એ **અ** ના ઉપર 'પઇશા સારૂં દાવો માંડયો, **અ** એવું બતાવવાને મુખત્યાર છે કે સદરહુ માલ કેટલીએક મુદત સુધી ઉધાર આપ્યો છે અને તે મુદત હજુ વીતી ગઈ નથી.

(ગ) **અ બ** ને એક ઘોડો વેચે છે અને મુખજુબાનીથી તેની ખાતરી સારૂં કેહે છે કે એ ઘોડો સાજોસમો છે. બાદ **અ બ**ને એક કાગળ આપે છે તેમાં એવા શબ્દો લખેલા છે કે **અ** ની પાશેથી કીમત રૂ ૫૦૦ રૂ. એક ઘોડો ખરીદ કરયો **અ**એ મુખજુબાની ખાતરી કરી આપી તે વાત શાબેત કરવાને **બ** મુખત્યાર છે.

(હ) **બ** ની પાસેથી **અ** કાંઇ મકાનની જગા ભાડે રાખે છે અને **બ** ના હાથમાં એક ચીઠી આપે છે તેમાં એવું લખ્યું છે કે ઓરડાઓ દર મહીને રૂ ૨૦૦ સારૂં ભાડે આપ્યા છે **અ** એવું શાબેત કરવાને મુખત્યાર છે કે એ સરતોમાં થોડાએક ખાનાનો પણ સમાવેશ થાય છે એવો મુખજુબાની કરાર થએલો છે.

અ એ **બ** ની પાસેથી મુકામની જગા એક વરશ દહાડાને સારૂં કીરાએ રાખી ને બેહુ- ની વચમાં એટરનીએ કરી આપેલો નીયમ પુરવક સ્ટાંપ લગાવેલો એક કરાર થયો એ કરારમાં ખાના વીશે કાંઇ લખાણ નથી. ખાનાનો સમાવેશ મુખજુબાનીથી સદરહુ શરતોમાં કીધો હતો, એ શાબેત કરવા **અ** મુખત્યાર નથી.

(આઇ) **અ** નું **બ** ની પાસે કાંઇ માગણું છે તેની પહોંચ આગળથી મોકલીને **અ બ** ની પાશે રૂપીઆ મંગાવે છે. **બ** પહોંચ રાખી લઈને રૂપીઆ મોકલતો નથી એ રૂપીઆની ફ- રીઆદી થઈ તેમાં સદરહુ હકીકત શાબેત કરવાને **અ** મુખત્યાર છે.

(જ) **અ** અને **બ** ની વચે એક લખેલો કરાર થયો તેનો અમલ કોઇ અમુક બી- ના બને ત્યારે થવાનો છે. લખાણ મજકુર **બ** ની પાશે રહ્યું **અ** ના ઉપર **બ** એ તેના ઉપ રથી દાવો માંડયો. જે હકીકતને લીધે લખાણ મજકુર આપવામાં આવ્યું હતું તે હકીકત શાબેત કરવાને **અ** મુખત્યાર છે.

સંશય ભરેલા દસ્તાવેજનો અરથ બતાવવાને અથવા તેને દુરસ્ત કરવાને પુરાવો ન. લેવા બાબત.

૯૩ જ્યારે કોઇ દસ્તાવેજની ઇબારત ઉપરથીજ એમ માલમ પડે કે ઇબારત મજકુર સંશય ભરેલી અથવા અ- પુરણ છે. ત્યારે જે હકીકત ઉપરથી તે ઇબારતનો અરથ માલમ પડે અથવા તેની અપુરણતા પુરી પડે તે હકીકતનો પુરાવો આપી શકાય નહીં.

દ્રષ્ટાંતો.

(અ) એ લખાણ કરીને એવો કરાર કરયો કે અ એક ઘોડો બ ને રૂપીઆ ૧૦૦૦ અ થવા ૧૫૦૦ શારૂં વેચવો.

એમાંની કઈ કીમત આપવાની હતી તે બતાવવાને પુરાવો આપી શકાતો નથી.

(બ) કોઇ ખતમાં ખાલી જગાઓ રાખીછે તેમાં શું લખવાનો ઈરાદો હતો તે બતાવે એવી હકીકતનો પુરાવો આપી શકાતો નથી.

ચાલુ હકીકતને દસ્તાવેજ લાગુ પડતો નથી એવો પુરાવા ન લેવા બાબત.

૯૪ જ્યારે કોઈ દસ્તાવેજમાં લખેલી ઈબારત સ્વતઃ સ્પષ્ટ હોય અને જ્યારે તે તે વખતની ચાલુ હકીકતને બરાબર લાગુ પડતી હોય ત્યારે તે ઇબારત એવી હકીકતને લાગુ પડવાનો ઈરાદો નહોતો એવું બતાવવાને પુરાવો આપાય નહી.

દ્રષ્ટાંતો

અ એ બ ને ખત કરી આપ્યું અને તેમાં એવું લખ્યું કે રામપોરમાંની બાગીચાંમાં ૧૦૦ ની મીલકત વેચ્યું છું અ ના પાસે રામપુ... ૧૦૦ ની મીલકત મોજુદ છે ... જગ્યામાંની ઓછી વતી વીઘાંની મીલકત વેચવાનો ઈરાદો હતો એ હકીકતનો પુરાવો આપી શકાય નહી.

ચાલુ હકીકતને સબંધે અરથ રહીત દસ્તાવેજ સબંધી પુરાવો

૯૫ જ્યારે કોઇ દસ્તાવેજમાં લખેલી ઇબારત સ્વતઃ સ્પષ્ટ હોય પરંતુ ચાલુ હકીકતને સબંધે તેનો અરથ થતો ન હોય ત્યારે તે ઇબારત કોઇ અમુક અરથ રાખીને વાપરેલી હતી, એવું બતાવવાને પુરાવો આપી શકાયછે.

દ્રષ્ટાંતો

અ એ બ ને પોતાનું કલકતામાંનું ઘર વેચીને ખત લખી આપ્યું.

અ ને કલકતામાં કંઈ ઘર નહોતું પરંતુ એવું માલમ પડેછે કે હાઉરામા તેનું એક ઘર હતું તે ઘરનો કબજો ખત થયું ત્યારથી બ ની પાસે છે. ખત હાઉરાવાળા ઘરને સારૂં હતું એવું બતાવવાને સદરહુ હકીકત સાબીત કરી શકાયછે.

ટીકા.—કોઈ ઇબારત અમુક અરથ રાખીને વાપરેલી છે એવું બતાવવાનો પુરાવો ક્યારે લેઇ શકાયછે.—આ પ્રમાણે જ્યાં એક તા૦ ૨૪મી અકટોબરના રોજના લખેલા કરાર ઉપરથી એક હુંડી કે જેનાં નાણાં લખ્યા તારીખથી ત્રણ મહીને ભરવાનાં હતાં તે હુંડીનું નુકશાન ન થાય તેની જામીનગીરી સમજાતી હતી, તે કામમાં ઉપર પ્રમાણે નાણાં ભરવા મજકુરની હુંડી હતી, પણ તે તા૦ ૨૫મી અકટોબરની હતી' અને તારીખમાં તફાવત છતાં એ જામીનગીરી જે હું ડીને લાગુ કરવાનો ઇરાદો હતો તે એજ હુંડી હતી. એવું બતાવવાનો પુરાવો લેવામાં આવ્યો હતો. વે. વી. હરનલા જનરલ કેપંન પ્લીઝ વા. ૩૨—પા.૩૪.

દસ્તાવેજ કરનાર સખશની મુખ જુબાની પુરાવો ક્યારે લેઈ શકાયછે—જ્યાં જ્યાં આ અને નીચેની કલમો મુજબ કોઇ દસ્તાવેજનો ખુલાસો કરવાનો પુરાવો લેઇ શકાયછે, ત્યાં ત્યાં દસ્તાવેજ કરનાર સખશનો મુખ જુબાની પુરાવો લઇ શકાયછે અને એ મોઢાનો મજકુર દસ્તાવેજ કર્યા પેહેલાનો અથવા તે કરતી વખતનો અથવા તે કરયા પછીનો હોય તેની ચીંતા નહી. કબુલાત એ મજકુર ઉપર તે કેહેવાના વખત તથા જે કરીયત તે કહ્યો હોય તે કરીયત પ્રમાણે તેના ઉપર વતું કે ઓછું વજન રાખી શકાય પણ તે પુરાવામાં લેવા યોગ્યછે કે નહીં તે બાબતનો તદન બીજા વિચારો ઉપર આધારછે," ડોઈ આલન વી૦ આલન ઓડેલફ્રશ એન્ડ એલીસ રીપોર્ટ વા૦ ૧૨—પા૦ ૬૫૧.

કેટલાએક સખશોમાંથી મા ત્ર એકજ સખશને લાગુ પડી શકે એવા ઇબારતના અરથ સ બંધી પુરાવા બાબત

૯૬ જ્યારે હકીકત એવી હોય કે લખેલી ઇબારત કેટલા એક સખશો અથવા પદારથોમાંથી ગમે તે હરકોઇ એક સખસ અથવા પદારથને લાગુ પાડવાનો ઇરાદો હોઇ શકે પરંતુ એક કરતાં વધારે સખસોને અથવા પદારથોને લાગુ પાડવાનો ઈરાદો હોઈ શકે, એમ નથી. ત્યારે સદરહુ સખસો અથવા પદારથોમાંથી કયા સખશ કીંવા પદારથને ઇબારત મજકુર લાગુ પાડવાનો ઈરાદો હતો, એવું બતાવનારી હકીકતોનો પુરાવો આપી શકાય છે.

દ્રસ્ટાંતો

(અ) "અ પોતાનો સફેત ઘોડો" રૂપીઆ ૧૦૦૦ સારૂં બ ને વેચવાનો કરાર કરે છે, અ ની પાસે બે સફેત ઘોડા છે એ બે ઘોડામાંથી કયો ઘોડો વેચવાનો ઇરાદો હતો તે બતાવનારી હકીકતોનો પુરાવો આપી શકાય છે.

(બ) અ બ ની સાથે હેદરાબાદ જવાનો કરાર કરેછે. એ હેદરાબાદ સીંધમાંનું કે દક્ષીણમાંનુ, તે બતાવનારી હકીકતોનો પુરાવો આપી શકાય છે.

હકીકતોના બે સમુદાયમાંથી એક સમુદાયને એકદર ઇબારત લાગુ ન પડે ત્યારે તેમાંના એક સમુદાયને તે લાગુ પાડવા સબંધી પૂરાવા

૯૭ જ્યારે લખેલી ઇબારત પઈકી થોડીએક ચાલુ હકીકતોના એક સમુદાયને લાગુ પડતી હોય, અને થોડીએક ચાલુ હકીકતોના બીજા સમુદાયને લાગુ પડતી હોય પણ તે એકંદર બેમાંથી એક સમુદાયને બરાબર લાગુ પડે નહી ત્યારે બેમાંથી કયા સમુદાયને તે લાગુ પાડવાનો ઇરાદો હતો, તે બતાવવાને સારૂ પૂરાવો આપી શકાય છે.

દ્રસ્ટાંત.

અ પોતાની એક્ષ માંહેની વાઇના કબજામાંની જમીન બ ને વેચવાનો કરાર કરે છે અ ની એક્ષમાં જમીન છે, પણ તે વાઇના કબજામાં નથી, અને તેની જમીન વાઈના કબજામાં છે તે એક્ષમાં નથી એમાથી કઇ જમીન વેચવાનો તેનો ઇરાદો હતો, તે માલમ પડે એવી હકીકતોનો પુરાવો આપી શકાય છે.

નહીં વંચાય એવા અક્ષરવીગરેના અરથ સબંધીનો પુરાવો.

૯૮ નહીં વંચાય એવા કીંવા સાધારણ રીતે નહી સમજાય એવા અક્ષરનો અરથ તથા પરદેશના તથા વપરાના બંધ પડેલા તથા કોઇ અમુક હુનર વીદયા કીંવા રોજગારને પ્રસંગેજ માત્ર વપરાતા, તથા કોઇ અમુક [illegible] ગામઠી શબ્દો કીંવા વાકયોનો અરથ તથા સંક્ષેપ લખેલા લખાણોના અરથ તથા કોઈ અમુક અરથમાં વાપરેલા શબ્દોના અરથ એ બતાવવા માટે પુરાવો આપી શકાય છે.

દ્રષ્ટાંત

અ નામના એક મુરતી કરનાર સખસે કરાર કરયો કે માહારે માહારી સરવે "મુ" વેચવી અ ની પાસે મુરતી તથા મુરતી કરવાની શામગરી બેઉ છે. એમાંથી શું વેચવાનો તેનો ઇરાદો હતો, એ બતાવવાને પુરાવો આપી શકાય છે,

ટીકા—અમુક હુનર વિદયા કીંવા રોજગારને પરસંગેજ વપરાતા, ઈત્યાદી શબ્દો કીંવા વાકયોનો અરથ બતાવવાને પુરાવો લઈ શકાય છે. જ્યારે દસતાવેજમાં વાપરેલા કોઇ શબ્દ અથવા વાકયનો અરથ અમુક હુનર વિદયા કીંવા રોજગારને પ્રસંગે જેવો તેનો અરથ થતો હોય તેવોજ થતો હોય તો તેવા અરથમાં વાપરેલછે. અને શામાન્ય વાત ચીતમાં તેનો સાધારણ રીતે જે અરથ થાયછે તે અરથમાં વાપરેલો નથી એવું બતાવવાનો પુરાવો આપી શકાય છે.

પછી ગમે તો પછી ગમે તે શબ્દ કીંવા વાક્ય મજકુર સંપુરણ રીતે સ્વતઃ સ્પસ્ટ અને અશંશયી હોય તેની ચીંતા નહી એ પ્રમાણે એક ખાણુ ખોદવાનું કામ માથે રાખનાર "અમુક જગાની એ ખાણુની સપાટીથી વધારે ઉંડી નહી ખોદવી" એ રીતનો આખી ખાણુ ખોદવાનો કરાર કરયો હતો આ કામમાં ખાંણુ ખોદનારાઓમાં સપાટીનો અરથ થાય છે એવું બતાવવાનો પુરાવો લેવાયો હતો કસેટન વી૦ ગરેગરાન આડોલફ્સ એંડ એલીસ રી૦ વા૦ ૫ પા૦ ૭૦૨

એવીજ રીતે ઘોડાની શરતની જાહેર ખબરની બાબતમાં "હદની પેલી પાર (આકરોસ કંટરી") એ શબ્દનો અરથ એવો હતો કે સવારોએ બધી આડો કુદી જવી, દરવાજા બાહાર નીકળી જવું એમ નહીં હતુ એવું બતાવવાનો પુરાવો લેવામાં આવ્યો હતો, ઈવાનસ વી૦ પ્રીટ આનીંગ એંડ ગરેનજરસ રીપોરટરસ કોમન પલીઝ વા૦ ૩ પાને ૭૫૯

કોઇ પક્ષકારોના લખેલા કરારમાં વાપરેલા શબદો કીંવા વાકયોનો અરથ સમજાવવાને સારૂ તેજ પક્ષકારો વચેના આગળના કામ કાજનો પુરાવો લઇ શકાય બોરન વી૦ ગીયાટ લીઝ કલારક એંડ ફીનેલીસ રીપોરટસ હાઉસ આફ લારડઝ વાલ્યુમ ૧૧ પા૦ ૪૫

દસતાવેજની સરતોમાં ફેરફાર થાય એવા કરારનો પુરાવો કોણ આપી શકે છે.

૯૯ જે સખશો કોઈ દસતાવેજના પક્ષકાર ન હોય કીંવા તે પક્ષકારોના હક સબંધે પ્રતીનીધી ન હોય તે સખશો દસતાવેજ મજકુર થયો તે વખતે એવો બીજો એક કરાર થયો છે કે તેથી દસતાવેજ મજકુરની શરતોમાં ફેરફાર થાય છે એવુ બતાવનારી હકીકતોનો પુરાવો આપવાને મુખતીઆર છે.

દ્રષ્ટાંતો

અ તથા **બ** એ લખેલો કરાર કરયો કે **અ બ** ને કાંઇક અમુક રૂ વેચવું અને તેના પઈસા રૂ સ્વાધીન કરેથી આપવા તેજ વખતે તેઓએ એવો મુખજુબાની કરાર કરયો કે રૂપીઆ મજકુર ત્રણ મહીના સુધી **અ** ની પાસે ઉધાર રહેવા દેવા **અ** અને **બ** ની વચે ચાલતા કામને પરશંગે એ વાતનો પુરાવો આપી શકાતો નથી પરંતુ તેથી ક ને કાંઇ નફો નુકશાન થતુ હોય તો તે સદરહુ વાતનો પુરાવો આપી શકે છે.

હીંદુસ્તાનના વારશા બાબતના આકટમાં મરનીયું પત્ર સબંધી લખેલા નીયમોમાં કાંઈ ફેરફાર થએો નથી.

૧૦૦ મરતયુપત્રનો અરથ કરવા બાબત હીંદુસ્તાનના વારસા બાબતના આકટ (સન ૧૮૬૫ ના ૧૦ મા) માં જે નીયમો આપેલા છે તેમાં આ બાબથી કાંઇ કમ જાદે થયું સમજવું નહી.

ભાગ ૩ જો*

પુરાવો ગુજારવા તથા તેના પરીણામ બાબત.

બાબ ૭ મો

સાબેતીના બોજાંવીશે.

સાબેતીનો બોજો.

૧૦૧ કોઇ હકીકતછે એવું જાહેર કરીને તે હકીકતના ઉપર આધાર રાખનાર કોઇ કાયદેસર હક કીંવા જવાબદારી બાબત જે સખસ કોરટ પાસ ઠરાવ કરાવવાની ઈછા બતાવતો હોય તે સખસે તે હકીકત છે એવું સાબેત કરવું જોઇએ.

ઉ૦ કોઈ હકીકતછે એવું સાબેત કરવાની જ્યારે કોઇ સખસની ફરજ હોય ત્યારે તે સખસ ના ઉપર સાબેતીનો બોજો છે એવુ કહેવામાં આવે છે.

દ્રષ્ટાંતો.

અ બ એ કાંઇ ગુનો કીધોછે એવું કહીને અ કોઇ કોરટને ઇછા બતાવેછે કે તે ગુના વાસ્તે અ ને શીક્ષા કરવા વીસેનો ઠરાવ.

અ એ સાબેત કરી આપવું જોઇએ કે બ એ ગુનો મજકુર કરયોછે.

(બ) કોઇ હકીકત છે એવું જાહેર કરીને અ કોઇ કોરટ પાસે એવી દાદ માગે છે કે તે હકીકતને લીધે બ ના કબજામાંની અમુક જમીન ઉપર પોતાનો હક છે એવો ઠરાવ કરો બ હકીકત મજકુર ખરી નથી એવો ઇનકાર કરે છે.

સદરહુ હકીકત છે એવું અ એ સાબીત કરવું જોઈએ.

સાબીતીનો બોજો કોના ઉપર છે

૧૦૨ કોઇ દાવામાં અથવા કામમાં એમાંથી એકુ પક્ષના તરફથી બીલકુલ પુરાવો ગુજારવામાં ન આવે તો તે સખસની હાર થાય, તે સખસના ઉપર સાબીતીનો બોજો છે એમ સમજવું.

દ્રષ્ટાંતો

(અ) અ કોઈ જમીનને માટે બ ના ઉપર ફરીઆદ માંડે છે એ જમીન બ ના કબજામાં છે પણ અ ના જાહેર કરયા પ્રમાણે બ નો બાપ ક મ્રતુપત્ર કરી ગયો, તેમાં જમીન મજકુર પોતાને એટલે અ ને આપેલી છે.

બેઉમાંથી એક પક્ષકારના તરફથી કાંઈ પુરાવો ગુજારવામાં આવે તો જમીન મજકુર બ ના કબજામાં રાખવાનો બ નો હક છે.

સબબ સાબીતીનો બોજો અ ના ઉપર છે.

(બ) કોઇ ખત ઉપર લેણા થએલા રૂપીઆને સારૂ અ બ ના ઉપર ફરીઆદ માંડે છે.

ખત થએલી વાતનો અંગીકાર કરવામાં આવ્યો છે પણ બ કહે છે કે તે દગાથી મેળવેલું છે અ એ દગાનો ઈનકાર કરે છે.

બેઉમાંથી એક પક્ષકારના તરફથી પુરાવો આપવામાં ન આવે તો અ જીતે કારણ કે ખત થયું એ વાતની તકરાર નથી અ નો દગો સાબીત થયો નથી.

સબબ સાબીતીનો બોજો બ ના ઉપર છે.

ટીકા—કોના ઉપર સાબીતીનો બોજો રહે છે.—આ પરીક્ષા કરવાનુ સાધન [ગાર્નીંગ એન્ડ રાયલડસ રીપોરટસ કવીનસ બેંચ વા. ૧—પાનુ ૪૬૪ આમેસ વી૦ હુનસના કામમાં આલડરશન સાહેબે સુચવેલું હતુ આ પ્રમાણે ખત થવાની વાતનો અંગીકાર કરવામાં આવ્યો છે પણ પ્રતીવાદી તેની કીમત મલ્યાની વાતનો ઇનકાર કરે છે આ પ્રમાણે કીંમત ન મળવાની વાત સાબેત કરવાનો બોજો પ્રતીવાદી ઉપર રહે છે રીતરામચાર વી૦ સમુઅચાર મ૦ હા૦ કો૦ રી૦ વા૦ ૫ પાને ૪૮૭ એવીજ રીતે વળી જ્યાં સહવારસો હોવાનો હક રાખનાર સખસો વચ્ચે સંક્ષેપ ચોકશીના કામમાં એક પ્રતીવાદીને સહ વરસ ઠરાવ્યો હતો. તે કામમાં તેનુ અનૌરસપણુ સાબેત કરવાનો બોજો વાદીના સહવારસો ઉપર રહે છે અશરફુદદઉલાહ વી૦ હઇદર હુશેનખાન મુરશ ઇડીઅન અપીલ્સ વા૦ ૧૧ પાનું ૯૪ એવીજ રીતે વળી જ્યાં એક રાયતે તેના માલીકની જમીન ઉપર તળાવ ખોદ્યું છે તે કામમાં તે પ્રમાણે ખોદવાની રૂઢી મુજબનો અથવા બીજો હ

ક સાબીત કરવાનો બોજો રાયત ઉપર છે તીરીનચરણ બોસ વી૦ દેવનારાયણ મીત્રી બં. લા. રી. આપે૦ વા૦ ૮ પાને ૬૯

ફલાણી હકીકતની શાબીતીના બોજા વીશે,

૧૦૪ કોઇ ફલાણું હકીકત છે એમ કોરટ માને એવું જે સખશ ઈછતા હોય તે સખસના ઉપર તે હકીકતની સાબેતીનો બોજો છે પરંતુ એવી હકીકત વીશે કોઇ અમુક સખસેજ સાબેતી કરવી એવું કોઇ કાયદામાં ફરમાવ્યું હોય તોતે કાયદામાં ફરમાવ્યા પ્રમાણે કરવું.

દ્રસ્ટાંત.

(અ) અ બ ના ઉપર ચોરીને માટે ફોજદારીમાં ફરીઆદ માંડે છે બ એ ચોરીની વાત ક આગળ કબુલ કીધી હતી એમ કોરટ માને એવું અ ઇછેછે તો સદરહુ કબુલતની વાત અ એ સાબેત કરવી જોઇએ.

તકરારી વખતે બ બીજી જગોએ હતો એમ કોરટ માને એવું બ ઇછે છે તો તે વાત તેણે સાબેત કરવી જોઇએ.

ટીકા—અમુક હકીકત સાબેત કરવાનો બોજો, મીલકત બીનામીદારના નામથી ખરીદ કરવામાં આવીછે અને માલીકના બધા ચીનહો તેના હાથમાં મુકવામાં આવ્યાંછે અને તે મીલકતના ખરેખરા માલીકને તે બીનામીદારથી થએલા વેચાણના પરીણામથી મોકળા થવુંછે તો તેના ઉપર નીચે પ્રમાણે બતાવવાનો બોજો રહેછે. (૧) સદરહુ વેચાણ પોતાની સમંતી વગર, કરવામાં આવ્યુંછે અને (૨) ખરીદદારે એ વાત જાણવા છતાં મીલકત રાખીછે. ભગવાનદાસ વી૦ અપુરબસીંગ શબરલાંડ વુંઇકલી રીપોટ (શાવીલ રૂલીંગ વા૦ ૧૬ પ્ર૦ ૧૮૫

દસ્તાવેજ ઉપર સ્ટાંપ નથી એવું સાબેત કરવાનો બોજો પ્રથમ તો દસ્તાવેજ મજકુર ઉપર સ્ટાંપ નથી એવા સબબથી તે રજુ કરવાનો જે પક્ષકાર વાંધો બતાવનો હોય તેના ઉપરછે જ્યાં એકુ તરફેન તરફથી પુરાવો ન હોય ત્યાં તેના ઉપર સ્ટાંપ હતો એમ અનુમાન થશે પણ જ્યાં એક વાર ખુલાશાવાર પુરાવો અપાયો કે ફલાણી વખતે એ દસ્તાવેજ ઉપર સ્ટાંપ નહો તો ત્યાં પછે દસ્તાવેજ મજકુર ઉપર સ્ટાંપ હતો એમ અનુમાન કરવાનું રહ્યુંજ નહી સાબેતીનો બોજો ફરી ગયો અને જે પક્ષકાર તે દસ્તાવેજ ઉપર આધાર રાખતો હોય તેણે દસ્તાવેજ મજકુર ઉપર યોગ્ય સ્ટાંપ હતો એમ સાબીત કરવું જોઇએ મ્યારીન ઇનવેસ્ટમેંટ કંપની વી૦ હીવી આઇટ લા૦ રી૦ હાઉસઆફ લોરડ વા૦ ૫ પાને ૬૨૪.

જ્યાં કેઇ સખશની જાત ઉપર હુકમનામું બજાવવાની દરખાસ્ત કરવામાં આવી હોય ત્યાં પોતાની પાસે કાં [illegible] કેદમાં મોકલવાથી કઇક લેણું વસુલ થશે એમ બતાવવાનો લેણદારને માથે બોજો નથી સેતન વી૦ એ.ઇજોન બં૦ લા રી૦ વા૦ ૮ પાને ૨૫૫

ધમકી દેઇને તથા સાચુ જુઠું બતાવી દગલબાજીથી ઘર મેળે ફડચો કરાવ્યોછે એવુ બતાવવાનો બોજો જે લોકો તેમણે કરેલો દસ્તાવેજ કાયદેશર રીતે થયો નથી એમ કેહેતા હોય તેમના ઉપર નંખાયછે રાજદર નારાયણરાય વી૦ બીજેઇ ગોવીંદસીંગ મુરસ ઇંડીયન આપીલ્સ વા૦ ૨ પાને ૧૮૧

વાદી જ્યા પોતાનો દાવો સાબીત કરી આપી ન શકેતો અનુમાન પ્રતીવાદીની તરફેનમાં થશે ધીરેલા પઇશા બાબતની એક ફરીઆદમાં ફકત એજ પુરાવો હતો કે વાદીએ પ્રતીવાદીને એક બેંક નોટ આપ્યું કેટલા રૂપીઆનું ને નોટ હતું ને રકમ જણાઇ નહોતી, ચલણી નોટ ઓછામાં ઓછુ ૫ પાંઉડનું હોવછે તેથી એ નોટ પાંચ પાંઉડનું હતું એવું અનુમાન કરવાને જ્યુરીને કહેવામાં આવ્યું લાટન વી૦ સ્પીનીજ્યુરીસ્ટ નવા આવરતી વા૦ ૮ પાને ૬૬૪

પુરાવો લેવા યોગ્ય થાય તે ને સારૂ જે હકીકત સાબેત કરવાની જરૂર હોય તે હકીકત સાબત કરવાના બોજા બાબત

૧૦૪ કોઇ હકીકતનો પુરાવો કોઇ સખશ આપી શકે તેને સારૂ પ્રથમ કાંઈ બીજી હકીકત સાબીત કરવાની જરૂર હોય તો તે હકીકત સાબેત કરવાનો બોજો જે સખશ એવો પુરાવો આપવાને. ઇછતો હોય તે સખશના ઉપરછે.

દ્રષ્ટાંતો.

(અ) બ એ મરતી વખતે કાંઇ કરાર કરયો એ હકીકત સાબીત કરવાને અ ઇછેછે બ મરી ગયો એ હકીકત અ એ સાબીત કરવી જોઇએ.

(બ) કોઈ ખોવાઇ ગયેલા દસ્તાવેજનો મજકુર દોયમ પુરાવાથી શાબીત કરવાને અ ઇછેછે દસ્તાવેજ મજકુર ખોવાઇ ગયો એ હકીકત અ એ સાબીત કરવી જોઇએ

તોહોમતવાળાના કામનો સમાવેશ અપવાદમાં થાય છે એવું શાબીત કરવાના બોજા બાબત

૧૦૫ જ્યારે કોઈ શખશના ઉપર કાંઈ ગુનહાનું તોહોમત હોય ત્યારે જે કેફીયત ઉપરથી તે કામનો શમાવેશ હીંદુસ્થાનના ફોજદારી કાયદા માંહેના સાધારણ અપવાદોમાં કોઇ બીજ સાધારણ અપવાદમાં અથવા સદરહુ કાયદાના હરકોઇ બીજા ભાગમાં લખેલા કીંવા ગુના મજકુરનું લક્ષણ જે કાયદામાં લખ્યું હોય તે કાયદામાં લખેલા કોઈ વીશેશ અપવાદ કીંવા શરતમાં થતો હોય તો બે કેફીયત છે એવું સાબીત કરવાનો બોજો સદરહુ તોહોમતવાળા શખશના ઉપર છે અને કોરટે એવું અનુંમાન કરવું કે સદરહુ કેફીઅત નથી.

દ્રષ્ટાંતો.

(અ) અ ના ઉપર ખુનનું તોહોમત છે તે જાહેર કરે છે કે દીવાનગીના સબબથી સદરહુ કામ કેવી રીતનું હતું તે હું જાણતો નહોતો.

શાબીતીનો બોજો અ ના ઉપર છે.

(બ) અ ના ઉપર ખુનનું તોહોમત છે તે જાહેર કરે છે કે ભારે તથા આકરામી ક્રોધ ઉતપન્ન થવાથી મારી મારો જીવ વશ રાખવાની શકતી ગઇ હતી.

શાબીતીનો બોજો અ ના ઉપર છે.

(ક) ફોજદારી કાયદાની કલમ ૩૨૫ મીમાં ફરમાવ્યું છે કે ૩૩૫ મી કલમમાં લખેલી બાબત શીવાય બીજી કોઈ પણ બાબતમાં જે શખશ ખુશીપુરવક મહાવ્યથા કરે તે શખશ અમુક શીક્ષાને પાત્ર છે.

અ ના ઉપર કલમ ૩૨૫ મુજબ ખુશીપુરવક મહાવ્યથા કરવાનું તોહોમત છે.

જે કેફીઅત ઉપરથી સદરહુ કામનો શમાવેશ કલમ ૩૩૫ માં થાય તે કેફીઅત શાબીત કરવાનો બોજો અ ના ઉપર છે.

વીશેશ કરીને હકીકત જાણામાં હોય તે હકીકત શાબીત કરવાનો બોજો.

૧૦૬ જ્યારે હરકોઇ હકીકત વીશેશ કરીને કોઇએક શખશના જાણ્યામાં હોય ત્યારે તે હકીકત શાબીત કરવાનો બોજો તે શખશના ઉપર છે.

દ્રષ્ટાંતો.

(અ) કોઇ સખસે કાંઇ કામ કરયું તે કામની કેફીયત તથા સ્વરૂપ ઉપરથી જે ઈરાદાથી કીધાનું અનુંમાન થાય તે ઈરાદા શીવાય બીજા ઇરાદેથી કીધું હોય.તો તે બીજો ઇરાદો સાબીત કરવાની જવાબદારી તે શખશના ઉપર છે.

ખ કોઠાની સડક મારફે ટીકટ વગર જવાનું અ ના ઉપર તોહોમત છે, તેની પાસે ટીકટ હતી એ શાબીતી કરવાની જવાબદારી તેના ઉપર છે.

વીસ વરસ ઉપર કોઇ માણુસ હયાત હોવાનું જાણ્યામાં હોય તે માણુસ મરણુ પામ્યાની વાત શાબીત કરવાનો બોજો.

૧૦૭ અમુક માણુસ હયાત છે કે મરણુ પામ્યો છે એવી તકરાર પડે. અને એવું માલમ પડે કે ત્રીશ વરશના દરમીયાનમાં તે માણુસ હયાત હતો, ત્યારે તે માણુસ મરણુ પામ્યો છે. એવું સાબીત કરવાનો બોજો મરણુ પામ્યો છે એમ કેહેનાર સખશના ઉપર છે.

ટીકા—હીંદુ તથા મેહોમેડનલામાં મોત થયાના અનુમાનો જે શખશની બાર વરશ સુધી અથવા બનારસમાં ૧૫ વરશ સુધી કાંઇ ખબર અંતર સાંભળવામાં ન આવી હોય તે સખશનું મોત થયાનું હીંદુલા અનુમાન કરેછે. મેહોમેડનલામાં બોવાએસો શખશ મરી ગયો, એવું તેના જનમની તારીખથી નેવું વરશ પછી અનુમાન થાય છે. પછી ગમે તો તે પાંચ વરશ ઉપર દીઠામાં આવ્યો હોય તેની ચીંતા નહીં.

સાત વરશ થયાં ખબર અંતર ન સાંભળી હોય એવા શખશ હયાત છે એ વાત શાબીત કરવાનો બોજો.

૧૦૮ પણુ એવું ઠરાવ્યું છે કે અમુક માણુસ હયાત છે કે ગુજરી ગયો છે એવી તકરાર પડે અને એવું શાબીત થાય કે તે માણુસ હયાત હોત તો જે શખશોને તેની ખબર અંતર સ્વભાવીકપણે આવી હોત તે સખસોએ સાત વરશ થયાં તે માણસની ખબર અંતર કંઇ સાંભળી નથી ત્યારે માણસ મજકુર હયાત છે એ વાત શાબીત કરવાની જવાબદારી તે હયાતછે. એમ કેહેનાર સખસના ઉપર છે.

ટીકા—વખત ગત થવાથી મોતના અનુમાન વીશે ઈંડીયન લા રીપોરટસ (અલહાબાદ) વા. ૧ પા. ૫૩ પરમેશર રાય વીં, બીશેશર સીંધના કામમાં મર્હુમ સલીગરામની મીલકતના જાંકીરાયની પછીના ઉત્તરાધીકારવાળાઓએ તેમના ઉતરાઅધીકારને નુકશાન પોચાડતા સલીગરાયની માલ મીલકત સલીગરાયની વીધવાએ બીજાને લખી આપેલી તે લખાણુ રદ કરવાને ફરીઆદ કરી જાંકીરાયના ૮—૯ વરસથી કંઇ ખબર અંતર આવ્યા નહોતા અને તે હયાતછે તેની પણુ કંઈ સાબીતી નહોતી. અલહાબાદ હાઇ કોરટની ફુલબેંચે ઠરાવ કરયો કે જો કે સદરહુ માલ મીલકતનો વહીવટ કરવાના કારણુસર જ્યારે કોઈ સખશ માલમ ન પડતો હોય અને ગુજરી ન ગયો હોય ત્યારે ફરમાવેલો વારસા બાબતનો હીંદુલા કોરટને લાગુ કરવો પડે તો પણુ આ ફરીઆદના કારણુશર આ કલમ મુજબ સખશ મજકુર ગુજરી ગયાનું અનુમાન થઇ શકેછે. જ્યાં કોઇ સખશ જેને વીશે શાત વરશથી તેની ખબર અંતર નહીં મળવાથી તે ગુજરી ગયાનું અનુમાન કરવામાં આવ્યું હોય તે સખશ જતો રહ્યા પછી સાત વરસની અંદર ગુજરી જનાર કોઈ સખશના મૃત્યુ પત્રથી તે કૃત્રિમદાયક હોયતો આ મૃત્યુ પત્રની રૂએના બાકી રહેલી મીલકતના વારસાના વિરૂધ મૃત્યુ પત્ર કરનારની પછી સખશ મજકુર જીવતો હતો એવું સાબીત કરવાનો બોજો તે સખશના વારસ વકીલ ઉપરછે. લુઇશ ટરસ્ટસના કામમાં લા રીપોરટસ કલકતા વા. ૧૧—પા૦ ૨૩૬

ગુજરી ગયાના વખતનું કંઇ અનુમાન ન કરવા વીશે—જ્યાં કોઇ સખશે ગુજરી ગયાની વાત સાબીત કરવાની હોય ત્યા તે શખશ વખત ગત થવાથી કાયદાના અનુમાનથી એ વાત શાબીત કરેછે. પણુ જ્યારે તેણે ગુજરી ગયાનો વખત સાબીત કરવાનો હોય ત્યારે તેણે તે વાત બીજી લાયક રીતે શાબીત કરવી જોઇએ. કેમકે એ સાત વરસની મુદતમાં ફલાણે વખતે

તે ગુજરી ગયો એવું અનુમાન થઇ શકતું નથી. સર વુલીયમ જોન્સનો ઠરાવ લુઇસ ટરસ્ટસના કામમાં લા રીપોરટસ બાબ ૬—પાનુ ૩૫૧. રોગીનીપીઅન બારનવેલ એન્ડ આડોલફસ રીપોરટસ વા૦ ૫ પાનું ૮૬. મીસન એન્ડ વેલ્સબીસ રીપોરટસ એકશચેંકર વા૦ ૨ પાનું ૮૯૪.

કોઈ શખશ પંતયાળો કીંવા ગણોતીઓ કીંવા મુનીમ છે તે બાબત શાબીતી કરવાનો બોજો.

૧૦૯ અમુક શખસો પંતયાળા ભાગીઆ છે કીંવા માલીક અને ગણોતીઆ અથવા ભાડુત છે કીંવા મુખ્ય અને આડતીઆ છે એવી તકરાર પડે. અને એવું બતાવવામાં આવ્યું હોય કે સદરહુ જેના તે સબંધે તે શખસો કામ ચલાવતા આવ્યા છે, ત્યારે સબંધ મજકુર નથી. કીંવા તુટયો છે એ વાત શાબીત કરવાનો બોજો એ પ્રમાણે કહેનાર શખશના ઉપર છે.

ટીકા—હીંદુ કુટુંબમાં વેચાણની વાત શાબીત કરવાનો બોજો—એવીજ રીતે વળી જ્યાં કોઇ હીંદુ કુટુંબ એ વખત એકઠું હતુ એવું અંગીકાર કરવામાં આવ્યું હોય તો તે જુદું પડયું છે, એવું શાબીત કરવાનો બોજો. એ પ્રમાણે જુદું પડયું છે એવું કહેનાર શખશ ઉપર છે. બીર નારાયણ સરકાર વી૦ ટોંનકવરી નદી સધરલેંડ વુઇકલી રીપોરટર વા૦ ૧ પાનું ૩૧૬.

માલેકી વીશે શાબેતી કરવાનો બોજો.

૧૧૦ કોઇ પદારથ કોઇ સખશના કબજામાં છે. એવું બતાવવામાં આવે તો તે સખશ તે પદારથનો માલીક છે કે નહીં એવી તકરાર પડે. ત્યારે સદરહુ સખશ માલીક નથી એ વાત સાબીત કરવાનો બોજો તે માલીક નથી એમ કહેનાર સખસના ઉપર છે.

ટીકા—અપકાર કૃત્ય કરનારે માત્ર બળાતકારથી મેળવેલો કબજો શાબેતીનો બોજો માથે પા ઉતારવાને બસ નથી. આ કલમમાં દાખલ થાય એવો કબજો બતાવવામાં અપકારક કૃત્ય કરનારે માત્ર બળાત્કારથી બથવી પડી કરેલો કબજો બતાવ્યા કરતાં કંઇક વધારે બને પાડી તેના ઉપર તે પોતે માલીક છે એવું શાબીત કરવાનો બોજો નાખી શકે નહીં, એજ ધોરણ ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું છે કે પ્રવેશ કરનાર તરફનો માત્ર કબજો સને ૧૮૫૯ના આકટ ૧૪ની કલમ ૧૫ મુજબ કરેલી ફરીઆદમાં વાદીને દાવાવાળી મીલકત મળવાને હકદાર કરવા બસ નથી દાદાભાઇ નરસીદાસ વી૦ ભરૂચનો સબ કલેકટર મુ૦ હા૦ કો૦ રી૦ (આ૦ સી૦ જ્યુ 1) વા૦ ૭—પાનું ૮૨. સધરલેન્ડ વી૦ કાવડી સધરલેંડ વુઇકલી રીપોરટર ક્રીમીનલ રૂલીંગ વા૦ ૧૮ પાનું ૧૧.

પક્ષકારોમાંથી એકના ઉપર ભરૂસો રાખવામાં આવતો હોય તેવા કામમાં અમુક કારય સુધબુધીથી થયું કે નહીં તેની શાબીતી વીશે.

૧૧૧ જ્યારે કાંઈ કારય થયું હોય અને તે જે પક્ષકારો વચ્ચે થયું હોય તેમાંથી એક પક્ષકારનો સબંધ બીજા પક્ષકાર સાથે એવો હોય કે તે બીજા પક્ષકારોનો ફાયદો કરવાની તેની ફરજ હોય તો તે ફરજના સબંધથી સદરહુ એક શખસ ઉપર ભરોસો રાખવામાં આવતો હોય ત્યારે એવા પક્ષકારની વચ્ચે અમુક કારય શુધબુધીથી થયું છે કે નહીં એ એક તકરારી વાત છે ત્યારે સદરહુ કારયની શુધબુધી શાબીત કરવાનો બોજો જે પક્ષકારના ઉપર સદરહુ પ્રમાણે ભરોસો રાખવામાં આવતો હોય તેના ઉપર છે.

દ્રષ્ટાંતો

આ એક અસીલે માંડેલી ફરીઆદના કામમાં એવી તકરાર પડી છે કે અસીલ મજકુર

પોતાના એક એટરનીને વેચાણ કરેલું તે વેચાણ સુખબુધીથી થયું છે કે નહી એ કારસની સુખબુધી સાબીત કરવાની જવાબદારી સદરહુ એટરનીના ઉપર છે.

બ એક છોકરો હાલ તુરતજ લાયક ઉમરે પોહોચેલો છે તેણે પોતાના બાપ ઉપર ફરીઆદ માંડી તે કામમાં છોકરાએ બાપને વેચાણ કરેલું તે સુખબુધીથી કરેલું કે નહી તે વાતની તકરાર પડી એ કારસની સુખબુધી સાબીત કરવાની જવાબદારી સદરહુ છોકરાના બાપ ઉપર છે.

ટીકા—આ કલમમાં ઠરાવેલો નીયમ એજ પક્ષકારો વચેના કારસોમાંજ ફકત લાગુ છે. આ પ્રમાણે (અ) એક છોકરો લાયક ઉમરે પોહોચ્યા પછી પોતાના બાપના લેહેણાની બાબતમાં તેના વાલી ઉપરના દાવામાં સદરહુ વાદીએ કરેલો ફડચો દગા ભરેલો હતો એવા સબબથી તે ફડચો રદ કરવા ફરીઆદ કરી આ કામમાં ઠરાવ કરવામાં આવ્યો કે સંતલસ તથા દગો બતાવવાનો બોજો (અ) ઉપર છે અને જો તેની સાબીતી ન થાય તો દાવો કાઢી નાંખવો જોઇએ. લેકરાજ રાય વી૦ માહતબચંદ મદરાશ જયુરીસ્ટ વા૦ ૭—પા૦ ૧૮૬

એક બાળકની વડીલો પારજીત મીલકતના વહીવટ કરનારે સદરહુ મીલકત ઉપર કરજ કરી તથા ગીરેથી બોજો નાખ્યો છે આવી બાબતમાં એ વહીવટ કરનારની સુખબુધી સાબીત કરવાના બોજા વીશે કોઇ સામાન્ય નીયમ ઠરાવી શકતો નથી. તે નીયમમાં મુકદમાની કેફીયત પ્રમાણે ફેરફાર થાય છે અને તે કેફીયત પ્રમાણે બોજા વીશેનો નીયમ ચાલવો જોઇએ સુખબુધી નસાબીત કરવાનો બોજો હરેક પ્રસંગે એ દસતાવેજ રદ કરાવા માગનાર સખશ ઉપર રહેશે નહીં જયાં કોઈ ગીરો રાખનાર જે શખશનો અખતીઆર થોડો અને મરીયાદા બાંધેલો તેના જાણવામાં હોય તે સખસે પોતાની તરફેણમા કરેલો બોજો બતાવે ત્યાં જે હકીકતો તે બાળક વારસ કરતાં તેને પોતાને વધારે માલમ હોય એમ અનુમાન કહી શકાય તે હકીકતો તે પોતે કહી બતાવી સાબીત કરી આપે એમ યોગય રીતે આશા રાખી શકાય, એટલે કે મીલકતની કહેવાતી જરૂરીઆત વીશે તથા તેણે પોતે તતકાળ કરજ કરવાના હેતુ વીશે તેને (ગીરો રાખનારને) જે હકીકતો કહી સંભળાવવામાં આવી હોય તે હકીકતો હનુંમાન પ્રસાદ પાંડે વી૦ મસામત મનીરાજ કુવરી મુરસ ઇંડીઅન અપીલસ વા૦ ૬—પા૦ ૩૯૧ પા૦ ૪૧૯ વડાલીરામ ક્રીસ્ટનમ વી૦ મંડા આપાયા મુ૦ હા૦ કો૦ રી૦ વા૦ ૨—પા૦ ૪૦૭ પણ બાળક અને તેની મીલકતના વહીવટ કરનારની વચેની ફરીઆદમાં સુખબુધી શાબીત કરવાનો બોજો હરેક પરસંગે આ કલમ મુજબ વહીવટ કરનાર ઉપર રહેશે.

લગન સબંધી જારી હોય તે દરમ્યાનમાં કોઇ સખશનો જનમ થયો તે વાત શખશ મજકુર કાયદેસર પુત્રછે એ વાત નીરણુ કારક શાબેતી છે

૧૧૨ કોઇ સખસની માનો કોઇ પુરશ સાથે કાયદેસર થએલો લગન સબંધી જારી હોય તે દરમીઆનમાં અથવા તે લગન શબંધ તુટ્યા પછી શખશ મજકુરની મા વગર પરણ્યો રહી હોય તો લગન શબધ તુટયા બાદ ૨૮૦ દીવશ સુધીમાં શદરહુ શખશનો જનમ થયો એ હકીકત તે શખશ મજકુરનો કાયદેશર પુત્ર છે એ વાતની નીરણયકારક શાબીતી શમજવી પરંતુ જો એવું બતાવી શંકાય કે સદરહુ લગનવાળા સદરહુ સ્ત્રી પુરૂષ એ બેઉને એક બીજાનો શમાગમ કોઇ એવે સમયે થયો નથી કે સક્ષ મજકુરની ગરભ ઉતપતી થઇ શકે તો પછી એ પ્રમાણે સમજવું નહી.

ટીકા—"સમાગમ નહી થવો" એનો અરથ "સંભોગ નહી થવો" એકજ ઘરમાં રહેવું ન હી એટલોજ અરથ નથી; એટલા માટે કોઇ છોકરું કાયદેસર નથી. એમ સાબીત કરવાની જ

વાં રાખનાર સખસે સ્ત્રીનો ધણી નામરદ હતો એવું અથવા એવાં પ્રસંગમાં તેઓ ભેગા થયા નહ થી કે જ્યાં સંભોગ થઇ શકે એવુ બતાવવાની તેને છુટ છે.

સમાગમ સાબેત થાય તો કાયદેસર પુત્ર થયાના અનુમાન વીરૂધ તકરાર લાવી શકાય નહીં જયાં સમાગમ સાબીત થયો કે કાયદેસર પુત્ર થયાનુ અનુમાન છીનાળાના પુરાવાથી તોડી સકાય નહી એ છોકરાનો ધણુ કરીને કોણ બાપ હતો તે વીશે પુરાવાની તુલના કરવા કાયદો રજા આપ તો નથી બયાનબરી પીઅરેજ કેસ સાઈમન્સે એરટુઅરટશ ૨૦ બાનશરી વા૦ ૧ પાને ૧૫૩

૧૧૩ બ્રીટીસ સરકારના મુલકનો કાંઈ ભાગ કોઈ દેશી સંસ્થાનને કીંવા રાજ કીવા હાકેમ ને સ્વાધીન કરવામાં આવ્યો છે એવું જાહેરનામુ ગેજીટ ઓફ ઈંડીઆમાં છાપવામાં આવે તો એવા જાહેરનામામાં લખેલી તારીખે એવો મુલક કાયદેશર રીતે સ્વાધીન કરવામાં આવ્યો એ વાતનું સંપુર્ણ જાહેરનામુ નીરણય કારક શાબીતી છે, એમ સમજવુ.

મુલક સ્વાધીન કરવામાં આવ્યો હોય તેની સાબીતી બાબત.

ટીકા—મુલક સ્વાધીન કરવાની વાત બાબત—મુ૦ હા૦ કો૦ રી૦ વા૦ ૧૦ પાને કાળદામોદર ગોરધન વી૦ ગણેશ દેવરામના કામમાં મુ૦ હાઈ કોરટે ઠરાવ કર્યો કે "રાણી શરકારને જે આ કટથી હીંદુસ્તાનનુ રાજ્ય શોંપવામાં આવ્યું તે આકટ મુજબ સ્ટેટ શેક્રેટેરીને જે જે સતાઓ મળી તે સતાઓ શીવાયમુલક સ્વાધીન કરવાની એક સતા તેમને મળી નહોતી" પારલામેંટના અખત્યારને હરકત પોહોચાડનો કોઈ પણ કાયદો કરવાની હીંદુસ્તાનની કાયદા કરનારી સભાને જે કાયદાથી સ્પસ્ટ રીતે મના કરવામાં આવી છે તે કાયદામાં કોઇ રીતે વીકટોરીઆ રાણીના ૨૪ માં તથા ૨૫ મા વરસમાં થએલા હીંદુસ્તાનની કાંઉનશીલના આકટના બાબ ૬૭થી ફેરફાર કે ઓછુવતું કરવામાં આવ્યું નથી." એવું બતાવ્યા પછી હાય કોરટ નીચે પ્રમાણે બોલે છે "એટલા માટે પુરાવાના આકટની કલમ ૧૧૩ના વજનનો આધાર (રાજ્યના) વીશેશધીકારના બંધારણના સવાલ ઉપર છે, જો મુલક સ્વાધીન કરવાની ગાદીને એકલીને સતા હોય તો કાયદાનો આ ઠરાવ જ્યાં સુધી તે નામંજુર થયો નથી ત્યાં સુધી તે કાયદાસર અને બંધન કારક છે પણ જો બીજા હાથપર એ સતા પારલામેટના અખત્યાર સાથે બજાવી શકાય છે તેના ઉપરથી અલબત એવું નીકળે છે કે કાયદા કરનારી સભા તેના અખત્યાર બાહાર ગઈ છે અને કલમ ૧૧૩ માં કરેલો ઠરાવ ખરાબ ઠરાવ હતો અને તે એવોજ જારી રહેસે. સુલેહના વખતમાં મુલક તોડી નાંખવાની મતલબનો કાયદો હીંદુસ્તાનની કાયદા કરનારી સભા બાંધી સકતી નથી તથા ગાદી તે મંજુર કરી સકતી નથી. કારણ કે આવા પ્રકારના કાયદાથી જરૂર પારલામેંટના અખત્યારને તથા ગરેટ બ્રીટન અને આયરલેંડના શંયુકત રાજના બીના લખેલા કાયદા તથા બંધારણો કે જે ઉપર એ સયુકત રાજ્ય તરફના લોકોના પ્રજા ધરમનો આધાર છે તે કાયદા તથા બંધારણોને ખલેલ પોહોચ્યા વગર રહેજ નહીં હાઇ કોરટે ઠરાવ્યું કે "પુરાવાના આકટની કલમ ૧૧૩ને કે નામંજુર નથી થતી તો પણ રાણીના રાજના ૨૪ મા તથા ૨૫ મા વરસમાં થએલા આકટના બાબ ૬૭ ની કલમ ૨૨થી તેનો બચાવ થતો નથી. અને એટલા માટે તેમાં ફરમાવ્યા મુજબ ચાલી શકાય નહી.

૧૧૪ કોઈ અમુક કામની હકીકતને સંબંધે કુદરતી બનાવી તથા મનુસ્યની વરતણુંક ની તથા સરકારી તથા ખાનગી કામકાજની સાધારણ ચાલી ઉપર વીચાર રાખીને કોઇ હકીકત બનવાનો સંભવ છે એવું કોરટની નજરમાં આવે તો તે હકીકત બનેલી છે એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

કેટલીક હકીકત છે એવું કોરટ અનુમાન કરવાને મુખત્યાર છે.

દ્રષ્ટાંતો

નીચે પ્રમાણેના અનુમાન કરવાને કોરટની મુખત્યારી છે.

અ ચોરી થયા પછી થોડીવારે ચોરીનો માલ કોઈ માણસના કબજામાં હોય અને તે મા ણુસ સદરહુ ચોરીનો માલ પોતાના કબજામાં સી રીતે આવ્યો તે ન બતાવી શકે તો માણુસ મજ કુર ચોરી કરનાર છે અથવા તેણે ચોરીનો માલ જાણીને તે લીધો છે એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

બ ગુનાના કામમાં ગુનેહગારના શોબતીની જુબાનીને મુખ્ય મુદાની વાતે બીજા પુરાવા થી પુસ્ટી ન મળે તો તે સાબેતીનું કહેવું ભરશો રાખવા યોગ્ય નથી એવું અનુમાન કરવાને કો. રટ મુખતીઆર છે.

ક હુંડી શીકારી અથવા તેના ઉપર શેરો થયો તો પછી સારા અવેજ ઉપરથી સી કારી અથવા શેરો થયો એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

ડ કોઇ પદારથ કીંવા પદારથની સ્થીતી જેટલી મુદત સાધારણ રીતે નાશ પામે છે તે મુ દતની અંદર કોઇ વખત તે પદારથ કીંવા પદારથની સ્થીતી કાયમ હતી એવું સાબીત કરવામાં આવ્યું હોય તો સદરહુ પદારથ કીંવા પદારથની સ્થીતી અદ્યાપી પરીયંત કાયમ છે એવું અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

ઇ ઇનસાફનાં તથા સરકારી કામ નીયમ પૂરવક થયાં છે એવું અનુમાન કરવાને કોરટ મુખતીઆર છે.

ફ કમકાજની સાધારણ રીતી પરમાણે અમુક કામોમાં થયું છે એવું અનુમાન, કરવાને કોરટ મુખત્યાર છે.

ગ જે પુરાવો રજુ કરી શકાય એવો છે પરંતુ તે રજુ કરયો નથી તે પુરાવો રજુ થા યતો રજુ નહી કરનાર સખસને પ્રતીકુળ છે એવુ અનુમાન કરવાને કોરટ મુખત્યાર છે.

હ કોઇ માણસને કોઇ સવાલનો જવાબ આપવાની કાયદાથી ફરજ નથી ને સવાલનો તે સખસ જવાબ ન આપે ત્યારે જવાબ આપ્યો હોય તો તે સખશને પ્રતીકુળ પડશે એવું અનુમા ન કરવાને કોરટ મુખત્યાર છે.

આઈ કોઇ દસ્તાવેજ ઉપરથી ફરજ ઉત્પન્ન થતી હોય તેવો દસ્તાવેજ લખી આપનાર સખસના હાથમાં હોય ત્યારે તે ફરજ અદા થઇ છે એવું અનુમાન કરવાને કોરટ મુખત્યારછે.

પરંતુ કોરટની રૂબરૂ ચાલતા અમુક કામોમાં સદરહુ નયમો લગુ પડે છે કે નહીં તેનો વી ચાર કરતી વખતે નીચે બતાવી છે તેના જેવી હકીકતોના ઉપર પણ કોરટે ધ્યાન રાખવું.

દ્રષ્ટાંત અ બાબત—એક નીશાનીવાળો રૂપીઓ ચોરાઇ ગયો ત્યાર પછી થોડીવારે એક દુકાનદારની પાસે તેના ધંધામાં તે રૂપીઓ માલમ પડ્યો હવે તે રૂપીઓ તેની પાસે કેવાણી રીતે આવ્યો એવું તે બતાવી શકતો નથી પરંતુ તેના રોજગારને પ્રસંગે તેની પાસે નીરંતર રૂપીઆ આવ્યા કરે છે.

દ્રષ્ટાંત બ બાબત—કોઇ યંત્ર ગોઠવવાના દરમીઆનમાં કાંઇ ગફલત ભરેલા કામથી એ ક માણસનુ મોત આણવાને માટે અ નામની એક ઘણીજ સારી પ્રતીસ્ઠાવાળા સખસની ઉપર મુકરદમો ચાલે છે બ નામનો તેનાજ જેવી પ્રતીસ્ઠાનો સખસ પણ સદરહુ પ્રમાણે ગોઠવવામાં સા મીલ હતો તે શી હકીકત બની તેનુ બરાબર યથાસ્થીત વરણન કરે છે અને પોતાની તથા અ ની એ બેઉની બેફીકરાઈ કબુલ કરી તેનો ખુલાસો બતાવે છે.

દ્રસ્ટાંત બ બાબત—કેટલાએક સખસોએ મળીને એક ગુનો કીધો ગુનેહગારમાંના ત્રણ અ બ અને ક એ ગુનો થયો તેજ જગાએથી પકડાયા અને તેઓને એક એકથી જુદા રાખ્યા દરએક જણ ગુનાનો હેવાલ આપે છે તેમાં ક નું બોલ છે એ સરવેના હેવાલોને એક બીજાથી એવી પુસ્ટી મળે છે કે આગળ તેઓને મસલત થઇ હોય એ પણ અસંભવીત લાગે છે.

દ્રષ્ટાંત ક બાબત—હુંડી આપનાર અ એ વેપાર રોજગાર કરનાર વાકેફગાર માણસ હતો બ એ કાચી ઉમરનો અજાણ્યુ સખસ હતો અને તે કેવળ અ ને વશ હતો.

દ્રષ્ટાંત ડ બાબત—એવું સાબીત થયું છે કે એક નદીનો પ્રવાહ પાંચ વરસ ઉપર અમુક રસ્તે થઈને હતો પરંતુ એવું જાણવામાં છે કે ત્યાર પછી રેલો આવી હતી અને તેથી રસ્તો બદલાય.

દ્રષ્ટાંત ઈ બાબત—જે ઇનસાફનુ કામ નીયમ પુર્વક છે કે નહીં એવી તકરાર છે તે કામ દસ્તુર કરતાં જુદી તરેહની કેફીઅતથી ફરમાવવામાં આવ્યું હોય.

દ્રષ્ટાંત (ફ) બાબત—તકરાર એવી પડીછે કે અમુક કાગળ પહોચ્યો કે નહીં એવું તો સાબીત થયુંછે કે તેને ટપાલમાં નાખવામાં આવ્યો હતો પણ બંડ બખેડાથી હમેશ માફક ટપાલ જવામાં અટકાવ થયો હતો

દ્રષ્ટાંતો (ગ) બાબત—એક જુજ કીમતના કરાર નામાની રૂએ અ ના ઉપર ફરીઆદી થઈ છે તે કરાર નામાને સબંધ રાખે એવો એક દસ્તાવેજ રજુ કરવાને અ નામનો સખશ ના કહેછે પણ તે દસ્તાવેજ રજુ કરેથી અ ના કુટુંબની ઇજતને ખલેલ પોહોચેછે તથા તેમના મનને દુખ થાયછે

દ્રષ્ટાંતો (હ) બાબત—કાયદાથી જેનો જવાબ દેવાની ફરજ નથી તેવા સવાલનો જવાબ આપવાની અ નામનો સખશ ના કહેછે પરંતુ જે કામને સબંધે તેને સવાલ પુછયોછે તે કામને સબંધ નહી રાખવાની બાબતમાં તેને તે સવાલનો જવાબ દેવાથી નુકશાન થાયછે.

દ્રષ્ટાંતો (આઇ) બાબત—ખત લખી આપનાર સખશના કબજામાં એક ખત છે પરંતુ તે કામની હકીકત એવી છે કે તેણે તે ખત ચોરયું હોય

ટીકા—"કુદરતી બનાવની તથા મનુષ્યની વરતણુકની તથા ખાનગી કામકાજની સાધારણ ગતી ઉપર વીચાર રાખવાને દેશની રીત ભાત લોકનો સ્વભાવ તથા રીત ભાત વેપારના શીરસ્તા સ્થાનીક રીવાજો ચાલુ કાયદાનો જોશ તથા વલણ ધ્યાનમાં લેવું જોઇશે, તથા આ ઉપરથી નીકળતી શંભવીત વાતો ધ્યાનમાં લેવી જોઈશે.

અવીભકત હીંદુ કુટુંબની બધી મીલકત મજીઆરીછે એવું અનુમાન થાયછે હીંદુસતાનમાં કેટલાક ખાનુાજ આગાના અનુમાનો તો અવીભકત હીંદુ કુટુબની બાબતમાં કરાયછે તે છે આ આ પ્રસંગે અનુમાન એ છે કે કુટુંબની બધી મીલકત મજીઆરીછે અને એ પ્રમાણે નથી એવું સાબીત કરવાનો બોજો જે પક્ષકાર આવી મીલકતના કોઇ પણ ભાગ ઉપર પોતાની ખાનગી મીલકત તરીકે દાવો કરતો હોય તેના શીર ઉપરછે ગોપી કીસન ગોસાઇ વી૦ ગંગા પ્રસાદ ગોસાઇ મુરસ ઇંડીઅન અપીલસ વા૦ ૬ પા. ૫૩૦

કાયદાનું અનુંમાન એ છે કે અવીભક્ત હીંદુ કુટંબની બધી મીલકત સમભાગે છે અદરકુ મીલકત આગવી પેદા કરેલી છે, એવું શાબીત કરવાનો બોજો એ કુટંબના આદમી ઉપર છે. ધરમદાસ પાંડે વી૦ મશામત શામા સુદરી દીલી આહ. સુ૦ ઈ૦ આ૦ વા૦ ૩ પાનું ૨૨૯.

અનુંમાન એ છે કે જ્યારે કોઇ કુટુંબ જુદું રહેતું હોય તથા જુદી રસોઈએ જમતું હોય તો તેની મીલકત પણ જુદી હોય. કેશાબરામ મહાપતર વી૦ નંદકીસોર મહાપતર બં૦ લા૦ રી૦ (આ૦ સી૦ જ્યુ૦) વા૦ ૩ પાનું ૭.

અવીભક્ત હીંદુ કુટંબ એની એજ સ્થીતીમાં છે એવું અનુમાન.—જ્યાં કોઇ એકઠું અને અવીભક્ત કુટંબની મીલકત જે મુળ વડીલો પારજીત હોય તો એક વખત એકઠું એ

સારૂં કુટુંબ એની એજ સ્થીતીમાં છે એવું કાયદાનું અનુમાન વેચાણના પુરાવાથીજ અથવા જુદા પડવાના કામોથી તોડી શકાય અને એ કુટુંબ વીભક્ત છે એવું શાબીત કરવાનો બોજો આવી મીલકતમાં જે પક્ષકાર હીસ્સો માગતો હોય તેના સીર ઉપર છે. મસમત ચીથા વી૦ બાપુ મોતીલાલ. મું૦ ઈ૦ અ૦ વા૦ ૧૧ પાનું ૩૨૯.

કોઈ એકઠા રહેનાર હીંદુ કુટુંબના મુખ્ય માણસે કરેલું કરજ કુટુંબી કરજ છે એવું અનુમાન કરવા વીશે કોઈ એકઠા રહેનાર હીંદુ કુટુંબના મુખ્ય માણસે કરેલું કરજ સામાન્ય રીતમાં તે કુટુંબી કરજ છે એવું અનુમાન કરાય છે પણ જો તે કુટુંબનો એક આદમી સગીર હોય તો કુટુંબી મીલકત ઉપર પોતાનો દાવો બજાવવાની ખાયશ રાખનાર લેહેણદારે એવું જાણવું જોઈએ કે એ દેવું સુખસુખાથી તથા કુટુંબના ફાયદાને સારૂ કરવામાં આવ્યું હતું. ડાંડવગાયા મુકજી વી૦ વલી અબદુલ મ૦ હા૦ કો૦ રી૦ વ૦ ૧ પાનું ૩૫૮ તકરાર એવી નથી કે એ વેચાણ કરવાની કંઈપણ કાયદેસર જરૂરીઆત હતી કે નહીં પણ એવી તકરાર છે કે જે કરજ જો બાપે કર્યું હોત અને તેણે તે આપ્યા વગર રેહેવા દીધું હોત તો હીંદુ પ્રમાણે તે કરજ અદા કરવાની તેના દીકરા ઉપર તેની ફરજ રહેત. તે કરજ પુરૂ કરવાને વેચાણ મંજુર કરવામાં આવ્યું હતું કે નહીં જસ્ટીસ માકફર્સનનો ફેંસલો આદરવાની દેઈ વી૦ ચોધરી શીવ નારાયણ કર ઈ. લા. રી. (કલકત્તા) વા૦ ૩ પાને ૧ પાને ૫

વડીલો પારજીત મીલકત વેચવાની જરૂરીઆત બાબતના અનુમાનો વીશે જે મુકદમાઓમાં વડીલો પારજીતનું વેચાણ થયું છે તેવા વેચાણ મંજુર કરાવવાની જરૂઆત શાબીત કરવાના બોજાની તકરાર વીશે ઘણો વાદ વીવાદ થયો છે હનુમાન પરશાદ પાંડુ વી૦ મસાગત બાબુ ઈમ નરાજ કુંવરીના કામમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આવે પ્રસંગે ખરીદદાર વેચાણ કરવાની કાંઈ જરૂરી પ્રસંગ હતો કે નહીં તેનું બધું જોખમ પોતાને માથે ગણતો નથી ખરીદદારની ફરજ તો એટલીજ છે કે કરજ કાઢવાની જરૂરીઆતોની ચોકસી કરવી અને પોતે જેની સાથે કામ પાડતો હોય તેનાથી પોતાની ખાતરી કરી લેવી કે એ વહીવટ કરનાર એ અમુક બાબતમાં મીલકતના લાભને અરથે કામ કરે છે આવી ફરીઆદીમાં સાબેતીનો બોજો કોના ઉપર છે તે બાબત વીશે બુદ્ધિવંત સાહેબોની નજરમાં એવું આવે છે કે તેનો એક સામાન્ય અને નક્કી તેનો જવાબ આપી શકાય તેવું નથી આવે પ્રસંગે કરવાનું યોગ્ય અનુમાન કામની રીઅત પ્રમાણે થવું જોઈએ અને તે રીવત ઉપર તેનો આધાર રહેવો જોઈએ," મુ૦ ઈ૦ અ૦ વા૦ ૬ પા૦ ૩૯૧

મધુદયાળસીંઘ વી૦ ગોલબરસીંઘના કામમાં જડજોએ ઠરાવ્યું કે જ્યાં એક છોકરો ગીતાક્ષરા લા પ્રમાણે પોતાના બાપે કરેલું વેચાણ તે ગેરજરૂરી હતું તથા તે કરવા બાને મજુરી આપી નહોતી એવા સબબથી વેચાણ મંજુર રદ કરવા માગે છે પણ ખરીદદાર તે ખરીદીના પઈશા મઝીઆરી મીલકતમાં જમે થયા છે અથવા તે વારસ ઉપર બંધનકારક બોજો કાઢી નાંખવામાં તેનો ઉપયોગ થયો છે એવા સબબથી તે ખરીદીના પઈસા પોતાને પાછા મળવા તે દાવો કરે છે તે કામમાં આવો ઉપયોગ થયાની વાત સાબીત કરવાનો બોજો ખરીદદાર ઉપર રહે છે સધર્લેંડ વીકલી રીપોર્ટ (આખા રૂલીંગસ) વા૦ ૧ પાને ૫૭૧

કોઝલ પાળનારી સ્ત્રી—એ ઘોઝલ પાળનારી સ્ત્રીઓ જેમના મુખતીઆર દાખલ કોઈ એક તેનો સખશ દસ્તાવેજ કરે છે એવું કહી વાદીએ દસતાવેજ મંજુરની જવાબદાર સદરહુ ઓઝલ પાળનાર સ્ત્રીઓને કરવા માગ્યું, આ કામનાં (હાયકોર્ટનો ઠરાવ ફેરવીને) પ્રીવી કાઉનસીલે ઠરાવ કર્યો કે એ મુખતીઆરીનો ચોકસ પુરાવો આપવો જોઈએ. મસુમત અજીઝુનીસા વી૦ આકરખાન બં૦ લા૦ રી. (પ્રી૦ કા૦) વા૦ ૧૦ પાને ૨૦૫

મુસલમાનોમાં પેહેરામણી માગે ત્યારે આપવાનું એવું અનુંમાન કરાય છે.—ચોખ્ખો ઠરાર ન કરયો હોય તો મુસલમાનોમાં પેહેરામણી ગમે તે વખત માગે ત્યારે હાજર કરી દેવી એવું અનુંમાન કરાય છે. જ્યારે તલાક આપે ત્યારેજ માગી શકાય એમ નથી. તાદીપ વી૦ હસન બીબી, સ૦ હા૦ કો૦ રી૦ વા૦ ૬ પાનું ૯.

છોકરાનો ધરમ તેનો બાપ જે ધરમ પાળતો હોય તે ધરમ હોય છે, એવું અનુંમાન કરાય છે.— કોઈ છોકરાનું ધરમ વીશેનું અનુંમાન પ્રીવીન કઊનસીલે નીચે પ્રમાણે કહી બતાવ્યું છે, " આ બાબતની ઘણીજ અગત્યતાને લીધે હીંદુસ્તાનમાં નાના છોકરાનો ધરમ સાધારણ કેસીઅતમાં તેના બાપનો જે ધરમ તે ધરમ હોય છે, તથા તેના બાપની જે સુરેશી તથા મંડળીમાં સ્થીતી હોય તે સ્થીતી હેય છે એવું અનુમાન કરાય છે. સ્કીનર વી૦ ઓરડે. મુ૦ ઇ૦ આ૦ વા૦ ૧૪ પાનું ૩૦૯ લા૦ રીપોરટસ (પ્રી૦ કા૦] વા૦ ૧૪ પાને ૬૭ મદ્રાસ જ્યુરીસ્ટ વા૦ ૭ પાનું ૧૫૭.

લગ્ન સબંધ તથા અઊરસપણું—લગ્નસબંધ તથા અઊરસપણા વીશેના અનુંમાનની (મુ૦ ઇ૦ આ૦ વા૦ ૧૪ પાને ૩૦૬) શ્યાગની અમાલ વી૦ કવાન થાઈનત ચીયરના કામમાં જ્યુડીસીયલ કમીટીએ છીનવટ કરી હતી. એ કામમાં એક શુંદર જમીનદાર અને ૧ લો વાદી જે પોતે વેલાલ જાતની છે એમ કેહતી હતી પણ જેને પ્રતીવાદીઓ નટડી કેહેતા હતા તેમની વચમાં લગન સબંધી વીધી થઈ ગઈ હતી. પ્રીવીકાઊનસીલે એવું અનુંમાન કરયું કે તે નટડી નહોતી કારણ કે જો એમ હોય તો વીધી ગેર કાયદેશર ગણાત. એટલુંજ નહીં પણ હીંદુના વીચારવાની રીત પ્રમાણે તે ધરમ વીરૂધ થાય. ખુદાવંત સાહેબોએ વળી એ જમીનદારના હાથે પહેલા વાદીના દીકરા બીજા વાદીની જે બરદાસ થઈ હતી તે ઉપર ભરોશો રાખી જમીનદાર મજકુરે સરખુ બીજા વાદીને અઊરસ જેવો ગણ્યો હતો એવું બતાવવામાં આવ્યા ઉપરથી તે અઊરસ નથી એમ શાબીત કરવાનો બોજો પ્રતીવાદી ઊપર નાંખ્યો.

મહોમેડન લા મુજબ લગનસબંધ જ્યાં સુધી ચાલે ત્યાં સુધી સ્ત્રીનું છોકરૂં તેણીના ધણીના પેટનુજ છોકરૂં ગણાય છે. લગન થયા પેહલાનું છોકરૂં અનઊરસ છે, પણ સ્પષ્ટ અથવા ગરભીત, ચોખ્ખી રીતે શાબેત કરેલી અથવા અનુમાનીક કબુલતના બળ વડે તે અઊરશ થઈ શકે છે, આવે પ્રસગે કોરટે એ સવાલ નકી કરવાનો છે કે એ છોકરાની કબુલતનો કાંઈ પુરાવો આપે છે કે નહીં. આ અઊરસપણાની બાબત ઉપર કોરટ હાન પોહોચાડતી હોય તો પણ હકીકતના એવા કોઈ પણ અનુંમાનો જે પુરાવાના ધોરણોના નીયમો પર વ્યાજબી વીચાર કરતાં બાતલ થાય છે, તેવાં અનુંમાનો કોરટ વ્યાજબી રીતે કરી શકતા નથી. લગન સબંધ તથા અઊરસપણાનું અનુંમાન પાકા સબબો હોય તોજ થઈ શકે.

બીજા હીદાયત ઉલ્લાહ વી૦ રાયજાન ખાનમના કામમાં ખુદાવંત સાહેબોએ ઠરાવ કરયો કે " સાતથી તે આઠ વરસ સુધીમાં તથા તેના દીકરા બંનેની સાથે સગેરાસ એવી વરતણુંક ચલાવવામાં આવી હતી, અને એવી કેશીઅતમાં કે ખુદાવંત સાહેબોને ધણી ધણીઆણીની માફકના ભેગા રહવા તથા એ દીકરો કાયદે અલીખાનનાપેટનો હોવાના અનુંમાન શીવાય આવી રીતે વરતણુંક ચાલે એ અશક્ય જેવું માલમ પડે છે." આ હકીકત ખરેખર આજ પરમાણે છે. એવી કબુલતરૂપ ખુદાવંત સાહેબોએ માની. મુ૦ ઇ૦ આ૦ વા૦ ૩— પાને ૨૯૫.

દત્તક લેવાનો અખતીઆર નીસંતાનવાળો હીંદુ તેની વીધવાને દતક લેવાનો આપી જવાનું ઘણુંકરીને અનુંમાન થાય છે. નાગા લંછમી અમાલ વી૦ ગોપુનાદ રાજા ચેટી. મુ૦ ઇ૦ આ૦ વા૦ ૬ પાનું ૩૦૯.

અત્યુપત્રો અત્યુપત્ર કરનારની મંજુરી.—અત્યુપત્ર બુધીમાન અત્યુપત્ર કરનારને તે કરતી વખતે બરાબર વાંચી સંભળાવ્યાની અથવા બીજી રીતે તેની જાણ પર લાવ્યાની હકીકત તે પોતે કરવા બાબત પોતાના શેરા સહીત જો કાંઇ દશ્યો ન થયો હોય તો તે અત્યુપત્ર પોતે કરવાનો તેમજ તેના મજકુર બાબત પોતાના જાણપણા વીશેનો નીરણીયકારક પુરાવો છે. ગારડહાઉસ વી૦ બ્લાકબરન, લા૦ રીપોરટસ પ્રોબેટ એન્ડ ડાઇવોરસ વા૦ ૧ પાને ૧૦૯. પાને ૧૧૫.

અત્યુ પત્રોમાં ફેરફાર—જે અત્યુ પત્રો ઇંગરેજી કોરટોએ કબુલ કરેલાછે તે વીશે જુદા જુદા અનુમાનો થાયછે જ્યાં કોઇ અત્યુ પત્ર ઉપર શાક્ષી કરયા વગરના માલમ પડે અને તે વીશે કાંઇ ખબર આપવામાં ન આવે તથા ફેરફાર મજકુર કયારે થયા તે બતાવવાને કાંઇ પણ હકીકત ન હોય તો અનુમાન એવુંછે કે એ અત્યુ પત્ર કરયા પછી એ ફેરફારો કરેલાછે કુપર વી૦ બોકેટ મુરસ પ્રીં૦ કા૦ કેસીસ વા૦ ૪ પને ૪૧૯ ફેરફાર વીશે સામાન્ય અનુમાન એ છે કે જ્યારે તે શીશાપેનથી કરેલા હોય ત્યારે તે વીચાર ઉપર લખેલા છે અને જ્યારે તે સહીથી કરેલા હોય ત્યારે તે ખરા અને નીરણયકારકછે વુઈલીઅમ્સ ઓસ એકઝીકયુટરસ એન્ડ એડમીનીસ્તરેટરસ પાને ૯૬

બેરીકરાઇ બાબતની ફરીઆદોમાં—બેરીકરાઇ બાબતની ફરીઆદોમાં હાની કરવામાં આવી એટલીજ વાત બેરીકરાઈ ગેરસાબીત કરવાનો બોજો પ્રતીવાદીઓ ઉપર નાખવાને બશ* નથી દાખલો કે જો કોઇ સેરીમાં ગાડાએ કરેલી હાનીને સારૂ ફરીઆદ કરે તો તેણે એવું બતાવવું જોઇએ કે એ અકસ્માત પ્રતીવાદીની બેરીકરાઈ ભરેલા હાંકવાથી થએલો છે. પરંતુ એવી હકીકતમાં પણ કાંઈ અકસ્માત બને કે જેથી બેરીકરાઇ ગેરસાબીત કરવાનો બોજો પ્રથમ તો પ્રતીવાદી ઉપર રહે, જેમકે વાદી શેરીનાં ચાલતા હોય ને તેના ઉપર પાણી પડવા દેવામાં આવ્યું હોય બાયરન એંડ બોડલ લા જનરલ એકશચેકર વા૦ ૨૩ પા૦ ૧૩

સાહેદ હાજર ન થાય તો અનુમાન કરવા વીશે—જે પક્ષકાર સાહેદ દાખલ હાજર ન થાય તેના વીરૂધ ઘણી વખત મજબુત અનુંમાન કરવાનું છે દાખલો કે વાદીઓએ તેમની પોતાની તથા સાક્ષી કરનાર પંચ સાહેદોની જુબાનીઓથી એક ખત કરયાની વાત સાબેત કરી આ વીરૂધ પ્રતીવાદીઓએ સાંભળેલી વાત અને બીન ભરસા લાયક પુરાવાની પુસ્ટીથી ખોટી સહી બનાવ્યા બાબત એક સામો કેસ ખડો કરયો પણ તેઓ પ્રસક્ષ રીતે વાદીના વીરૂધ બોલે નહી તેમ પંડે પાંજરામાં આવી સહીનો ઇનકાર કરવાની પણ હીમત ધરે નહી આવલકોરટે વાદીની તરફેણમાં ઠરાવ કરયો પણ હાઈકોરટે તે ઠરાવ રદ કરયો જયુડીશીઅલ કમેટીએ હાઇકોરટનો ઠરાવ રદ કરયો.'

સ્ટાંપ વીશે—જયાં કોઇ દસતાવેજ ઉપર દસતાવેજ મજકુર તેના માલીકના હાથમાં આવે તે વખતે સ્ટાંપ ચોડવાનું કાયદામાં ફરમાવ્યું હોય અને યોગ્ય રીતે સ્ટાંપ ચોડેલો તે દસતાવેજ કોરટમાં હાજર કરવામાં આવે તો અનુમાન એ છે કે જે વખતે તે તેના માલેકના હાથમાં આવ્યો તે વખતે તેના ઉપર સ્ટાંપ હતો અને તે ઉપર સ્ટાંપ નહોતો એવું બતાવવાનો બોજો સામા પક્ષકાર ઉપર છે ઠરાવેલો વી૦ ડીરીન લા જનરલ કોમન પ્લીજ વા૦ ૩૭ પાને ૧૪૬ પણ જયાં એક વખત એવો ખાતરી લાયક પુરાવો આપવામાં આવે કે ફલાણી વખત એ દસતાવેજ ઉપર સ્ટાંપ નહોતો તોપછી તેના ઉપર સ્ટાંપ હોવાની તરફેનમાં કાયદાનું કાંઇપણ અનુમાન થઇ શકતું નથી સાબેતીનો બોજો ફરી જાયછે અને જે પક્ષકાર તે દસતાવેજ ઉપર ભરસો રાખનો તેણે સાબીત કરવું જોઇએ કે તેના ઉપર યોગય સ્ટાંપ હતો ધી મારીન ઇનવેષ્ટમેંટ કંપની વી૦ હાવી શાઇડ લા રી૦ હાઉસ આફ લોરડઝ વા૦ ૫ પા૦ ૬૨૪

જયાં દસતાવેજ તે લખી આપનાર સખસના હાથમાં હોય ત્યાંતે દસતાવેજની ફરજ અદા

થયા બાબતના અનુમાન વીશે આ અનુંમાન પ્રથમ આ દેશની હાયકોરટોએ પશંદ કરયું હતું "કોઇ હુંડી તેના શીકારનારના હાથમાં પાછી આવી હોય તો તેનાં નાણાં અપાયાં છે એવો અનુમાન કરાય છે એ હુંડી રજુ કરે એટલે શીકારનાર તરફનો જોઈએ તેઠલો પુરાવો આવી ચુકયો." શીઅરમન વી૰ ફીનેમીંગ બ૰ લા૰ રી૰ વા૰ ૫ પા૰ ૬૧૫

બાબ ૮ મો

પ્રતીબંધ વીશે

૧૧૫ જ્યારે કોઇ એક સખશે પોતે ઇકરાર કરીને, કીંવા કાંઇ કૃત્ય કરીને કીંવા કાંઇ કરવાનું તે ન કરીને કોઇ બીજા સખશ પાસે અમુક વાત ખરી છે એવી ધારણા કરાવી હોય અથવા કરવાદીધી હોય તથા તે ધારણા ઉપરથી કાંઇ અમલ કરાવ્યો હોય, અથવા કરવા દીધો હોય તો તે શખશની તથા સદરહુ બીજા સખશ કીંવા તેના પ્રતીનીધીની વચે ચાલતી ફરીઆદીમાં અથવા કામમાં સદરહુ વાતના ખરાંપણાનો ઇનકાર કરવાની પરવાનગી સખશ મજકુરને કીંવા તેના પ્રતીનીધીને આપવી નહીં.

પ્રતીબંધ

દ્રષ્ટાંતો

બ જાણી જોઇને એવું કાંઇ કરેછે કે તે ઉપરથી અમુક જમીન અ ની છે. એવું બ એ માન્યું, અને તેથી જમીન મજકુર ખરીદ કરીને તેના રૂપીઆ આપવાને લલચાયો.

પાછળથી જમીન મજકુર અ ની માલકીમાં આવી ત્યારે અ સદરહુ વેચાણ એવા સબબ ઉપરથી રદ કરાવવા માગેછે કે વેચાણ થયું તે વખતે તે જમીન ઉપર માહારો કાંઇ હક નોહોતો, પોતાનો હક નોહોતો એ વાત અ ને સાબીત કરવા દેવી નહી.

૧૧૬ સ્થાવર મીલકતના ગણોતીયા કીંવા. ભાડુતને અથવા તે ગણોતીયા કીંવા ભાડુતના હક ઉપરથી જે સખશનો હક ઉતપન થયો હોય તે સખશને સદરહુ ગણોતીયાનો કીંવા ભાડુતનો સબંધ જારી હોય તે દર મીઆનમાં એવો ઈનકાર કરવાની પરવાનગી આપવીનહી કે સદરહુ સ્થાવર મીલકતના માલીકનો તે મીલકત ઉપર ગણોતીઆ કીંવા ભાડુત મજકુરનો સબંધ શરૂ થયો તે વખતે કાંઇ હક હતો નહી અને હરકોઇ સ્થાવર મીલકતના કબજેદારના પરવાનાથી તે મીલકત જે સખશે પોતાના તાબામાં લીધી હોય તે સખશને એવો ઇનકાર કરવાની પરવાનગી આપવી નહી કે સદરહુ પરવાનો આપતી વખતે એવા કબજેદારનો એવા કબજા ઉપર હક હતો નહી.

ગણોતીઆને પ્રતીબંધ નડે છે તે બાબત.

૧૧૭ કોઇ હુંડી શીકારનારને એવો ઇનકાર કરવાની પરવાનગી આપવી નહીં. કે હુંડી આપનાર સખશને એવી હુંડી આપવાનો કીંવા તે ઉપર શેરો કરવાનો અધીકાર નહોતો અને કોઈ નિક્ષેપીને અથવા જે સખશને કાંઇ પ્રવાનો આપ્યો હોય તે સખશને પણ એવો ઇનકાર કરવાની પરવાનગી આપવી નહી કે નીક્ષેપ અથવા પરવાનો સીરૂ થતી વખતે નીક્ષેપ્તાને અથવા પરવાનો આપનાર સખશને એ પ્રમાણે નીક્ષેપ કરવાનો અથવા એવો પરવાનો આપવાનો અધીકાર નહોતો.

હુંડી શીકારનારને અથવા નીક્ષેપીને અથવા પ્રવાનો લેનારને પ્રતીબંધ નડેછે તે બાબત.

ખુલાસો ૧ લો—હુંડી શિકારનાર એવો ઈનકાર કરવાને મુખતીઆરછે કે હુંડી મજકુર ઉપરથી જે સખશે તે હુંડી આપ્યાનું સમજાય છે તે હુંડી ખરેખરી આપી નથી.

ખુલાશો ૨ જો—નીક્ષેપી નીક્ષેપતા શીવાય બીજા કોઇ સખશને નિક્ષેપવાળો માલ આં

એવો નીક્ષેપી એવું શાબેત કરવાને મુખતીઆરછે કે જે સખશને તેણે માલ આપ્યોછે તે સખશનો નીક્ષેપતા વીરૂધ માલ મજકુર ઉપર હક હતો.

બાબ ૯ મો.

સાહેદ બાબત

શાહેદી કોણ આપી શકેછે

૧૧૮ સરવે કોઈ સખશ શાહેદી આપવાને શકતછેં એમ સમજવું પરંતુ કોરટની નજરમાં એમ આવે કે કાચી ઉમરને લીધે અથવા અતીશય જઈફીને લીધે અથવા સરીરના કીંવા મનના કોઈ રોગને લીધે અથવા એવા પ્રકારના બીજા કોઈ કારણને લીધે તેને જે સવાલ પુછવામાં આવે તે તે સમજી શકતા નથી અથવા તે શવાલોની સમજણવાળા જવાબ આપી શકતા નથી તો બે સખશો સાહેદી આપવાને શકતછે, એમ સમજવું નહી.

ખુલાશો—દીવાનો માણસ શાહેદી આપવને અશકત નથી પરંતુ તેને શવાલ પુછવામાં આવે તે જો દીવાનાપણાના સબબથી તે શમજી શકતો ન હોય અથવા તેના સમજણવાળા જવાબ આપી શકતો ન હોય તો તે અશકતછે,

ટીકા—સાદો ઇકરાર—તહોમતવાળા સખશ ઉપર બે નાના છોકરાને કુવામાં નાંખી દીધાનું તહોમત હતું. સેશન જડજના કહેવા પ્રમાણે એ ગુનોહ જેણે નજરે જોએલો એવો સાહેદ તો ફકત એક નાની છોકરી હતી અને સોગંદ શું કે પ્રતીજ્ઞા શું તે તે છોકરી કંઈ સમજતી નહોતી તેથી તેની જુબાની સાદા ઇકરાર ઉપર લેવામાં આવી હતી જયુરીએ કેદીને ગુન્હેગાર ઠરાવીને તેને દશ વરસની સમુદ્રપારની સજા કરી અપીલમાં બંગાળા હાઇ કોરટે ઠરાવ્યું કે જો સોગંદ કે પ્રતીજ્ઞા જાણી જોઈને નહી આપેલી તોપણ તેથી તે છોકરીની જુબાની ન લેવા લાએક થતી નથી.

મુગા શાહેદ બાબત

૧૧૯ જે શાહેદ બોલી શકતો ન હોય તે શાહેદ લખાણ વડે કીંવા ચીનહો વડે એવી જે રીતે પોતાની જુબાની સમજાઇ શકે એવી કરી શકતો હોય તેવી કોઈ રીતે જુબાની આપવાને મુખતીઆર છે પરંતુ એવું લખાણ તથા એવાં ચીન્હો ખુલી કોરટમાં થવાં જોઇએ એ પ્રમાણે આપેલા પુરાવાને મુખ જુબાની પુરાવો સમજવો.

દીવાની તથા ફોજદારી કામે પરણેલા સખસો સાહેદી આપી શકે કે નહીં તે બાબત

૧૨૦ તમામ દીવાની કામોમાં દાવાના પક્ષકારો તથા દાવાના હરકોઈ પક્ષકારનો ધણી અથવા તેની ધણીઆણી શાહેદી આપવાને અશકત છે એમ સમજવું. ફોજદારી કામોમાં હરકોઇ સખસની વીરૂધ પુરાવો આપવાને એવા સખસોનો ધણી અથવા તેની ધણીઆણી અનુકરમે શકત છે એમ સમજવું.

જડજ તથા માજીસ્ટ્રેટ બાબત.

૧૨૧ હરકોઇ જડજ અથવા માજીસ્ટ્રેટને કોરટમાંની તેની એવા જડજ અથવા માજીસ્ટ્રેટ તરીકેની વરતણુંક વીશેના અથવા એવા જડજ અથવા માજીસ્ટ્રેટની રૂએ જે વાત તેના જાણવામાં કોરટમાં આવી હોય તે વીશેના હરકોઈ સવાલો પૂછવામાં આવે તેમાં જવાબ દેવાની સરજુ જડજ અથવા માજીસ્ટ્રેટને તે જે કોરટને તાબે હોય તેવી કોરટના ખાસ હુકમ શીવાય ફરજ પાડવી નહીં પરંતુ એ પ્રમાણે કામ કરતાંના દરમીઆનમાં પોતાની રૂબરૂ કોઇ બીજી બીનાઓ બની હોય તે વીશે તેને સવાલ પુછી શકાય છે.

દ્રષ્ટાંતો

(અ) શેસન કોરટની રૂબરૂ અ ના ઉપર તજવીજ ચાલે છે તે વખતે અ જાહેર કરે છે કે બ નામના માજીસ્તરેટે એક જુબાની ગેરરીતે લીધી. કોઈ ઉપલી કોરટના ખાશ હુકમ શીવાય એ વીશેના સવાલોના જવાબ આપવાની બ ને ફરજ પાડી શકાતી નથી.

(બ) બ નામના માજીસ્ટ્રેટની રૂબરૂ ખોટી શાહેદી આપ્યાનું અ ના ઉપર શેશન કોરટમાં તહોમત છે ઉપલી કોરટના ખાસ હુકમ શીવાય અ એ શું કહયુ તે બ ને પુછી શકાતુ નથી.

(ક) બ નામના શેશન જડજની રૂબરૂ તજવીજના દરમીઆનમાં એક પોલીસ અમલદારનુ ખુન કરવાની કોશીશ કરવાનુ અ ના ઉપર શેશન કોરટમાં તહોમત છે. સી બીના બનીતે વીશે બ ને સવાલ પુછી શકાય છે.

ટીકા—જડજ શાહેદ કયારે થઇ શકે—જો જરૂર હોય તો જડજ જે કામ પોતે ચલાવતા હોય તે કામમાં પોતાની જુબાની આપી શકે છે પણ પ્રથમ તેણે યોગ્ય શોગન કે પ્રતીગ્યા કરવી જોઇએ. બેસ્ટ શાહેબનો પુરાવા બાબતનો કાયદો પાને ૧૮૮ આ દેશમાં સેશન જડજ આશેશરોની મદદથી તેની આગળ જે કામની તજવીજ ચાલતી હોય તે કામમા જુબાની આપી શકે છે રાણી વી૦ મુકતાશીંધ બં. હા. રી. ફોજદારી અપીલો વા૦૪ પને ૬૫ મી૦ ટેલર એવી સુચના આપે છે કે જડજ ઇનશાફ ઉપર એકલો બેઠો હોય તારે તે સાહેદ તરીકે જુબાની આપી શકતો નથી. કારણ કે તેને કોઇ સોગંદ આપનાર નથી.

લગન સબંધના દરમીઆનમાં કહેલી વાત બાબત

૧૨૨ જે સખશનું લગન થએલું છે કીવા થએલું હતું તેવા હરકોઈ સખશને લગન સબંધના દરમીઆનમાં જેની સાથે લગન થએલું છે, અથવા થએલું હતું તેણે હરકાંઇ વાત કહી હોય તે વાત સદરહુ કહેનાર સખશની કીંવા હક સબધે તેના પ્રતીનીધીની રજામંદી શીવાય પ્રગટ કરવાની તે સખશને ફરજ પાડવી નહી કીંવા એવી કાંઇ વાત પ્રગટ કરવાની તે સખશને સદરહુ પ્રમાણેની રજામદી શીવાય પરવાનગી આપવી નહી પરંતુ પરણેલા સખસોની વચેની માંહો માંહેની ફરીઆદીઓના કામોમાં અથવા કોઈ પરણેલા સખસે પોતાનું જેની સાથે લગન થયું છે તેના વીરૂધ કાંઇ ગુનહો કીધો હોય તે બદલ તેના ઉપર ફોજદારીમાં ફરીઆદ થઇ હોય તેવા કામોમાં ઊપર પ્રમાણેની કાંઈ વાત પ્રગટ કરવાની તે સખશને ફરજ પાડવાને કીંવા પરવાનગી આપવાને બંધન છે એમ સમજવું નહી.

રાજ્ય પ્રકરણ સબંધી પુરાવો.

૧૧૩ રાજ્ય પ્રકરણ સબંધી પરશીધ નહીં થએલા સરકારી દફતર ઉપરથી મળેલો પુરાવો આપવાને કોઇપણ સીખશને પરવાનગી આપવી નહીં પરંતુ જે ખાતાનું સદરહુ દફતર હોય તે ખાતાના ઉપરી અધીકારી પરવાનગી આપે તો સદરહુ પ્રમાણે પુરાવો આપવા દેવો. ઉપરી અધીકારી મજકુરને યોગ્ય જણાય તે પરમાણે તેણે પરવાનગી આપવી કીંવા ન આપવી.

સરકારી હોદાની રૂએ સરકારી અધીકારીનેકહેલી વાત બાબત

૧૨૪ કોઇપણ સરકારી અધીકારીને સરકારી હોદાની રૂએ ભરૂસાની વાત કહેવામાં આવી હોય તે વાત પરગટ કરવાથી સારવજનીક હીતને નુકશાન છે એવું તે સરકારી અધીકારીની નજરમાં આવે તારે વાત મજકુર પરગટ કરવાની ફરજ અધીકારી મજકુરને પાડવી નહી.

ગુનહો બન્યા બાબતની ખબર બાતમી વીશે

૧૨૫ હરકોઇ ગુનહો બન્યા બાબત હરકોઇ ખબર બાતમી કોઇપણ માજીસતરેટ કીંવા પોલીશ અમલદારે કયાંથી મેળવી તે કહેવાને માજીસતરેટ, કીંવા પોલીશ અમલદાર મજકુરને ફરજ પાડવી નહીં.

રોજગારને સબંધે કહેલી વાત બાબત

૧૨૬ કોઇપણ બારીસ્ટર કીંવા એટરની કીંવા પલીડર કીંવા વકીલને જે વાત તેને તેના અશીલે અથવા તેની તરફથી કોઈએ એવા બારીસ્ટરનું કીંવા એટરનીનું કીંવા પલીડરનું કીંવા વકીલનુ કામ કરવાને પરસંગે તથા કામ મજકુર કરાવવાને માટે કહી હોય તે વાત પ્રગટ કરવાની પરવાનગી અથવા કોયપણ દસ્તાવેજની સ્થીતી કીંવા મજકુરથી તે પોતાના રોજગારનુ કામ કરવાને પરશંગે તથા કામ મજકુર કરવાને માટે વાકેફ થયો હોય તે સ્થીતી કીંવા મજકુર પરગટ કરવાની પરવાનગી અથવા એવું કામ કરવાને પરસંગે તથા કરવાને માટે તેણે પોતાના અશીલને કાંઈપણ શલાહ આપી હોય તે પરગટ કરવાની પરવાનગી તેના અશીલની સ્પષ્ટ રજામંદી શીવાય કોઇપણ સમયે આપવી નહીં.

પરંતુ આ કલમ માંહેના કોઈપણ મજકુરને આધારે નીચે લખેલી વાત પરગટ થતી બચેછે એમ શમજવું નહીં.

(૧) કોઇ પણ એવી વાત હરકોઇ ગુનાનું કામ સાધવા સારૂં કહી હોય તે.

(૨) હરકોઈ બારીસ્ટરનું કીંવા પ્લીડરનું કીંવા એટરનીનું કીંવા વકીલનું કામ કરવાને પ્રસંગે બારીસ્ટર કીંવા પ્લીડર કીંવા એટરની કીંવા વકીલ મજકુરના જોવામાં એવી હકીકત આવી હોય કે તે ઉપરથી એમ માલુમ પડે કે કામ મજકુર કરવું સરૂં કરયા પછી હરકોઇ ગુનોહ અથવા દગો થયો છે.

સદરહુ હકીકત સદરહુ બારીસ્ટર કીંવા પ્લીડર કીંવા એટરની કીંવા વકીલના ધ્યાન ઊપર તેના અસીલે કીંવા અસીલની તરફથી કોઈએ આણી હતી કે નહીં તે કાંઇ જોવાની જરૂર નથી.

ખુલાસો—આ કલમમાં જે ફરજ કહી છે તે સદરહુ કામ ઉપરથી બારીસ્ટર કીંવા પ્લીડર કીંવા એટરની કીંવા વકીલ મજકુર દુર થયા પછી જારી રહે છે.

દષ્ટાંતો.

(અ) અ નામનો એક અસીલ બ નામના એક એટરનીને કહે છે કે "મેં ખોટો લેખ બનાવવાનો ગુનોહ કરયો છે. મારી ઇચ્છા એવી છે કે તમે મારા તરફથી એ તોહોમતનો જવાબ કરો."

ગુન્હેગારે જાણેલા માણુસની તરફથી તોહોમતનો જવાબ આપવો એ કાંઇ ગુન્હાનું કામ નથી તેથી સદરહુ વાત પ્રગટ થતી બચે છે.

(બ) અ નામનો એક અસીલ બ નામના એક એટરનીને કહે છે કે "એક બનાવટના લેખનો ઉપીયોગ કરીને મારે કોઇ મીલ્કતનો કબજો લેવાની ઈચ્છા છે, એ લેખ ઉપર તમે ફરીઆદી માંડો." આ વાત ગુનાહનું કામ સાધવા સારૂં કહી તેથી તે પ્રગટ થતી બચતી નથી.

[ક] અ ના ઉપર ઊચાપતનું તોહોમત છે તેણે બ નામના એક એટરનીને જવાબ આપવા રાખ્યો. મુકરદમાનું કામ ચાલતાંના દરમીઆનમાં અ ની હીસાબની ચોપડીમાં એક રકમ દાખલ થએલી બ ના જોવામાં આવી. એ રકમમાં ઉચાપતવાળી રકમ અ ના ઉપર લહેણી

બતાવી હતી અને તે રકમ પોતે કામ લીધું તે વખતે તે ચોપડીમાં નહોતી.

આ હકીકત એવી છે કે તે બ એ પોતાનું સદરહુ કામ કરવાને પ્રસંગે જોઈ, અને તે ઉપરથી એવું માલમ પડે છે કે મુકરદમાતું કામ સરૂ થયા પછી કાંઇ દગો થયો છે. સબબ એ હકીકત પ્રગટ થતી બચતી નથી.

ટીકા—કાયદા સબંધી સલાહકારને ભરોસાની વાત પ્રગટ કરવા ના પાડવાથી કાંઇ પ્રતી પક્ષી અનુમાન કરવો ન જોઈએ. એન્ટવરથ વી૦ લોરડના કામમાં (જ્યુરીષ્ટ નવી આવૃતી વા૦ ૧૦ પાને ૯૮૧.) લોરડ ચેલ્મફોરડે જે મુકરદમાઓમાં અયોગ્ય રીતે પુરાવો દબાવી રાખવામાં આવે છે. અને જેમાં એથી કરીને અનુમાન અપકાર કૃત્ય કરનારની વીરૂધ થાય છે, એવા મુ કરદગાઓથી આ મુકરદમાઓ જુદા પાડયા. અને (માઈલની એન્ડ કેસ' રીપોટસ આનસરી. વા૦ ૧ પા૦ ૯૪.) બોલટન વી૦ લીવરપુલની કારપોરેશનના કામમાં લારડ બ્રાઉહામે કરેલી નીચે લખેલી ટીકાનો પસંદગી સાથે ઉતારો કરયો. "જો આવી વાતોનો બચાવ ન થાય તો કાંઇ પણ આદમી પોતાની તરફનો જવાબ કરાવવાને અથવા પોતાના હક બજાવવાના હેતુથી રોજગાર કરનાર સલાહકારની સલાહ લેવાની હિમત ધરશે નહીં. અને કોઈ પણ આદમી દાદ મેળવવાને અથવા પોતાની તરફથી જવાબ કરવાને સહી સલામતથી કોરટમાં આવી શકશે નહીં. લોકોના સામાન્ય હીતને અરથે આવા પ્રકારનો પુરાવો બાતલ કરવાનો છે અને એટલા માટે જ્યારે કોઇ પક્ષકાર રોજગાર કરનાર ઉપર રાખેલો વીસવાસ તોડવાની ના પાડે ત્યારે દરેક બાબતનો ઘણીજ મજબુત રીતે તેના વીરૂધ અનુમાન કરવો જાઇએ. એમ કેહેવું એ સારવજનીક કામોને સારૂંજ બચાવ કાયદામાં તેને આપેલો છે, તે બચાવનો ઈનકાર કરવો તથા જે હક આ પ્રમાણે માત્ર તેના નુકશાન ભરેલી રીતે બજાવી શકાય તે હક છીનાવી લેવો તે શીવાય બીજું શું કહેવાય.

કલમ ૧૨૬ દુભાશીઆ વીગરેને લાગુ છે.

૧૨૭ કલમ ૧૨૬ મીમાં કહેલા નીયમો બારીસ્ટરોના તથા પલીડરોના તથા એટરનીઓના તથા વકીલોના દુભાશીયા તથા કારકુનો કીંવા નોકરને લાગુ પડે છે એમ સમજવું.

ટીકા—હક દુભાશીઆ અને બારીસ્ટરોના કારકુનોને લાગુ પડે છે—કલમ ૧૨૬ મીમાં કહેલા નીયમો આ કલમમાં બાધ કરેલા વરગ શીવાયના એજંટો જેમને કોઇ પક્ષકારે ફરીયાદના કામ સારૂ ખબર મેળવવા બાહાર મોકલેલા હોય તેમને લાગુ પડતા નથી પછી ગમેતો આ પ્રમાણે મેળવેલી ખબર સોલીસીટરની આગળ મુકવાનો ઇરાદો હોય તેની ચીંતા નહી. લોરડ કાનવર્થે બોલ્યા કે "પક્ષકારોની વચ્ચે માંહો માંહે અથવા કોઇ ત્રાહીત સખશ અને એક પક્ષકારની વચ્ચે ચાલતા કાગળ, પત્રો જે સખસ ઉપર તે મોકલવામાં આવ્યા હોય તે સખસ તે કાગળો રોજગાર શબંધી ભરૂસામાં તેના સોલીશીટરને જણાવી શકે એટલાજ માટે તે લખાયા હોય તેથી તેનો બચાવ નથી." ગુડાલ વી૦ લીટલ સાઇમન્સ રીપોટસ ચાનસરી (નવી આવરતી) વા૦૧ પાને ૧૫૫

પારખ—આ કલમ મુજબ પારખ એવીજ કરવાની છે કે તકરારવાળો સખસ બારીસ્ટર, પલીડર, અટરની કે વકીલનો કારકુન કીંવા નોકર હતો, કે કોઇ એક પક્ષકારનો કારકુન કે નોકર હતો. જો કોઇ પક્ષકારનો કારકુન કે નોકર હોય તો આ કલમ તેને લાગુ પડશે નહીં.

પોતાની ખુશીથી કોઇ પક્ષકારે સાહેદી આપેથી હક ઉઠી જતોનથી

૧૨૮ કોઇ દાવાનો પક્ષકાર પોતાનીજ દરખાસ્ત ઉપરથી અથવા બીજી રીતે તે ફરીઆદીમાં સાહેદી આપેતો તેને કલમ ૧૨૬ મીમાં લખ્યા પ્રમાણેની બાબતો પ્રગટ કરવાની રજામંદી તે ઉપરથી આપી એમ ગણવું નહી અને કોઇ દાવાનો અથવા મુકદમાનો હરકોઇ પક્ષકા

ર એવા કોઇ બારીસ્ટર પલીડર એટરની કીંવા વકીલને સાહેદ તરીકે બોલાવે તો તેણે સદરહુ પ્ર માણે પ્રગટ કરવાની રજામંદી આપી એમ માત્ર ત્યારે ગણવું કે જ્યારે સદરહુ બારીસ્ટર એટરની અથવા વકીલને એવી બાબતો વીશે તે સવાલ પુછે કે તે એવો સવાલ ન પુછત તો તે બાબત તે બારીસ્ટર એટરની કીંવા વકીલ પ્રગટ કરી શકત નહીં.

કાયદા સબંધી સલાહકાર સાથે ભરૂંસાની વાત થઇ હોય તેબાબત

૧૨૯ કોઇ સખસની વચે તથા તેના કાયદા સબંધી રોજગાર કરનાર સલાહકારની વચે કાંઇ ભરોંસાની વાત થઇ હોય તે પ્રગટ કરવાને તે સખસને ફરજ પાડવી નહી; પરંતુ તે સખસ સાહેદ તરીકે શાહેદી આપવા પોતાની મેળેજ ઉભો થાય, તો તેણે જે કાંઇ પુરાવો આપ્યો હોય તે પુરાવાનો ખુલાસો કરવાને એવી જેટલી વાત જાણવાની કોરટની નજરમાં જરૂર જણાય તેટલી વાત પ્રગટ કરવાની તેને તે ફરજ પાડી શકાય છે, પણ બીજી વાત પ્રગટ કરવાની ફરજ પાડી શકાતી નથી.

સાહેદના ખત કબાલા ગુજારવાબાબત.

૧૩૦ જે સાહેદ ફરીઆદીમાં પક્ષકાર નથી તેવા સાહેદને હરકોઇ મીલકતના પોતના ખત કબાલા અથવા જે દસ્તાવેજ ઉપરથી તે હરકોઈ મીલકત ઉપર ગીરેદાર તરીકે અથવા ધરેણું રાખનાર તરીકે હક રાખતો હોય તેવો હરકોઇ દસ્તાવેજ અથવા જે દસ્તાવેજ રજુ કરવા ઉપરથી તે ગુનામાં આવે એવું હોય તે દસ્તાવેજ ગુજારવાને ફરજ પાડવી નહીં, પરંતુ જે સખસ એવાં ખત રજુ કરાવવા માગતો હોય તે સખસ સાથે અથવા તે સખસ ઉપરથી જે સખશનો હક ઉતપન થયો હોય એવા કોઇ સખસ સાથે સદરહુ સાહેદ ખત મજકુર ગુજરવાને લખાણ કરીને કબુલ કીધુ હોય તો સદરહુ પ્રમાણે ફરજ પાડી શકાયછે

ટીકા—સાહેદને ઘણું કરીને તેના ખત કબાલા રજુ કરવાની ફરજ પાડી શકાતી નથી—પણ કોઇ દસ્તાવેજ રજુ કરવાથી સાહેદ ઉપર દીવાની ફરીઆદ તેના ઉપર ચલાવવાને પાત્ર થાય તેવું હોય તેટલાજ ઉપરથી દસ્તાવેજ મજકુર રજુ કરવાની તે ના પાડી શકતા નથી. ડો. ડી. રાઉકલીફ વી૦ ઊારડ ઇગરેમોનાત સુડી એન્ડ રોબીનશનશ રીપોટર્સ વા. ૨ પાને ૩૮૬

જ્યાં શાહેદને તેના ખત કબાલા રજુ કરવાની ફરજ પાડી શકાતી ન હોય ત્યાં તેને ખત કબાલા મજકુરના મજકુર વીશે જવાબ આપવાની ફરજ પાડી શકાતી નથી આ ઇંગલાંડના કાયદાનો નીયમ છે. આલડરશન શાહેબે ટીકા કરી કે—"કાયદાએ એમ કહેવું કે કોઇ શખશ દસ્તાવેજ રજુ ન કરે તો તે બાજબી છે, પણ તે દસ્તાવેજના મજકુરનો મુખજુબાની પુરાવો આપવાની તેને ફરજ પાડી શકાય છે એ તદન ફરેબ દેવા જેવું કહેવાય, આ પ્રમાણે થવાથી તેને જો એ દસ્તાવેજનો મજકુર માલમ હેય તો તેને અથવા તેની મારફતે તેના અસીલને માત્ર નામનોજ બચાવ આપવા જેવું થાય અને એ એક હરેક માણુશ પાસેથી તેની મીલકત દસ્તાવેજોમાં તથા માલકી હકોમાં જે ખામીઓ હોય તે જાણવાની તક મેળવવાનો એક આડો રસ્તો થાય." ડેવીશ એન્ડ વાટરસ મીશન એન્ડ વેલમીસ. રીપોરટસ એકસચેકર વા૦ ૯ પા૦ ૬૦૬ પાને ૬૧૨

કોઇ દસ્તાવેજો બીજા કોઈ સખસ પાસે હોયતો તે સખસનો દસ્તાવેજ હાજર કરવાની ના કહેવાનો હક હોત એવા દસ્તાવેજો હાજર કરવા બાબત

૧૩૧ કોઇ પણ સખસને તેના કબજામાંના એવા દસતાવેજો ગુજારવાની ફરજ પાડવી નહીં કે તે દસ્તાવેજ હરકોઇ બીજા સખસના કબજામાં હોત તો તે ગુજારવાની ના પાડવાનો તેનો હક હોત પરંતુ સદરહુ બીજો સખસ દસ્તાવેજો મજકુર ગુજરવાને રજામંદી આપતો હોય તો સદરહુ પ્રમાણે ફરજ પાડી શકાય છે.

૧૩૨ હરકોઇ ફરીઆદીમાં અથવા દીવાની કીંવા ફોજદારી કામમાં તકરારી બાબતનેલગ તી હરકોઇ બાબત વીશેના સવાલનો કોઇ સાહેદ જવાબ આપે તો તે જવાબ તે સાહેદને ગુનામાં આણવો અથવા તે જવાબ ઉપરથી પ્રતક્ષ કીંવા પરંપરા સંબંધે સાહેદ મજકુર ગુનામાં આવે એવું થશે. અથવા તે જવાબ એવા શાહેદને દ્રવ્ય દંડને કીંવા કાયદો તોડવાની ગુનેહગારીને પાત્ર કરશે અથવા તે જવાબ ઉપરથી સાહેદ મજકુર પ્રતક્ષ કીંવા પરંપરા સંબંધે દ્રવ્ય દંડને કીંવા કોઇ કાયદો તોડવાની ગુનેહગારીને પાત્ર થાય એવું થસે, એવા સબબ ઉપરથી સદરહુ સાહેદને સદરહુ સવાલનો જવાબ આપવાની મારી આપવી નહી.

જવાબ દીધાથી ગુનામાં આવી શું એ સબબ ઉપરથી સાહેદને જવાબ દેવાની મારી આપવી નહીં.

પરંતુ એવો જે જવાબ આપવાની સાહેદને ફરજ પાડવામાં આવી હોય તે જવાબ ઉપરથી ખોટી શાહેદી આપવા બદલ તેના ઉપર જે ફોજદારી મુકદમો ચાલે તે શીવાય બીજો ફોજદારી મુકદમો તેના ઉપર ચલાવવો નહીં કીંવા તેને પકડવો નહિ, કીંવા કોઇ પણ ફોજદારી કામમાં જવાબ મજકુર તેની વીરૂધ સાબીત કરવો નહીં.

સરત.

ટીકા—સાહેદી આપવાની ના પાડવાને માટે તથા સાહેદી આપવાને માટે સજા સાહેદી આપવા ના પાડવાની સજાને માટે હીંદુસ્તાનના ફોજદારી કાયદાની કલમ ૧૭૯ જોવી અને ખોટી સાહેદી આપવાની સજાને માટે હીંદુસ્થાનના ફોજદારી કાયદાની કલમ ૧૯૩ જોવી.

સાહેદી આપવાને અથવા દસ્તાવેજ ગુજારવાને ના પાડનાર સાહેદ સને ૧૮૫૩ ના આકટ ૧૯ ની કલમ ૨૬ મુજબ નુકશાનના દાવાને પાત્રછે; વળી દીવાની કામ ચલાવવાની રીતનો કાયદો સને ૧૮૭૭ ના આકટ ૧૦ ની કલમો ૧૬૮—૧૭૫ જોવી.

૧૩૩. ગુનાહના કામમાં તહોમતવાળા સખશનો સોબતી તોહોમતવાળા સખશની વીરૂધ સાહેદી આપવાને લાયકછે, અને કોઇ ગુનોહ સાબીત કરવાનો ઠરાવ એવા સોબતીની વગર પુસ્ટીની શાહેદી ઉપરથી કરયોછે. એજ કારણને લીધે માત્ર સદરહુ ઠરાવ ગેરકાયદે છે, એમ સમજવું નહીં.

ગુનેગારના સોબતી બાબત.

ટીકા—ગુનાહના કામમાં તોહોમતવાળા સખશના સોબતીની સાહેદીની પુષ્ટી વીશે- ઘણી વખત ઠરાવ કરવામાં આવ્યોછે કે સોબતીઓની શાહેદીને તોહોમતવાળો સખશ એજ છે કે નહી તે વીશે પુષ્ટી મળવી જોઇએ. રાણી વી. બુધુ નાન્હુ ઇ. લા. રી. (મુંબઇ) પા. ૧—પા૦ ૪૭૫ સોબતીએ નામ દીધેલા સખશો વીશે પુષ્ટીકારક પુરાવો જોઇએ એટલુંજ નહીં પણ આ કરતાંએ વધારે અગત્યનુ છે તે એકે ગુનોહ થયોછે કે કેમ તે વીશે સોબતીની શાહેદી ખાતરી લાયક કરવાને તેવાજ મતલબનો કાંઇક પ્રથમ દરશનીક પુરાવો હોવો જોઇએ. જેમ ઘણા મુકદમાઓમાં કબુલ કરવામાં આવ્યુંછે તે પ્રમાણે જે આદમી બીજા ઉપર જે ગુનાહમાં પોતે સામીલછે તે ગુનો કરયાનો આરોપ રાખે તેને એ અમુક સખશેજ ગુનો કરયો તે વીશેની પુષ્ટીની તો જરૂરછેજ પણ કોઇ પણ ગુનોહ અથવા જે અમુક ગુનાની સજાથી પોતાની સાહેદી ફોજદારી ફરીઆદનું કામ ચલાવવાને સારૂ ઉપીયોગી થશે એવી સમજુતથી તેને મારી આપી હોય તે તે અમુક ગુનો બન્યો છે કે નહીં તે વીશેની પુષ્ટીની આ કરતાં પણ વધારે જરૂર છે."—રાણી વી૦ ચતુર પરસોતમ ઇ૦ લા૦ રી૦ મુ૦ વા૦ ૧ પાને ૪૭૯

નોટ—સોબતીના શાહેદીની પુષ્ટીને સારૂ જરૂરીઆત પુરાવો એક અલગ અને ભરૂશા લાયક મારગથી આવવો જોઇએ અને સોબતી મજકુરે પોતેજ આગળ જે મજકુર કહયો હોય તે મજકુર તજવીજ ચાલતાની દરમીઆન તેણે આપેલી સાહેદીને મળતો હોય તોપણ તે ઉપર

કહેલી પુરાવીને મ.ટે બાશ નથી કેટલાક કેદીઓમાંના એક કેદીની કબુલાત બીજાઓની વીરૂધ કોઠ શોધતોએ આપેલી સાહેદીની પુરાવીમાં વાપરી શકાય નહી કલમ ૩૦ મી મુજબ આવા પ્રકારની કબુલાત લહેમતવાળા સખશની વીરૂધ ધયાનમાં લઈ શકાય પણ તેનેજ પુરાવીની જરૂરછે તેથી સોનાતી મજકુરની સાહેદીના વર્ણનમાં તે ઉમેરો કરતી નથી. રાણી વી૦ મલાપા બાત કપાના મુ. હા. કો. રી. વા. ૧૧ પાને ૧૯૬

સાહેદોની સંખ્યા.

૧૩૪ હરકોઇ કામમાં હર કોઇ હકીકત શાબીત કરવાને સારૂં શાહેદોની અમુક સંખ્યા જોઇએ. એમ સમજવું નહીં.

બાગ ૧૦ મો.

સાહેદોની તપાસણી બાબત.

સાહેદ કેવે અનુક્રમે ગુજરવા તથા તેની કેવે અનુક્રમે સાહેદી લેવી તે બાબત.

૧૩૫ શાહેદો કેવે અનુક્રમે ગુજરવા, તથા તેની શાહેદી કેવે અનુક્રમે લેવી એ બાબત દીવાની તથા ફોજદારી કામ ચલાવવાની રીત સબંધી વખતે વખત જે કાયદા તથા વહીવટ હોય તે મુજબ જે ના તે કાયદા તથા વહીવટ પ્રમાણે અમલ કરવો અને એવો કાંઇ કાયદો ન હોય તો કોરટની નજરમાં દુરસ્ત લાગે તેમ કરવું.

ટીકા—થોડો એક અમલદારે અને થોડો બીજા અમલદારે દફતરમાં દાખલ કરેલા પુરાવા ઉપરથી કમીટ કરવા તથા ગુનાહ સાબીત થયાનો ઠરાવ કરવા બાબત ફોજદારી કામ ચલાવવાની રીતના કાયદાની કલમ ૩૨૮, ૩૨૯ જોવી.

પુરાવો લેવા લાયક છે કે નહીં એ વાત જડજે ઠેરવવી

૧૩૬ જ્યારે હરકોઇ હકીકતનો પુરાવો આપવાનું હરકોઇ પક્ષકાર કહે તારે જાહેર કરેલી હકીકત સાબેત થાય તો તે લગતી સી રીતે છે એવું સદરહુ પુરાવો આપવાનું કહેનાર સખસને પુછવાને જડજ મુખ્તીઆર છે અને સદરહુ હકીકત સાબીત થાય તો તે લગતી છે એવું જડજની નજરમાં આવે તો તેણે પુરાવો મજકુર લેવો અગર એવું નજરમાં ન આવેતો તે લેવા નહીં.

જે હકીકત શાબેત કરી આપવાનું કહેવામાં આવે તે હકીકત એવી હોય કે કોઇ હકીકત સાબેત થાય તોજ માતર તેનો પુરાવો લેવાઇ શકાય ત્યારે સદરહુ પ્રથમ કહેલી હકીકતનો પુરાવો આપતાં પહેલાં સદરહુ પાછળથી કહેલી બીજી હકીકત સાબીત થવી જોઇએ પણ પક્ષકાર મજકુર એવી હકીકતની સાબેતી આપવાનુ પોતાને માથે લે એ અને તે વીશે કોરટની ખાતરી થાયતો તેમ થવાની જરૂર નથી.

એક જાહેર કરેલી હકીકત લગતી છે કે નહી એ વાત બીજી જાહેર કરેલી હકીકત પ્રથમ સાબેત થએલી માલમ પડે એવી હોય ત્યારે જડજની નજરમાં યોગ્ય જણાય તે પ્રમાણે સદરહુ બીજીવાત સાબીત કરતાં પેહેલાં સદરહુ પેહેલી વાતનો પુરાવો આપવાની પરવાનગી આપવાનો અગર સદરહુ પેહેલી વાતનો પુરાવો આપતાં પેહેલાં સદરહુ બીજી વાતનો પુરાવો આપવાનો હુકમ કરવાને જડજ મુખત્યાર છે.

દ્રષ્ટાંતો

અ એક લગતી હકીકત વીશે એક જાહેર કરવા પ્રમાણે ગુજરી ગએલા સખશે કહેલો

મજકુર સાબેત કરી આપવાનું કહેવામાં આવ્યું છે એ મજકુર કલમ ૩૨ મુજબ લગતો છે.

એ મજકુરનો પુરાવો આપતાં પેહેલાં એવો પુરાવો આપવાનુ કહેનાર સખસે સખશ મજકુર ગુજરી ગયો છે એ હકીકત સાબેત કરવી જોઇએ.

(બ) એક જાહેર કરેયા પ્રમાણે ખોવાઇ ગએલા દસ્તાવેજનો મજકુર નકલ વડે શાબેત કરી આપવાનું કહેવામાં આવ્યું છે.

નકલ મજકુર ગુજારતાં પેહેલાં તે નકલ ગુજારવાનું કેહેનાર સખસે સદરહુ અસલ દસ્તાવેજ ખોવાઇ ગયોછે એ શાબીત કરવું જોઇએ.

(ક) અ ના ઉપર ચોરીનો માલ ચોરીએ ગએલો જાણીને લેવાનું તોહોમત છે.

માલ મજકુર તેના કબજામાં હતો એ વાતનો તેણે ઇનકાર કીધો હતો એવું શાબીત કરી આપવાનું કેહેવામાં આવ્યું છે.

ઇનકારની વાત લગતી છે કે નહીં એ વાત ચોરીએ ગએલો માલ રજુ છે તેજ છે. એ વાત શાબીત થએલી માલમ પડે એવી છે. કોરટની નજરમાં યોગ્ય આવે તે પ્રમાણે કબજાનો ઇનકાર શાબેત કરતાં પેહેલાં માલ મજકુર ચોરીએ ગયેલો તેજ છે એનો પુરાવો આપવાનો હુકમ કરવાને અથવા માલ મજકુર ચોરીએ ગએલો તેજ છે તેનો પુરાવો આપતા પેહેલાં ઇનકારની વાત શાબીન કરવાની પરવાનગી આપવાને કોરટ મુખત્યાર છે.

ડ અ નામની એક હકીકત જાહેર કરયા પ્રમાણે એક તકરારી વાતનું કારણ અથવા ફુલ છે. એ અ નામની હકીકત શાબીત કરી આપવાનું કેહેવામાં આવ્યું છે હકીકત અ તકરારી હકીકતનું કારણ કીંવા ફુલ છે એવું માની શકાય. તે પેહેલાં વચમાં દરમીઆન બ, ક, ડ. એવી ત્રણ હકીકત છે તે બનેલી છે એમ શાબીત કરવું જોઇએ. બ, ક, અથવા ડ, હકીકત શાબીત કરતાં પેહેલાં હકીકત અ શાબીત કરવાની પરવાનગી આપવાને અગર તો અ શાબીત કરવાની પરવાનગી આપતાં પેહેલાં બ, ક, તથા ડ, શાબીત કરવાના હુકમ આપવાને કોરટ મુખત્યાર છે.

મુખ્ય તપાસણી.

૧૩૭ જે પક્ષકારે શાહેદને બોલાવ્યો હોય તે પક્ષકાર તે શાહેદને તપાસે તેને મુખ્ય તપાસણી કેહેવી.

ઉલટ તપાસણી.

શામાનો પક્ષકાર શાહેદને તપાસે તેને ઉલટ તપાસણી કેહેવી.

ફરી તપાસણી.

ઉલટ તપાસણી થયા પછી જે પક્ષકારે શાહેદને બોલાવ્યો હોય તે પક્ષકાર શાહેદને તપાસે તેને ફરી તપાસણી કેહેવી.

ઉપલી કલમમાં કહેલી તપાસણી કેવે અનુક્રમે લેવી તથા ફરી તપાસણીમાસું પુછવું તે બાબત.

૧૩૮ શાહેદોની પ્રથમ મુખ્ય તપાસણી કરવી પછી (જો સામા પક્ષકારની ઇચ્છા હોય તો) ઉલટ તપાસણી કરવી અને ત્યાર બાદ (શાહેદને બોલાવનાર પક્ષકારની ઇચ્છા હોય તો) ફરી તપાસણી કરવી

મુખ્ય તપાસણી તથા ઉલટ તપાસણી લગતી હકીકત બાબત હોવી જોઇએ પણ ઉલટ તપાસણીમાં જે હકીકત શાહેદે મુખ્ય તપાસણીમાં લખાવી હોય તેજ હકીકત વીશે.

માત્ર સવાલ પુછવા એવી જરૂર નથી.

ઉલટ તપાસણીમાં જે બાબતોનો બોધ થયો હોય તે બાબતનો ખુલાસો થવાના કારણસર સવાલો ફરી તપાસણીમાં પુછવા અને ફરી તપાસણીમાં કોરટની પરવાનગીથી કાંઇ નવી બાબત

નીકળે તો તે બાબત વીશે ફરી ઉલટ સવાલ પુછવાને સામો પક્ષકાર મુખત્યાર છે.

દસ્તાવેજ રજુ કરવાને કોઇ સખશને સમન થયો હોય તે સખશની ઉલટ તપાસણી બાબત.

૧૩૯ જે શખશના ઉપર કાંઇ દસ્તાવેજ રજુ કરવાનો સમન થાય તે સખશે તે દસ્તાવેજ રજુ કરયો એ હકીકત ઉપરથીજ માત્ર સખશ મજકુર શાહેદ બન્યો એમ સમજવું નહીં, અને તેને જ્યાં સુધી શાહેદ તરીકે બોલાવાનાં આવ્યો નથી ત્યાં સુધી તેની ઉલટ તપાસણી કરી શકાતી નથી.

ટીકા—દસ્તાવેજ રજુ કરવા સમનથી બોલાવેલા શાહેદે જાતે હાજર થવાની જરૂર નથી.—દીવાની કામ ચલાવવાની રીત બાબતનો સને ૧૮૭૭ ના આકટ ૧૦ ની કલમ ૧૬૪ મુજબ જે સખસને સમનથી માત્ર દસ્તાવેજ રજુ કરવા બોલાવેલો હોય તે સખસ દસ્તાવેજ મજકુર રજુ કરવાને જાતે હાજર થવાને બદલે જો તે દસ્તાવેજ રજુ કરાવે તો સદરહુ સખસ સમનમાં ફરમાવ્યા મુજબ વરત્યો એવું ગણાય છે.

ચાલ ચલણ બાબતના સાહેદો બાબત.

૧૪૦ ચાલ ચલણ બાબતના સાહેદોની ઉલટ તપાસણી ને ફરી તપાસણી કરી શકાય છે.

સુચક સવાલ.

૧૪૧ સવાલ પુછનાર સખસ જે જવાબ મળવાની ઇચ્છા રાખતો હોય અથવા આશા રાખતો હોય તે જવાબ જે સવાલ ઉપરથી નીકળી આવે તેવા સવાલને સુચક સવાલ કહેવામાં આવે છે.

સુચક સવાલો ક્યારે પુછવા નહીં.

૧૪૨ મુખ્ય તપાસણીમાં અથવા ફરી તપાસણીમાં સુચક સવાલ સામો પક્ષકાર હરકત લે તો કોરટની પરવાનગી શીવાય પુછવા જોઇએ નહીં.

જે બાબતો પ્રસ્તાવના રૂપે હોય અથવા બીજા તકરારી હોય અથવા કોરટના અભીપ્રાયમાં પુરતી રીતે શાબીત થઇ ચુકી હોય તે બાબતો વીશે સુચક સવાલો પુછવાને કોરટે પરવાનગી આપવી.

ક્યારે પુછી શકાય.

૧૪૩ ઉલટ તપાસણીમાં સુચક સવાલો પુછી શકાય છે.

લખાણ થએલી બાબતો વીશેનો પુરાવો.

૧૪૪ હરકોઇ શાહેદની સાહેદી લેવાતી હોય તે દરમીઆનમાં તેને એવું પુછી સકાય છે કે જે કરાર કીંવા દાન કીંવા મીલકતની બીજી રીતની વ્યવસ્થા બાબત તે શાહેદી આપે છે તે કરાર કીંવા દાન કીંવા મીલકતની બીજી રીતની વ્યવસ્થા કોઇ દસ્તાવેજમાં લખેલી નહોતી કે કેમ, અને જો તે એમ કહે કે લખેલી હતી તો અથવા જે દસ્તાવેજ કોરટના અભીપ્રાય પ્રમાણે રજુ થવો જોઇએ એવા હરકોઇ દસ્તાવેજના મજકુર વીશે તે સખશ કાંઇ વાત કહેવા જતો હોય તો સામો પક્ષકાર એવી હરકત લેવાને મુખત્યાર છે કે દસ્તાવેજ મજકુર રજુ થતાં સુધી અથવા જે હકીકતો સાબીત થએ સદરહુ શાહેદને બોલાવનાર પક્ષકારનો દસ્તાવેજ મજકુરનો દોયમ પુરાવો આપવાનો હક થતો હોય તે હકીકતો સાબીત થાય ત્યાં સુધી એવો પુરાવો લેવો જોઇએ નહીં.

ખુલાસો—દસ્તાવેજના મજકુર વીશે બીજા સખશોએ કહેલી વાત સખત લગતી હોય તો તે વાતોની મુખજુબાની સાહેદી શાહેદ આપી શકે છે.

દ્રષ્ટાંતો.

તકરાર એવી છે કે અ એ બ ના ઉપર હુમલો કીધો કે નહીં.

(ક) એવી શાહેદી આપે છે કે અ એ ક ને એવું કેહેતાં ક એ સાંભળ્યું કે "બ એ કાગળ લખ્યો તેમાં મારા ઉપર ચોરીનું તોહોમત મુકયું છે, અને તેનું વેર હું લઇશ." આ વાત લગતી છે, કારણ કે હુમલો કરવાનો અ નો શુ હેતુ હતો તે ઉપરથી માલમ પડે છે. સબબ કાગળ વીશે કાંઇ પુરાવો આપવામાં ન આવે તો પણ સદરહુ વાતનો પુરાવો આપી શકાય છે.

પેસ્તરના લખેલા મજકુર બાબત ઉલટ તપાસણી.

૧૪૫ કોઈ સાહેદે પેસ્તર કાંઇ મજકુર લખેલો હોય અથવા કહ્યો હોય તે લખી લેવામાં આવ્યો હોય તે તકરારી બાબતને લગતો હોય તો તે લખાણ તેને બતાવ્યા શીવાય અથવા સાબીત કરયા શીવાય સદરહુ મજકુર બાબત તેની ઉલટ તપાસણી કરી શકાય છે પરંતુ લખાણ મજકુરથી તેને ખોટો પાડવાનો ઇરાદો હોય તો તે લખાણ સાબેત કરી શકાય તે પેહેલાં લખાણ મજકુરના જે ભાગો તેને ખોટો પાડવાના કામમાં લેવાનો હોય તે ભાગો તેના લક્ષ ઉપર આણવા જોઇએ.

ઉલટ તપાસણીમાં કયા સવાલો પુછવા લાયક છે.

૧૪૬ જયારે કોઇ સાહેદની ઉલટ તપાસણી લેવામાં આવે ત્યારે આ આકટમાં ઉપર બોધ કરી ગયા પ્રમાણેના સવાલોની સાથે જે સવાલોથી નીચે લખેલી બાબતોનો ખુલાસો થાય તેવા સવાલો પણ તેને પુછી શકાય છે.

૧ સાહેદ મજકુર સાચુ બોલે છે કે નહી તેની પરીક્ષા લેવા બાબત.

૨ તે કોણ છે તથા તેની સંસારમાં કેવી સ્થીતી છે તે બાબત અથવા.

૩ તેની ચાલ ચલગુને હાની લગાડી તેના ઉપરના ભરોંસો નબળો પાડવા બાબત આવા સવાલોના જવાબ ઉપરથી પ્રતીપક્ષ કીંવા પરંપરા સબંધે શાહેદ મજકુર ગુનાહમાં આવે એવુ થતું હોય અથવા જવાબ મજકુર તેને દ્રવ્ય દંડને કીંવા કાયદો તોડવાની ગુનેહગારીને પાત્ર કરતો હોય અથવા તે ઉપરથી પ્રતક્ષ કીંવા પરંપરા સબધે તે દ્રવ્ય દંડને કીંવા કાયદો તોડવાની ગુનેહગારીને પાત્ર થાય એવું થતું હોય તોપણ સવાલ મજકુર પુછી શકાય છે.

ટીકા—ઉલટ તપાસણીમાં કાયદેસર સવાલો—આનો અરથ એવો નથી કે સાહેદને માત્ર પોતે કહેલી વાતની વીરૂધ બોલવાને માટે અથવા પરસ્પર વીરૂધ વાતો સાબીત કરવાને માટે લગતી નહોય એવી બાબતોના સવાલો પુછી શકાય કારણ કે કલમ ૧૫૩ માં કહેલા અપવાદો શીવાયની બાબતમાં સાહેદ મજકુરનો ભરૂશો નબળો પડે એવા સવાલોના તેણે આપેલા જવાબો વીરૂધ કહી શકાતું નથી તેમજ કલમ ૧૫૫ મુંજબ અવલની પરંપરા વીરૂધ વાતો શાહેદની જુબાનીના જે ભાગ વીરૂધ જવાબ મજકુર હોય તે ભાગ પોતેજ વીરૂધ બોલાવા પાત્ર હોય તે શીવાય શાબેત થઇ શકતી નથી આટરની જનરલ વીહીચકોક એકસચેકર રીપોરટ વા૦ ૧ પા. ૯૧ પાને ૧૦૫

પક્ષકાર સામાન્ય બાબતો ઉપર પોતાના સાહેદ ઉપર વીસવાસ ન રાખી શકે આ કલમ મુજબના સવાલો કોરટની પરવાનગીથી સાહેદની મુખ્ય તપાસણી ચાલતી હોય તે વખતે તેને પુછી શકાય કલમ ૧૫૪ જુઓ એજ પ્રમાણે જો કોરટ પરવાનગી આપે તો પક્ષકારે સામાન્ય બાબતો ઉપર તેના પોતાના સાહેદ ઉપર ભરૂસો ન રાખી શકે.

સાહેદને જવાબ આપવાની ફરજ કયારે પાડવી.

૧૪૭ જો હરકોઇ એવો સવાલ દાવાને કીંવા કામને લગતો હોય તેવી બાબત વીશે હોયતો કલમ ૧૩૨ મીમાં લખેલા નીયમો તેને લાગુ પડે છે.

સવાલ ક્યારે પુછવો અને તેનો જવાબ દેવાની ફરજ ક્યારે પાડવી તે કોરટે ઠેરવવું

૧૪૮ એવા હરકોઇ સવાલ એવી બાબત વીશે હોય તે ઉપરથી સાહેદની ચાલ ચલણને હાની પહોંચ્યાથી તેના ઉપરના ભરૂસામાં અંતર પડે તે શીવાય બીજી રીતે તે બાબત દાવામાં કીંવા કામમાં લગાડી ન હોય તો તે સવાલનો જવાબ દેવાની સાહેદને ફરજ પાડવી કે નહી તે કોરટે ઠેરવવું અને જો કોરટની નજરમાં યોગ્ય જણાય તો સવાલ મજકુરનો જવાબ દેવાની સાહેદની ફરજ નથી એવી તે સાહેદને સુચના આપવાને કોરટ મુખત્યાર છે સદરહુ મુજબ ઠરાવ કરતી વખતે નીચે લખેલી બાબતો ઉપર કોરટે ધ્યાન આપવું.

(૧) સદરહુ સવાલ જો એવા પ્રકારના હોય કે તે ઉપરથી જે આરોપ મુકવામાં આવતો હોય તે આરોપ જો સાચો પડે તો જે બાબતની સાહેદ મજકુર સાહેદી આપતો હોય તે બાબતમાં તેના ઉપર ભરોસો રાખવા સબંધીના કોરટના અભીપ્રાયમાં ભારે ફેર પડે તો તે સવાલ મુનાસીબ છે. એમ સમજવું.

(૨) સદરહુ સવાલ ઉપરથી જે આરોપ મુકવામાં આવતો હોય તે એવા લાંબા કાળની બાબતો સબંધીના કીંવા એવા પરકારનો હોય કે તે સાચો પડેતો જે બાબતની સાહેદ મજકુર સાહેદી આપતો હોય તે બાબતમાં તેના ઉપર ભરોસો રાખવા સબંધીના કોરટના અભીપરાયમાં ફેર પડે એવું ન હોય કીંવા જુજ ફેર પડે એવું હોય તો તેવા સવાલોને ગેર મુનાસીબ સવાલ સમજવા.

(૩) સાહેદની ચાલ ચલણ ઉપર જે આરોપ મુકવામાં આવ્યો હોય તે કેટલો ભારેછે તથા સાહેદ મજકુરની સાહેદી કેટલી અગતની છે એ બે વાત ઉપર વીચાર કરતાં તે બેઉ વચે મોટો અંતર માલમ પડે તો એવા સવાલ ગેર મુનાસબ જાણવા.

(૪) સાહેદ જવાબ આપવાની ના કહેતો તે ઉપરથી કોરટની નજરમાં યોગ્ય જણાય તો એવી ધારણા કરવાને કોરટ મુખ્તીઆર છે કે જવાબ આપ્યો હોય તો તે પ્રતીકુળ પડે.

ટીકા. ગેર મુનાસબ સવાલોનો જવાબ આપવાથી સાહેદનો બચાવ આ કલમ મુજબ કોરટને સવાલ પુછવાની મના કરવાનો અથવા જવાબ આપવા સાહેદના પાડવા ઉપરથી અનુમાન કોરવા અથવા ન કોરવાનો અધીકાર છે—એ પરવાઇના તથા ગેર મુનાશીબ સવાલોમાંથી સાહેદોનો બચાવ કરવામાં કોરટે જીયા ધોરણો ઉપર ચાલવું તે રકમ (૨) તથા (૩) માં ઠરાવેલા બહી રકરણો સ્પષ્ટ રીતે બતાવે છે સાહેદે કાયદાનુમાન રાખી કોરટમાં સાક્ષી પુરવા આવે તેટલાજ ઉપરથી તેની બધી આગળની કારકીરદી ઝાડી ઝપાટી જાહેરમાં લાવવાની નથી આવી ભારે ખાનગી બાબતને ખરીજ અગત્ય હોય તોજ ઉલઘન કરાય પણ જ્યારે આરોપ ખરો હોય તો પણ સાહેદ ઉપર ભરોસો રાખવામાં અંતર પડતો ન હોય, કીંવા જ્યારે સાહેદની ચાલચલણને હાની ઘણીજ હોય અને સાક્ષીની અગત્યતા ઘણીજ થોડી હોય ત્યારે ઉપર કહેલી અશગવડ ઉલઘન કરી શકાતી નથી કોઇ બાઇરીને કોઇ નાના કામમાં પુછવામાં આવે કે 'વીશ વરસ ઉપર તેને ગેરકાયદેસર બાકર જનમ્યું હતું કે નહી" તો આ સવાલનો જવાબ આપવાથી બચાવનો તેને નાચેના બે સબબોથી હક છે (૧) જો તેને જનમ્યું હોય તો તેથી તેની સચાઇમાં અંતર પડતો નથી અને (૨) જો એક આવા નજીવા કારણને સારૂ તેની આબરૂ ભયમાં નાંખવી એ ગેર મુનાસબ છે.

ઉપર પ્રમાણે લજ્જા રહીત હુમલાના અથવા બળાતકાર સંભોગની કોશીશના કામોમાં ફરીઆદ કરનાર બાઇરીને એવો સવાલ ન પુછી શકાય કે તેને પેસ્તર કે તર કેદી શીવાય બીજા કોઇ માણસની સાથે સમાગમ થએલો કે નહીં, કેમકે એ સવાલ મુદ્દાની વાતને

લગતો નથી. રાણી વી૦ હોગસન રસલ એન્ડ રાયન્સ ક્રાઉન કેસીસ પાને ૨૧૧. રાણી વી૦ ક્લારક સ્ટારકીસ રીપોરટસ નીસીપ્રાયસ વા૦ ૨ પા૦ ૨૪૧. રાણી વી૦ કોકરોફ્ટ કોકસ ક્રીમીનલ કેસીસ વા૦ ૧૧ પા૦ ૪૧૦. રાણી વી૦ હોલ્મસ લા રીપોરટસ ક્રાઉન કેસીસ રીઝર્વ વા૦ ૧ પા૦ ૩૫૪.

કારીંગટન એન્ડ પેઇન્સ રીપોરટસ નીસીપ્રાયસ વા૦ ૬ પા૦ ૫૬૨. રાણી વી૦ માર્ટીનના કામમાં ફરીઆદ કરનાર બઇરીને પેસનર કેદીની સાથે સમાગમ હતો એવો પુરાવો પડેલો હતો. અને કારીંગટન એન્ડ પેઇન્સ રીપોરટસ. વા૦ ૩ પા૦ ૫૮૯. રાણી વી૦ બારકરના કામમાં ફરીઆદ કરનારી બઇરી સાધારણ કસ્બાતણ છે એવું બનાવનાર પુરાવા વીશેની તકરાર હતી. આ કામોમાં પુરાવો લેવા યોગ્ય છે, એવો ઠરાવ કરવામાં આવ્યો હતો. કારણ તે સંમતીની તકરાર સાથે પ્રત્યક્ષ રીતે લાગતો વળગતોછે.

યોગ્ય કારણ વગર સવાલ પુછવો નહીં.

૧૪૯ કલમ ૧૪૮ મીમાં બોધ કરયો છે તેવા સવાલ ઉપરથી જે આરોપ મુકવામાં આવતો હોય તે આરોપ સારા પાયા ઉપર છે એવું ધારવાને તે પુછનાર સખસને યોગ્ય કારણ ન હોય તો તેવો સવાલ પુછવો મુનાસીબ નથી.

દ્રષ્ટાંતો

(અ) એક બારીષ્ટરને એક એટરનીએ એવી સમજુત આપી કે એક અગતનો શાહેદ ડાકાઇટી કરનાર છે. શાહેદ મજકુર ડાકાઇટી કરનાર છે કે શી રીતે તે તે શાહેદને પુછવાનું આ એક યોગ કારણ છે.

(બ) એક વકીલને કોરટમાંના એક સખશે ખબર આપી કે એક અગત્યનો સાહેદ ડાકાઈટી કરનારછે વકીલે તે ખબર આપનારને પુછપાછ કીધી તો પોતે કહેલી વાતનાં તેણે ખાતરી લાયક કારણ બતાવ્યાં સાહેદ મજકુર ડાકાઇટી કરનારછે કે શી રીતે એવું તેને પુછવાનું આ એક યોગ્ય કારણછે,

(ક) એક સાહેદને વીશે કશી વાત જાણમાં નથી તેને વગર શંધાને પુછયું કે તે ડાકાઇટી કરનારછે કે નહીં આ સવાલ પુછવાને યોગ્ય કારણ નથી.

(ડ) એક સાહેદને વીશે કશી વાત જાણમાં નથી તેને પોતાની ઉપજીવીકાના શાધન શું છે તથા ગુજારો શી રીતે કરેછે તે બાબત પુછ્યું તે ખાતરી લાયક જવાબ આપતો નથી એ સખશ ડાકાઈટી કરનારછે કે શી રીતે એવું તેને પુછવાનું આ એક યોગ્ય કારણ ગણી શકાય.

યોગ્ય કારણ વગર સવાલ પુછવામાં આવે ત્યારે કોરટે શું કરવું

૧૫૦ જ્યારે કોરટનો અભીપ્રાય એવો હોય કે હરકોઇ એવો સવાલ યોગ્ય કારણ વગર પુછયો ત્યારે જો તે સવાલ હરકોઇ બારીષ્ટરે અથવા એટરનીએ અથવા પલીડરે અથવા વકીલે પુછયો હોય તો કામ મજકુરની હકીકતનો રીપોરટ હાઈકોરટમાં અથવા સદરહુ બારીસ્ટર કીંવા એટરની કીંવા પલીડર કીંવા વકીલ પોતાનું રોજગારનું કામ કરવાને પ્રસંગે જે અધીકારીને તાબે હોય તેને કરી મોકલવાને કોરટ મુખતીઆરછે

લજ્જા રહીત તથા નીંદા યુક્ત સવાલ

૧૫૧ કોરટની નજરમાં જે સવાલ અથવા તપાસણી લજ્જા રહીત કીંવા નીંદા યુક્ત લાગે તે સવાલ અથવા તપાસણી કોરટની રૂબરૂ ચાલતી તકરારો સાથે કાંઇ લાગતી વળગતી હોય તો પણ તે કરવાની મના કરવાને કોરટ મુખતીઆરછે. પરંતુ તે જો તકરારી હકીકતની સાથે સબંધ રાખતી હોય અથવા તકરારી હકીકત હતી કે નહી તે મુકરર કરવાને જાણ-

વાની જરૂર હોય એવી બાબતો સાથે સબંધ રાખતી હોય તો સદરહુ પરમાણે ના કરી શકાય નહી.

અપમાન કરવાના અથવા મનને દુખ કરવાના ઇરાદાથી કીધેલા સવાલ

૧૫૨ કોરટની નજરમાં એવું આવે કે કોઈ સવાલ અપમાન કરવાના કીવા મનને દુઃખ ઉતપન કરવાના ઈરાદાથી કીધોછે અથવા સવાલ મજકુર સ્વતઃ મુનાસીબ હોય તો પણ કોરટની નજરમાં એમ આવે કે તેનું રૂપ વગર જરૂરે મન દુખવવા જેવુંછે તો તે સવાલ કોરટ કરવા દેવા નહીં.

સાહેદની સાચવટ જોવાના સવાલના જવાબ ખોટા પાડવાને પુરાવા આપવા નહીં.

૧૫૩ જ્યારે કોઇ સાહેદને હરકોઇ સવાલ પુછ્યો હોય તથા તેનો તેણે જવાબ આપ્યો હોય તે ઉપરથી તેની ચાલ ચલણને હાની પોહોચવાથી તેના ઉપરના ભરૂશો નબળો થાય એટલોજ માત્ર સવાલ મજકુર થકી તજવીજમાં લગતો હોય ત્યારે તે સાહેદના ખોટા પાડવા સારૂ કંઇ પણ પુરાવો આપવો નહીં પણ તેણે જે ખોટો જવાબ દીધો હોય તો તેના ઉપર પાછળથી ખોટી સાહેદી આપવાનું તહોમત મુકી શકાયછે.

અપવાદ ૧ લો—કોઇ સાહેદને એવો સવાલ પુછ્યો હોય કે તમારા ઉપર પેસતર કાંઇ ગુનો સાબેત થયો છે કે નહી અને તેના જવાબમાં તે ના કહે તો પેસતર ગુનોહ સાબેત થયાની વાતના પુરાવા આપી શકાયછે.

અપવાદ ૨ જો—કોઇ સાહેદના નીરપક્ષપાતીપણાને દોશ પહોંચે એવો હરકોઈ સવાલ તે સાહેદને પુછવામાં આવે, અને તેના જવાબમા જે હકીકત સુચવી હોય તે તે ઈનકાર કરે તો તેને ખોટો પાડી શકાયછે

દ્રષ્ટાંતો

(અ) એક વીમેદારના ઉપર દાવો થયો તેના જવાબમાં તેણે દગાનો સબબ બતાવ્યો.

દાવેદારને એવો સવાલ પુછ્યો કે પેસ્તરના એક કામમાં તમે દગલબાજીનો દાવો કીધો હતો કે નહી, દાવેદાર ના કહેછે.

દાવેદાર મજકુરે એવો દાવો કીધો હતો તે બતાવવાને પુરાવો આપવા માંડ્યો એ પુરાવો લેવાઇ શકાતો નથી.

(બ) એક શાહેદને એવો સવાલ પુછવામાં આવ્યો કે તમે કોઇ જગાએથી અપ્રમાણીકપણાને સારૂ બરતરફ થયા હતા કે નહીં સાહેદ ના કહેછે.

અપ્રમાણીકપણાને માટે તે બરતરફ થયો હતો તે બતાવવાને પુરાવો આપવા માંડ્યો.

એ પુરાવો લેવાઇ શકાતો નથી.

(ક) અ એવું કહેછે કે મેં અમુક દીવસે બ ને લાહોરમાં દીઠો હતો.

અ ને એવો સવાલ પુછ્યો કે તમે પોતેજ તે દીવસે કલકતામા હતા કે નહીં, અ ના કહેછે.

દીવસ મજકુરે અ કલકતામાં હતો તે બતાવવાને પુરાવો આપવા માંડ્યો.

એ પુરાવો લેવાઇ શકાયછે તેનું કારણ એકે બ તે દીવસે લાહોરમાં જોવામાં આવ્યો હતો એ વાત વીરૂધ તે ઉપરથી પુરાવો થાયછે અ ઉપરનો ભરૂસો કમી થાય એવી હકીકત બાબત અ વીરૂધ પુરાવો થાયછે એ કારણ નથી.

અ એ ના કહી તે ખોટી હોય તો સદરહુ દરએક વાતને સારૂ તેના ઉપર ખોટી સાહેદી આપવાનું તહોમત મુકી શકાયછે.

(ડ) અ ને એવો સવાલ પુછ્યો કે તમે બ ની વીરૂધ પુરાવો આપોછો તે બ ના કુટુંબને તથા તમારા કુટુંબને માહોમાંહે હાડવેર ચાલ્યું આવેછે કે નહી.

આ ના કહેછે. સવાલ મજકુર ઉપરથી તેના નીરપક્ષપાતીપણાને દોશ પહોંચે એવુંછે એવા સબબથી તેને ખોટો પાડી શકાયછે.

ટીકા—અપવાદ (૨) સાહેદના નીરપક્ષપાતીપણાને દોશ દેવો—દાખલો કે સાહેદ મુકદમાના એક પક્ષકારની વીરૂધ ખોટા સાહેદો ખડા કરવાની કોશીશ કરેછે

ઇનકારમાં અંગીકાર કરવાની ના પાડવાનો સમાવેશ થાયછે કોઇ સાહેદને એવું પુછવામાં આવે કે ગઇ શાલમા તમારા ઉપર ખોટા શોગંદ ખાધાનું તોમત સાબીત થયું હતું અથવા આ કામમાં તમને પ્રતીવાદી પાસેથી રૂપીઆ પચાસ મળ્યાછે? અને તે એવો જવાબ આપે કે હું જાણતો નથી અથવા ભુલી ગયોછું તો વેવાર ઉપીયોગમાં તે તેનો ઈનકાર કરેછે.

આ કલમમાં આવતા મુકદમા તથા અપવાદ (૨) જામાં આવતા મુકદમા વચે કરેલો તફાવત યુવીનના કામમાં દ્રષ્ટાંતથી સમજાવવામાં આવ્યો છે એક યુવીન નામના સખશ ઉપર બટ્ટ ચોરવાનું તોમત હતું તેના વીરૂધમાં મુખ્યશાહેદ તને ત્યાં શીખઊ ટોમસ નામનો એક છોકરો હતો. જસટીસ લારેનસે તોહોમતવાળાના વકીલને ઉલટ તપાસણીમા પુછવા દીધું કે તેના શેઠની ચોરી કરવાનુ તેના ઉપર તહોમત આવ્યું હતું કે નહી અને તેનું વેર લેઇશ અને તેને થોડી મુદતમાં મનનથની જેલમાં ખાવીશ એવું તેણે પાછળથી કહયું હતું કે નહી ટોમસે આ બંને વાતનો ઈનકાર કરયો. ત્યારે તોહોમતવાળાના વકીલે એવું શાબેત કરી આપવા કહયું કે ટોમસના ઉપર તેના શેઠની ચોરી કરયાનું તોહોમત આવ્યું હતું, તથા તેણે જે શબ્દો કહયાનું કેહેવામાં આવ્યું હતું તે શબ્દો તેણે કહ્યા હતા. જસ્ટીશ લારેન્સે એમ ઠરાવ્યું કે તોહોમતની બાબતમાં તો તેનો જવાબ માગવો જોઇએ, પણ એ શબ્દો તોહોમતવાળાની તકશીર અથવા નીરપખ્ખી પણાને માટે અગતના હતા, તેથી તે શબ્દો શાહેદ બોલ્યો હતો. એવો પુરાવો હાજર કરી શકાય હારીશ વી૦ ટીપટ કયાંપ બેલ્સ રીપોરટસ નીસીપ્રાયસ વા૦ ૨ પાને ૬૩૮. નોટ જોવી. શાહેદને લાંચ આપવામાં આવી હતી એ વાત પણ અલબત શાબીત કરી શકાય. રાણી વી૦ લાંગહોરન હાઉસ સ્ટેટ ટરાયલ્સ વા૦ ૭ પાને ૪૬૬ અથવા તેણે બીજા શાક્ષીઓ ખડા કરયાની કોશીશ કરી છે. રાણી વી૦ લારડ સ્ટારફરડ. પાનું ૪૦૦ આટરની જેનરલ વી૦ હીચકોક એકસ ચેકર રીપોરટસ વા૦ ૧ પા૦ ૯૧ પણ તે સવાલ એવો હોવો જોઇએ કે જે સાહેદની ગેરમુનાસબ વરતણુક તથા પક્ષપાતીપણુ પ્રતક્ષ રીતે સાબીત કરી આપે અને માત્ર તેવી વરતણુક સુચવે એવો નહી હોવો જોઇએ

શાહેદ તેણે કહયું તે જગાએ નહોતો એવી શાબીતી બાબત—બચાવ તરફના સાહેદનું કેહેવું કે ફરીઆદી તરફનો શાહેદ અમુક વખતે અમુક ઠેકાણે હતો અને તેથી કરીને ફરીઆદીના કહેવા પ્રમાણે તે વખતે તે બીજી જગાએ નોહોતો. અને તોહોમતવાળા સખસોને તેણે જોયા નોહોતા. આ કેહેવું ફરીઆદ તરફના સાહેદની એ બાબત ઉલટ તપાસણી ન થઇ હોય તો પણ પુરાવામાં લેવા યોગ્ય છે. રાણી વી૦ સખારામ મુકુંદજી મુ૦ હા૦ કોરટ રી૦ વા૦ ૧૧ પાને ૧૬૬.

પક્ષકારે પોતાનાજ સાહેદને પ્રશ્ન પુછવા બાબત

૧૫૪ ઉલટ તપાસણીમાં સામા પક્ષીકારથી પુછી શકાય એવા સવાલો કોઇ શાહેદને પુછવાની પરવાનગી તે શાહેદ બોલાવનાર સખસને કોરટને યોગ્ય લાગે તો આપવાને કોરટ મુખત્યાર છે.

સાહેદ ઉપરના ભરોસા ઉપર દોસ આણવા બાબત.

૧૫૫ કોઇ શાહેદ ઉપરના ભરૂસાને નીચે લખેલી રીતીએ એ સામો પક્ષકાર; અથવા કોરટ પરવાનગી આપે તો તે શાહેદને બોલાવનાર શખશ દોશ આણી શકે છે.

(૧) જે શખ્સો એવી શાહેદી આપે કે શાહેદ મજકુરને અમે પીછાનીએ છીએ તો ઉપરથી હમે તેને ભરોસાને પાત્ર માનતા નથી, તેવા શખશોના પુરાવાથી.

(૨) પુરાવો આપવાને શાહેદ મજકુરને રૂસવત આપવામાં આવી છે અથવા તે રૂશવત આપવા માંડી તે લેવાનું તેણે કબુલ કીધું છે અથવા તેને હરકાંઇ બીજી યોગ્ય લાલચ મળી છે, એવું શાબેત કરવાથી.

(૩) શાહેદ મજકુરની શાહેદીના જે ભાગ વીરૂધ્ધ પુરાવો આપી શકનો હોય તે ભાગ પેસ્તર તેની કહેલી અથવા લખેલી વાતથી વીરૂધ છે એવું શાબેત કરવાથી.

(૪) જ્યારે કોઇ શખશના ઉપર બળાતકાર સંભોગ કરવાને માટે અથવા બળાતકારે ગમન કરવાની કોશીશને માટે ફોજદારી મુકરદમો ચાલતો હોય ત્યારે ફરીઆદ કરનાર ઓરત બહુ કરીને બદચાલની છે એવો પુરાવો આપી શકાય છે.

ખુલાસો—અમુક શાહેદ ભરોશાને પાત્ર નથી, એવું કેહેનાર શાહેદ એ પ્રમાણે પોતાને માનવાના કારણો મુખ્ય તપાસણી વખત ન આપે તો તે મુખત્યાર છે. પરંતુ ઉલટ તપાસણી વખતે કારણો મજકુર પુછી શકાય છે અને તે જે જવાબ આપે તેની વીરૂધ પુરાવો આપી શકાતો નથી, પરંતુ જો તે ખોટો હોય તો તેના ઉપર પાછળથી ખોટી શાહેદી આપવાનું તોહોમત મુકી શકાય છે.

દ્રષ્ટાંતો.

(અ) કાંઇ માલ વેચીને બ ને આપ્યો તેની કીમતને સારૂ તેના ઉપર અ એ દાવો માંડયો.

ક કહે છે કે માલ મજકુર મેં બ ને સોંપી આપ્યો હતો.

પેસ્તર એક પ્રસંગે તેણે એવું કહ્યું હતું કે મેં માલ મજકુર બ ને સોંપી આપ્યો નથી એવું બતાવવાને પુરાવો આપવા માંડયો.

એ પુરાવો લેવાઈ શકાય છે.

(બ) અ ના ઉપર બ નું ખુન કરવાનું તોહોમત છે.

(ક) ક કહે છે કે બ એ મરતી વેળા એવું કહ્યું હતું કે જખમથી બ મરી ગયો તે જખમ અ એ મારયો હતો.

ક એ પેસ્તર એક પ્રસંગે એવું કહ્યું હતું કે જખમ મજકુર અ એ મારયો નથી, અથવા તેના રૂબરૂ મારવામાં આવ્યો નથી એવું બતાવવા પુરાવો આપવા માંડયો.

એ પુરાવો લેવાઇ શકાય છે.

ટીકા—શાહેદ ઉપર ભરૂસો ન રાખવા વીશે આ કલમમાં ઠરાવ્યું છે કે શાહેદ ઉપરના ભરૂસાને કેટલીક મુકરર રીતીઓથી જે દોશ આપી શકાય છે એટલે કે પ્રત્યક્ષ તેના ભરૂસાને લગતા સવાલો તથા શાહેદીથી દોશ આપી શકાય છે અને મુકરદમામાં અમુક બાબત વીશે તેણે જે શાહદી આપી હોય તે ખોટી પાડી પરંપરા સબંધે એનો દોશ આપી શકાતો નથી. રાણી વી૦ સખારામ મુકંદજી, મુ૦ હા૦ કો૦ રી૦ વા૦ ૧૧ પાને ૧૬૬.

લગતી હકીકત પુરાવાને પુસ્ટી આપે એવા સવાલો પુછી શકાય છે.

૧૫૬ જ્યારે જે શાહેદની શાહેદીને પુસ્ટી આપવાનો ઈરાદો હોય તે શાહેદ કોઈ લગતી હકીકત વીશે શાહેદી આપતો હોય ત્યારે એવી લગતી હકીકત જે જગોએ કીવાં જગોની પાસે અથવા જે વખતે કીંવા વખતના અરસામાં બની. તે જગોએ કીંવા જગોની પાસે અથવા જે વખતે કીંવા વખતના અરસામાં બીજી કાંઈ વાત તેના જોવામાં આવી હોય તે શાબીત થએલી જે

લગતી હકીકત વીશે શાહેદ મજકુર શાહેદી આપતો હોય. લગતી હકીકત સબંધે શાહેદ મ જકુરની શાહેદને પુસ્ટી મળશે એવો કોરટનો અભીપ્રાય હોય તો તેવી વાત બાબત સદરહુ શાહેદને સવાલ પુછી શકાય છે.

દ્રષ્ટાંતો.

અ નામનો ગુનહાના કામમાં ગુન્હેગારનો એક સોબતી પોતે જે અપહરણમાં શામેલ હતો તે અપહરણનો હેવાલ આપે છે. જે ઠેકાણે અપહરણ મજકુર બન્યું તે ઠેકાણે પોતાના જવા આવવાના રસ્તા ઉપર અપહરણ મજકુર સાથે સબંધ ન રાખતાં કેટલીએક બીનાઓ બની તેનું તે બ્યાન કરે છે.

મુળ અપહરણ મજકુર બાબતના તેના પુરાવાને પુસ્ટી આપવા સારૂં સદરહુ હકીકતનો અલાયદો પુરાવો આપી શકાય છે.

શાહેદે પેસ્તર કહેલા મજકુર તેની પાછળની તેજ હકીકત વીશેની શાહદીને પુસ્ટી આપવાને શાબેત કરી શકાય છે.

૧૫૭ કોઇ શાહેદની સાહેદીને પુસ્ટી આપવા સારૂં તે હકીકત જે વખતે બની તે વખતે કીંવા તે અરસામાં અથવા હકીકત મજકુરની તપાસ કરવાને કાયદા પ્રમાણે અધીકાર હોમ એવા અધીકારની રૂબરૂ હકીકત મજકુર વીશે સદરહુ શાહેદે પેસ્તર કહેલી હકીકત શાબેત કરી શકાય છે.

*ટીકા—ગુનાહના કામમાં ગુનેહગારના સોબતીએ પેસ્તર કહેલા મજકુર વીશે—રાણી વી૦ મલાપા બીન કપાનાના કામમાં સેશન જડજે કેદીના ઉપર ગુનાહ શાબીત થવાનો ઠરાવ ગુનેહગારના સોબતીની શાહેદી ઉપરથી કર્યો અને સોબતી મજકુરે તેના મા બાપ તથા પોલીસને કહેલો મજકુર તજવીજની વખતે તેના પુરાવાની પુસ્ટીમાં વાપરયો. જડજ નાહાનાભાઇ હરીદાશે અપીલમાં મુબઇની હાય કોરટનો ફેંસલો આપતા (પાને ૧૭૭ નીચે મુજબ ટીકા કરી—"પુરાવાના આકટની કલમ ૧૫૭ બેશક ઠરાવેછે કે સાહેદની સાહેદીને પુસટી આપવા સારૂ મુદતી હકિકત જે વખતે બની તે વખતે કીંવા તે અરસામાં અથવા કોઈ અધીકારવાળા અધીકારીની રૂબરૂ સાહેદ મજકુરે પેસતર કહેલી હકીકત સાબેત કરી શકાયછે, અને એ પછી ખુન થયા પછી થોડે વખતે મરગીઆસે જુદે જુદે પ્રસંગે તેના માબાપ તથા પોલીસ અમલદારોને કહેલા મજકુરનો સેસન જડજે ઉપયોગ કરયોછે, પણ અમારી નજરમાં આવી તરેહની પુસટી બસ નથી જે કામ સારૂ ગુનેગારના સોબતીની સાહેદીની પુસટી મેળવવા જડજોથી જયુરીને કેહેવામાં આવે છે તે કામ આથીજ સરે છે એમ ભાગ્યેજ કહી શકાય. જે સ્થીતીમા તે છે તે ઉપરથી તેના એકલાની શાહેદી ઉપર ચાલવું એ જોખમ ભરેલું જણાય છે અને એટલાજ માટે કેદીઓના સબંધમાં તેણે આપેલી શાહેદીની પુસ્ટી કોઈ અલાયદો ભરોશા લાયક પુરાવાથી મેળવવા વીશેનો નીયમ ઠરાવ્યો છે પણ તેણે કહેલો મજકુર તજવીજની વખતે કહેલો હોય અથવા તે પેહેલાં કહેલો હોય અને ગમે તે રૂપમાં તે કોરટની આગળ રજુ થાય તો પણ તે હજુએ ગુનેગારના સોબતીએ કહેલો મજકુર છે અને તે ફરીથી કહેવામાં તેની કીમતમાં બીલકુલ વધારો થતો નથી, મું૦ હા૦ કો૦ રી૦ વા૦ ૧૧ પાને ૧૯૬.

કલમ ૩૨ કીવા ૩૩ મુજબ લગતા મજકુર શાબેત થયે તે સબંધી કેવી બાબતો સાબીત કરી શકાય છે.

૧૫૮ જ્યારે કોઈ મજકુર કલમ ૩૨ કીવા ૩૩ મુજબ લગતો હોય તે સાબીત થાય ત્યારે તે વાતને ખોટી પાડવાને કીંવા તેને પુસ્ટી આપવાને કીંવા જે સખસે તે મજકુર કહયો હોય અથવા લખ્યો હોય તે સખસના ઉપરના ભરોસાને દોશ આપવાને કીંવા તે ભરોસાને કાયમ કરવાને જો શખસ મજકુરને સાહેદ તરીકે બોલાવ્યો હોત અને તેણે ફેરતપાસણીમાં સુચવેલી બાબતના

ખરાપણાની ના કહી હોતતો જે બાબતો સાબેત કરી શકત તે બાબતો શાબેત કરી શકાયછે.

યાદદાસ્ત તાજી કરવા બાબત

૧૫૯ કોઇ સાહેદને જે કારય સબંધી સવાલ પુછયો હોય તે કારય બન્યું તે વખતે સાહેદ મજકુરે પોતાને હાથે કાંઈ લખાણ કરયું હોય તે લખાણ વડે અથવા સરદરહુ કારય બન્યું હોય તાર પછી એટલાતો નજદીક વખતમાં કાંઇ લખાણ કરયું હોય કે તે લખાણ કરતી વખતે કારય મજકુર તેની યાદદાસ્તમાં તાજુ હતું એવો કોરટની નજરમાં સંભવ લાગેતો તે લખાણ વડે સાહેદ મજકુર સાહેદી આપતો હોય તે દરમીઆનમાં પોતાની યાદદાસ્ત તાજી કરી શકે છે.

સાહેદ યાદદાસ્ત તાજી કરવાને નકલ ક્યારે જોઇ શકેછે.

એવું લખાણ હરકોઇ બીજા સખસે કરયું હોય તથા તે સાહેદ મજકુરે ઉપર કહેલા વખતમાં વાંચ્યુ હોય અને તે ખરૂં છે એમ તે વાંચતી વખતે જાણતો હતો એવું હોય તો તેવા લખાણને પણ સાહેદ મજકુર જોઇ શકે છે.

જે જે કામોમાં હરકોઇ દસ્તાવેજ જોઇને સાહેદ પોતાની યાદદાસ્ત તાજી કરી શકેછે, તે તે કામોમાં કોરટની પરવાનગીથી એવા દસ્તાવેજની નકલ પણ તે જોઈ શકે છે; પરંતુ કોરટની ખાત્રી થવી જોઇએ કે અશલ દસ્તાવેજ રજુ ન થવાનું પૂરતુ કારણ છે.

કુશળ માણસો પોતાની યાદદાસ્ત પોતાના રોજગાર સબંધીના ગરથો વડે તાજી કરી શકે છે.

ટીકા—ફકરો (૧) માત્ર યાદદાસ્ત તાજી કરવાને વાપરેલો દસ્તાવેજ પુરાવામાં લેવા યોગ્ય હોવો જોઈએ એમ જરૂર નથી. એ પ્રમાણે જે દસ્તાવેજ સ્ટાંપની ખામી અથવા નોંધવાની ખામીને લીધે પુરાવામાં લેવા યોગ્ય ન હોય તો યાદદાસ્ત તાજી કરવા સારૂં વાપરી શકાય.

ફકરો (૨) દસ્તાવેજ હરકોઇ બીજા સખસે પણ લખેલા હોય એટલા માટે શાહેદે પોતે જાતે નહીં લખેલો પણ બનાવો પોતાની યાદદાસ્તમા તાજા હોય તેવામાં વખતે વખતે તપાસેલી એવી વહાણની દરરોજની મજલ વગેરેની નોંધની ચોપડીમાં નોંધેલી વાતો અથવા બીજી કોરટમાં તેણે આપેલી જુબાનીઓ જેના ખરાપણા વીશે તેણે તેજ વખતે ખાત્રી કરી હોય તે જુબાનીઓ, અથવા બીજા સખસે કરેલા શેરા જે તેણે કબુલ કરી લીધા હોય તે શેરા અથવા જે પાવતી તેણે આપતાં જોએલી હોય તે પાવતી શાહેદ જોઇ શકે.—ટેલર પાનું ૧૨૬૭.

કલમ ૧૫૯ માં કહેલા દસ્તાવેજમાં લખેલી હકીકતનો પુરાવો

૧૬૦ કેલમ ૧૫૯ માં કહેલા છે એમ હરકોઇ દસ્તાવેજમાં લખેલી હકીકત ખુદ તપસીલવાર સાહેદને યાદ ન હોય, તો પણ જો તેની ખાત્રી હોય કે દસ્તાવેજ મજકુરમાં તે બરાબર લખી હતી, તો તે હકીકતની શાહેદ મજકુર શાહેદી પણ આપી શકે છે.

દ્રષ્ટાંતો.

કોઇ હીસાબ રાખનાર સખસે પોતાના રોજગારને પ્રસંગે નીયમ પુરવક રાખેલા હીસાબ બરાબર ખરા રાખવામાં આવ્યા હતા એવું જો તે જાણતો હોય તો તેમાં તેણે લખેલી હકીકતની શાહેદી શખશ મજકુર આપી શકે છે અગર તેમાં દાખલ કરેલી અમુક લેવડ દેવડની બાબતો પોતે ભુલી ગયો હોય તો પણ.

ફરીઆદ દારત તાજી કરવાના કામમાં લીધેલા દસ્તાવેજ બાબત સામા પક્ષકારોના હક બાબત

૧૬૧ છેલ્લી બે કલમો મુજબ હરકોઈ લખાણ જોવા માં આવ્યું હોય તે જો સામો પક્ષકાર માગે તો તે હાજર કરવું જોઈએ અને તે તેને બતાવવું જોઈએ. એવો પક્ષકાર પોતાની નજરમાં આવે તો શાહેદ મજકુરની તે બદલ ઉલટ તપાસણી કરી શકે છે.

દસ્તાવેજ હાજર કરવા બાબત.

૧૬૨ કોઈ શાહેદને કોઈ દસ્તાવેજ રજુ કરવાનો સમન થયો હોય તે દસ્તાવેજ રજુ કરવાને અથવા પુરાવામાં લેવા યોગ્ય ગણવાને હરકોઈ હરકત હોય તો પણ તે જો તેના કબજામાં અથવા સત્તામાં હોય તો તેણે કોરટમાં હાજર કરવો એવી કાંઈ હરકત કાયદેસર બરાબર છે કે શી શર્તે તે બાબત કોરટે ઠરાવ કરવો.

દસ્તાવેજનો તરજુમો કરવા બાબત

દસ્તાવેજ મજકુર રાજ્ય પ્રકરણ સબંધી ન હોય તો કોરટની નજરમાં આવેતો તેને તપાસવાને અથવા તે પુરાવામાં લેવા યોગ છે કે નહી તે ઠેરવી શકાય તેને માટે પુરાવો લેવાને કોરટ મુખત્યાર છે.

જો એવા કામ સારૂ કંઈ દસ્તાવેજનો તરજુમો કરાવાની જરૂર હોય તથા તે દસ્તાવેજ જ્યારે પુરાવામાં ગુજારવામાં નાહોય ત્યારે કોરટની નજરમા યોગ્ય જણાએથી તેનો મજકુર ગુપત રાખવાનો હુકમ તે તરજુમો કરનારને કોરટ કરી શકે છે અને જો તે ભાશાંતર કરનાર તે હુકમ તોડે તો હીંદુ ફોં. કો. કલમ ૧૬૬ મુજબનો ગુનો કીધો એમ સમજવું.

દસ્તાવેજ નોટીશ કરીને હાજર કરાવ્યો હોય તેને પુરાવામાં ગુજારવા બાબત.

૧૬૩ જ્યારે કોઈ પક્ષકારે સામા પક્ષકારને કાંઈ દસ્તાવેજ હાજર કરવાની નોટીસ આપી ને તે દસ્તાવેજ મગાવ્યો હોય તથા દસ્તાવેજ મજકુર તે મુજબ રજુ થયો હોય અને મંગાવનાર સખસે તેને તપાસી જોયા હોય ત્યાર જો દસ્તાવેજ રજુ કરનાર સખસ મંગાવનાર સખસને દસ્તાવેજ મજકુર પુરાવામાં ગુજારવાનુ કહેતો તેને પુરાવામાં ગુજારવાની સદરહુ મંગાવનાર સખસની ફરજ છે.

નોટીશ ઉપરથી દસતાવેજ ગુજારવાની ના કહી હોય તે દસતાવેજ પુરાવામાં ગુજારવા બાબત

૧૬૪ કોઈ દસતાવેજ રજુ કરવાની નોટીશ કોઈ પક્ષકારને મળી હોય તે પક્ષકાર તે દસતાવેજ રજુ કરવાની જો ના કહે તો પાછળથી પક્ષકારે મજકુર દસતાવેજ મજકુરનો પુરાવાના કામમાં સામા પક્ષકારની રજામંદી શીવાય કીંવા કોરટના હુકમ શીવાય ઉપીયોગ કરી શકતો નથી.

દ્રષ્ટાંતો

કોઈ કરાર ઉપરથી અ એ બ ના ઊપર ફરીઆદ માંડી અને તે કરાર રજુ કરવાની બ ને નોટીશ આપી તજવીજ વખત દસતાવેજ મજકુર અ એ માગ્યો ત્યારે બ એ તે રજુ કરવાની ના કહી તે ઉપરથી તે દસ્તાવેજ મજકુરનો અ એ દાયમ પુરાવો આપો બાદ તે પુરાવો ખોટો પાડવાને અથવા તેના ઉપર યોગ્ય સ્ટાંપ નથી એવું બતાવવાને દસતાવેજ મજકુર અસલ રજુ કરવાની બ ખાએશ રાખેછે, પરંતુ તે મુજબ તે કરી શકતો નથી

સવાલ પૂછવાનો તથા દસતાવેજ રજુ કરવાનો હુકમ કરવાને જડજને કેટલો અખતીઆર છે તે બાબત

૧૬૫ લગતી હકીકતોની સાબીતી મેળવી કાઢવા વા૨ કીંવા તે મેળવવા સારૂ લગતી હોય કીંવા ન હોય એવી હરકોઇ હકીકત વીસે જડજની મરજીમાં આવે તેવો હરકોઈ સવાલ હરકોઇ રૂપે હરકોઈ વખતે હરકોઇ સાહેદને કીંવા તે કામના પક્ષકારોને પુછવાને જડજ મુખતીઆર છે, તથા હરકોઇ દસતાવેજ અથવા પદારથ રજુ કરવાનો હુકમ કરવાને જડજ મુખતીઆર છે, અને એવા હરકોઇ સવાલ કીંવા હુકમ ઉપર કાંઇપણુ હરકત લેવાને અથવા એવા હરકોઈ સવાલનો જવાબ આપ્યો હોય તે જવાબ બાબત હરકોઇ સાહેદની કોરટની રજા શીવાય ઉલટ તપાસણી કરવાનો પક્ષકારોનો કીંવા તેના મુખતીઆરોનો હક નથી.

પરંતુ એવું ઠરાવ્યું છે કે આ આકટમાં લગતી ઠેરવેલી છે તેવી હકીકતો યોગ્ય રીતે સાબીત થઈ હોય તેના ઉપર આધાર રાખીને ફેંસલો કરવો જોઇએ.

અને વળી એવું પણ ઠરાવ્યું છે કે સામા પક્ષકારે સવાલ પુછયો હોય અથવા દસતાવેજ મંગાવ્યો હોય તો એકસો એકવીસથી એકસો એકત્રીસ સુધીની સદરહુ બેઉ કલમો સુધીની કલમો મુજબ જે સવાલનો જવાબ દેવાની અથવા જે દસતાવેજ રજુ કરવાની ના કહેવાનો કોઇ સાહેદનો હક હોય તેવા હરકોઇ સવાલનો જવાબ દેવાની અથવા તેવો હરકેઇ દસતાવેજ રજુ કરવાની સાહેદ મજકુરને ફરજ પાડવાનો આ કલમ ઉપરથી જડજને અખતીઆર મળ્યો એમ સમજવું નહીં તેમજ જે સવાલ કલમ ૧૪૮ અથવા કલમ ૧૪૯ મુજબ બીજા કોઈ સખસે પૂછવો ગેરમુનાસબ છે તેવો કોઇ પણ સવાલ જડજે પુછવો નહી તથા આ આકટમાં ઉપર અપવાદ આપ્યા છે તે શીવાય બીજા કામોમા હરકોઇ દસતાવેજનો અવલ પુરાવો ગુજારવાની તેણે માફી આપવી નહી.

ટીકા—કોરટે તપાસણી કરયા પછી ઉલટ તપાસણી કરવા વીશે—એમ માલમ પડશે કે બાબ ૬ ના ઠરાવોથી બાતલ થતો હોય એવો કોઇ પણ સવાલ ડજે પુછવો ન જોઇએ અને એવા કોઇપણ સવાલનો જવાબ તો ખચીત નજ નોધવો જોઈએ

જ્યારે કોઇ સાહેદની તપાસણી તોહોમતવાળાના વકીલે કરી હોય અથવા તેની ઉલટ તપાસણી કરવા ના પાડી હોય અને પછી કોરટ પોતાની તરફથી તેને તપાસે ત્યારે સાહેદ મજકુરની કોરટની રજા શીવાય ઉલટ તપાસણી થઇ શકે નહી. જયારે સાહેદની ફરીઆદીએ તથા પ્રતીવાદીએ તપાસણી કરયા પછી કોરટ તેને પોતાના હાથમાં લે ત્યારે તે ખાસ રક્ષાણ તળે મુકાય છે કારણ કે લગતી હોય કીંવા ન હોય તેવી હરકોઈ હકીકત વીશે જડજની મરજીમાં આવે તેવો હરકોઇ સવાલ હરકોઇ રૂપે પુછવાને જડજ મુખતીઆર છે અને તટલા માટે તે સાહેદ તેજ વખતે કોરટના ખાસ રક્ષાણ તળે મુકાય છે અને કોરટની મરજીમાં આવે તો કોઇ પક્ષકારને તેની ઉલટ તપાસણી કરવાની રજા આપે પરતુ આ રજા હક દાખલ માગી શકાય નહી સાહેદે કહેલા હકીકતના મજકુર વીશે કીંવા તેના ઉપર ભરોસો રાખવા સબંધીની કીંમત વીશે એ તપાસણી કરવાનો ઇરાદો હોય તોપણ આ ધોરણ એક સરખીજ રીતે લાગુ પડેછે, કારણ કે તેનો ભરોસો નબળો પાડવાના હેતુથી પુછેલો કોઇ પણ સવાલ તેણે આપેલા બધા જવાબોની અને તેમાંના હરેક જવાબની જેટલી અસર વીરૂધ પડતા હોય તેટલી અસરથી ભોળા કરેછે, અથવા ભોળા કરવા શવાલ મજકુરનો ઈરાદો હોય છે, ત્યારે તો એ જવાબો ઉપર કોરટને આપેલા દરએક જવાબ ઉપર ઉલટ તપાસણીછે અને તે કોરટના અખતીઆરની વાત છે, રાણી૦ વી૦ સખારામ સુકરજી મુ. હા. કો. રી વા૦ ૧૧—પા ૧૬૬ પાને ૧૬૮

જુરીનાં અથવા આસેશરોના શવાલ પુછવાના અખતીઆર બાબત

૧૬૬ જુરી અથવા આસેશરોથી થતી તજવીજના કામોમાં જે શવાલો જડજ પોતે પુછી શકેછે તથા જે શવાલો તેને યોગ્ય લાગે તેવા હરકોઇ શવાલો જુરી અથવા આસેશર મજકુર શાહેદોને જડજની મારફત અથવા જડજની રજાથી પુછી શકે છે.

ભાગ ૧૧ મો

નહીં લેવા યોગ્ય પુરાવો લીધો હોય તથા લેવા યોગ્ય પુરાવો નહીં લીધો હોય તે બાબત.

લેવા યોગ્ય પુરાવો નહીં લીધો હોય અથવા નહી લેવા યોગ્ય પુરાવો લીધો હોય તેટલા સબબ ઉપરથી ફરી તજવીજ કરવાનો હુકમ કરવો નહી.

૧૬૭ જયારે નહીં લેવા યોગ્ય પુરાવો લીધો હોય અથવા લેવા યોગ્ય પુરાવો નહી લીધો હોય ત્યારે જે કોરટની રૂબરૂ એ બાબત હરકત ઉઠાવામા આવી હોય તે કોરટની નજરમાં જો એમ આવે કે હરકતવાળા લીધેલા પુરાવા શીવાય ઠરાવ મજકુર કરવાને જેટલો પુરાવો જોઇએ તેટલો પુરાવો હતો અથવા નહીં લીધેલો પુરાવો લીધો હોય તો તે ઉપરથી ઠરાવમાં ફેર પડત નહીં તો શદરહુ મૂજબ પુરાવો લીધો અથવા નહીં લીધો એટલા જ માતર શબબ ઉપરથી ફરી તજવીજ કરાવવી નહીં કીંવા હરકોઇ કામનો હરકોઈ ઠરાવ રદ કરવો નહીં.

ટીકા—લેવા યોગ્ય પુરાવો નહી લેવો અથવા નલેવા યોગ્ય પુરાવો લીધો હોય તેટલા સબબ ઉપરથી ફરી તજવીજ ન કરાવા બાબત તથા અપીલ ન સાંભળવા બાબત પ્રીવીકાંઉનશીલની જુડીશીઅલ કમીટી આ ધોરણ ઉપર ચાલી છે નીચલી કોરટો યોગ્ય રીતે નહી લેવા યોગ્ય પુરાવો લીધેલો તેથી જુડીશીઅલ કમીટીએ બધો પુરાવો તપાસ્યો અને નહી લેવા યોગ પુરાવો લીધા શીવાય નીચલી કોરટોનો ઠરાવ કરવાને જેટલો પુરાવો જોઇએ તેટલો પુરાવો હતો એવી તેમની ખાત્રી થવાથી તેમણે અપીલ ના મંજુર કરી, લાલાબંદીસીંઘ વી० બંગાળા સરકાર મુરસ ઇંડીઅન અપીલ વા० ૧૪—પાને ૮૬

નીચલી કોરટોએ શાહેદો ઉપર ભરોંશો ન રાખ્યો એવા એકલાજ સબબ ઉપરથી અપીલ નહી સાંભળવા વીશે શાહેદો ઉપર ભરોંસો રાખવાના સબંધમાં અવલ કોરટે કરેલું અનુમાન નામંજુર કરવામાં અવલ કોરટે ઘણી સાવચેતી રાખવી જોઇએ આ બાબત પાકો અભીપ્રાય બાંધવાને અપીલ કોરટ કરતા અવલ કોરટ ઘણું વધારે સારી સ્થીતીમાં છે અને મુકદમામાં અમુક કેરીનતને લાગુ પડતી સંભાવ્ય વતો ઉપરથી ખુલી રીતે સ્પસ્ટ હોય કે અવલ કોરટે ગેરવાજબી કર્યું છે તે શીવાય તે બાબત ઉપર અવલ કોરટના ફેસલો અપીલ કોરટે મંજુર રાખવો જોઇએ મુસદી મહમદ કાઝમ શીરઝી વી० મીર્જા અલી મહમદ શુસ્ત્રી મુરસ ઇંડીઅન અપીલ વા ૬—પા. ૨૭ પ્રીવી કાઉનશીલમા એમ ટીકા કરવામાં આવી કે "આ સભાએ શાહેદો ઉપર ભરાંશો ન રાખ્યો એવા સબબ ઉપરથી અપીલ થયાનુ કદી સંભળયું નથી નીચલી કોરટ એ શાહેદોના અંતઃકરણથી વાકેફ હતી અને વળી તેમના ચાલ ચલણના જાણપણાની સાથે તેને તેમની વરતણુંક તથા આચરણ નજરે જોવાનો તક હતો જે વીસે લખેલા પુરાવા ઉપરથી હમે અભીપ્રાય બાંધી શકતા નથી એટલા માટે એમાંથી ગમેતે પક્ષકાર નીચલી કોરટમાં રજુ કરેલા શાહેદો ઉપર નીચલી કોરટે ભરોંસો ન રાખ્યાના સબબ ઉપરથી નીચલી કોરટના ફેંસલા ઉપર અપીલ નહી ચાલે એ શામાન્ય ધોરણ ઉપર આ મુકદમાનો ફેંસલો આપવાની હમે અમારી ફરજ સમજીએ" સંતાકાના વી० આરડાવોલ નાપશુ રીપારટશ પ્રીવીકાઉનશીલ વા० ૧ પા० ૨૬૯.

આ નીયમ ફોજદારી મુકદમાઓને સરખીજ રીતે લાગુ છે;—આ કલમ દીવાની મુકદમાઓને લાગુ પડે છે તેજ રીતે ફોજદારી મુકદમાએને લાગુ પડે છે રાણી વી० હરીબોલ ચંદ્ર ઘોસ ઇંડીઅન લા રીપોરટસ (કલકત્તા) વા. ૧ પાનું ૨૦૭ અને તે હાઇ કોરટમાં જયુરીની ફોજદારી તજવીજમાં લાગુ પડતી જણાય છે રાણી વી० નવરોજજી દાદાભાઇ મુંબાઇ હાઇ કોરટ રી, વા. ૪—પાનુ ૩૫૮

પરીશીષ્ટ.

નંબર તથા સાલ.	નામ.	કેટલો રદ કર્યો તે
ત્રીજા જારજના રાજ્યના ૨૬ મા વરશમાં થયેલા સ્ટેટ્યુટનો બાબ ૫૭.	ઇસ્ટ ઈંડીયામાં બનેલા અમુક ગુનહાના તોહોમતવાળા સખસોની તજવીજમાં જારતી નિયમો બાબતનો હાલનાં મહારાણીના રાજ્યના ૨૪ મા વરસમાં થયેલ (ઇસ્ટ ઈંડીઆ કંપનીના તથા હીંદુસ્થાન માંહેલા બ્રિટીશ સરકારના તાબાના મુલકના કામનો વધારે સારો બંદોબસ્ત કરી નિયમો કરવા બાબતોના તથા ઇસ્ટ ઇંડીજમાં બનેલા ગુનાના તોહોમતવાળા સખસોની વધારે તાકીદથી કાર્યસધક તજવીજ કરવા માટે ઇનસાફની કોરટ સ્થાપવા બાબતનો આકટ એ નામના આકટના જેટલા ભાગ ઉપરથી ઇસ્ટ ઈંડીયા કંપનીના નોકરોને પોતાની મીલકતની તથા માલ ગતાની ઇયાદી આપવી પડે છે તેટલો ભાગ રદ કરવા બાબતનો તથા ગરેટ બ્રીટનમાં અથવા હીંદુસ્થાનમાં થયેલા ખતોની તથા લેખોની શાબીતી કેટલાએક કામોમાં વધારે સહેલથી કરવા બાબતનો કાયદો.	કલમ ૩૮ માંનો જેટલો ભાગ ઈસ્ટ ઈંડીજમના ઇનસાફની કોરટોને લાગુ પડેછ તેટલો ભાગ
વિકટોરીઆના રાજ્યના ૧૪ માં તથા ૧૫ માં વરશમાં થયેલા સ્ટેટ્યુટનો બાબ ૯૯.	પુરાવાનો કાયદો સુધારવા બાબત ...	કલ[illegible] મી તથા કલમ ૧૯ માંનો જેટલો ભાગ બ્રિટીશ [illegible]ડીઆને લાગે છે તેટલો ભાગ.
સને ૧૮૫૨ નો ૧૫ મો	પુરાવાનો કાયદો સુધારવા બાબતનો આકટ.	જે[illegible] ભાગ હાલ પહેલા રદ[illegible] નથી તેટલો ભાગ.
સને ૧૮૫૩ નો ૧૯ મો	બંગાળા ઇલાકામાં ઇસ્ટઈંડીયાકંપનીની કોરટોના પુરાવાનોકાયદો સુધા[illegible]વાબાબતનોઆકટ.	[illegible] ૧૯ મી.
સને ૧૮૫૫ નો ૨ જો	પુરાવા બાબતનો કાયદો વધારે સુધારવાં બાબતનો આકટ	જે[illegible] ભાગ હાલ પહેલા રદ[illegible]નો નથી તેટલો ભાગ
સને ૧૮૬૭ નો ૨૫ મો આકટ.	બાદશાહી ફરમાનથી સ્થાપવામાં આવેલી નહીં એવી ફોજદારી કોરટોનું કામ ચલાવવાની રીત સહેલી કરવા બાબતનો આકટ.	કલમ ૨૩૭ મી
સને ૧૮૬૮ નો ૧ લો	સને ૧૮૬૮ નો સામાન્ય કલમોનો આકટ	કલમ ૭ મી તથા ૮ મી.

હ. સ, કનીંગહામ.

ગવરનર જનરલની કાયદા અને કાનુન કરવા સારૂં જે કાંઉનશીલ તેના આફીશીએટીંગ સેક્રેટરી.

(True Translation)

VIRPRASAD [illegible]APIPRASAD.

(Chitness to the Collector of Surat.

CARSETJI RASTAMJI THANAWALA.

(Subordinate Judge of Callian, in the Thana Distrect.)